રિંદ્રિય, તેરિંદ્રિય અને ચારિંદ્રિય જીવો છે, તેમને હાથ,
સાથળ, ઉદર, મસ્તક, વસ્ત્ર, કાંબળી, દંડાસણ, રજોહરણ
ગુચ્છા, કડેલા, દાંડો, બાજોઠ, પાટીયું, શય્યા, સંથારો અને
ઇ ચીજોને વિષે યતના કરવી. તે ઉપકરણોને સારી રીતે પ્ર
લીલેહુવા. જો તેમાં કોઈ ત્રસેંદ્રિય જીવ જોવામાં આવે તો
પણ આનો ઉપદ્રવ ન થાય તેવે ઠેકાણે મુકવા, તેમને એકઠા
ઢવા નહીં.

હે મુનિઓ, આ પ્રમાણે તમારે છકાયજીવની યતના ક
દિપણ તેમાં પ્રમાદી થવું નહીં. કેટલાએક મુનિઓ પ્રમાદને વ
તે યતનાની પવિત્ર ક્રિયામાં પ્રમત્ત રહે છે. તે પ્રમાદી સાધુએ
તાના ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે. તેથી તમારે એ અનાચારથી દૂર
રૂં. જો તમે તમારા ચારિત્રગુણને પ્રકાશિત કરવા ઇચ્છતા હો તો
ારે આ ઉપદેશ હૃદયમાં રાખવો એટલુંજ નહીં પણ યાવજ્જી
નિયમથી ભ્રષ્ટ ન થવાય, તેને માટે હૃદયમાં
કરવી.

રાખવો. ચાલવું, ઉભા રહેવું, બેસવું, સુવું, ખાવું અને બોલવું, એ છ જાતની ક્રિયાઓ મુનિએ સંભાળીને કરવાની છે. જો તે ક્રિયામ પ્રમાદ થઈ જાય તો પાપકર્મનો બંધ થઇ જાય છે.

મુનિવરો, પૂર્વે એ છ ક્રિયાને માટેજ વિચાર કરવામાં આવતે હતો. પ્રાચીન કાળે વિદ્વાન્ શિષ્યો પોતાના ગુરૂને તે વિષેનાજ પ્રશ્ન પુછતા હતા. મહાનુભાવ શય્યંભવ મુનિના મુખમાંથી પણ તેવો ઉદ્ગાર નીકળ્યો છે.

कहं चरे कहं चिट्ठे, कहमासे कहंसए ।

कहं भुंजंतो भासंतो, पावंकम्मं न बंधइ ॥ १ ॥

"મુનિ કેવી રીતે ચાલે? કેવી રીતે ઉભા રહે? કેવી રીતે બેસે કેવી રીતે સુવે? કેવી રીતે ખાય અને કેવી રીતે બોલે કે જેથી તે પાપકર્મને બાંધે નહીં." ૧

આ ઉદ્ગારનો વિચાર કરો. એ છ ક્રિયામાં મુનિએ કેવી રીતે વર્ત્તવાનું છે? આવા મુનિના આચારને પ્રમાદથી ભૂલી જઇ સ્વતંત્રતાથી વર્ત્તનારા અનાગારો કેવા દોષપાત્ર બને છે? તેમનું એ વર્ત્તન તેમને તેમના ધર્મથી ભ્રષ્ટ કરનારૂં થાય છે ઉપરની છ ક્રિયાના પ્રશ્નના ઉત્તરમાં તેજ મહાનુભાવના મુખમાંથી નીચેની ગાથાનો ઉદ્ગાર નીકળ્યો છે.

यं चरे जयं चिट्ठे, जयमासे जे जयंसए ।

जयं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधइ ॥ १ ॥

"મુનિ જયણાથી ચાલે, જયણાથી ઉભો રહે, જયણાથી બેસે, જયણાથી સુવે, જયણાથી આહાર લે અને જયણાથી બોલે તો તે રૂપાપકર્મને બાંધતો નથી." ૧

હે મુનિવરો, આ ઉપરથી તમારે જાણવાનું છે કે, મુનિ ધર્મનું અથવા ચારિત્રધર્મનું રહસ્ય જયણાજ છે. જયણાના પ્રભાવથી અનેક મુનિઓ મુક્તિમાર્ગના પથિક બનેલા છે. જો તમારે સર્વ રીતે પાપકર્મના બંધને અટકાવવો હોય, પાપની નઠારી આવક બંધ કરવી હોય અને પાપના પ્રસંગથી દૂર રહેવું હોય તો તમારે બધા પ્રાણી-

ઓને અંતઃસમાન ગણવા. તેઓની તરફ વૈરાગના
લેવું, પ્રાણાતિપાત વગેરે આશ્રવ દ્વારને રોકવા, અને ઇ
કરવું— આ પ્રમાણે વર્તાવાથી તમારે જ્ઞાનાવરણાદિ પાપ
થશે નહીં.

મુનિઓ, આ મારા દયા ધર્મના ખાસ ઉપદેશથી
ન સમજવું કે, સાધુએ. એ માત્ર દયા પાળે તો તેઓ કૃતાર્થ
છે, પછી તેમને બીજું કાંઈ કર્તવ્ય રહેતું નથી. પણ જેવી રી
દયા પાળવી એ મુખ્ય કર્તવ્ય છે, તેવી રીતે તમારે જ્ઞાનાભ્યા
એ પણ મુખ્ય કર્તવ્ય છે. જ્ઞાનાભ્યાસ કરવાથી તમારું ચારિત્ર
થયેલું ગણાશે. કારણ કે જ્ઞાનાભ્યાસ એ તમારું ખરું અને દિવ્ય
પણ છે. તેથી તમારે સર્વદા જ્ઞાનાભ્યાસ કરવો જોઇએ. તેનેમાટે
શાય શય્યંભવસૂરિ નીચેના ગાથાનો ઉદ્ગાર કરે છે—

"पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए ।
अन्नाणी किं काही. किंवा नाही छे अपावगं" ॥

આ ગાથાનો ભાવાર્થ તમારે સર્વદા મનન કરવાનો છે. સ
પ્રથમ જ્ઞાન સંપાદન કરવાનું છે, તે પછી દયા પાળવાની છે. કારણ
જ્ઞાનથી જીવ અજીવ વિગેરે જાણવામાં આવે છે. એટલે તે પછી તે
દયા પાળી શકાય છે. આ પ્રકારથી જ્ઞાન પૂર્વક દયા સિદ્ધ થાય
એવી રીતે જ્ઞાન પૂર્વક દયા પાળનારો સાધુ સર્વ રીતે સંયત-સંયમ
થાય છે. જે મુનિ એવા વિપરીત એટલે અજ્ઞાની અર્થાત્ જીવ-અજીવ
વગેરેના જ્ઞાનથી રહિત હોય તેનાથી શું થઈ શકે તેમ છે? કારણ
કે જ્ઞાનવગરનો મુનિ અંધ સમાન છે—તેવો અજ્ઞાની કેવા કર્મને વિષે
પ્રવૃત્ત થવું. કેવા કર્મથી નિવૃત્ત થવું તે કાંઈ જાણી શકતો નથી. જો કદિ
તે અજ્ઞાની સાધુ કાંઈ પણ કર્મ કરવા પ્રવૃત્ત થાય તોપણ તે જ્ઞાન
વિના "આ પુણ્ય છે અને આ પાપ છે" એમ શી રીતે જાણી શકે?
એથી હે મુનિઓ, તમારે જ્ઞાનાભ્યાસ નિરંતર કર્યા કરવો. જ્ઞાનાભ્યાસ
કેવો ઉપયોગી છે? તેનું અનંત મનન કેવું શ્રેયસ્કર છે? તેનેમાટે
શય્યંભવ મુનિએ નીચેની સ્મરણીય ગાથા ઉચ્ચારેલી છે—

"सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ।
उभयंपि जाणए सोच्चा, जं सेयं तं समायरे" ॥ १ ॥

"સિદ્ધાંત સાંભળીને કલ્યાણ જાણી શકાય છે, સિદ્ધાંત સાંભળીને પાપ જાણી શકાય છે અને સિદ્ધાંત સાંભળીને કલ્યાણ અને પાપ (પુણ્ય-પાપ અને જાણી શકાય છે, તેથી જે શ્રેય-કલ્યાણ હોય તે આચરવું." ૧

આ ગાથાની સાથેજ "જ્ઞાનવગરના મુનિની કેવી સ્થિતિ થાય છે?" તેને માટે એ મહાનુભાવ બીજી ગાથા ઉચ્ચારે છે—

"जो जीवे वि न याणेइ अजीवे वि न याणइ ।
जीवाजीवे अयाणंतो, कह सो नाहीइ संयमं" ॥ १ ॥

"જે મુનિ જીવને પણ જાણતો નથી, જે મુનિ અજીવને પણ જાણતો નથી, તેમજ જે જીવ—અજીવને જાણતો નથી, તે મુનિ પોતાના સંયમને શી રીતે જાણશે?"

મુનિઓ, આ ગાથાનો ભાવાર્થ એવી સૂચના આપે છે કે, સિદ્ધાંતના જ્ઞાન વગર સંયમનું જ્ઞાન થતું નથી. જે જીવને, અજીવને અને જીવાજીવને જાણે, તેજ પોતાનો સંયમ પાળી શકે છે.

હે મુનિઓ, જો તમારે તમારો સંયમ શુદ્ધતાથી પાળવો હોય, તમારે તમારા નિર્મળ ચારિત્રને દીપાવવું હોય અને આ માનવ જીવનને, તેમાં પણ ખાસ મુનિજીવનને જો તમારે સાર્થક કરવું હોય તો તમે સિદ્ધાંતનું જ્ઞાન સંપાદન કરજો.

એ જ્ઞાનનું ફળ ઘણું મોટું છે. તે તેના આરાધકને સિદ્ધાવસ્થા સુધી પહોંચાડે છે, અને આ સંસારના દુઃખદાયક કર્મબંધમાંથી મુક્ત કરાવે છે. તેને માટે મહાનુભાવ શય્યંભવ મુનિએ દશવૈકાલિકસૂત્રમાં પોતાના સુવિચાર ગાથારૂપે દર્શાવ્યા છે, જેનો ભાવાર્થ નીચે પ્રમાણે છે, તે તમે ધ્યાનપૂર્વક સાંભળજો.

જ્યારે તમે જીવ અજીવને જાણશો, એટલે તમને સર્વ જીવોની દેવ, તિર્યંચ અને નારક વિગેરે ગતિ જાણવાની આવશ્યકતા લાગશે. જ્યારે તમે તે ગતિઓ જાણશો એટલે તે ચાર ગતિ થવાનું શું કારણ છે? તે જાણવાની તમારી મરજી થશે. પછી તમે પુણ્ય, પાપ, બંધ અને મોક્ષ કે જે તે ચાર ગતિના કારણરૂપ છે, તે જાણશો. જ્યારે તે ગતિના કારણો તમારા જાણવામાં આવશે એટલે દેવ તથા મનુષ્યના ભોગ કેવા અસાર છે? એ વાત તમારા હૃદયમાં સ્થાપિત થશે ત્યારે તમારા હૃદયમાં એ ભોગની અસારતા સમજવામાં આવશે. પછી અં-

તરના રાગદ્વેષાદિક અને બહારના સ્ત્રી પુત્ર વિગેરે સો
અભાવ આવી જશે એટલે તમે તેના સંયોગને
નિશ્ચય કરશો.

જ્યારે તમે બાહ્ય અને આભ્યંતર—એ બે પ્રકારના
યોગનો ત્યાગ કરશો ત્યારે તમે દ્રવ્ય તથા ભાવથી ખ
ગાર થશો.

હે મુનિઓ, તમે ખરે અનગાર થશો એટલે તમને ઉ
રૂપ ધર્મનો સ્પર્શ થશે. તેનો સ્પર્શ થવાથી તમે તમારા
દૂર કરી શકશો. અહીં કર્મને રજની ઉપમા આપવાનું કારણ
કે, જેમ રજ કોઈ વસ્તુની સાથે લીંપાય છે, તેમ કર્મરૂપી
વિગેરેથી આત્માને લીંપે છે. જ્યારે તમારામાંથી તે કર્મરૂપ
થઈ એટલે પછી તમે સર્વ લોકમાં વ્યાપી એવા કેવળજ્ઞાન
કેવળદર્શનને પ્રાપ્ત કરી શકશો. કારણકે જ્ઞાનાવરણીય કર્મ ત
નાવરણીય કર્મના અભાવથી તમને શુદ્ધ જ્ઞાન તથા શુદ્ધ દર્શ
થશે. જ્યારે તમને શુદ્ધ જ્ઞાનદર્શનની પ્રાપ્તિ થઈ એટલે તમે
ાની થઈ આ ચૌદ રજ્જુરૂપ લોક અને અનંત અલોકને જાણી શ

હે મુનિઓ, તમે વિદ્વાન છો તેથી આ
ાદેશ મારે તે વિ

ગણાવી હતી. તેટલાથી કાંઈ ચૌદ રજ્જુ પ્રમાણ લોક [illegible] એવા ચૌદ રજ્જુ પ્રમાણ લોકને કેવલજ્ઞાની હથેલી ઉપર રહે [illegible] લાની પેઠે જાણે છે, અને તેવીજ રીતે અનંત અલોકને [illegible]

હે મુનિઓ, જ્યારે તમે એવું લોકાલોકને પ્રકાશ કરન [illegible] જ્ઞાન પ્રાપ્ત કરશો એટલે પછી તમે મન, વચન અને કાયાના [illegible] રને રૂંધી ભવોપગ્રાહી કર્મના ક્ષયને માટે શૈલેશી ધ્યાનને પ્રા [illegible] જે ધ્યાનમાં શૈલ એટલે પર્વતની જેમ નિશ્ચલપણું પ્રાપ્ત [illegible] અનુક્રમે આવી સ્થિતિ ઉપર આવેલો જૈનયોગી પછી છેવટે [illegible] નિમાં આવે છે ? તેને માટે શય્યંભવ સ્વામી નીચેની ગાથા [illegible]

"जया कम्मं खविताणं, सिद्धिं गच्छइनीरओ ।
तया लोगत्थयत्थो, सिद्धो हवइ सासओ" ॥ १ ॥

"જ્યારે તે કર્મ રૂપ રજથી રહિત થઈ અને ભવોપગ્રાહી [illegible] ખપાવી સિદ્ધપદને પામે છે, ત્યારે તે ચૌદ રજ્જુ લોકના મસ્તક [illegible] રહેલ સિદ્ધક્ષેત્રને વિષે રહીને શાશ્વત થાય છે—એટલે કર્મરૂપબીજ [illegible] અભાવથી ઉત્પત્તિ આદિથી રહિત થઈ નિત્ય એવો સિદ્ધ થાય છે. [illegible]

મુનિઓ. ધ્યાન ગર્ભે જ્ઞાનનો પ્રભાવ કેવો ચમત્કારી છે! [illegible] વાદિ પદાર્થોનું જ્ઞાન કેટલે સુધી પહોંચાડે છે ? તેનો ખ્યાલ કરે [illegible]

દીક્ષાકુમારીના આ વચનો સાંભળીને મુનિઓ અતિશય ખુશ [illegible] થઈ ગયા. [illegible] મુનિઓ અતિશય ખુશ [illegible]

[illegible]

થી રીતે તમે પ્રસન્ન થયા છો, તેવી રીતે હવે પ્રવર્ત્તન કરીને પ્રસન્ન થાઓ. જ્યાંસુધી માત્ર વાણીમાં વર્તન હોય અને ક્રિયામાં પ્રવર્તન હોય નહીં ત્યાંસુધી એ માત્ર ખોટી ભાવનાજ ભાવવાનું છે. ઘણા અલ્પમતિ પુરૂષો તેવી રીતથી આ જગત્‌ને છેતરે છે. માટે તમે તેવી રીત રાખશો નહીં અને મારો ઉપદેશ સાંભળવામાં જેવી તમને પ્રીતિ થઇ છે, તેવી પ્રીતિ પ્રવર્ત્તનમાં રાખજો, અને સાંપ્રતકાળે જે તમે આવા સુખવિહારને સેવો છો, તેવા સુખવિહારને હવે ફરીવાર સેવશો નહીં. હવેથી તેવા દુરાચારને દૂર કરી દેજો.

આટલું કહી દીક્ષાકુમારી તે સ્થલેથી અદૃશ્ય થઇગઇ. જેમ વિજલી ઝલકારો મારી ચાલી જાય તેમ તે ગગનમાર્ગમાં ચાલી ગઈ. બંને મુનિઓ ચકિત થઇ તેમની સામું જોઇ રહ્યા, પણ પુનઃ તે દિવ્ય પ્રભાના દર્શન થયા નહીં.

આ વખતે બંને મુનિઓએ સાથે ઉભા રહીફરીવાર આવો સુખવિહાર કરવાના પ્રત્યાખ્યાન-પચ્ચખાણ લીધા. ત્યાર પછી પેલા મજુરોની તરફ અભાવથી જોતાં અને તેમની પાસેથી પોતાનો સામાન લઇ તેઓને છુટા કરી બંને મુનિઓ ત્યાંથી વિહાર કરી આગળ ચાલતા થયા.

બંને મુનિઓ થોડે છેટે ગયા, ત્યાં બે ચાર શ્રાવકોનું ટોળુંતેમને સામુ મળ્યું. તે શ્રાવકો દૂરથી તેમને જોઇ ઉતાવળા દોડી આવ્યા અને તેમની આસપાસ વીંટાઇ વળ્યા. તેઓમાંથી એક બે શ્રાવકોએ તેમની પાસેથી સામાનના પોટલા લેવા માંડ્યા એટલે બંને મુનિઓએ તેમને આક્ષેપ કરી કહ્યું, " અધર્મી શ્રાવકો, દૂર રહો. તમે રાગંધ છો. તમારી ગુરૂભક્તિ સાપેક્ષ છે. તમારા રાગને લઇને અમે અમારા ધર્મથી ભ્રષ્ટ થઇએ છીએ. તમે અમારા મુનિવર્ગને ધર્મથી પતિત કરનારા અને ચારિત્રથી ચલિત કરનારા છો. જાઓ, પાછા જાઓ, હવે ફરીવાર આવી ગુરૂભક્તિ કરશો નહીં.

મુનિઓનાં આવાં વચન સાંભળી ને શ્રાવકો વિચારમાં પડ્યા. તેમણે વિચાર્યું કે, આ મુનિઓને આટલો બધો બોજો જાતે ઉપાડવો પડ્યો છે, તેથી તેઓ આપણી ઉપર નારાજ થયા છે. આવું વિચારી તેઓમાંથી એક શ્રાવક બોલ્યો—સાહેબ, ક્ષમા કરો. જે ગા-

સમાન ચારિત્રને ધારણ કરનારા અને ચતુર્વિધ સંઘમાં પ્રથમ ગણનીય છે." આવી શુદ્ધ બુદ્ધિ રાખી તમારે વર્ત્તવું જોઇએ અને એ તમારૂં મુખ્ય કર્ત્તવ્ય છે એમ માનવું જોઇએ.

મુનિઓના આવાં વચન સાંભળી તે શ્રાવકો સમજી ગયા. તેમના હૃદયમાં સ્વકર્ત્તવ્યનું ખરૂં ભાન પ્રગટ થઇ આવ્યું. પછી શાંત અને મૌન રહી તેઓ તે મુનિઓની સાથે ચાલ્યા આવ્યા.

ત્યારથી દીક્ષાકુમારીના પવિત્ર ઉપદેશ વડે તે બને મુનિઓ પોતાના ધર્મમાં તત્પર રહેતા હતા અને પોતાનો નિર્દોષ મુનિધર્મ—ચારિત્રને પાળી પોતાનું કર્ત્તવ્ય બજાવતા હતા.





પ્રવાસ ૫ મો.



ધ્યાન્હનો સમય થવા આવ્યો હતો, શેઠે
નિવૃત્ત થઇ ભોજન લેવા તત્પર થતા હતા
ગોચરીની તૈયારી કરતા હતા, રસના ઇંદ્રિ
ધીન બનેલા ગૃહસ્થો રસવતીની રાહ જો
હતા. ક્ષુધાથી પીડિત થયેલા માણસો વાર
સોઇના સમાચાર પુછતા હતા. આ વખતે પવિત્ર દીક્ષાકુમારી
વિશાળ નગરમાં ફરતી હતી. પોતાનું કર્તવ્ય બજાવવાને જૈન
શ્રયની પવિત્ર ભૂમિની શોધ કરતી હતી. તેવામાં એક જૈનમુ
ના જોવામાં આવ્યા. તે મુનિ ઉપાશ્રયના દ્વાર આગળ આકુળવ્
થઇને ઉભા હતા. તેમને એવી સ્થિતિમાં જોઇ દીક્ષાકુમારીએ
આગળ રૂપ થઇને કહ્યું, મુનિરાજ, આકુળવ્યાકુળ કેમ દેખાઓ
દીક્ષાકુમારીને સન્મુખ જોઇ તે મુનિ આશ્ચર્ય પામી ગયા. તેની િ
ત્તિ જોઇ મુનિ વિચારમાં પડ્યા કે, 'આ કોણ હશે ?' મહાદેવી
ા કરતી બોલી મુનિ, ક્ષોભ પામશો નહીં. જે સત્ય વાત હોય
જાવજો. હું કોણ છું ' તે વાત તમને પછીથી જણાવીશ. મુનિરા
મારીથી પુછ્યુ. મહાભાગા, હું કદિપણ મૃષાવાદ બોલતો નથી
રીનો સમય થયો છે. તેથી આહાર પાણી લેવા માટે મન આકુ
ળ થયું છે. દીક્ષાકુમારીએ વચમાં જણાવ્યું, 'આકુળવ્યાકુળ
શું કારણ છે ?' મુનિએ ઉત્તર આપ્યો—દેવી, આ ગામમાં
ઉપાશ્રય છે. દરેક ઉપાશ્રયમાં જુદા જુદા સંઘાડાના સાધુઓ

સમાન ચારિત્રને ધારણ કરનારા અને ચતુર્વિધ સંઘમાં પ્રથમ ગણનીય છે." આથી શુદ્ધ બુદ્ધિ રાખી તમારે વર્તવું જોઈએ અને એ તમારું મુખ્ય કર્તવ્ય છે એમ માનવું જોઈએ.

મુનિઓના આવાં વચન સાંભળી તે શ્રાવકો સમજી ગયા. તેમના હૃદયમાં સ્વકર્તવ્યનું ખરું ભાન પ્રગટ થઈ આવ્યું. પછી શાંત અને મૌન રહી તેઓ તે મુનિઓની સાથે ચાલ્યા આવ્યા.

ત્યારથી હીરાકુમારીના પવિત્ર ઉપદેશ વડે તે બંને મુનિઓ પોતાના ધર્મમાં તત્પર રહેતા હતા અને પોતાનો નિર્દોષ મુનિધર્મ—ચારિત્રને પાળી પોતાનું કર્તવ્ય બજાવતા હતા.





પ્રવાસ ૫ મો.



મધ્યાન્હનો સમય થવા આવ્યો હતો, લોકો ઉદ્યોગથી નિવૃત્ત થઇ ભોજન લેવા તત્પર થતા હતા, મુનિઓ ગોચરીની તૈયારી કરતા હતા, રસના ઇંદ્રિયને આધીન બનેલા ગૃહસ્થો રસવતીની રાહ જોઈ બેઠા હતા, ક્ષુધાથી પીડિત થયેલા માણસો વારંવાર રસોઈના સમાચાર પુછતા હતા. આ વખતે પવિત્ર દીક્ષાકુમારી એક વિશાળ નગરમાં ફરતી હતી. પોતાનું કર્તવ્ય બજાવવાને જૈન ઊપાશ્રયની પવિત્ર ભૂમિની શોધ કરતી હતી. તેવામાં એક જૈનમુનિ તેના જોવામાં આવ્યા. તે મુનિ ઊપાશ્રયના દ્વાર આગળ આકુળવ્યાકુળ થઇને ઉભા હતા. તેમને એવી સ્થિતિમાં જોઇ દીક્ષાકુમારીએ તેની આગળ હાજર થઇને કહ્યું, મુનિરાજ, આકુળવ્યાકુળ કેમ દેખાઓ છો ? દીક્ષાકુમારીને સન્મુખ જોઇ તે મુનિ આશ્ચર્ય પામી ગયા. તેની દિવ્ય મૂર્તિ જોઇ મુનિ વિચારમાં પડ્યા કે, 'આ કોણ હશે ?' મહાદેવી હાસ્ય કરતી બોલી— મુનિ, ક્ષોભ પામશો નહીં. જે સત્ય વાત હોય તે જણાવજો. હું કોણ છું ? તે વાત તમને પછીથી જણાવીશ. મુનિએ ઇંતેજારીથી પુછયું, મહાભાગા, હું કદિપણ મૃષાવાદ બોલતો નથી. ગોચરીનો સમય થયો છે, તેથી આહાર પાણી લેવા મારૂં મન આકુળવ્યાકુળ થયું છે. દીક્ષાકુમારીએ વચમાં જણાવ્યું, 'આકુળવ્યાકુળ થવાનું શું કારણ છે?' મુનિએ ઉત્તર આપ્યો—દેવી, આ ગામમાં બે ત્રણ ઊપાશ્રય છે. દરેક ઊપાશ્રયમાં જુદા જુદા સંઘાડાના સાધુઓ

લાગી. અને તેથી તે આગળ ચાલતાં સ્ખલિત થવા લાગ્યા. મુનિની ગતિમાં મંદતા જોઇ દીક્ષાકુમારીએ પોતાના હાથનો ટેકો આપ્યો અને જ્યાં તેના ગુરૂભ્રાતા બેઠા હતા, ત્યાં તે મુનિને દોરી લાવી. મુનિને પાત્રા સાથે પાછા આવેલા જોઈ તેના ગુરૂભ્રાતા વિચારમાં પડ્યા. દીક્ષાકુમારી અદૃશ્ય થઇ ગઇ. તેથી તે તેમના જોવામાં આવી નહતી. એટલે તેઓએ કહ્યું, કેમ તમે આહારપાણી લાવ્યા ? મુનિએ ઉત્તર આપ્યો. હું આહાર વોરવા ગયોજ નથી. તે વિષે આ મહાદેવીને પુછી જુવો. ગુરૂભ્રાતાએ પુછ્યું ? મહાદેવી, કોણ છે ? અને ક્યાં છે? તમે શામાટે પાછા આવ્યા ? અને ઘણી ક્ષુધા લાગી છે. તમારે ગમે તે આવે તોપણ આહારપાણી લાવવામાં ગફલત કરવી નહીં. તમે સમજો છો કે, સવારે મારે કેટલું કામ હોય છે ? બે કલાક તો ટપાલ લખવામાંજ જાય છે ? તે શિવાય વાતચીત કરવાને આવેલા ગૃહસ્થોની સાથે મસલત કરવી પડે છે. હવેથી કદિ આવું કરશો નહીં. જલદી જાઓ અને ગોચરી લઈ આવો. દશ મીનીટમાં મારી પાસે ગોચરી આવવી જોઇએ.

ગુરૂભ્રાતાના આવાં વચન સાંભળી તે મુનિએ દીક્ષાકુમારીની સામું જોયું—તેવામાં દીક્ષાકુમારી અદૃશ્ય રહી નીચે પ્રમાણે એક ગાથા બોલી—

"संपत्ते भिक्ख कालंमि. असंभंतो अमुच्छिओ;
इमेण कमजोगेण, भत्तपाणं गवेसए॥ १॥

"જ્યારે ભિક્ષાનો સમય પ્રાપ્ત થાય, ત્યારે સાધુએ અસંભ્રાંત—એ આકુલવ્યાકુળપણું મુકી આહારની વાંછા અથવા શબ્દાદિ વિષય ઉપર આસક્તિ રાખ્યા વગર અનુક્રમે ભાતપાણીની ગવેષણા કરવી."

આ પ્રમાણે અદૃશ્ય ગાથા સાંભળી તે બાળ મુનિ વિચારમાં પડ્યા. આ દશવૈકાલિકસૂત્રની ગાથા કોણ કહી હશે? ચારે પાસ જોતાં કોઇપણ વ્યક્તિ જોવામાં આવતી નથી. આ પ્રમાણે વિચાર કરતાં તે મુનિએ પેલા ગોચરીએ જનારા સાધુને પુછ્યું. મુનિ, આ શબ્દ ક્યાંથી આવે છે? તમારી સાથે કોઇ આવેલ છે? મુનિએ કહ્યું, મહારાજ, મારી સાથે એક દેવી આવેલાં છે. અને આ શબ્દ પણ તેમનાજ મુખનો છે. જુઓ. તેઓ આ ઉભા. તે મુનિએ કહ્યું. મારા જોવામાં કાંઇ પણ

આવતું નથી. આ તો કહેવામાત્ર રહેલ છે. આ પ્રમાણે તે મોટા મુનિ એ પ્રેમ ફરી આવતેમ બોલતા હતા—ત્યાં દીક્ષાકુમારી પ્રત્યક્ષ થઈ અને તેમણે ઉંચા હાથ કરી કહ્યું, હે અવિચારી મુનિ, વિચાર કરીશ નહીં. હું જેને તારી તપાસ કરવાને આવી છું. મારું નામ દીક્ષાકુમારી છે. ભારતવર્ષની જૈનપ્રજામાં સાંપ્રતકાળે વિચરતા મુનિઓના ચારિત્ર શિથિલ થઈ ગયા છે. માત્ર થોડા ગણ્યા મુનિઓજ ચારિત્રના સ્વરૂપને જાણનારા અને તે પ્રમાણે વર્તનારા છે. તેઓની સુધારણા કરવાને આજે આ ભારતભૂમિ ઉપર મારો અવતાર થયેલો છે. જેઓ ઈચ્છાપૂર્વક ચાલનારા અને જૈનપ્રજાને છેતરવાને આડંબર ધારણ કરનારા છે, તેમની પાસેથી હું મારા સ્વરૂપને ખેંચી લેવા આવી છું. અને જેઓ ખરેખરા સાધુધર્મને આચરનારા અને ચારિત્રના શુદ્ધ સ્વરૂપને સમજનારા છે, તેમના અંગમાં મારા શુદ્ધ સ્વરૂપને સ્થાપિત કરી તેમને ધન્ય આપવા પણ અવતરી છું.

હે મુનિ, હવે પ્રમાદને દૂર કરી પ્રવૃત્તિ કર. હવે જેમતેમ ચલાવ્ય તેમ નથી. તમે આગારનો ત્યાગ કરી અનગાર થયા છો, તે છતાં ફરીથી સાગાર શામાટે બનો છો? તમારા જેવા વિદ્વાનમુનિ જ્યારે ચારિત્રધર્મની વિરૂદ્ધ વર્તે તો પછી બીજા નિરક્ષર મુનિઓનો શો દોષ? મને તો એમ લાગે છે કે, જે મુનિઓ અલ્પાભ્યાસી છે, તેઓ બીચારા ડરીને ચાલે છે અને તેથી પોતાના ચારિત્રધર્મને યથાર્થ રીતે પાળે છે, પણ આજકાલ તો વિદ્વાન મુનિઓ વિશેષ પ્રમાદિ જોવામાં આવે છે. તેમની પ્રવૃત્તિ વ્યવહારમાર્ગમાં વધી છે અને સ્વધર્મ તરફ ઘટી છે. હે પ્રમાદી મુનિ, તમે હૃદયથી વિચાર કરો. તમે શામાટે ચારિત્ર લીધું છે? તમારે ચારિત્ર લઈને શું કરવાનું છે? તમારા ચારિત્રથી ભારત જૈનપ્રજાને શો મળે છે? જો તે વિષે પુનઃવિચાર કરશો તો તમને જણાશે કે, તમે કોઈ રીતે ધર્મના ઉપયોગી થતા નથી. ત્યાગી થયા છતાં નકામી વિરૂદ્ધ પ્રવૃત્તિમાં ભાગ લ્યો છો. દિવસનો પ્રથમ પહોર કે જે જ્ઞાનના અધ્યયન તથા અધ્યાપનના જોગ છે, તે ગૃહસ્થોની સાથે નકામી ખટપટની વાતો કરવામાં અને ઉપાશ્રય બેસવાની વાતોમાં જાય છે. પછી બીજો પોહોર અનેક જાતના આનંદમાં અને ગપસપના સુખમાં પસાર થાય છે. ત્રીજો પોહોર ગૃહસ્થોના સહવાસના અને સમાચાર પત્રો વાંચવામાં નિર્ગમન થાય છે. અને ચોથો પોહોર

પાછો અહાર પાણીમાં તથા પગચંપી કરાવવામાં જાય છે. અને વખત કરવા યોગ્ય સ્વાધ્યાયધ્યાન તમે અલ્પસમયમાં આટોપીલ્યો છો. પ્રતિક્રમણની પવિત્ર ક્રિયા તો ક્ષણવારમાં ક્રીડાવત્ ગણી સમાપ્ત કરો છો. આટલું કરતાં જો તમારી કોમળ તબીયત જરા બગડે તો તમે તેને માટે બીજી આવશ્યક ક્રિયાનો લોપ કરી ઔષધોપચારની ધમાલમાં પડો છો. હે પ્રમાદી મુનિ, વિચાર કરો. તમારૂં ચારિત્ર ક્યાં છે? જ્ઞાનની આરાધના અને તત્ત્વજ્ઞાનનો વિચાર તમે ક્યારે કરો છો! તમારી આવી પ્રવૃત્તિ જોઇ મારા મનમાં ઘણો તિરસ્કાર આવે છે. તમારા જેવા પ્રમાદીમુનિઓ ખરેખર શિક્ષણીય છે. જ્યાંસુધી તમને મારી તરફથી ખરી શિક્ષા થઇ નથી, ત્યાંસુધી તમારો પ્રમાદ ઉડશે નહીં. તમારી દૃષ્ટિ આગળ આવેલું અજ્ઞાનનું અંધકાર દૂર થશે નહિં.

હીરાકુમારીનાં આવાં ઉગ્ર વચન સાંભળી તે મુનિ હૃદયમાં ભયભીત થઇ ગયા. તેનું સુકોમળ શરીર કંપાયમાન થવા લાગ્યું. પછી તે વિદ્વાન્ મુનિએ બે અંજળી જોડીને કહ્યું, ધર્મમાતા, ક્ષમા કરો. વિપરીત કાળ ચાલે છે. અમે મુનિઓ પણ વિપરીત કાળના ભોગ થઇ પડ્યા છીએ. આપે કહેલા હરેક વચન યથાર્થ છે. અમે પ્રમાદને વશ થઇ ચારિત્રને દૂષિત કરનારા થયા છીએ. અમને યોગ્ય શિક્ષા આપી સરળ બનાવો.

આ પ્રમાણે જ્યારે તે મુનિએ નમ્રતા બતાવી એટલે હીરાકુમારી શાંત થઇને બોલ્યા—મુનિ, તમારામાં વિનય જોઇ મને સંતોષ થયો છે. હવે મને માલુમ પડે છે કે, તમે તમારા સ્વરૂપને સમજ્યા છો. આ બુદ્ધિ કાયમ રાખજો અને સર્વદા પ્રમાદથી દૂર રહેજો. તમે કોણ છો ! અને તમારૂં કર્તવ્ય શું છે ' એ તમારે પ્રથમ વિચારવું જોઇએ. તમારા જેવા વિદ્વાન્ મુનિ જો પ્રમાદ રહિત થઇ સ્વધર્મમાં વર્તે તો ભારતવર્ષના જૈનપ્રજાની ધાર્મિક તથા સાંસારિક ઉન્નતિ સત્વર થાય. અનુભવી વિદ્વાનો એવી અવાજે કહે છે કે, "જ્યારે ધર્મ ગુરૂઓ વિદ્વાન થઇ પૂર્ણ જાગ્રતીમાં આવશે ત્યારે જૈન ધર્મનો ખરો ઉદ્યોત થઇ રહેશે." હે વિદ્વાન મુનિ, તમે હવે તમારા કર્તવ્યને સમજી સજ્જ થાઓ. તમે તમારા આચારને સંભાળો. દશવૈકાલિક જેવા મહાસૂત્રના નિયમો સર્વદા સ્મરણમાં રાખો. અહર્નિશ સ્વાધ્યાય કરો અને કરાવો તમારા શિષ્યોને વિદ્યા ભણાવી વિદ્વાન કરો. તમારો અમૂલ્ય

દીક્ષાકુમારીએ ખેદ સહિત જણાવ્યું, એજ તમારો પ્રમાદ છે. એ મહાસૂત્ર તમારા શુદ્ધ કર્ત્તવ્યનો ઉપદેશ કરનારૂં છે. તેવા ઉપયોગી ગ્રંથને તમે એક તરફ મુકી દો અને બીજી અનુપયોગી પ્રવૃત્તિમાં પડો એ તમારી કેવી મોટી ભૂલ કહેવાય?

મુનિએ ઉદ્વેગથી કહ્યું, મહાદેવી, ક્ષમા કરો. હું દરેક રીતે ભૂલની ભૂમિ થયો છું. ઘણીવાર મારા મનમાં તે સૂત્રને પુનઃ વાંચી મનન કરવાનો વિચાર થતો પણ મને અન્ય કાર્યના ભારને લીધે વખત મળતો ન હતો.

દીક્ષાકુમારીએ જરા રોષ કરી જણાવ્યું, મુનિ, ઘણી દીલગીરીની વાત છે, કે તમને ગૃહસ્થોની સાથે મસલત કરવાનો, ટપાલના પત્રો લખવાનો અને સમાચારપત્ર વાંચવાનો વખત મળતો અને દશવૈકાલિક જેવા ઉપયોગી અધ્યયનને વાંચવાનો વખત ન મળતો. ખરે! એ તમારો દોષ નથી પણ વર્ત્તમાન કાળનોજ દોષ છે.

આ પ્રમાણે તે મુનિ અને દીક્ષાકુમારીની વચ્ચે વાર્ત્તાલાપ થતો હતો તેવામાં એક ગૃહસ્થ હાથમાં લિખિત પુસ્તક લઇને આવ્યો. તેને જોઇ મુનિએ કહ્યું, ભાઇ, અત્યારે ચાલ્યા જાઓ, હું કામમાં છું. તે વખતે જ્ઞાનવતી દીક્ષાકુમારી બોલી—મુનિ, એ ગૃહસ્થ કેમ આવેલ છે? અને તેને તમે શામાટે પાછો વાળો છો? જે સત્ય હોય તે જણાવજો. મુનિ ક્ષણવાર બોલ્યા નહીં અને વિચારમાં પડ્યા તે વખતે દીક્ષાકુમારીએ તે ગૃહસ્થને પુછયું, તમે કોણ છો? અહિં શામાટે આવ્યા છો? અને આ પુસ્તક શેનું છે? દિવ્યદેવીના પુછવાથી તે સત્યવાદી ગૃહસ્થ અંજળિ જોડી બોલ્યો—મહામાતા, હું એક વિદેશી શ્રાવક છું. પ્રાચીન પુસ્તકોદ્ધારક નામની એકમંડળીનો હું વ્યવસ્થાપક છું. મારા આશ્રય નીચે જૈનધર્મના પ્રાચીન પુસ્તકો મૂળ તથા ભાષાંતર સાથે છપાય છે. અમારી મંડળી કાંઇપણ નફો લીધા વગર પડતર કીંમતે પુસ્તકોનો વિક્રય કરી તેનો પ્રસાર કરે છે. હસ્તલિખિત મૂળ અને ભાષાંતરના પુસ્તકો અશુદ્ધ ન છપાય તેને માટે અમે ઠરાવ કર્યો છે કે, દરેક પુસ્તક તૈયાર કરાવી કોઇ વિદ્વાન્ જૈનમુનિની પાસે શોધાવવા અને શોધાવ્યા પછી તેને પ્રસિદ્ધ કરવા. આ ઠરાવને અનુસરી હું પોતે પુસ્તક લઇ આ વિદ્વાનમુનિની પાસે આવ્યો છું.

આ પ્રમાણે તે ગૃહસ્થને કહી દીક્ષાકુમારીએ તે લજ્જા પામેલા મુનિને કહ્યું, મુનિ, હવેથી તેવું કરશો નહીં. તમારૂં ચારિત્ર જીવન કેવી રીતે કૃતાર્થ થાય ? એ વાત ધ્યાનમાં લઇ હમેશાં શુભ કાર્યમાં પ્રવૃત્તિ કરજો અને અશુભ કાર્યથી નિવૃત્ત થજો. પ્રાચીન ગ્રંથનો ઉદ્ધાર કરવો એ જ્ઞાનની મોટામાં મોટી ભક્તિ છે. કોઇ પણ ગૃહસ્થ શ્રાવક તરફથી અથવા કોઇ મંડલી તરફથી કાંઇ પણ પુસ્તક આવે તેને તમે ધ્યાન દઇ સુધારજો, તેમાં જરાપણ પ્રમાદ કરશો નહિં.

મહાદેવીના આ વચન સાંભળી મુનિએ વિનયથી મંદસ્વરે કહ્યું, માતા, ક્ષમા કરો. મારા ચારિત્ર જીવનમાં એવી અનેક ભૂલો મારાથી થઇ છે. મેં મારા સમયનો ઉપયોગ યથાર્થ રીતે કર્યો નથી. તેને માટે મને ઘણોજ પશ્ચાત્તાપ થાય છે. હવે થી હું તેવું અકાર્ય કરીશ નહીં. તેને માટે મારૂં દુષ્કૃત મિથ્યા હજો.

મુનિના આવા વચનો સાંભળી દીક્ષાકુમારીના હૃદયમાં જરા આનંદ આવ્યો. પછી તેણીએ પ્રસન્નતાથી જણાવ્યું—મુનિ, તમારે આહારપાણીનો સમય ચાલ્યો જાય છે, માટે આ મુનિને આહાર લેવા જવાની આજ્ઞા આપો. હવે થી હું જાઉં છું. પુનઃ કોઇ પ્રસંગે તમને પાછી આ રીતે મળીશ.

દીક્ષાકુમારીના એ વચન સાંભળતાંજ તે વિદ્વાન મુનિ બોલી ઉઠ્યા—ભગવતી માતા, હવે આહારપાણીનો ખપ નથી. [illegible] મારા વચનામૃતનોજ આહાર કર્યો છે. [illegible] આપની પાસેથી મારે [illegible] છે ? આ પ્રમાણે કહી તરત [illegible] લીધા. તેની [illegible] પ્રસન્ન થયા.

દીક્ષાકુમારી [illegible] બોલ્યા—મુનિરાજ, [illegible] ! [illegible] દીક્ષાકુમારી [illegible] !

[illegible]

ભગવાની મારી ઉચ્છા છે. એ મહાસૂત્ર અભ
કર્તવ્યનો ઉપદેશ કરે છે.

દીક્ષાકુમારી બોલ્યા—સાંભળો, તમને એ
અધ્યયનનો ઉપદેશ કરૂં. એ અધ્યયનનું નામ પિ
એ તમારે વિશેષ ઉપયોગી થઇ પડશે. આ તમારા
જતાં જે વ્યાકુળતા થતી હતી, તે જોઈ મને એજ
વ્યું છે અને તેથીજ મેં પ્રથમ અદ્રશ્યરૂપે રહી તમારે
ધ્યયનની પહેલી ગાથા સંભળાવી હતી. તે તમને

મુનિએ કહ્યું, હા, હવે એ યાદ આવે છે. એ
ળવામાં આવી હતી, પણ તમારો અદ્રશ્ય ધ્વનિ સાંભ
રાય સંભ્રાંત થઇ ગયો હતો, તેથી મારા ધ્યાનમાં એવા
હવે કૃપા કરી ફરીથી તે ઉપદેશ આપો.

દીક્ષાકુમારી બોલી, હે મુનિ, સાવધાન થઇને સ
વૈકાલિકસૂત્રનું ચોથું અધ્યયન ષટ્જીવનેકાય નામે છે.
યનમાં સાધુનો આચાર છકાયજીવને આશ્રયીને કહેલો છે
પોતાનું શરીર સ્વસ્થ—નીરોગી રાખવું જોઈએ. શરીરન
રહેવી, એ આહાર ઉપર આધાર રાખે છે. તે આહારના સ
નિરવદ્ય—એવા બે ભેદ છે. તેમાં જે સાવદ્ય આહાર છે, તે
જ્ય છે અને જે નિરવદ્ય આહાર છે, તે સાધુને યોગ્ય કાજે
એ નિરવદ્ય અને સાવદ્ય આહાર ઓળખવાનું જ્ઞાન દરેક સા
રેલું છે. તેથી તે જ્ઞાન થવાને માટે આ દશવૈકાલિકસૂત્રના
પિંડેષણા અધ્યયનનો આરંભ છે. એ ઉપયોગી અધ્યયન અ
મુનિ પોતાના નિત્યના આહાર વિધિને જાણી શકે છે. હે મુનિ
લી ગાથામાં "असंभंतो अमुच्छिओ" એ પદ દરેક મુનિને
કરવા યોગ્ય છે. ગોચરીએ જવાને માટે મુનિ અસંભ્રાંત અટલે
ળવ્યાકુળ ન થવું જોઈએ. તેમજ અમૂર્છિત એટલે આહારની
અર્થાત્ સારો આહાર મેળવવાને લોલુપતા ન રાખવી જોઈએ. તે
તે વખતે શબ્દાદિ વિષય ઉપર આસક્તિ રાખવી ન જોઈએ. ગોચર
જતાં કદિ માર્ગમાં સંગીત થતું હોય તો તે સાંભળવા ઉભા રહેવું નહિ
તેમજ ગોચરીનો ખરો અર્થ પોતાના હૃદયના સંતોષ પ્રમાણે વર્તવું

ગોચરીનો અર્થ એવો થાય છે કે, ગો એટલે ગાયની પેઠે ચર એટલે ગમન કરવું. જેમ ગાય ઉત્તમ, મધ્યમ કે કનિષ્ટ પ્રદેશનો વિચાર કર્યા વગર તેમજ સરસ કે નીરસ આહાર ઉપર પ્રીતિ રાખ્યા વગર ફરે છે, તેવી રીતે મુનિએ પણ ફરવાનું છે. તે ઉપરથી મુનિની ગોચરી કહેવાય છે. તેવી રીતે ગોચરી કરવાને બદલે એથી ઉલટી રીતે વર્તનારા મુનિ પોતાના ચારિત્રધર્મને દૂષિત કરે છે. વળી મુનિએ મનમાં ક્ષોભ રાખવો નહિં, શાંતતાથી ફરવું. તે સાથે તેમણે પોતાનું ગમન ઘણું યતના પૂર્વક કરવાનું છે. તેણે સાડાત્રણ હાથ ભૂમિ ઉપર દ્રષ્ટિ રાખી ચાલવાનું છે. કોઈપણ પ્રાણીની વિરાધના ન થાય તેવી રીતે વર્ત્તવાનું છે. તેમના ગમનથી અપકાય તથા પૃથ્વીકાય જીવની હિંસા ન થવી જોઈએ. જો તેવી યતના ન રાખે તો મુનિ પોતાના સંયમનો વિરાધક થાય છે. તેમજ તેણે ઉભા રાખેલા સ્તંભને—ખીલાને, ઉંચા નીચા જમીનના ભાગને અને કાદવને વર્જી દેવા. તેવે સ્થળે ચાલવું નહીં. તેમજ જ્યાં નદી ઉતરવાને કાષ્ટ અથવા પાષાણના પગથીઆ કર્યાં હોય, ને ઉપર થઇ પ્રસાર થવું નહીં. જો મુનિ તેવે રસ્તે પ્રસાર થાય છે, તો વખતે તે ઉપરથી પડતાં કે લપસતાં ત્રસકાય જીવાની હિંસાનો મહાદોષ તેને લાગી જાય છે. તેથી સમાધિવંત ભગવંતની આજ્ઞા પ્રમાણે ચાલનારા સંયમી સાધુએ તેવે માર્ગે ચાલવું ન જોઇએ. ગોચરીએ જતાં જો કોલસાનો, ફેતરાનો અને છાણનો ઢગલો આવે તો તે ઉપર પોતાના રજવાળા પગ મુકી ચાલવું નહિં. તેથી પૃથ્વીકાય જીવની વિરાધના થાય છે. વરસાદ પડતો હોય, ધુંઅરી ચડી હોય, વંટોળીઓ ચડયો હોય અને પતંગીઆ વગેરે ઝીણા જીવ ઉડતાં હોય તેવે વખતે શુદ્ધ સંયમધારી મુનિએ ગોચરીએ નીકળવું નહીં.

સંયમી સાધુએ ગોચરીએ જતાં પોતાના બ્રહ્મચર્યને પણ સારી રીતે સાચવવાનું છે. જ્યાં આસપાસ વેશ્યાઓ અથવા વ્યભિચારિણી સ્ત્રીઓ રહેતી હોય, તેવે સ્થળે જવું નહિં. કારણ કે તેવા સ્થળમાં સંસર્ગના દોષથી તત્કાલ દૂષિત થઇ જવાય છે. તેમજ જ્યાં શ્વાન બેઠા હોય, ગાય વીંયાતી હોય, મદોન્મત્ત બળદ, ઘોડા અને હાથી રહ્યા હોય, નાના બાલકો ધુડના ઘર કરી રમતા હોય અને જ્યાં લડાઇ, ઝગડાઓ કે મારામારી થતાં હોય તેવે સ્થળે સાધુએ ગોચરીએ જવું નહિ. તેનો તો દૂરથીજ ત્યાગ કરવો. ગોચરીએ જતાં મુનિએ દ્રવ્યથી અને

ભાવથી નીચા થવું નહિં. સ્ત્રી વગેરેની આ
વિગેરે વિકારો કરવા નહિં, અને ઇંદ્રિયોને વ
તાવળા ચાલવું નહિં. કોઈની સાથે હસવું નહિ
હીન એવા કુળમાં જવું નહિં. જ્યાં રાજા, શેઠ સ
ને મસલત કરવાના સ્થાન હોય, અને જ્યાં જવ
હોય તેવા સ્થાનને છોડી દેવું. જે ઘરમાં જન્મ તથ
અને હલકા વર્ણના લોકો જેમાં રહેતા હોય તેવા
જવું નહિં. જ્યાં પડદો હોય અને જેના દ્વાર બ
ઉઘાડીને પ્રવેશ કરવો નહિં. જ્યાં પ્રવેશ કરી શકાય
તેમાં ધર્મલાભ કહ્યા વિના પેસવું નહિં. ગોચરીએ
ના કરવા નહિં. જો કદિ શરીરની સ્થિતિ કબજે ન હો
આજ્ઞા લઈ શુદ્ધ સ્થળમાં જઈને તે ક્રીયા કરવી. જ્યાં
કાય તેવું ન હોય તેવા ભોંયરા જેવા ઘરમાં ગોચરીએ
ળી ને ઘરના દ્વાર આગળ પુષ્પ કે બીજી લીલોતરી
અને જે ઘર નવું લીંપેલું હોય, તેવા ઘરમાં સાધુએ ગો
વું નહિં. જ્યાં ગાય, બકરા કે વાછડા બાંધ્યા હોય અ
માં હોય, તેને ઠેલીને સાધુએ ગૃહપ્રવેશ કરવો નહિં.

હે મુનિ, સાધુએ જે ઘરમાં ગોચરી કરવા જવું, તેમ
નરને એકનજરે જોવું નહિં. તેમજ જે વસ્તુ દૂર પડી હો
વસ્તુ તરફ તેમજ ઘરની આસપાસ દૃષ્ટિ ફેરવવી નહિં. તે
સ્થની નિંદા કરવી નહિં. તેમ દીન વચન બોલવા નહિં. ક
લેવા જવું ત્યાં ઘરની ભૂમિની મર્યાદા મુકી આગળ જ
જ્યાં સુધી જવાનું હોય ત્યાં સુધી જવું. સ્નાન કરવાનું કે
કરવાનું સ્થાન હોય તેનાથી દૂર રહેવું.

ઉપર પ્રમાણે વર્તી ગૃહસ્થના ઘરમાં ગયેલા મુનિએ ઘરમ
રેલી ગૃહસ્થ કે તેની સ્ત્રી જે કોઈ આહાર વહોરાવે તે મધુર
જે અન્નપાન કલ્પતું હોય તેજ લેવું. જે અન્નપાન પોતાને દૂષિત
તેનો ત્યાગ કરવો. જે અન્નપાન અચિત્ત હોય પણ જો તે સચિ
ગધ સંસર્ગવાળું થયું હોય તો તે લેવું નહીં. તેમજ અજીર્ણ કે પા
ધ ખરડાએલું ખરાબ અન્નપાણી વહોરવું નહીં. જે આહાર ગ
ી સ્ત્રી વેગવતી હોય અથવા નાસિકાએ પોતાને ખાવા માટે

આહાર લેવાનો યોગ હોય તો મુનિએ ગૃહસ્થની આજ્ઞા લઈ ઇરીયાવહી પડીક્કમી, હાથમાં મુહપત્તિ લઈ, હાથપગ વગેરે અવયવોને સારી રીતે પુંજી તેજ સ્થળે ભોજન કરવું. ભોજન કરતાં જો કાંઈ તૃણ, કાષ્ટ તથા કાંકરા વિગેરે કાંઈ આવ્યું હોય તો તેને ફેંકવું નહીં, મોઢેથી થુંકી કાઢવું નહીં, પણ તેને યત્નાથી લઈને એક તરફ એકાંતે મુકી દેવું.

જો ગૃહસ્થના ઘર આગળ ભોજન કરવાનો યોગ ન હોય અને ઉપાશ્રયે આવી ભોજન કરવાની ઇચ્છા હોય તો તેણે ઉપાશ્રયમાં આવવું. ત્યાં આવી ભૂમિની પડીલેહણા કરી નિઃસિહી કહેવી. પછી "નમઃ ક્ષમા શ્રમણેભ્યઃ" એ પદ બોલી વિનયથી ઉપાશ્રયમાં પેસી ગુરૂની પાસે આવી ઇરિયાપથિકા ભણી કાયોત્સર્ગ કરવો. પછી આહાર લેતાં થયેલા ગમનાગમન સંબંધી અતિચારને હૃદયમાં સ્થાપિત કરી પછી કપટ રહિત અને વ્યગ્રતા રહિત એવા મુનિએ સ્વસ્થ ચિત્ત વડે જે આહાર વગેરે ગ્રહણ કરેલ હોય, તેની આલોચના કરવી. પછી તેણે નીચેની ગંભીર અર્થવાળી ગાથા બોલવી—

"अहो जिणेहिं असावज्जा, वित्ती साहूण देसिआ ।
मुक्ख साहण हेउस्स, साहुदेहस्स धारणा" ॥ १ ॥

આ ગાથાનો અર્થ ઘણો ગંભીર છે—મુનિઓને ગોચરી શા માટે કરવી તે વાત પ્રગટ કરી છે. એ વાત આ ગાથામાં સ્પષ્ટ થાય છે. તેનો ભાવાર્થ એવો છે કે, "જે તીર્થંકરોએ મુનિઓને મોક્ષસાધનના હેતુરૂપ એવા તેમના મુનિશરીરને ધારણ કરી રાખવા નિર્દોષ ગોચરી રૂપ વૃત્તિ દર્શાવી છે."

આ ગાથાનું ચિંતવન કર્યા પછી સાધુએ કાયોત્સર્ગ પારી "सोगस्सुज्जोअगरे" એ સ્તવન બોલી સ્વાધ્યાયને પૂર્ણ કરી વિશ્રાંતિ લેવી. વિશ્રાંતિ લેતાં તેણે નીચે પ્રમાણે ચિંતવવાનું છે.

"जइ मे अणुग्गहं कुज्जा, साहू हुज्जामि तारिओ" ॥

આ પદનો ભાવાર્થ એવો છે કે, "હે મુનિ, જે લાવી આપેલા પ્રાસુક પિંડને ગ્રહણ કરી મારી પર અનુગ્રહ કરે તો હું આ સંસારસમુદ્રને તારેલો થાઉં." હે મુનિ, વિચાર કરો. તમારી ગોચરીમાં કેટલી

उप्पण्णं नाइहीलिज्जा, अप्पं वा बहु फासुयं ।
मुहालद्धं मुहाजीवी, भुंजिज्जा दोसवज्जियं ॥ २ ॥

ભાવાર્થ.

“ રસ વગરનો, કડવો, અતિ ખારો તથા મસાલાવાળો, ખારો તથા મસાલા વગરનો, નરમ થઈ ગયેલો, સુકો, (બોરા , બોરકૂટ જેવો અને અડદના બાકળાનો અનેક આહાર મળે તો પણ તેની નિંદા કરે નહીં. થોડો મળ્યો હોય, વધારે મળ્યો હોય અને કાંઈ પણ ખુશામત કર્યા વગર મળ્યો હોય તો પણ તેને માટે કાંઈ કહે નહીં, અને તેવા નિર્દોષ આહારનું ભોજન કરી લે. ” ૧—૨

હે મુનિ, આ ગાથાનો ભાવાર્થ યાદ રાખી તે પ્રમાણે વર્તજો, અને તમારા સર્વ આચારને દર્શાવનાર દશવૈકાલિક સૂત્રનું અધ્યયન કરી તે પ્રમાણે પ્રવર્તવાને ઉદ્યમવંત થજો. હે મુનિઓ, જો તમે તમારા ચારિત્રજીવનને કૃતાર્થ કરવા ઇચ્છતા હો, અને આર્હત ધર્મની પ્રશંસા કરાવવાને ધારતા હો તો તમારે તમારા ચારિત્રને યથાર્થ રીતે પાળવું. દશવૈકાલિકના પાંચમા અધ્યયનના પહેલા ઉદ્દેશામાં જે ભાવ દર્શાવવામાં આવ્યો છે, તે મેં તમને સંક્ષેપથી જણાવ્યો છે. તે ઉદ્દેશા પ્રમાણે જે ચારિત્રધારી મુનિ વર્તે છે, તે મુનિ પોતાના સાધુજીવનને કૃતાર્થ કરી સદ્ગતિને પ્રાપ્ત થાય છે. એટલું જ નહીં પણ યથાર્થ રીતે સાધુને આહારનું દાન કરનાર શ્રાવક પણ સદ્ગતિને પ્રાપ્ત થાય છે. તેને માટે તે પહેલા ઉદ્દેશાની છેલ્લી ગાથા નીચે પ્રમાણે કહેલી છે.

दुल्लहा हो मुहादाई, मुहाजीवी वि दुल्लहा ॥
मुहादाई मुहाजीवी, दो वि गच्छंति सुग्गइं त्तिबेमि ॥ १ ॥

“ પ્રત્યુપકારની બુદ્ધિ વિના આહાર આપનારા ગૃહસ્થ લોકો આ સંસારમાં દુર્લભ છે અને કોઈ જાતની લાલચ બતાવ્યા વિના આહાર લેનારા મુનિઓ પણ દુર્લભ છે—એવા દાતાર અને એવા લેનારા શ્રાવક તથા મુનિ બન્ને સારી ગતિને પ્રાપ્ત થાય છે. ”

હે મુનિ, હવે હું અહીંથી અટકું છું. તમે તે પિંડૈષણાના ઉદ્દેશા પ્રમાણે આહારવિધિ કરી અને સર્વથા પ્રમાદનો ત્યાગ કરી તમારા સાધુ-

મહત્તા છે ? ને સાથે ગોચરી લાવી આપનાર મુનિનો હેતુ કેવો ઉત્તમ છે ! આજકાલ આવા ઉત્તમ વિધિ પ્રમાણે વર્તનારા મુનિઓ વિરલા છે. પછી એ પ્રમાણે ચિંતવી મુનિએ પોતાના ગુરૂને આહાર લેવાની વિંનતિ કરવી. જો ગુરૂ પોતે આહાર ન લે તો પછી તેમને જણાવવું કે, આ આહાર જેને આપવો હોય તેને આપો. તે વખતે જો ગુરૂ આજ્ઞા કરે કે, 'તારી ઈચ્છા આવે તેને આપ' તો પછી મુનિએ ગુરૂની આજ્ઞા પ્રમાણે પોતાના ધર્મબંધુ બીજા સાધુઓને અનુક્રમે આહારને માટે આમંત્રણ કરવું. તે વસ્તુ માગે તે આપીને પછી સર્વે મુનિઓની સાથે આહાર કરવો.

હે મુનિ, આહાર કરતી વખતે મુનિએ ઘણુંજ સાવધાન રહેવાનું છે. જેમાં સારો પ્રકાશ પડતો હોય તેવા પાત્રમાં યત્નાથી આહાર કરવો. તે વખતે હાથ તથા મુખમાંથી આહારનો કણ પણ પડવા દેવો નહીં. જો તે આહારમાં કડવા, તીખા, કષેલા, ખાટા, મીઠા અને ખારા જે કોઈ પદાર્થો મળ્યા હોય, તેને સાધુએ રાગ દ્વેષ વર્જીને સરસ ઘી જેવા ગણી તેનો આહાર કરવો. હે મુનિ, આજકાલ આહારવિધિ તરફ મુનિઓનો ઘણો પ્રમાદ છે. અલ્પજ્ઞાની મુનિઓ સારા સારા આહારની ગવેષણા કરવા લાગ્યા છે. કેટલાક તો આહારની લોલુપતાથી પોતાના પરિચિત નગરમાં પડયા રહે છે. કોઈ રસલુબ્ધ મુનિ ઉત્તમ આહારની ઇચ્છાથી ધનાઢય શ્રાવકોના ઘરજ શોધ્યા કરે છે, અને કોઈ આહારની ઇચ્છા પૂર્ણ કરવાને પોતાના રાગી શ્રાવકોનાજ ઘરમાં જાય છે.

હે જૈન મુનિ, આ બધો વર્તમાન કાળનો પ્રભાવ છે. તેથી સાંપ્રતકાળના સાધુઓને શિક્ષા કરવાની આવશ્યકતા છે અને તેવું ધારીનેજ આ ભારતવર્ષ ઉપર મારો અવતાર થયો છે.

દરેક મુનિએ પોતાના આહારનો યથાર્થ વિધિ જાણવો જોઈએ, તેથી તેણે આ પિંડૈષણા અધ્યયનનો અભ્યાસ કરવો જોઈએ. એ મહા અધ્યયનમાં છેવટે જે ઉપયોગી ગાથાઓ આપેલી છે, તે પ્રત્યેક મુનિએ મનન કરવા યોગ્ય છે. તે ગાથાઓ નીચે પ્રમાણે છે.

"अरसं विरसं वावि, सूइअं वा असूइअं।
उल्लं वा जइ वा सुक्कं मंथु कुम्मास भोअणं" ॥ १ ॥

उप्पयं नाइ हीलिज्जा, अप्पं वा बहु फासुअं
मुहालद्धं मुहाजीवी, भुंजिज्जा दोस वज्जिअं　　॥ २ ॥

ભાવાર્થ.

"રસ વગરનો, ઠંડો, અતિ ચરબી તથા મશાલાવાળો, ચરબી તથા મસાલા વગરનો, નરમ થઈ ગએલો, સુકો, (મોલો, બોરકુટ જેવો અને અડદના બાકળાનો અનેક આહાર મળે તો પણ તેની નિંદા કરે નહીં. થોડો મળ્યો હોય, વધારે મળ્યો હોય અને કાંઈ પણ ખુશામત કર્યા વગર મળ્યો હોય તો પણ તેને માટે કાંઇ કહે નહીં, અને તેવા નિર્દોષ આહારનું ભોજન કરી લે." ૧—૨

હે મુનિ, આ ગાથાનો ભાવાર્થ યાદ રાખી તે પ્રમાણે વર્તજો, અને તમારા સર્વ આચારને દર્શાવનાર દશવૈકાલિક સૂત્રનું અધ્યયન કરી તે પ્રમાણે પ્રવર્ત્તવાને ઉદ્યમવંત થજો. હે મુનિઓ, જો તમે તમારા ચારિત્રજીવનને કૃતાર્થ કરવા ઇચ્છતા હો. અને આર્હત ધર્મની પ્રશંસા કરાવવાને ધારતા હો તો તમારે તમારા ચારિત્રને યથાર્થ રીતે પાળવું. દશવૈકાલિકના પાંચમા અધ્યયનના પહેલા ઉદ્દેશામાં જે ભાવ દર્શાવવામાં આવ્યો છે. તે મેં તમને સંક્ષેપથી જણાવ્યો છે. તે ઉદ્દેશા પ્રમાણે જે ચારિત્રધારી મુનિ વર્ત્તે છે, તે મુનિ પોતાના સાધુજીવનને કૃતાર્થ કરી સદ્ગતિને પ્રાપ્ત થાય છે. એટલું જ નહીં પણ યથાર્થ રીતે આ સાધુને આહારનું દાન કરનાર શ્રાવક પણ સદ્ગતિને પ્રાપ્ત થાય છે. તેને માટે તે પહેલા ઉદ્દેશની છેલ્લી ગાથા નીચે પ્રમાણે કહેલી છે.

दुल्लहा हो मुहादाई, मुहाजीवी विदुल्लहा ॥
मुहादाई मुहाजीवी, दोवि गच्छंति सुग्गइंतिबेमि　　॥ १ ॥

"પ્રત્યુપકારની બુદ્ધિ વિના આહાર આપનારા ગૃહસ્થ લોકો આ સંસારમાં દુર્લભ છે અને કોઇ જાતની લાલચ બતાવ્યા વિના આહાર લેનારા મુનિઓ પણ દુર્લભ છે—એવા દાતાર અને એવા લેનારા શ્રાવક તથા મુનિ બને સારી ગતિને પ્રાપ્ત થાય છે."

હે મુનિ, હવે હું અહીંથી જાઉં છું. તમે તે પિંડેષણાના ઉદ્દેશા પ્રમાણે આહારવિધિ કરી અને સર્વથા પ્રમાદનો ત્યાગ કરી તમારા સાધુ-

મહત્તા છે ? તે સાથે ગોચરી લાવી આપનાર મુનિનો વિનય કેવો ઉત્તમ છે ! આજકાલ આવા ઉત્તમ વિધિ પ્રમાણે વર્તનારા મુનિઓ વિરલા છે. પછી એ પ્રમાણે વિનયી મુનિએ પોતાના ગુરૂને આહાર લેવાની વિનંતિ કરવી. જો ગુરૂ પોતે આહાર ન લે તો પછી તેમને જણાવવું કે, આ આહાર જેને આપવો હોય તેને આપો. તે વખતે જો ગુરૂ આજ્ઞા કરે કે, 'તારી ઈચ્છા આવે તેને આપ' તો પછી મુનિએ ગુરૂની આજ્ઞા પ્રમાણે પોતાના ધર્મબંધુ બીજા સાધુઓને અનુક્રમે આહારને માટે આમંત્રણ કરવું. તે વસ્તુ માગે તે આપીને પછી સર્વે મુનિઓની સાથે આહાર કરવો.

હે મુનિ, આહાર કરતી વખતે મુનિએ ઘણું જ સાવધાન રહેવાનું છે. જેમાં સારો પ્રકાશ પડતો હોય તેવા પાત્રમાં યત્નાથી આહાર કરવો. તે વખતે હાથ તથા મુખમાંથી આહારનો કણ પણ પડવા દેવો નહીં. જો તે આહારમાં કડવા, તીખા, કષાયેલા, ખાટા, મીઠા અને ખારા જે કોઈ પદાર્થો મળ્યા હોય, તેને સાધુએ રાગ દ્વેષ વર્જીને મધ ઘી જેવા ગણી તેનો આહાર કરવો. હે મુનિ, આજકાલ આહારવિધિ તરફ મુનિઓનો ઘણો પ્રમાદ છે. અલ્પજ્ઞાની મુનિઓ સારા સારા આહારની ગવેષણા કરવા લાગ્યા છે. કેટલાક તો આહારની લોલુપતાથી પોતાના [illegible] નગરમાં પડ્યા રહે છે. કોઈ રસલુબ્ધ મુનિ ઉત્તમ આહારની ઈચ્છાથી ધનાઢ્ય શ્રાવકોના ઘરજ શોધ્યા કરે છે, અને કોઈ આહારની ઈચ્છા પૂર્ણ કરવાને પોતાના રાગી શ્રાવકોનાજ ઘરમાં જાય છે.

હે જૈન મુનિ, આ બધો વર્તમાન કાળનો પ્રભાવ છે. તેથી સાંપ્રતકાળના સાધુઓને શિક્ષા કરવાની આવશ્યકતા છે અને તેવું ધારીનેજ આ [illegible] ઉપર મારો અવતાર થયો છે.

દરેક મુનિએ પોતાના આહારનો યથાર્થ વિધિ જાણવો જોઈએ, તેથી [illegible] અભ્યન્તરનો અભ્યાસ કરવો જોઈએ. એ મહા[illegible] કેટલીક ગાથાઓ આપેલી છે, તે પ્રત્યેક મુનિએ મનન કરવા યોગ્ય છે. તે ગાથાઓ નીચે પ્રમાણે છે.

"अरसं विरसं वावि, सूइअं वा असूइअं ।
उल्लं वा जइ वा सुक्कं, मंथु कुम्मास भोअणं" ॥ १ ॥

उप्पणं नाइ हीलिज्जा, अप्पं वा बहु फासुअं
मुहालद्धं मुहाजीवी, भुंजिज्जा दोस वज्जिअं ॥ २ ॥

ભાવાર્થ.

" રસ વગરનો, ફીકો, અતિ ચટણી તથા મશાલાવાળો, ચટણી તથા મસાલા વગરનો, નરમ થઈ ગએલો, સુકો, (મોળો, ઓરફૂક જેવો અને અડદના બાકળાનો બનેલો આહાર મળે તો પણ તેની નિંદા કરે નહીં. થોડો મળ્યો હોય, વધારે મળ્યો હોય અને કાંઈ પણ ખુશામત કર્યા વગર મળ્યો હોય તો પણ તેને માટે કાંઈ કહે નહીં, અને તેવા નિર્દોષ આહારનું ભોજન કરી લે. " ૧—૨

હે મુનિ, આ ગાથાનો ભાવાર્થ યાદ રાખી તે પ્રમાણે વર્ત્તજો, અને તમારા સર્વ આચારને દર્શાવનાર દશવૈકાલિક સૂત્રનું અધ્યયન કરી તે પ્રમાણે પ્રવર્ત્તવાને ઉદ્યમવંત થજો. હે મુનિઓ, જો તમે તમારા ચારિત્રજીવનને કૃતાર્થ કરવા ઇચ્છતા હો. અને આર્હત ધર્મની પ્રશંસા કરાવવાને ધારતા હો તો તમારે તમારા આ જીવને યથાર્થ રીતે પાળવું. દશવૈકાલિકના પાંચમા અધ્યયનના પહેલા ઉદ્દેશામાં જે વિધિ દર્શાવવામાં આવ્યો છે. તે મેં તમને સંક્ષેપથી જણાવ્યો છે. તે ઉદ્દેશ પ્રમાણે જે ચારિત્રધારી મુનિ વર્ત્તે છે, તે મુનિ પોતાના સાધુજીવનને કૃતાર્થ કરી સદ્ગતિને પ્રાપ્ત થાય છે. એટલુંજ નહીં પણ યથાર્થ રીતે આ સાધુને આહારનું દાન કરનાર શ્રાવક પણ સદ્ગતિને પ્રાપ્ત થાય છે. તેને માટે તે પહેલા ઉદ્દેશની છેલ્લી ગાથા નીચે પ્રમાણે કહેલી છે.

दुल्लहा हो मुहादाई, मुहाजीवी विदुल्लहा ॥
मुहादाई मुहाजीवी, दोवि गच्छंति सुग्गइंत्तिबेमि ॥ १ ॥

" પ્રત્યુપકારની બુદ્ધિ વિના આહાર આપનારા ગૃહસ્થ લોકો આ સંસારમાં દુર્લભ છે અને કોઇ જાતની લાલચ બતાવ્યા વિના આહાર લેનારા મુનિઓ પણ દુર્લભ છે—એવા દાતાર અને એવા લેનારા શ્રાવક તથા મુનિ બન્ને સારી ગતિને પ્રાપ્ત થાય છે. "

હે મુનિ, હવે હું અહીંથી જાઉં છું. તમે તે પિંડૈષણાના ઉદ્દેશ પ્રમાણે આહારવિધિ કરી અને સર્વથા પ્રમાદનો ત્યાગ કરી તમારા સાધુ-

ધર્મનું પાલન કરજો. તમારામાં જે જ્ઞાન પ્રાપ્ત થયું છે, તેનો ઉપયોગ કરજો. જ્ઞાનનો અભ્યાસ જારી રાખી બીજાને અભ્યાસ કરાવજો. જે કોઈ સંસ્થા તરફથી પ્રાચીન જૈનપુસ્તકો શોધાવા આવે તેને પ્રમાદરહિત થઈ શોધી આપજો. વિશેષ પત્રવ્યવહાર રાખશો નહીં, અને ગૃહસ્થ શ્રાવકોને ભેગા કરી તેમના અતિ પરિચયમાં આવશો નહીં. સિદ્ધાંતમાં બતાવેલા અધ્યયનને પુનઃ વાંચી તે પ્રમાણે વર્તજો. મેં તમને આ અધ્યયનનો પ્રથમ ઉદ્દેશ કહ્યો છે, હવે બીજો ઉદ્દેશ તમે તમારી મેળે વાંચી તેનું મનન કરજો. હવે હું બીજે સ્થળે જવા ઇચ્છા રાખું છું.


હીરાકુમારીના આવા વચન સાંભળી તે વિદ્વાન જૈનમુનિ ઉત્સુક થઈને બોલ્યા—ધર્મમાતા, આપે આપેલો ઉપદેશ સાંભળી મને ઘણો આનંદ થયો છે, એટલુંજ નહીં પણ આપે મારા જેવા પ્રમાદી સાધુની ઉપર મહાન ઉપકાર કર્યો છે. મહાદેવી, આપ અહીંથી જવાની ઇચ્છા કરો છો, એથી મારા મનને ખેદ ઉપજે છે. હજુ આપના મુખથી વિશેષ ઉપદેશવાણી સાંભળવાની મારી ઇચ્છા છે.

હીરાકુમારીએ પુનઃ કહ્યું, ભદ્ર, હવે મારાથી વિશેષ સમય રોકાય તેમ નથી. મારે ઘણું કાર્ય કરવાનું છે. આજ નગરમાં બીજા ઉપાશ્રયોમાં ફરીને મુનિઓને ધર્મશિક્ષા આપવાની છે; તેથી હું હવે સત્વર જવાની ઇચ્છા રાખું છું.

આટલું કહીનેજ હીરાકુમારી અદૃશ્ય થઈ ગયા. વિજળીની જેમ તેના શરીરના તેજોનાશિ વચનના મારી ઉડી ગયા, અને તે મુનિઓ તે મહાદેવીના દર્શન માટે આમતેમ જોવા લાગ્યા.

એક ઉપાશ્રયમાં મુનિઓ વાદવિવાદ કરતા હતા. એક મુનિ બીજા મુનિની ઇર્ષ્યા કરી ગુરુની આગળ તેની ફરિયાદ કરતા હતા. કોઈ મુનિ ગુરુની આગળ આવી ક્રોધમાં બેઠા હતા. એક મુનિ ઉપર ગુરુનો રાગ હતો. તેથી ગુરુ તેને ખુશામતના વચનો કહી સમજાવતા હતા. કોઈ બીજા મુનિની ઇચ્છાની વિરુદ્ધ માટે ગુરુને નિવેદન કરતા હતા. વળી કોઈ મુનિને ગુરુ ઠપકો આપતા હતા, અને ગરીબ સ્વભાવના મુનિની મશ્કરી કરતા હતા.

આવી રચના ચાલી રહી હતી, તે વખતે હીરાકુમારીએ અદૃ-



રહી. તેને જોતાંજ ગુરૂ મલિન થઇ ગયા, અને હૃદયમાં ભય [illegible] કંપવા લાગ્યા.

દીક્ષાકુમારીએ ગંભીર વાણીથી કહ્યું, મુનિ, ભય પામશ[illegible] હું તમારી રક્ષક છું. તમારે મારાથી ભય પામવાનો નથી, પણ [illegible] થી ભય પામવાનું છે. તમે રોગથી દૂર રહેનારા અનગાર છો; તે [illegible] રોગની સાથે રહેવા ઇચ્છા રાખો છો, તેથીજ મારે તમારી ખબ[illegible] વા આવવું પડ્યું છે.

દીક્ષાકુમારીનાં આવાં વચન સાંભળી તે વૃદ્ધ ગુરૂ ધ્રુજતા ધ્રુ[illegible] બોલ્યા— મહાદેવી, આપ કોણ છો? અને આપને અહીં આવવ[illegible] શું કારણ છે? આપનું રૂપ તેજ જોઈ અમને ભય લાગે છે.

દીક્ષાકુમારી જરા આક્ષેપ કરી બોલી—મુનિઓ, હું તમને હિ[illegible] કરનારી દીક્ષાકુમારી છું. અવસર્પિણી કાળના પ્રભાવથી ધર્મ[illegible] ભ્રષ્ટ થતા જૈન મુનિઓને સન્માર્ગે લાવવાને માટેજ મારો અવતાર છે. જે મુનિઓ પોતાના આચાર પ્રમાણે ચાલતા ન હોય, તેઓની પાસે[illegible] થી મારા દીક્ષાના સ્વરૂપને ઓળખાવવાની મારી ઇચ્છા છે, અને જે[illegible] ઓ પોતાના સદાચાર પ્રમાણે વર્તનારા છે, તેઓના નિર્મળ સ્વરૂપમાં મારા શુદ્ધ સ્વરૂપને સ્થાપિત કરવાની મારી ઉત્તમ ભાવના છે, અને આ કારણથી આ ભારતવર્ષ ઉપર મારે અવતરવું પડ્યું છે.

વૃદ્ધ મુનિ ભય પામતા બોલ્યા—ધર્મમાતા, ક્ષમા કરો. કાળના પ્રભાવથી અને વ્યસનથી ભ્રષ્ટ થતાં અમે જીવ[illegible]. તમારી કૃપા વિના [illegible] થઇ શકે તેમ નથી.

દીક્ષાકુમારી ઉંચે સ્વરે બોલી—મુનિઓ, [illegible] તમારા ચારિત્રને દૂષિત [illegible] નહીં. [illegible] ક્ષમા [illegible] નહીં.

વૃદ્ધ મુનિએ નમ્રતાથી કહ્યું, મહાદેવી, જો આપ અમોને ક્ષમા નહીં આપો તો પછી અમારા જેવા નિર્ગ્રંથ [illegible] સ્વરૂપને [illegible] શું? અને નિર્ગ્રંથ, નિરાધાર, નિર્ગુણ અને નિર્બળ જીવ, [illegible]

તમારા સ્વરૂપ (દીક્ષા) ને લઇને શુદ્ધરૂપ લોકો અમને આદરપાણી આપે છે. અમારા લિંગને જોઇને અમોને સાધુપણાનું સન્માન આપે છે અને અમારા ગુણાવગુણ જોયા વગર અમારી વૈયાવૃત્ય કરવાને તત્પર થાય છે. એ બધો તમારા સ્વરૂપ (દીક્ષા) નોજ પ્રભાવ છે.

દીક્ષાકુમારીએ જરા આક્ષેપથી કહ્યું, વૃદ્ધ મુનિ, તમારા ઉપાશ્રયમાં આવતાંજ મેં જે દેખાવ જોયો છે, તે ઉપરથી તો તમને કદિપણ ક્ષમા આપવી યોગ્ય નથી. તમારા શિષ્યો કેવી કેવી ખટપટો કરે છે? અને તમે તેમની તરફ કેવી ઉપેક્ષા રાખો છો? એ બધો વિચાર કરતાં મને તમારી ઉપર ઘણોજ અભાવ આવી ગયો છે. જૈન જેવા સર્વોત્તમ અને પવિત્ર ધર્મના ગુરૂઓમાં સંસારીના જેવા પ્રપંચ થાય એ કેટલી વાત કહેવાય! તમારા જેવા વૃદ્ધ ગુરૂના સાંનિધ્યમાં મુનિઓ નિર્મર્યાદ થઇ વર્તે અને પરસ્પર ઇર્ષ્યા, દ્વેષ અને કુસંપ રાખી એક બીજાનો પરાભવ કરવા આગળ પડે—એ કેવી નિંદનીય વાત કહેવાય? હે મુનિઓ, તમે વિચાર કરો કે, તમે કોણ છો? તમારા પૂર્વાચાર્યો કેવા હતા? તમારો આચાર અને તમારો વિચાર કેવો ઉત્તમ હતો? તમે જ્ઞાનપુત્રના વંશજ છો. તમારું ચારિત્ર, તમારું તપ અને તમારું જ્ઞાન કેવું હતું? [illegible] પોતાના જ્ઞાન તથા ચારિત્ર ગુણથી ભારતવર્ષની આર્ય પ્રજાને [illegible] કરી દીધી હતી. અને જેમના ચમત્કારી પ્રભાવથી આ [illegible] થયું હતું. તેવા તમારા પૂર્વ ગુરૂઓને સંભારો. તેઓના ઉત્તમ વૃત્તાંત યાદ કરી તેમનું સારી રીતે મનન કરો. ક્યારે તમે તે [illegible] ગુરૂઓના ઉત્તમ વૃત્તાંતોનું સ્મરણ કરશો, ત્યારે તમને તમારા સ્વરૂપનું ભાન થશે. અટલુંજ નહીં પણ તમારું વર્તમાનકાળનું પ્રવર્તન કેવું અધમ છે. એ પણ તમને જણાઇ આવશે.

દીક્ષાકુમારીના આવા વચનો તે વૃદ્ધ ગુરૂની સાથે બીજા મુનિઓ મૌન ધારણ કરી ઉભા ઉભા સાંભળી રહ્યા. અને તેમના હૃદયમાં પશ્ચાત્તાપ થવા માંડ્યો. [illegible] પછી તે વૃદ્ધ મુનિ મંદ સ્વરે બોલ્યા—મહાદેવી, [illegible] તમારા પ્રવર્તનને માટે અમને ઘણો પશ્ચાત્તાપ થાય છે. હવે અમારો ઉદ્ધાર કરો અને અમને ચારિત્રવંતને [illegible] માર્ગે બતાવો. આપ દયાવર્તને ધારણ કરનાર દયાળુ માતા છો.

દીક્ષાદેવીએ શાંત થઇ કહ્યું, મુનિઓ, તમે [illegible]

બુદ્ધિના બળ વગર તે મારા સ્મરણમાં રહ્યા નહિ હોય. દીક્ષાદેવી બોલી—ત્યારે તમે કોઈ વખત દશવૈકાલિકસૂત્ર સાંભળ્યું છે? વૃદ્ધે કહ્યું, એક વખત સાંભળવામાં આવ્યું હતું.

દીક્ષાકુમારી—તેમાં તમે પાંચમું પિંડૈષણા અધ્યયન સાંભળ્યું છે?

વૃદ્ધ—હા તે સાંભળ્યું છે?

દીક્ષાકુમારી—તેમાં મુનિના આહારને માટે શું લખ્યું છે!

વૃદ્ધ—હા, તે મને કાંઈ યાદ નથી.

દીક્ષાકુમારી—હમણાં જે હું અક્ષરરૂપે બે ગાથા બોલી હતી, તે તમે સાંભળી હતી?

વૃદ્ધ—હા, મેં સાંભળી હતી.

દીક્ષાકુમારી—તમે તેનો અર્થ સમજ્યા હતા કે નહિ!

વૃદ્ધ—ના, હું સમજી શક્યો નથી.

જ્યારે વૃદ્ધે ના કહી એટલે દીક્ષાકુમારીએ બીજા મુનિઓની સામે જોઈને કહ્યું, મુનિઓ, તમારામાંથી કોઈ એ ગાથાનો અર્થ સમજ્યા હતા કે નહીં?

એક મુનિએ કહ્યું, મહાદેવી, આપના મુખની ગાથાનો અર્થ હું સમજ્યો હતો. મેં સંસ્કૃત અને માગધીનું થોડું થોડું જ્ઞાન મેળવ્યું છે.

દીક્ષાકુમારી—એ જ્ઞાન કોના પાસેથી મેળવ્યું છે?

મુનિ—એક બ્રાહ્મણ શાસ્ત્રી પાસેથી મેં તે જ્ઞાન મેળવ્યું છે.

દીક્ષાકુમારી—અફસોસ કરતી બોલી—અહા! કેવો જમાનો આવ્યો છે! જગદ્ગુરુના શિષ્યોના જ્ઞાનદાતા ગુરુ મિથ્યાત્વી બ્રાહ્મણો થાય છે. પંન્યાસ, ગણી અને આચાર્ય પદ ધરાવનારા ગુરુઓના શિષ્યો બ્રાહ્મણોની પાસે ભણે છે. વળી ગુરુઓ એ વાતોના આદરપૂર્વક આજ્ઞા એમ કેમ ચાલવા દેતા હશે? પોતાના શિષ્યોને ભણાવવાનો વખત મળતો નથી. કદિ વખત મળે તો પ્રપંચ કાર્યોના ... તેથી શાસ્ત્રી રાખે છે. અહા! કેવો વિપરીત કાળ વર્તે છે!

આ પ્રમાણે કહી દીક્ષાકુમારીએ તે મુનિને પૂછ્યું, હે મુનિ, એ ગાથાનો અર્થ સમજ્યા હો તો કહી સંભળાવો.

મુનિ—મહાદેવી, આપ કૃપા કરી ફરીવાર તે ગાથા બોલો—પછી દીક્ષાકુમારી નીચે પ્રમાણે તે ગાથા બોલી—

" कालेण निक्खमे भिक्खू, कालेण य पडिक्कमे ।

अकालं च विवज्जित्ता, काले कालं समायरे " ॥१॥

મુનિએ તેનો અર્થ કહ્યો—સાધુએ આહાર લેવાની વખતે ગોચરી માટે બાહેર જવું અને જ્યારે પોતાના સ્વાધ્યાયનો વખત થાય, એટલે પાછા વળવું, અને તેનેમાટે અકાળને વર્જવો. જે કાળે કરવાનું હોય તે કાળે તે કરવું. ૧

તે અર્થ સાંભળી દીક્ષાકુમારી જરા પ્રસન્ન થઈ. પછી તેણીએ નીચે પ્રમાણે બીજી ગાથા પુનઃ કહી સંભળાવી—

"अकाले चरसी भिक्खू, कालं न पडिलेहिसि ।

अप्पाणं च किलामेसि, संनिवेसं च गरिहसि" ॥२॥

મુનિએ તે ગાથાનો અર્થ કહ્યો—હે મુનિ, તું અકાલે ભિક્ષા માટે ફરે છે અને જે યોગ્યકાળ હોય તેની ઉપેક્ષા કરે છે. તેમ કરીને તું તારા આત્માને ક્લેશ પમાડે છે અને ગામની નિંદા કરે છે. ૧

દીક્ષાકુમારીએ કહ્યું, હે મુનિ, તમે તેનો શબ્દાર્થ તો બરાબર કહ્યો, પણ તેનો સંબંધ બરાબર મેળવ્યો નથી, તો તે વિચાર કરીને કહો.

તે મુનિએ કહ્યું, મહાદેવી, હું તેના સબંધ વિષે કાંઇ જાણતો નથી, માત્ર શબ્દાર્થ જાણું છું. જો આપ તેના વિષે મને સમજાવો તો ઉપકાર થશે.

દીક્ષાકુમારી બોલી—કોઇ મુનિ અકાલે ભિક્ષા લેવાને કોઈ ગામમાં નીકળ્યા, ભિક્ષાનો સમય ન હોવાથી તે મુનિ તે ગામની નિંદા કરવા લાગ્યા; તે સાંભળી બીજા મુનિએ તેને આ ગાથા સંભળાવી છે. આ પ્રમાણે એ ગાથાનો સંબંધ છે.

મુનિ આનંદ પામીને બોલ્યા, મહાદેવી, આપે કહેલો સંબંધ જાણી મને એ ગાથાનો અર્થ હવે વધારે સ્પષ્ટ થયો છે, અને તેથી મારી ઉપર આપનો મોટો ઉપકાર થયો છે.

આ વખતે પેલા વૃદ્ધમુનિ બોલી ઉઠ્યા—મહેશ્વરી, આપે પ્રથમ આવીને અદ્રશ્યરૂપે એ ગાથા કહી તેનો શો હેતુ હતો ?

દીક્ષાકુમારી આક્ષેપથી બોલી—વૃદ્ધમુનિ, જ્યારે હું તમારા ઉપાશ્રયમાં આવી ત્યારે મધ્યાન્હ પછીનો સમય હતો; તેથી ભિક્ષાકાળનો અતિક્રમ થઈ ગયો હતો. તે વખતે તમે કોઈ શિષ્યને ફરીવાર નાસ્તો કરવાને માટે ભિક્ષા વહોરવા મોકલતા હતા. તમારો એ અનાચાર જોઈને તમને બોધ કરવાને મેં તે બન્ને ગાથાઓ કહી હતી.

તે સાંભળી વૃદ્ધ મુનિએ કહ્યું, મહાદેવી, ક્ષમા કરો. કાળના પ્રભાવથી મારી મનોવૃત્તિ અનાચારને માર્ગે ચાલતી હતી. હવે ફરીવાર તેવા અનાચારને હું સેવીશ નહીં. પ્રતિદિન મારા વિદ્વાન શિષ્યની પાસે દશવૈકાલિકસૂત્રનું શ્રવણ કરી મારા દૂષિત થઈ ગયેલા ચારિત્રને સુધારીશ. હે કૃપાળુ માતા, તમે પણ આ સમયે મને એ મહા સૂત્રનો સદ્બોધ આપો અને મારા મલિન થઈ ગયેલા ચારિત્રને ઉજ્વલ કરો.

વૃદ્ધ મુનિની આ પ્રાર્થનાને બીજા મુનિઓએ અનુમોદન આપ્યું, એટલે દીક્ષાકુમારીએ પિંડૈષણા અધ્યયનના બીજા ઉદ્દેશાનો ઉપદેશ આપવા માંડ્યો—

હે મુનિઓ, તમારે પ્રથમ તો ભિક્ષાકાળને માટે ઘણીજ સંભાળ રાખવાની છે. હમેશાં ભિક્ષાના યોગ્ય કાળમાં ભિક્ષા લેવાને જવું જોઈએ. જ્યારે તમે ભિક્ષા લાવી આહાર કરો તે પછી તમારા પાત્રાં ઝોળી વગેરેને તમારે સાફ રાખવા જોઈએ. જે ભિક્ષા લાવ્યા હો, તે બધી ભિક્ષાનો ઉપયોગ કરવો. સારી ભિક્ષા ખાવી અને નઠારી ભિક્ષા છાંડવી— એવું કામ નકરવું. જેટલાથી તમારા સંયમનો નિર્વાહ થાય તેટલું જ તમારે જમવું. તેથી વધારે જમવું નહીં. વખત પ્રમાણે ભિક્ષા લેવા જતાં જો ભિક્ષા ન મળે તો તેનો શોક કરવો નહીં. ભિક્ષા લેવા જતાં જો કોઈ પ્રાણી આહાર માટે આવે તો સાધુએ તેમની સામે જવું નહીં; કારણ કે તેમ કરવાથી તે પ્રાણીઓને ત્રાસ અથવા ભય ઉપજે છે. ગોચરીએ ગયેલા સાધુએ ઘરના કમાડ, ભુંગળ, બારણાની શાખા અને બીજા કોઈ ભાગને આલંબન દઈને ઉભા રહેવું નહીં. જો કોઈ ગૃહસ્થને ઘેર ભિક્ષા લેવા જતાં કોઈ બીજો સાધુ, બ્રાહ્મણ, કૃપણ કે ભીખારી ત્યાં ઉભો હોય અથવા આવતો હોય તો તેને દયા

અને લાભની ઇચ્છાથી ધનાઢ્ય કુલમાં આહાર વોહોરવા જવું નહિ. હે મુનિઓ, આવો શાસ્ત્રનિયમ છે. તે છતાં આજકાલના મુનિઓ તે નિયમનું ઉલ્લંઘન કરતા દેખાય છે, તે ઘણી અફસોસની વાત છે. પૂર્વના ઉપકારી મહારાજાઓએ તમારા આહારવિધિમાં ઘણા ઉપયોગી નિયમો બાંધી રાખેલા છે. તે છતાં જ્યારે તમે તેની ઉપેક્ષા કરો તો પછી સાંપ્રતકાળે ચારિત્રધર્મને દૂષણ લાગે તેમાં શું આશ્ચર્ય ? વિદ્વાન અને ચારિત્રધર્મને જાણનારા મુનિએ જો આહાર ન મળે તો ખેદ પામવો ન જોઈએ. તેમ કદિ જો સરસ આહાર મળે તો તેથી ખુશી થવું ન જોઈએ. તે સાથે આહારનું પ્રમાણ રાખવું જોઈએ. પોતાના નિર્વાહ જેટલો આહાર મળે એટલે સાધુએ સંતોષ માનવો જોઈએ. કદિ કોઈ ગૃહસ્થ શ્રાવક અથવા અન્યમતીને ઘેર જો સ્વાદિષ્ટ ભિક્ષા મળતી હોય તો તે ઉપર લાલચ ન રાખવી. કદિ કોઈ ગૃહસ્થ સારી સ્વાદિષ્ટ ભિક્ષા ન આપે તો તેની ઉપર કોપ કરવો નહિ. તે જે આપે તે લઈ સંતોષ માનવો.

હે મુનિઓ, આજ કાલ જે વિપરીત પ્રવૃત્તિ ચાલે છે, તેથી પણ તમારે દૂર રહેવું. ઘણા અપકર મુનિઓ કોઈ ગૃહસ્થ શ્રાવક અથવા શ્રાવિકા વાંદવા આવે ત્યારે તેની પાસે આહાર અથવા કાંઈ પદાર્થ માગે છે તેમજ જો તેના ઘર તરફથી કાંઈ મળ્યું ન હોય તો તેનું ઉપહાસ્ય કરે છે. આ પ્રવૃત્તિ ઘણીજ અધમ છે. તેનાથી મુનિઓનું ચારિત્ર દૂષિત થઈ જાય છે. તેવી પ્રવૃત્તિ ન કરવા માટે દશવૈકાલિકસૂત્રમાં નીચેની ગાથા ખાસ લખવામાં આવી છે.

"इत्थिअं पुरिसंवावि. डहरंवा महल्लगं ।
वंदमाणं न जाइज्जा, नो अणं फरुसं वए" ॥१॥

આ ગાથા કહી દીક્ષાકુમારીએ પેલા મુનિની સામે જોયું, એટલે મુનિએ અંજલિ જોડીને પ્રાર્થના કરી કે, મહાદેવી, તે ગાથાનો અર્થ આપ પોતેજ કરો. દીક્ષાકુમારી હસીને બોલી—મુનિઓ, સાંભળો. "કોઈ સ્ત્રી વા પુરૂષ તેમજ વૃદ્ધ વાંદવા આવે તો સાધુએ તેની પાસે કાંઈ માગવું નહિ, તેમ જો કોઈએ સૂઝતા આહારના અભાવથી અથવા કોઈ બીજા કારણથી આહાર આપવાની ના પાડી હોય તો સાધુએ તેના ઉપર રોષ કરી કઠોર વચન કહેવાં નહીં."

મુનિઓ, આ ગાથાનું મનન કરજો અને તે પ્રમાણે વર્તી તમારા ચારિત્રને નિર્દોષ રાખજો. કેટલાએક મુનિઓ પોતાને વંદના નહીં કરનારા ગૃહસ્થ શ્રાવકો ઉપર નાખુશ થાય છે અને જો કોઈ મોટા ગૃહસ્થો વાંદવા આવે તો તેથી મનમાં મગરૂર થાય છે. આવું પ્રવર્તન પણ ચારિત્રધર્મને દૂષિત કરે છે, તેને માટે દશવૈકાલિકસૂત્ર નીચેની ગાથા આપે છે—

"जेन वंदे न से कुप्पे, वंदिओ न समुक्कसे,
इवमन्ने समाणस्स, सामण्ण मणुचिट्ठइ" ॥ १ ॥

ભાવાર્થ.

"મુનિ જો કોઈ ગૃહસ્થ ન વાંદે તો તેની ઉપર ક્રોધ કરે નહીં અને મોટા ગૃહસ્થ વાંદે તેથી મગરૂર થાય નહીં. આ પ્રમાણે ચાલનારા મુનિનું સાધુપણું અખંડ રહે છે."

હે મુનિઓ, આ વાત તમારા ધ્યાનમાં રાખજો. જો તમે એથી વિપરીતપણે વર્ત્તશો તો તમારૂં ગૌરવ અને ચારિત્ર બંને દૂષિત થશે. તમારા ધર્મને માટે દશવૈકાલિકસૂત્ર ઘણું લખે છે અને તેને માટે તમને ઉત્તમ પ્રકારની ચેતવણી આપે છે. દરેક મુનિએ કેવી શુદ્ધતા રાખવી જોઈએ? તેને માટે એ મહાસૂત્રમાં એક ઉત્તમ ગાથા કહેવામાં આવી છે. તેમાં લખ્યું છે કે ગોચરી લેવા ગયેલા મુનિએ પોતાના ગુરૂ કે વડીલને છેતરવા ન જોઇએ. જો કદિ ઉત્તમ પ્રકારનો આહાર મળ્યો હોય અને તે સાથે બીજો હલકો આહાર મળ્યો હોય તો ઉત્તમ મુનિએ પોતાને મળે એવા લોભથી ઉંચો આહાર નીચે ઢાંકી રાખી હલકો આહાર ઉપર રાખી ગુરૂને બતાવવું નહીં, કારણકે એવો કપટવૃત્તિ રાખવાથી ઘણો દોષ લાગે છે. તેમ સારો આહાર પોતે લઇ હલકો આહાર બીજાને આપવો, એ પણ મોટો દુરાચાર કહેવાય છે. એવા સાધુને મોક્ષગતિ પ્રાપ્ત થતી નથી; એવા સાધુને સ્વાર્થી કહે છે અને તેને મોક્ષની પ્રાપ્તિ કદિ પણ થતી નથી. તેને માટે દશવૈકાલિકસૂત્રમાં નીચે પ્રમાણે લખે છે.—

"अत्तट्ठा गुरुओ लुद्धो, वहुं पावं पकुव्वइ ।
दुत्तोसओ असो होइ, निव्वाणं च न गच्छइ" ॥ १ ॥

"જે સાધુ પોતાના સ્વાર્થમાં લુબ્ધ થઇ બહુ પાપ કરે છે, તેવા સાધુને જેવા તેવા આહારથી સંતોષ થતો નથી અને તે સાધુ મોક્ષને પ્રાપ્ત થતો નથી."

હે મુનિઓ, તેથી તમારે સર્વથા સ્વાર્થનો ત્યાગ કરી ચારિત્રનું આરાધન કરવું. તેમ કરવાથી તમારૂં મુનિજીવન સર્વ રીતે કૃતાર્થ થશે.

હે ચારિત્રધારી અનગારો, તમારે એક બીજી વાત ધ્યાનમાં રાખવાની છે. સાંપ્રતકાળે કેટલાએક મુનિઓ લોકોમાં પોતાની પૂજા થાય, પોતાની કીર્ત્તિ વધે, પોતાને સારૂં માન મળે અને પોતાનું સારૂં સન્માન થાય એવી ઇચ્છા રાખે છે, તેઓ પોતાના ચારિત્રથી ભ્રષ્ટ થઇ જાય છે. શાસ્ત્રકારે તેવા સાધુઓને માયાશલ્ય કરનારા કહ્યા છે. તેને માટે દશવૈકાલિકસૂત્રમાં નીચેની મનન કરવા યોગ્ય ગાથા છે—

"पूअणट्ठा जसोकामी, माणसमाण कामए ।
बहुं पसवई पावं, मायासल्लंच कुव्वइ" ॥ १ ॥

"જે સાધુઓ પૂજાના અર્થની, યશની, માનની અને સન્માનની ઇચ્છા રાખનારા હોય છે, તેઓ ઘણું પાપ ઉત્પન્ન કરે છે અને માયાશલ્ય કરે છે."

હે મુનિઓ, તેથી તમારે લોકોમાં પૂજાવાની, યશની, માનની અને સન્માનની ઇચ્છા રાખવી નહીં; એથી તમે માયાશલ્યને કરનારા કહેવાશો, જે તમારા ચારિત્રને દૂષિત કરે છે.

હે મુનિઓ, તે સિવાય તમારે મદિરા, વગેરેના દુર્વ્યસનથી સર્વથા દૂર રહેવું. કોઇ પણ માદક પદાર્થના પ્રસંગમાં પડશો નહીં. તેમાંથી ઘણા અવગુણો થાય છે. ઉત્તમ પુરૂષો તેની નિંદા કરે છે અને તેને તિરસ્કારની નજરે જુવે છે.

હે મુનિઓ, દશવૈકાલિકસૂત્રમાં કેટલાએક સાધુઓને ચોર કહેલા છે, તે વાત તમારે સર્વદા સ્મરણમાં રાખવાની છે તેને માટે સૂત્રમાં નીચેની ગાથા છે—

"तवतेण वयतेण, रूवतेण अ जे नरे ।
आयार भावतेण अ, कुव्वइ देवकिव्बिसं" ॥ १ ॥

તે ગીતાર્થ ગુરૂના મુખથી સાંભળીને પછી પોતે કહે કે, હા તે એમજ છે, હું પણ જાણું છું. મેં તમારી પરીક્ષા લેવાને પુછ્યું હતું. આ પ્રમાણે જે આવું બોલે તે ભાવચોર કહેવાય છે. આ પાંચે પ્રકારના ચોર મુનિ સાધ્વાભાસ જેવા ગણાય છે અને તેઓ ઉત્તમ ગતિને પ્રાપ્ત થતા નથી. પરંપરાએ તેઓ નારકીમાં ઉત્પન્ન થાય છે.

હે મુનિઓ, આ પ્રમાણે જે તમને કહેવામાં આવ્યું, તે બધું મન ઉપર લઇ તમે તમારા સર્વ દોષને દૂર કરજો. તેનેમાટે પાંચમા પિંડૈષણા અધ્યયનની છેવટે નીચેની ગાથા લખેલી છે, તે ગાથાનું સર્વથા મનન કરજો.

एअं च दोसं दठ्ठूणं, नायपुत्तेण भासिअं ।
अणुमायंपि मेहावी, मायामोसं विवज्जए ॥


" મર્યાદામાં વર્તનાર બુદ્ધિમાન્ સાધુએ ઉપર કહેલા દોષને જોઇ, મહાવીર સ્વામીએ કહેલ જે માયા મૃષાવાદનો દોષ તે અણુમાત્ર પણ રાખવો નહીં. " ૧

આ પ્રમાણે કહી દીક્ષાકુમારીએ વિશેષમાં જણાવ્યું કે હે મુનિઓ, આ મારો ઉપદેશ તમારા હૃદયમાં સ્થાપિત કરજો. હવે હું અહીંથી બીજે સ્થળે જાઉં છું.

દીક્ષાકુમારીનાં આ વચન સાંભળી તે વૃદ્ધ મુનિ અંજલિ જોડીને બોલ્યા—હે પરોપકારી માતા, હજુ અમને બીજો વિશેષ ઉપદેશ આપો. આપના ઉપદેશથી અમને ઘણો લાભ થાય છે. હે માતા, હવે આજથી અમે આપના કહેવા પ્રમાણે વર્તીશું. કોઇ વિદ્વાન મુનિનો આશ્રય લઇ દશવૈકાલિકસૂત્રનું અધ્યયન, શ્રવણ અને મનન કરીશું. જેમ બને તેમ અમારા ચારિત્રને સુધારવા પ્રયત્ન કરીશું. આપ અમને સહાયભૂત થાઓ.

દીક્ષાકુમારી 'તથાસ્તુ' એમ કહી અદૃશ્ય થઇ ગયા. તે મુનિઓ એ મહાદેવીનાં દર્શન માટે આતુર થઇ ચારે તરફ જોવા લાગ્યા. ઘણીવાર સુધી જ્યારે મહાદેવીના દર્શન થયા નહીં એટલે તેઓના મનમાં નિશ્ચય થયો કે, એ મહોપકારી માતાના પુનઃ દર્શન નહીં થાય. પછી પેલા વૃદ્ધ મુનિએ બીજા સાધુઓને કહ્યું કે, ચાલો, આપ-

ણે અહિંથી વિહાર કરીએ અને જ્યાં કોઈ વિદ્વાન્ મુનિ હોય તેમની પાસે જઈ દશવૈકા લિકસૂત્રનું શ્રવણ કરીએ; તેવામાં ત્રણ યુવાન સાધુએ કહ્યું, મહારાજ, જો આજ્ઞા આપો તો અમે તે મહાસૂત્રનો ખાસ અભ્યાસ કરવાને જઈએ? ગુરૂએ વિચારીને કહ્યું, કોની પાસે જશો? તેવામાં કોઇ સાધુ બોલ્યા, સાંપ્રતકાળે મુનિઓને અભ્યાસ કરાવે તેવા ગુણી સાધુ એક સુધાવિજય છે. તેમનું નામ સાંભળતાંજ વૃદ્ધ મુનિ પ્રસન્ન થઇ ગયા, અને તે આનંદથી બોલ્યા–હા, એ ખરેખરા મહાત્મા છે. વર્તમાનકાળે એ મહાનુભાવ સુધાવિજય જૈન મુનિઓમાં શ્રેષ્ઠ છે. જૈન મુનિમંડળના આભૂષણ છે. એ મુનિકુલદીપક મહામુનિ હમેશાં શાંત, જ્ઞાની, ઉપકારી અને દયાળુ છે. ચારિત્રધર્મના જે જે ઉત્તમ ગુણો કહેવાય, તે બધા ગુણો તેમનામાં વાસ કરીને રહેલા છે. ધન્ય છે એવા મુનિરત્નના જીવનને! આ પ્રમાણે કહી વૃદ્ધ મુનિ પોતે શિષ્યોના સમૂહની સાથે વિહાર કરી જે દેશમાં મુનિવર સુધાવિજય હતા, તે દેશમાં ચાલ્યા હતા.



પ્રવાસ ૬ ઠો.



ચંકાળનો સમય થઈ ગયો હતો. વિશ્વ ઉપર જૈન ઉપાશ્રય શિવાય ઘેર ઘેર દીવાઓ પ્રગટ્યા હતા. ઉદ્યોગી પ્રજા શાંતિ લેવાને માટે શયનની રાહ જોઇ બેઠી હતી અભ્યાસીઓ દિવસે કરેલા અભ્યાસનું મનન કરતા હતા. વ્યાપારીઓ ઉત્સંગ ઉપર વહિપત્ર (ચોપડા) લઇ સમગ્ર દિવસનો ક્રયવિક્રય તારવતા હતા, અને જિન ચૈત્યોના મં

લીક થવાના સમયની રાહ જોવાતી હતી. આ વખતે દિવ્ય મૂર્તિ દીક્ષાકુમારી ફરવા નીકળી. તે મહેશ્વરી હમેશા દિવસે ફરતી, પણ આજે તે રાત્રે ફરવા નીકળી હતી. જૈન પ્રજાથી ભરપૂર એવા એક નગરમાં તેણીએ પ્રવેશ કર્યો હતો. તે નગરની પ્રજા વિવિધ ધર્મને પાળનારી અને સદાચારને સેવનારી હતી. નગરમાં જૈન પ્રજા વિશેષ હતી પણ તેનો મોટો ભાગ ગરીબ સ્થિતિનો હતો. જૈન લોકોની વસ્તી વિશેષ હોવાથી તે નગરમાં બે ત્રણ ઉપાશ્રયો હતા. સાધુ અને સાધ્વીઓના જુદા જુદા ઉપાશ્રય હતા. ઘણે ભાગે તે ઉપાશ્રયો સાધુઓથી ભરપૂર રહેતા. કારણ કે કેટલાએક ધનાઢ્ય શ્રાવકો સાધુઓની સારી સેવા કરતા હતા; તેથી સાધુઓના મનોભિલાષ ત્યાં સર્વ રીતે સફલ થતા હતા.

એક ઉપાશ્રયમાં ચાર સાધુઓ રહેતા હતા. તેઓના ઘણાં ચાતુર્માસ્ય તેજ નગરમાં થતા હતા. કેટલાએક જૈન ગૃહસ્થો તેઓના રાગી બની ગયા હતા. તેથી તેઓ તે નગરના અને ઉપાશ્રયના ઘણા પરિચિત થઈ ગયા હતા. કોઈ કોઈવાર લોકાપવાદના ભયથી તેઓ આસપાસના ગામડાઓમાં વિહાર કરતા, પણ પાછા તેજ નગરમાં આવીને ચિરકાળ નિવાસ કરતા હતા.

પવિત્ર દીક્ષાકુમારી તેજ ઉપાશ્રયમાં આવી ઉભા રહ્યા, ત્યાં ચાર સાધુઓને જોયા. તેઓમાંથી એક મુનિ સંથારા ઉપર આરામ પડ્યા હતા. બીજા બે લઘુ મુનિ તેમના ચરણની સેવા કરતા હતા. અને એક મુનિ તે પોઢેલા મુનિની સાથે વાર્તાચિત કરતા હતા, દીક્ષાકુમારી આવી ઉભા રહ્યા, ત્યાં તે મુનિઓની વચ્ચે નીચે પ્રમાણે વાતચીત ચાલી.

એક મુનિ–મહારાજ, પેલા વિનોદચંદ આપણા પરિશ્રમ ચરતા છે. પણ તેમાં એક જણ અંતરાય કરે છે.

બીજા મુનિ–તેમાં કોણ અંતરાય કરે છે ? અને તે કેવી રીતે કરે છે ?

એક મુનિ–વિનોદચંદે શેરા હજાર રૂપીઆની મોટી રકમ વાપરવા નિશ્ચય કર્યો છે. અને તે રકમ આપના કહેવા પ્રમાણે વાપરવી એવો તેનો વિચાર હતો. તે આ માણેકચંદ નામના તેના મિત્રે તેનો વિચાર ફેરવી દીધો છે.

બીજા મુનિ–તે કેવી રીતે ફેરવી દીધો છે ?

એક મુનિ–માણેકચંદ એવો મત આપે છે, આજકાલ આપણાં સાધર્મી બંધુશ્રાવકો નઠારી સ્થિતિમાં છે, તેથી તેમનો ઉદ્ધાર કરવાની જરૂર છે. જયાંસુધી પહેલું શ્રાવકક્ષેત્ર સારી સ્થિતિમાં ન હોય, ત્યાંસુધી બીજા ક્ષેત્રો ઉન્નતિમાં આવવાના નથી, તેથી આ વીશ હજાર રૂપીઆની રકમ ખર્ચી એક ઉદ્યોગશાલા તથા જ્ઞાનશાલા સ્થાપન કરવી અને તે દ્વારા શ્રાવકક્ષેત્રની ઉન્નતિ કરવી.

બીજા મુનિ–એ તો ઘણી વિપરીત વાત કહેવાય. તે માણેકચંદ ખરેખર અંતરાય કરનાર થયો. ગૃહસ્થ શ્રાવકોને મદદ કરવાની વળી શી જરૂર છે? સંસારીઓ તો ગમે તેમ કરીને પોતાનો નિર્વાહ કરી શકે. જો વિનોદચંદના પરિણામ ફરી જશે તોપછી આપણી ધારણા પૂરી નહીં થાય.

એક મુનિ–આમ ચિંતા કરશો નહિ. આવતી કાલે હું ગમે તેમ કરીને વિનોદચંદને સમજાવીશ.

બીજા મુનિ–તો બહુ ઠીક થાય, અને મારી ધારણા સર્વ રીતે સફળ થાય.

એકમુનિ–આપની શી ધારણા છે? તે મને જણાવો. એટલે હું તેને સમજાવી બે હાથ જોડાવી બાધા આપી દઉં.

બીજા મુનિ—મારી ધારણા એવી છે, તે વીશહજાર રૂપીઆમાંથી બે મોટા કામ કરવા. એક તો સમવસરણની રચના કરાવી મોટા વરઘોડા ચડાવવા, અને બીજું બ્રાહ્મણ શાસ્ત્રીઓના પાંચ વર્ષના પગારને માટે ગોઠવણ કરવી. સમવસરણનો ઉત્સવ કરવાથી લોકોમાં આપણી ખ્યાતિ વધશે, હજારો લોકો આપણા દર્શન કરવાને આવશે, અને મોટી મોટી પ્રભાવના થશે; અને બ્રાહ્મણ શાસ્ત્રીઓના પગારની ગોઠવણ કરવાથી આપણા સાધુઓને અભ્યાસ કરવાની સગવડ થઈ પડશે. પાંચ વર્ષસુધીના પગારની ગોઠવણ થઇ જાય તો પછી કોઇ ગૃહસ્થ શ્રાવકને ઓશીઆવીજ ન પડે.

એકમુનિ—મહારાજ, તમારી ધારણા સારી છે. હવે હું તે વિનોદચંદને સારી રીતે સમજાવીશ. અનશે તો બાધા આપી દઈશ.

બીજામુનિ—પણ જો માણેકચંદે તેને સજ્જડ કહેલું હોય અને તે નહીં સમજે તો પછી શું કરીશું?

- એકમુનિ—પછી બીજો ઉપાય કરીશું. સંઘના આગેવાનોને કહી માણેકચંદને ઠપકો અપાવીશું અને છેવટે સંઘની બહાર મુકાવીશું.

બીજામુનિ—જો એમ બને તો ઘણુંજ સારૂં થાય.

એક મુનિ—આપણે નિશ્ચિત રહેજો. હું તેને માટે યોગ્ય ઉપાય લઈશ. જો શ્રાવક સાધુની સામો થાય, તે કોઈ રીતે નભી શકે નહીં. ઉપર આપણે એક દિવસ આહારપાણીનો ત્યાગ કરીએ તો ગામમાં સંઘની અંદર હાહાકાર થઈ જાય; અને માણેકચંદને ઘણો પસ્તાવો થાય; એટલુંજ નહિ પણ સંઘના લોકો તરફથી તેને ઘણો તિરસ્કાર મળે.

આ પ્રમાણે બંને મુનિ વાર્તાલાપ કરતા હતા અને દીક્ષાકુમારી તે બધું ઉભી રહી સાંભળતી હતી. તે સાંભળી એ દિવ્યમાતા તો આશ્ચર્યજ પામી ગયા. તેના હૃદયમાં અવસર્પિણી કાળનો પ્રભાવ જોઈ ઘણો ખેદ થયો. મહાદેવીએ પોતાના હૃદયમાં વિચાર્યું કે, અહા! કાળનો પ્રભાવ કેવો બળવાન્ છે! ભારતવર્ષના આર્ય ધર્મોમાં જૈન દેવ, જૈન ધર્મ અને જૈન ગુરૂ સર્વોત્કૃષ્ટ ગણાય છે. તે આ જૈન ગુરૂઓ આવા અધમ વિચાર કરે છે. શ્રાવકોના ઘરમાંથી દ્રવ્ય કઢાવી તેનો દુરૂપયોગ કરે છે. આવા સ્વાર્થી ગુરૂઓ દેશકાલ વિચારતા નથી. વર્ત્તમાનકાલે શ્રાવક પ્રજાનો ઘણો ભાગ અધમ સ્થિતિમાં આવી પડેલો છે. ગરીબ શ્રાવકો પોતાનો નિર્વાહ કરવાને અસમર્થ થઈ પડ્યાછે. ઉદ્યોગના સાધનો વિના શ્રાવકો નિર્વાહને માટે વલખા મારે છે. આવા શ્રાવક ક્ષેત્રની તરફ મુનિઓ અનાદર બતાવે—એ કેવી વાત કહેવાય? આવેસમયે ધર્મગુરૂઓએ વિચાર કરવો જોઈએ. સમવસરણ વગેરેની રચનાઓ અને વરઘોડાઓ કરી ધર્મનો ઉદ્યોતને કરવાનો આ સમય નથી. જો કે એ ક્રિયા ધાર્મિક છે, ધર્મના ઉદ્યોતને કરનારી છે, તથાપિ લાભાલાભનો વિચાર કરવો, એ જૈનધર્મની પદ્ધતી છે. શ્રાવકોની સ્થિતિ નબળી હોય તો સમવસરણ વિગેરેની રચનાઓ અને વરઘોડાઓદીપતા નથી. તેની શોભા શ્રાવકો છે. સુવર્ણની કટીમેખલા ધારણ કરનારા સમૃદ્ધિવાન્ શેઠીઆઓથીજ સર્વ જાતના ઉત્સવો શોભે છે. મલિન વેષ પહેરી ફરનારા અને માંડમાંડ આજીવિકા ચલાવનારા દુર્બળ શ્રાવકોથી એ ઉત્સવો શોભતા નથી.

તેમ વળી આ જૈનગુરૂઓ બ્રાહ્મણ શાસ્ત્રીઓના પગારને માટે શ્રાવકોના ઘરમાંથી મોટી રકમો કઢાવે છે, એ પણ ઘણુંજ અનુચિત છે. જૈન મુનિઓની પૂર્વ પદ્ધતિ કેવી ઉત્તમ હતી? તેઓ પોતાની જાતેજ સાધુઓને ભણાવતા હતા. પઠન, પાઠન કરવું, એ તેમનું મુખ્ય કર્ત્તવ્ય હતું. વાચના કરાવવી—એ કામ ઘણું પવિત્ર ગણાતું હતું; તેજ મુનિઓના સંતાનો અત્યારે બ્રાહ્મણોને ગુરૂપદ આપવા તૈયાર થયા છે, એ કેવું વિપરીત! પોતે પ્રમાદને વશ થઈ પડયા રહે છે અને બ્રાહ્મણોની પાસે શિષ્યોને અભ્યાસ કરાવે છે. આવું અકાર્ય કરી તેઓ શ્રાવકોના ઘરમાંથી દ્રવ્યને ખરચાવે છે. આ પદ્ધતિ ઘણીજ અધમ છે. સાધુઓએ તે વિષે વિચાર કરવો જોઈએ. તેમજ સુજ્ઞ શ્રાવકોએ પણ વિચારવું જોઈએ. જે ધનાઢ્ય શ્રાવકો બ્રાહ્મણ શાસ્ત્રીઓને મોટા પગાર આપી સાધુઓને ભણાવવા દ્રવ્ય આપે છે, તેઓ સાધુઓના પ્રમાદને ઉત્તેજન આપે છે. તેથી જ્યારે સાધુઓ પ્રમાદી થઈ પોતાના કર્ત્તવ્યથી ભ્રષ્ટ થઇ જાય છે, ત્યારે તેમને ઉત્તેજન આપનારા શ્રાવકો ખરેખરા દૂષિત બને છે.

આ પ્રમાણે વિચારી દીક્ષાકુમારીએ નિશ્ચય કર્યો કે, આવા મુનિઓને મારે સુધારવા જોઈએ. પછી તે મહાદેવી અદૃશ્ય રૂપે નીચે પ્રમાણે એક ગાથા બોલ્યા—

खवंति अप्पाणममोह दंसिणो,
तवेरया संजम अज्जवे गुणे ।
धुणंति पावाइं पुरे कडाइं,
नवाइं पावाइं न ते करंति ॥ १ ॥

આ ગાથાનો ધ્વનિ સાંભળતાંજ તે બંને મુનિઓ ચમકી ગયા. તેઓએ બેઠા થઇ ચારે તરફ જોવા માંડયું, પણ કોઇ વ્યક્તિ જોવામાં આવી નહીં.

આ બંને મુનિઓમાં એક મુનિ વડિલ હતા અને બીજા લઘુ હતા. તેઓમાં જે લઘુ હતા, તે એક સારા અભ્યાસી હતા. તેને માટે બે શાસ્ત્રીઓ રાખવામાં આવ્યા હતા. તેણે સંસ્કૃત અને માગધી ભાષામાં સારી પ્રવીણતા મેળવી હતી. તે મુનિ ઉપરની ગાથા સાંભ-

છતાંજ તેનો અર્થ સમજી ગયા હતા. જ્યારે એ ધ્વનિનું કારણ જાણ-વામાં ન આવ્યું, ત્યારે તેઓ ઘણું મુંઝાયા. તેવામાં તો દીક્ષાકુમારી પ્રત્યક્ષ થઇ ઉભા રહ્યા. તેમની પ્રભાથી ઉપાશ્રયની પવિત્ર ભૂમિમાં પ્રકાશ પડી રહ્યો. તેમને જોતાંજ તે મુનિઓ આનંદાશ્ચર્ય થઇ ગયા. દીક્ષાકુમારીએ ઉંચા ધ્વનિથી કહ્યું,મુનિઓ, ભય પામશો નહીં. હું તમારા હૃદયાંધકારને દૂર કરવા આવી છું. વર્તમાનકાળે તમારી ઉપર ભારે છાપો માર્યો છે. તમારી પવિત્ર કોમ ઉપર અવસર્પિણી કાળે મોટી ચડાઇ કરી છે. જેઓ આર્હત ધર્મને અને સર્વ સંઘને ઉદ્ધાર કરનારા શુદ્ધ ગુરૂઓ કહેવાય છે, તેઓ જ્યારે કાળના પ્રભાવમાં સપડાઇ ગયા તો પછી આર્હતધર્મ અને સંઘની શી દશા થવાની! અરે અલ્પવિચારી સ્વાર્થીમુનિઓ, તમે મારા સ્વરૂપને ઓળખી, વિચાર કરજો. હું ભારતવર્ષના જૈન મુનિઓને પવિત્ર કરનારી દીક્ષાકુમારી છું. જો કે તમારા જેવા મુનિઓમાં મારૂં પૂર્ણ સ્વરૂપ રહેલું નથી, તથાપિ મારા લિંગથી તમે જૈન પ્રજાને પૂજનીય થઇ પડયા છો. તમે મારા જેવા વેષલિંગને ધારણ કરી વિચારો જૈન પ્રજાને ઠગો છો. તમારા જેવા વંચક મુનિઓને શિક્ષા કરવાને માટેજ મારો અવતાર છે. જો તમે તમારા ચારિત્ર પ્રમાણે નહીં વર્તો તો હું તમારા ઉપરથી મારા લિંગ સ્વરૂપને ખેંચી લઇશ, એટલે તમે ચતોભ્રષ્ટસ્તતોભ્રષ્ટ થઇ જશો.

દીક્ષાકુમારીના આવા વચન સાંભળી તે મુનિઓ કંપાયમાન થઇ ગયા. તેમના હૃદયમાં દીક્ષાકુમારીનું સ્વરૂપ પ્રતિબિંબિત થઇ ગયું. તેમણે મંદધ્વનિથી કહ્યું, મહાદેવી, ક્ષમા કરો. અમે વર્તમાનકાળના દોષપાત્ર પામર સાધુઓ છીએ. અમારૂં ચારિત્ર અમારા નિર્વાહનું સાધનરૂપ છે. હવેથી અમે અમારો ચારિત્રધર્મ બજાવી જૈન જીવનની સાર્થકતા કરીશું. આજ સુધીના અમારા અપરાધો ક્ષમા કરી અમને સન્માર્ગે બનાવો કે જે માર્ગે ચાલતાં અમને જરાપણ સ્ખલના ન થાય.

દીક્ષાકુમારી—ક્ષમા કરવી, એ મારો ધર્મ અને સ્વભાવ છે. પણ મારી ક્ષમાનો તમે ગેરલાભ લો છો. આ વખતે મેં તમારા મુખની વાતો સાંભળી છે, તમારા તુચ્છ વિચારો જાણી મને ઘણો ખેદ થાય છે. જગતના હિતકારી અને પરોપકારી જૈનમુનિઓના મુખમાંથી

કે હૃદયમાંથી એવા સ્વાર્થી વિચારો પ્રગટ થવા ન જોઈએ.

આ વખતે તે મુનિઓના હૃદયમાં ભારે ચિંતા થઈ પડી. તેઓએ ચિંતવ્યું કે, સાંપ્રતકાળે જે વાત થતી હતી, તે વાત આ મહાદેવીએ સાંભળી લાગે છે. અરે! એ તો ઘણું જ વિપરીત બન્યું. આવું ચિંતવી તે મુનિઓ દીક્ષાદેવીના ચરણમાં વારંવાર પડવા લાગ્યા અને મિથ્યા દુષ્કૃત કરી એ મહાદેવીની પાસે ક્ષમાની યાચના કરવા લાગ્યા.

મુનિઓ—મહામાતા, ક્ષમા કરો. અમારા ક્ષુદ્ર વિચારો તરફ લક્ષ આપશો નહીં. અમારા દુષ્ટ કર્મોએ અમને દુરાચારમાં પ્રેર્યા છે. કર્મની સત્તા આગળ કોઈની શક્તિ ચાલતી નથી.

દીક્ષાકુમારી—મુનિઓ, તમને પશ્ચાત્તાપ થયેલો જોઈ મને સંતોષ થાયછે. પશ્ચાત્તાપ કરવાથી સત્વર સુધારણાના ઉત્તમ માર્ગમાં આવી શકાય છે; હવે તમને એટલુંજ પુછવાનું છે કે, થોડા વખત પહેલાં તમે જે અદૃશ્ય ધ્વનિથી ગાથા સાંભળી હતી, તેનો અર્થ તમારા જાણવામાં આવ્યો છે?

મોટામુનિ—દેવી, મારા જાણવામાં તેનો અર્થ આવ્યો નથી, પણ આ લઘુ મુનિએ તેનો અર્થ જાણ્યો હશે. કારણ કે તેણે સંસ્કૃત માગધી વિગેરે આર્ય ભાષાનું સારૂં જ્ઞાન મેળવ્યું છે.

દીક્ષાકુમારી—જ્યારે તે મુનિ એવા પ્રવીણ હોય તો તે મારી ગાથાનો અર્થ સમજ્યા હશે.

મોટામુનિ—મહાદેવી, જો આપની ઇચ્છા હોય તો તે આપને તેનો અર્થ કહી બતાવે.

દીક્ષાકુમારી—મારી ઇચ્છા છે.

લઘુમુનિ—ધર્મ માતા, આપ કૃપા કરી ફરીવાર તે ગાથા કહી સંભળાવો.

પછી દીક્ષાકુમારી તે ગાથા ઉંચ સ્વરે બોલ્યા. તે સાંભળી લઘુ મુનિ તેનો અર્થ નીચે પ્રમાણે કહેવા લાગ્યા—

" મોહ રહિત વસ્તુને જોનારા એવા મુનિઓ પોતાના આત્માને શોધે છે. સંયમ તથા સરળતારૂપ ગુણ જેમાં રહેલા છે એવા તપને વિષે તત્પર એવા મુનિઓ પોતાના પૂર્વ કર્મને ખપાવે છે અને નવા અશુભ કર્મને કરતા નથી."

. આ પ્રમાણે ગાથાનો શબ્દાર્થ સાંભળી દીક્ષાકુમારી બોલી—મુનિ, તમે ગાથાનો અર્થ તો બરાબર કર્યો, પણ જો તેનો ભાવાર્થ સારીરીતે સમજો તો તમારા ચારિત્રને ઘણોજ લાભ થાય. જ્યારે તમે આવું અર્થ કરવાનું ઉત્તમ જ્ઞાન ધરાવો છો, ત્યારે તમે શામાટે તેવા ઉત્તમ ગ્રંથો વાંચતા નથી? હે મુનિ, આનું નામજ પ્રમાદ છે. એવા પ્રમાદથી અનેક મુનિઓએ પોતાના જ્ઞાનને વૃથા કર્યું છે, અને અનેક અનગારોએ તેનો દુરૂપયોગ કર્યો છે. હે મુનિઓ, તેમાંપણ એટલું યાદ રાખવું કે, જે વાંચવું, તેનું બરાબર મનન કરવું અને તેવું થવાની અથવા તેમ કરવાની ભાવના ભાવવી. તમે જે ગાથાનો શબ્દાર્થ કર્યો, પણ તેનો ભાવાર્થ કરો છો ? તેનો વિચાર કરતા નથી. તે ગાથામાં મુનિના ચારિત્રનો મહાપ્રભાવ દર્શાવી આપ્યો છે. હે મુનિ, તમે જે વાર્ત્તા કરતા હતા, તે સાંભળી તેજ અને એ ગાથા સ્ફુરી હતી. તે ગાથામાં અમોહદર્શી એટલે મોહ રહિત વસ્તુને જોનારા—એવું જે મુનિને વિશેષણ આપ્યું છે, તે યથાર્થ છે. દરેક જૈન મુનિ નિર્મોહ વસ્તુને જોનારા હોવા જોઇએ. જે વસ્તુને યથાર્થપણે જુવે અને જાણે તે નિર્મોહદર્શી કહેવાય છે. હે મુનિ, તમારે તે ઉપરથી ઘણુંજ સમજવાનું છે. કોઇપણ વસ્તુ ઉપર મોહ રાખવો ન જોઇએ. તેમજ કીર્તિની અપેક્ષા રાખવી નજોઇએ. તમારા મુખથી મેં જે વાર્ત્તા સાંભળી હતી, તેમાં તમારો વસ્તુ મોહ જણાઇ આવતો હતો. વિનોદચંદ શ્રાવકની પાસેથી વીશ હજાર રૂપીઆની મોટી રકમ ખર્ચાવી તમારે સારી કીર્તિ મેળવવી હતી ધર્મના ઉદ્યોતને બાને સમોસરણની રચના કરાવવી અને મોટી મોટી પ્રભાવના કરાવી તમારે તમારીજ પ્રભાવના કરાવવી હતી. હે મુનિઓ, વિચાર કરો. જ્યાંસુધી તમારામાં એવી મુદ્રવૃત્તિ હોય ત્યાંસુધી તમે નિર્મોહદર્શી કેમ કહેવાઓ? માટે તમારે એ વિશેષણ યાદ રાખી સર્વદા અમોહદર્શીપણું જોઇએ. એને માટેજ એ દશવૈકાલિક સૂત્રની ગાથામાં "अमोह दंसिणो" એ પદ મુકેલું છે.

મુનિઓ સંયમ તથા સરળતારૂપ ગુણરાશિ તપને વિષે તત્પર હોવા જોઇએ. આ વિશેષણ પણ મુનિઓને ઘણુંજ મનન કરવા યોગ્ય છે. મુનિઓએ સર્વદા તપસ્યા કરવી જોઇએ. પણ તે તપસ્યા કર-

તાં સંયમ તથા સરળતા રાખવી જોઇએ. જો સંયમ અને સરળતા ગુણ ન હોય તો તપસ્યા વ્યર્થ ગણાય છે. આજકાલ મુનિઓમાં એવી તપસ્યા જોવામાં આવતી નથી. ઘણાં તપસ્વીઓ સંયમ તથા સરળતા વગરના જોવામાં આવે છે. જો તપસ્વી મુનિઓ યથાર્થ સંયમ તથા સરળતાથી વર્તતા હોય તો તેઓ ચારિત્રનું મહાફળ સત્વર મેળવી શકે છે. તેને માટે તેજ ગાથામાં દર્શાવ્યું છે કે, અમોહદર્શી મુનિઓ આત્માને ખપાવે છે—એટલે શોધે છે. અર્થાત્ જે અમોહદર્શી હોય તે આત્મસ્વરૂપને જોઇ શકે છે. અને જે મુનિઓ સંયમ તથા સરળતાવાળા તપમાં તત્પર રહે છે, તેઓ પોતાના પૂર્વકૃત પાપને દૂર કરે છે અને નવા પાપ કરતા નથી. "હે મુનિઓ, વિચાર કરો, અમોહદર્શી સંયમી, સરળ અને તપસ્વી મુનિઓ કેવું ઉત્તમ ફળ મેળવે છે? જો તમે આજ ગાથાનું વારંવાર મનન કરશો તો તમારા પરિણામ સારા થઈ જશે અને થોડીવાર પહેલા તમારા મુખમાંથી જે ક્ષુદ્ર વિચારો પ્રગટ થતા હતા, તેવા વિચારો પુનઃ પ્રગટ નહીં થાય.

હે મુનિઓ, તમે હવે વિનોદચંદની લક્ષ્મી તરફ ઉપેક્ષા રાખજો. અને વર્ત્તમાનકાળને અનુસરી તમને જે ક્ષેત્ર ઉદ્ધાર કરવાને યોગ્ય લાગે, તેનો ઉદ્ધાર કરવાનો તેને ઉપદેશ આપજો. જો તમે તમારી કીર્ત્તિ માટે તમારા માન માટે અને તમારી ભક્તિ માટે તેવી મોટી રકમ ખર્ચાવી શ્રાવકની લક્ષ્મીનો દુરૂપયોગ કરશો તો તમે તમારા કર્ત્તવ્યથી ભ્રષ્ટ થયેલા ગણાશો એટલુંજ નહિ પણ તમે જે અમોહદર્શી થવાનો દાવો કરો છો, તેમાં પણ નિષ્ફળ થશો.

દીક્ષાકુમારીના આ વચન સાંભળી તે સાધુઓ લજ્જા પામી ગયા અને તેમણે નમ્રતાથી દીક્ષાકુમારીને જણાવ્યું કે, હે ધર્મમાતા, આજથી અમે એવું કામ કરીશું નહીં. તમારી આગળ તેવું કામ ન કરવાની બાધા લેવાને અમે તૈયાર છીએ. હે મહેશ્વરી, આપના ઉપદેશથી અમારા હૃદયમાં નિશ્ચય થયો છે કે, પ્રથમ દરેક મુનિએ ઉપદેશ આપીને શ્રાવક ક્ષેત્ર સુધારવું જોઇએ. સર્વ ક્ષેત્રોનો આધાર તે શ્રાવક ક્ષેત્ર છે. જ્યાંસુધી શ્રાવકો ઉન્નતિમાં આવશે નહિ, ત્યાંસુધી બીજા ક્ષેત્રોની ઉન્નતિ થવાની નથી. શ્રાવકક્ષેત્રની ઉન્નતિમાંજ બીજા ક્ષેત્રોની ઉન્નતિ રહેલી છે. હે ધર્મેશ્વરી, આપનો ઉપદેશ અક્ષર-

જાય, ત્યારે તેમને રાજા, મંત્રી, ક્ષત્રીય કે બ્રાહ્મણ આવી પુછે કે, મહારાજ, તમારો આચાર કેવો છે? ત્યારે તેણે પોતાનો આચાર કહેવો જોઇએ. તે આચાર આ છઠ્ઠા મહાચારકથા નામના અધ્યયનથી જાણી શકાય છે. જ્યારે કોઇ જ્ઞાન દર્શનથી યુક્ત, સંયમ અને તપમાં તત્પર તથા શાસ્ત્રમાં સંપન્ન એવા આચાર્ય સમોસર્યા હોય, ત્યારે રાજા વિગેરે તેની પાસે જઇ મુનિનો આચાર પુછે છે. તે લોકોને તે મહામુનિ પોતાનો શુદ્ધ આચાર દર્શાવે છે. તે શુદ્ધ આચાર દર્શાવનારા આચાર્ય ભ્રાંતિ રહિત, ઈંદ્રિયોને જીતનાર, સર્વ પ્રાણી માત્રનું હિત કરનાર, શિક્ષાથી યુક્ત અને ઘણા વિચક્ષણ હોય છે. તે આચાર્ય તેઓને ખુલ્લેખુલ્લું કહી આપે છે કે તમે મારી પાસેથી મુનિઓનો આચાર સાંભળો. તેમાં તે સ્પષ્ટ રીતે જણાવે છે કે, જે મુનિઓ ધર્મનુંજ પ્રયોજનવાળા હોય અને જેઓ નિર્ગ્રંથ એટલે બાહેર તથા અંદરની ગ્રંથિએ રહિત હોય, તેવા મુનિઓનો આચાર અમે કહેવાના છીએ, કારણકે તેમનો આચાર જેવો તેવો નથી. તે આચાર કર્મરૂપ શત્રુઓને ભયંકર છે અને કાયર પુરૂષોને પાળવો મુશ્કેલ છે. હે મુનિઓ, તમારો આચાર જેવો તેવો નથી. તમારો આચાર કર્મરૂપ શત્રુઓને ભયંકર છે. આ ઉપરથી તમારે ઘણું સમજવાનું છે. આજકાલ જગત્માં તમારો આચાર સહેલો થઈ પડ્યો છે. પણ તે સહેલો નથી. તેને માટે સૂત્રમાં લખ્યુ છે કે, તે આચાર "દુરહિટ્ઠિઅં" એટલે દુરધિષ્ઠિત છે.શુદ્ધ જીવોથી—કાયર પુરૂષોથી તે પાળી શકાય તેવો નથી. હે મુનિઓ, તમે જેવા તેવા અપરીક્ષિત બાળકોને કે તરૂણોને સત્વર દીક્ષા આપી તે આચારમાં જોડી દ્યો છો. એ તમારૂં સાહસ છે. અને તેથીજ આર્હતધર્મના ગુરૂઓ ઘણે ભાગે પ્રશંસાવાળા બનતા નથી. તમારૂં ગૌરવ આચારમાંજ રહેલું છે અને તે ગૌરવથીજ તમે સર્વ ધર્મોમાં અગ્રેસર પદવીને પામ્યા છો. તમારો આચાર બીજા કોઈપણ ધર્મીઓએ અનુકરણ કરી શકાયો નથી. તેને માટે મહાચાર કથા અધ્યયનમાં નીચેની ગાથા લખેલી છે.

"अन्नत्थ परिसं वुत्तं, जं लोए परमदुच्चरं ।
विउलट्ठाण भाइस्स न भूअं न भविस्सइ" ॥ १ ॥

"જિનમત સિવાય બીજાના મતોને વિષે એવો શુદ્ધ આચાર

કહેલો નથી. તે આચાર બીજા સામાન્ય લોકોને વિષે પરમ દુષ્કર છે. મોક્ષના હેતુરૂપ એવા સંયમને ભજનારા એવા જૈન સાધુઓની પૂર્વે કોઈ તેવું થયું નથી અને ભવિષ્યમાં થવાનું નથી."

હે મુનિઓ, વિચાર કરો. આ પવિત્ર ગાથા તમારા આચારને માટે કેવું લખે છે? એવો તમારો શુદ્ધ આચાર વર્તમાનકાળે કેવી સ્થિતમાં છે, તમારા તેવા આચારની ગૌરવતા તમે પોતેજ ઓછી કરો છો. તેના બહુ માનને તમારા વર્તનથીજ મોટી હાનિ પોહોંચે છે.

તે મહાન્ આચાર્યે પ્રથમ તો અઢાર સ્થાનકને માટેજ ખાસ વિવેચન કરેલું છે. તેને માટે તે એટલે સુધી લખે છે કે, જો મુનિ અઢાર પાપસ્થાન માંહેથી એક સ્થાનનો આશ્રય કરી અપરાધ કરે તો તે પોતાના ચારિત્રથી ભ્રષ્ટ થઈ જાય છે. તેને માટે તે નીચેની ગાથા લખે છે.—

"दस अट्ठय ठाणाई जाई, बालो वरज्जइ ।

तत्थ अन्नयरे ठाणे, निग्गंथत्ताउ भस्सइ" ॥ १ ॥

"જે બાળક જેવો સાધુ અઢાર પાપ સ્થાનનો આશ્રય કરી અપરાધી થાય છે, તે અઢાર પાપસ્થાનો માંહેલા હરકોઈ એક સ્થાન માં વર્તે છે, તો નિર્ગ્રંથપણાથી ભ્રષ્ટ થઈ જાય છે."

હે મુનિઓ, આ ઉપરથી તમારે એ અઢાર પાપસ્થાનોથી સર્વથા દૂર રહેવાનું છે, તે મહોપકારી આચાર્યે તે પ્રસંગે અઢાર પાપ સ્થાનો દર્શાવ્યા છે—તેઓના નામ આ પ્રમાણે છે—

૧ પ્રાણાતિપાન(હિંસા) ૨ મૃષાવાદ, (અસત્ય ભાષણ) ૩ અદત્તાદાન (ચોરી) ૪ અબ્રહ્મચર્ય (વિષય સેવન,) ૫ પરિગ્રહ, ૬ રાત્રિભોજન, ૭ પૃથ્વીકાય જીવની વિરાધના, ૮ અપકાય જીવની વિરાધના. ૯ તેજસ્કાય જીવની વિરાધના, ૧૦ વાયુકાય જીવની વિરાધના ૧૧ વનસ્પતિકાય જીવની વિરાધના, ૧૨ ત્રસકાય જીવની વિરાધના, ૧૩ અકલ્પ—અનાચાર સેવન- ૧૪ ગૃહિભાજન (ગૃહસ્થના પાત્રનો ઉપયોગ કરવો,) ૧૫ પર્યંક (પલંગમાં સુવું. ૧૬ નિષદ્યા (સુંદર આસનો ઉપર બેસવું) ૧૭ સ્નાન અને ૧૮ શોભા . શૃંગાર કરવો—એ અઢાર પ્રકારના પાપસ્થાન છે. મુનિએ એ અઢાર પાપસ્થાનનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

હે મુનિઓ, એ અઢાર સ્થાનને માટે મહાવીર સ્વામીએ જે વિવેચન કરેલું છે તે દશવૈકાલિકસૂત્રમાં આચાર્ય મહારાજે દર્શાવેલું છે તે તમે એક ધ્યાનથી સાંભળજો.

પ્રથમ સાધુઓના જે છ વ્રત કહેવાય છે, તે વિરૂદ્ધ જે પ્રવર્ત્તન કરવું, તે છ પાપસ્થાન ગણાય છે. પ્રથમ પ્રાણાતિપાત—એટલે જીવહિંસા ન કરવી. આલોકને વિષે જેટલા ત્રસ અને સ્થાવર જીવો છે, તે જીવોને પ્રમાદે કરી હણવા નહીં બીજાની પાસે હણાવવા નહિ. તેમજ તેમાં અનુમોદન કરવું નહિ. તે જીવહિંસા ન કરવાનું કારણ દશવૈકાલિકસૂત્રમાં દર્શાવેલું છે—

"सव्वे जीवावि इच्छंति, जीविडं न मरिज्जिउं ।
तम्हा पाणिवहं घोरं, निग्गंथा वज्जयंतिणं" ॥ १ ॥

"સર્વ જીવો જીવવાને ઇચ્છે છે, મરવાને ઈચ્છતા નથી; તેથી નિર્ગ્રંથ સાધુઓએ ઘોર એવી જીવહિંસા વર્જવી."

હે મુનિઓ, બીજું પાપસ્થાન મૃષાવાદ છે. સાધુઓએ કદિપણ અસત્ય વચન બોલવું ન જોઇએ. પોતાને તથા પરને અર્થે, ક્રોધથી અને ભયથી સાધુઓએ અસત્ય વચન બોલવું નહીં. આ લોકમાં મૃષાવાદ ઘણો નિંદિત ગણાય છે, તેમજ તે મનુષ્યોને અવિશ્વાસ્ય છે એટલે વિશ્વાસ કરવા લાયક નથી.

ત્રીજુ પાપસ્થાન અદત્તાદાન—ચોરી છે. ચેતન કે અચેતન કોઇપણ પદાર્થ સાધુએ આપ્યા વિના લેવો નહિ. પવિત્ર મુનિઓ માગ્યા વિના દાંત શોધવાની સળીપણ લેતા નથી.

ચોથું પાપસ્થાન અબ્રહ્મચર્ય છે. એ વિષે મુનિઓએ ઘણુંજ સાવધાન રહેવાનું છે. બ્રહ્મચર્ય નહીં રાખનારો મુનિ તત્કાળ પોતાના ચારિત્રથી ભ્રષ્ટ થઇ જાય છે. અને ઘોર દુર્ગતિમાં પડે છે. તેને માટે એ મહાસૂત્રમાં નીચેની ગાથા લખે છે. તે સર્વ યુવાન સાધુઓને સદા સ્મરણીય છે.

"मूलमेय महम्मस्स, महादोस समुस्सयं ।
तम्हा मेहुण संसग्गं, निग्गंथा वज्जयंतिणं"

"મૈથુનનો જે સંસર્ગ, તે અધર્મનું મૂળ છે અને મોટા દોષનું સ્થાન છે. તેથી નિર્ગ્રંથ મુનિઓ તે વર્જવો."

હે મુનિઓ, તે પછી પરિગ્રહ રાખવો એ પાંચમું પાપસ્થાન છે. વર્તમાનકાળે મુનિઓએ પાંચમા પાપસ્થાનમાં વિશેષ લપટાણા દેખાય છે. તેથી તમારે આ વાત વિશેષ લક્ષમાં રાખવાની છે. દશવૈકાલિક મહાસૂત્રમાં તેને માટે ઘણું લખ્યું છે. તે લખે છે, કે જે મુનિઓ શ્રી મહાવીર સ્વામીના વચનમાં તત્પર રહેનારા હોય, તેઓ તો લવણ, તેલ અને ઘી પણ એક રાત્રિ પાસે રાખવાને ઇચ્છતા નથી. તેવી વસ્તુઓ એક રાત્રિ પાસે રાખવી—એ પરિગ્રહ ગણાય છે. તો બીજી શી વાત કરવી.? તેવી વસ્તુ પાસે રાખવાથી શું થાય છે? તેને માટે દશવૈકાલિકસૂત્ર નીચેની સમશ્લોક ગાથા લખે છે.

"लोहस्सेस अणुफासे, मन्ने अन्नयरामवि।

जेसिया सन्निहिं कामे, गिही पव्वइए न से ॥ १ ॥"

"જે તેવી કાંઈ પણ વસ્તુ પાસે સંગ્રહી રાખવી. તે ચારિત્રને વિઘ્ન કરનાર લોભ કષાયનો મહિમા છે. એમ હું માનું છું. જો એવી થોડી વસ્તુ પણ સાધુપાસે રાખવાની ઇચ્છા રાખે તો તે સાધુ ગૃહસ્થ જાણવો. પ્રવ્રજ્યા લીધેલો જાણવો નહિં."

હે મુનિઓ, પરિગ્રહને માટે આ પ્રમાણે કહ્યું છે, છતાં વર્તમાનકાળે મુનિઓ, વસ્ત્રોના પોટલા બાંધે છે, પુસ્તકોના, પુંઠાનો અને બીજી સામગ્રીનો મોટો સંગ્રહ કરે છે. કેટલાએક ઉપાશ્રયમાં તો સાધુઓના નામથી અંકિત કરી મોટા મોટા કબાટો રાખવામાં આવે છે. મોટીમોટી પેટીઓ મુકવામાં આવેછે. એ કેવો અનાચાર! શુદ્ધ ચારિત્ર ધારી મુનિઓએ તે વિષે બહુ વિચાર કરવાનો છે. જો તેમણે પોતાના ચારિત્રની રક્ષા કરવી હોય અને યથાર્થ સંયમ પાળવો હોયતો તેમણે જરા પણ પરિગ્રહ રાખવો ન જોઈએ. સંયમની લજ્જત પાળવાને માટે મુનિએ ચોલપટ્ટાદિવસ્ત્ર, ભોજન માટે પાત્ર, એક કાંબલ અને રજોહરણ—ઓઘો—ત્યાદિ રાખવા જોઈએ.—એટલી વસ્તુઓ રાખવાથી પરિગ્રહ કહેવાતો નથી. કારણકે, જે બીજા વિશેષ પદાર્થ વગેરેની ઉપર મૂર્છા રાખવી, તેનુ નામજ પરિગ્રહ કહેવાય છે. તે

મુનિઓ વસ્તુ તત્ત્વને યથાર્થ રીતે જાણે છે, તેઓ રજોહરણ વગેરે પરિગ્રહ કે જે છકાય જીવની રક્ષા માટે છે, તેની ઉપર પોતાની મમતા રાખતા નથી. હે અનગારો, આવો તમારો પવિત્ર આચાર છે, કે જે આચાર ભારતવર્ષની આર્યપ્રજામાં પ્રશંસનીય છે. તે તરફ તમે કદિપણ દુર્લક્ષ રાખશો નહિં.

છઠું રાત્રિભોજન પાપસ્થાન છે. તેને માટે સાધુઓએ સાવધાન રહી તે વ્રત પાળવું જોઇએ. જો કે સાધુઓને તો એક ભુક્ત કરવું ઉત્તમ છે અને તેને માટે દશ વૈકાલિક સૂત્રમાં લખ્યું છે કે,—

"जाय लज्जा समा वित्ती,
"एगभत्तं च भोअणं"

"સાધુએ એક વાર જમવું, તે વૃત્તિ સંયમસમાન છે."

હે મુનિઓ, આજકાલ તો પ્રાતઃકાળે ચા દુધ પીનારા, મધ્યાન્હકાળે પરિપૂર્ણ આહાર કરનારા અને સાયંકાળે પણ પૂર્ણ આહાર કરનારા મુનિઓ ઘણાં છે. તે શિવાય તેઓ અકાળે પણ આહારને માટે ફરેછે. આવા મુનિઓનું ચારિત્ર કદિપણ પ્રશંસનીય ગણાતું નથી. તેઓ સંયમના આરાધક થવાને બદલે સંયમના વિરાધક થાય છે. કેટલાએક તો જાણે આહારને માટેજ દીક્ષિત થયા હોય, તેમ ગૃહસ્થ શ્રાવકોના ઘરમાંથી વિવિધ જાતના આહાર વહોર્યા કરે છે. શારીરિક સુખને માટે મન ગમતા ભક્ષ્ય પદાર્થોને શોધ્યા કરે છે. તેવા અનગારો આત્મજીવનને ચારિત્ર ધર્મથી ભ્રષ્ટ કરી પોતાના આત્માને અધોગતિનો પાત્ર બનાવે છે.

હે મુનિઓ, છકાય જીવની વિરાધના કરવીને બીજા છ પાપ સ્થાન છે. ચારિત્રધારી મુનિએ એ છએ પાપસ્થાનમાંથી દૂર રહેવું જોઈએ. એ નિયમ જાવજીવ સુધી રાખવાનો છે. જે કામ કરતાં છકાય જીવની વિરાધના થાય, તે કામ સંયમધારી મુનિઓએ કરવું કરાવવું નહિં અને કરતા હોય તેને અનુમોદવું નહિ. એકંદર તે બધા મળીને બાર પાપસ્થાન કહેવામાં આવ્યા.

તેરમું અકલ્પ—પાપસ્થાન છે. પિંડ, શય્યા, વસ્ત્ર, અને પાત્ર ચારે જે કલ્પતા હોય. તે સાધુએ લેવા જોઇએ, અકલ્પતા લેવા નહીં.

જો તે અકલ્પના ગ્રહણ કરે તો તેથી તેને મહાદોષ લાગે છે. તેને મ
દશવૈકાલિક સૂત્રમાં નીચેની ગાથા આપેલી છે—

"जे निआगं ममायंति, कीअमुद्देसि आहडं।

वहं ते समणुजाणंति, इअउत्तं महेसिणा ॥"

"જે દ્રવ્ય લિંગી સાધુ નિમંત્રિત પિંડને ગ્રહણ કરે છે એટલે
વડે પ્રથમથી આમંત્રણ કરી રાખેલા પિંડને ગ્રહણ કરે છે, તેમજ
રીદ કરેલા સાધુને ઉદ્દેશીને કરેલા એવા આહારને ગ્રહણ કરે તે સા
ઓ ષટ્કાય જીવના વધને અનુમોદે છે" એમ તીર્થંકરે કહેલું છે.

ચૌદમું પાપસ્થાન સાધુને ગૃહસ્થના પાત્રમાં જમવાનું છે.
ધર્મી સાધુએ ગૃહસ્થના કાંસાના પાત્રોમાં કદિપણ જમવું નહીં
તેમજ બીજા ધાતુ પાત્રોમાં તથા મૃત્તિકાપાત્રોમાં પણ જમ
નહિ. કારણકે, તેવા પાત્રોમાં જમવાથી અનેક જાતના દોષ ઉત્પન્ન
થાય છે. તેવા ઉત્તમ પાત્રોને ધોવાપડે છે અને તેથી ધોવણ વિગેરેથી
ધુને અનેક જાતના દોષ પ્રાપ્ત થાય છે. તેમ વળી ગૃહસ્થના પાત્ર
જમવાથી સાધુના સંયમનો ભંગ થાય છે.

ઉંચી જાતના પલંગ, ઢોલીયા વગેરેમાં સુવું, તે પંદરમું પ
પસ્થાન કહેવાય છે. પલંગ, ઢોલીઓ, ખાટલો, માંચા, સાંગામાં
વિગેરે ગૃહસ્થને યોગ્ય એવા પદાર્થો સાધુએ પોતાના ઉપયોગમાં લે
ન જોઈએ. તેની ઉપર સુવુ કે બેસવું નહિ. તેમ કરવાથી સાધુઓ
હૃદય વિકારી થઈ જાય છે. તે છતાં અપવાદ રૂપે કદિ કોઈ પ્રસંગે
ઉપર બેસવાનું આવી બને તો તેને સારી રીતે પડીલેહવા જોઈએ
પણ તેવા પદાર્થોની પડી લેહણા થઈ શકતી નથી. તેથીજ તે પદા
સાધુને સર્વથા ત્યાજ્ય છે.

સોળમું નિષધા નામે પાપસ્થાન છે. નિષધાનો અર્થ બેસવું
ય છે. સાધુએ બીજે કોઈ ઠેકાણે જઈને બેસવું ન જોઈએ. જો સ
ગૃહસ્થને ઘેર ગોચરીએ ગયેલ હોય તો તેણે ત્યાં જઈ બેસવું નહીં
ગૃહસ્થને ઘેર બેસવાથી સ્ત્રીઓની સાથે પરિચય થાય છે અને તે
બ્રહ્મચર્યનો ભંગ થાય છે. તેમજ ઘરના કુટુંબીઓના પરિચય
તેઓ કદિ આધાકર્મી કરે તો સાધુના સંયમનો નાશ થઈ જાય છે.

મુનિઓ, આ વાત તમારે ઘણીજ ધ્યાનમાં રાખવાનીછે. વર્તમાનકાળે કેટલાએક સાધુઓ ગૃહસ્થોના કુટુંબીઓ સાથે હળતા મળતા જોવામાં આવે છે. કેટલાએક મુનિઓ ગૃહસ્થોની સ્ત્રીઓની સાથે વાતચીત કરે છે અને "ફલાણીબા શું કરો છો?" એવા મધુર શબ્દોથી તેમની તરફ સ્નેહ બતાવે છે—આ પદ્ધતી ઘણીજ નઠારી છે. સંયમધારી મુનિઓએ કદિપણ એવી નઠારી પદ્ધતી ન રાખવી જોઇએ. તેને માટે દશવૈકાલિક સૂત્રમાં નીચેની ગાથા આપેલી છે, તે સર્વ સાધુઓએ સદા સ્મરણમાં રાખવા યોગ્ય છે—

"अगुत्ती बंभ चेरस्स, इत्थीओ वा विसंकणं ।
कुसील वढ्ढणं ठाणं दूरओ परिवज्जए ॥"

"ગૃહસ્થને ઘેર પરિચય રાખવાથી સાધુના બ્રહ્મચર્યનો નાશ થાય છે અને સ્ત્રીઓના પરિચયથી શંકા થાય છે, તેથી કુશીલને વધારનારા તેવા સ્થાનને સાધુએ દૂરથી વર્જવું જોઇએ."

હે મુનિઓ, તરૂણ વયના સાધુએ તો આ વિષે ઘણીજ સાવધાની રાખવાની છે. જે વૃદ્ધ, તપસ્વી રોગી મુનિ હોય તે કદિ ગૃહસ્થને ઘેર વિશ્રાંતિ માટે બેસે તો હરકત નથી, પણ તે શિવાયના બીજા સાધુઓએ વધુંજ સાવચેત રહેવાનું છે.

[illegible] સ્થાન સાધુને સ્નાન કરવાનું છે. જો તંદુરસ્ત સાધુ સ્નાન કરવાની ઇચ્છા કરે તો તે પોતાના આચારથી ભ્રષ્ટ થયેલો ગણાય [illegible] સ્નાન એ શરીરને અલંકારરૂપ છે. તેમજ સ્નાન કરવાથી [illegible] ના અને જલના સૂક્ષ્મ જીવોની વિરાધના થાય [illegible] સ્નાન [illegible] તેને [illegible] સુગંધીપદાર્થોનું મર્દન [illegible] જોઇએ. કારણકે એ એવા વિકારી પદાર્થો [illegible] ચારિત્રને દૂષિત કરે છે.

[illegible] સ્થાન છે. [illegible] સાધુએ કોઈપણ [illegible] ન જોઇએ. વાળની, નખની [illegible]

[illegible] મુનિઓ, યતિ વેષમાં પણ [illegible] મલમલના વસ્ત્રો ધારણ [illegible] ગમે છે અને શરી-

ર સ્વચ્છ દેખાય તેવા ઉપાયો કરે છે. હે મુનિઓ, આ ખરેખ
અનાચાર છે. તે જૈનધર્મના પવિત્ર ગુરૂઓએ આચરવા યોગ્ય ન
તે આચરણ આપણા પવિત્ર જૈનધર્મની હીણતા કરાવે છે.
હતુંજ નહીં પણ તેથી તેવો અસદાચાર આચરનારા જૈનમુનિઓ
આત્માની દુર્ગતિ થાય છે. તેને માટે દશવૈકાલિક સૂત્રમાં ની
પ્રમાણે લખે છે—

"विभूसावत्तिअं भिक्खू, कम्मं बंधइ चिक्कणं ।
संसारसायरे घोरे, जेणं पडइ दुरुत्तरे " ॥

"મુનિ શરીરને શોભાવા નિમિત્તે એવું ચીકણું કર્મ બાંધે
કે જેથી તે આ દુસ્તર એવા ઘોર સંસાર સાગરમાં પડે છે."

એ મહાસૂત્રનું આ વચન ખરેખર આત્માર્થી જૈન સાધુને મ
ન કરવા જેવું છે. શુદ્ધ જૈનમુનિ પોતાના કલ્યાણને માટે કદિપણ
દુરાચારને સેવતા નથી.

હે મુનિઓ, આપ્રમાણે અઢારપાપસ્થાનનેમાટે દશવૈકાલિક સૂત્ર
કહેલું છે, તે તમે ધ્યાનમાં રાખજો. અને તે પ્રમાણે વર્તી તમારા
ત્રિને નિર્દોષ રાખજો. તમારા હૃદયના પરિણામ સારા થયેલા જો
મને સંતોષ થાય છે. અને હું આશા રાખું છું કે, તમે ઘડી પહે
જે કુવિકલ્પ કરતા હતા, તેવા કુવિકલ્પ હવે કદિપણ કરશો નહિ.
સ કરીને મારે એટલુંજ કહેવાનું છે કે, સર્વ ક્ષેત્રોનું પ્રથમ આ
ભૂત જે શ્રાવક ક્ષેત્રછે, તેને સુધારવા પ્રયત્ન કરજો અને વિનોદર
શુભ ખાતે અર્પણ કરેલી દ્રવ્યની મોટી રકમ કોઈ શુભ અને ઉ
યોગી કાર્યમાં વપરાય તેવો તેને ઉપદેશ આપજો. હવે હું અહીં
બીજે સ્થળે જવાની ઇચ્છા રાખું છું.

દીક્ષાકુમારીના આવા વચન સાંભળી તે મુનિઓ વિનયથી
લ્યા—મહાનુભાવા, આપે દશવૈકાલિક સૂત્રના છઠા અધ્યયનનો
પદેશ આપી અમારી ઉપર મોટો ઉપકાર કર્યો છે. એટલુંજ ન
પણ અમને ચારિત્રથી ભ્રષ્ટ થતાં બચાવ્યા છે. જો
અવસરે આવી આપે અમને સ્વધર્મમાં જાગ્રત કર્યા
હોત તો અમે કુવિચારમાં દોરાઇ જાત અને તેથી મહા
પના ભોક્તા થઈ પડત. હે ધર્મમાતા, હવે આપના ઉપદેશ

માણે ચાલીશું અને દશવૈકાલિક સૂત્રનું અધ્યયન કરી સર્વદા તેનુંજ મનન કર્યા કરીશુ. વલી આપે આપેલી સૂચનાં પ્રમાણે શ્રાવકક્ષેત્રની ઉન્નતિ કરવામાં સર્વદા તત્પર રહીશું. હવે આપ કૃપા કરી કોઇ બીજા વિષય ઉપર ઉપદેશ આપો અને અમારા ચારિત્ર જીવનનું પોષણ કરો.

મુનિઓની આવી વાણી સાંભળી દીક્ષાકુમારી દયા લાવી બોલી—મુનિઓ, તમારા શુભ પરિણામ જોઇ હું પ્રસન્ન થઇ છું. હવે તમે શુદ્ધ વૃત્તિથી ચારિત્ર ધર્મમાં પ્રવર્તજો અને સમવૃત્તિ રાખી ભવિજનને પ્રતિબોધ કરજો. આટલુ કહેતાંજ તે દિવ્યતેજોમય મહાદેવી વિદ્યુતની જેમ અદૃશ્ય થઇ ગઇ. મુનિઓ સંભ્રાન્ત થઇ તેની મનોહર મૂર્ત્તિને ચારે તરફ શોધવા લાગ્યા. પણ એ દિવ્ય તેજસ્વિની મૂર્ત્તિ તેમના જોવામાં આવી નહીં. દીક્ષા માર્ગીના દિવ્ય તેજથી પ્રકાશમાન થયેલી ઉપાશ્રયની ભૂમિ પાછી અંધકારમય થઇ ગઇ.

દીક્ષાકુમારી અદૃશ્ય થયા પછી તે અને મુનિઓ પોતાના હૃદયમાં ઉત્તમ ભાવના ભાવવા લાગ્યા અને પોતાના મલિન પરિણામને માટે પશ્ચાત્તાપ કરી ચારિત્રના શુદ્ધ માર્ગનુ અવલંબન કરવાનો નિશ્ચય કરવા લાગ્યા.

તે મુનિઓ પોતપોતાના હૃદયમાં ચિંતવવા લાગ્યા કે, "આપણે સંસારનો ત્યાગ કરી ચારિત્ર [illegible] માર્ગનો અંગીકાર કર્યો, તે છતાં શુદ્ધ હૃદયથી [illegible] ઉભય ભ્રષ્ટ થવા જેવું છે. તેથી હવે [illegible] આરાધના કરવી અને [illegible] કરવું કે જેથી આ આત્માનું કલ્યાણ થાય." [illegible] પછી આત્મસાધન કરવામાં તત્પર થયા હતા.

— — —



પ્રવાસ ૭ મો.



એક સુંદર નગરમાં આનંદોત્સવ થતો હતો. આબાળથી તે વૃદ્ધ સુધી જૈનપ્રજામાં ઉમંગનો રંગ પ્રસરી રહ્યો હતો. સર્વના મુખ ઉપર આનંદના અંકુર સ્ફુરી રહ્યા હતા. શ્રાવકો અને શ્રાવિકાઓ બાળ સહિત નવરંગિત વસ્ત્રો ધારણ કરી મેળી બંધ નીકળતા હતા. આગળ વિવિધ વાજીત્રો વાજતા હતા. વાજીત્રો અને શ્રાવિકાઓના મધુર ગીતનો પ્રતિધ્વનિ ગગનને ગાજવી મુકતો હતો.

આ વખતે દીક્ષાકુમારી તે નગરમાં આવી ચડી. એ મહોત્સવ જોવાના કૌતુકથી મહાદેવી અદૃશ્ય થઇ તે સ્થાને આવી. તેવામાં ચાર પાંચ મુનિઓનું એક ટોળું તેના જોવામાં આવ્યું. તે વાજીત્રોના નાદ સાથે ચાલતા શ્રાવક શ્રાવિકાના સમૂહની વચ્ચે ચાલતું હતું. તે દેખાવ જોઇ દીક્ષાકુમારીએ અનુમાન કર્યું કે, કોઇ આ મુનિઓનો નગર પ્રવેશનો મહોત્સવ લાગે છે. તે અનુમાન સત્ય હતું. કોઇ પ્રતિષ્ઠિત વિદ્વાન મુનિઓએ તે નગરમાં ચાતુર્માસ્યને માટે પ્રવેશ કર્યો હતો. તેથી તે નગરની સર્વ જૈનપ્રજાએ હોંસથી તેમાં ભાગ લીધો હતો.

દીક્ષાકુમારી આ દેખાવ જોતી જોતી તેમની પાછળ આકાશ માર્ગે ચાલી. માર્ગમાં ઉપાશ્રય આવ્યો. એટલે તે મુનિઓએ તેમાં પ્રવેશ કર્યો. સર્વ જૈનપ્રજા આદીશ્વર પ્રભુની જય બોલાવી તે મુનિઓની આસપાસ વીંટાઇ વળી. મુનિઓ વ્યાખ્યાનશાળામાં આવ્યા હતા. તેઓમાં જે મુખ્ય ગુરૂ હતા. તેમણે લોકોને નીચે પ્રમાણે ધર્મોપદેશ આપ્યો— હે શ્રાવકો, આ જગતમાં ધર્મ આરાધવો— એમાં

મનુષ્ય જન્મની સાર્થકતા છે. મનુષ્ય જન્મરૂપી ચિંતામણિ મહાન દુર્લભ છે. મોટો પુણ્ય કરી શુભ કર્મના બંધ થતા હોય, ત્યારેજ ચિંતામણિનો યોગ થાય છે. તેથી દરેક મનુષ્ય પ્રાણીએ ધર્મની આરાધના કરવી જોઈએ. એ ધર્મની પ્રાપ્તિ શુદ્ધ ગુરૂથી થાય છે, તેથી દરેક શ્રાવકે શુદ્ધ ગુરૂની સેવા ભક્તિ કરવી જોઈએ. શુદ્ધ ગુરૂની સેવા ભક્તિ કરવાથી અનેક પ્રકારના લાભ થાય છે. એવા શુદ્ધ ગુરૂ પરમ પરોપકારી ગણાય છે અને તેઓ આ સંસાર સાગરમાંથી ભવિ પ્રાણીઓને તારનારા છે. હે શ્રાવકો, જેથી તમારે જૈન ધર્મની આરાધના કરવી હોય તો પ્રથમ શુદ્ધ ગુરૂનો આશ્રય કરો. જે કંચન કામિનીના ત્યાગી હોય, પરીષહોને સહન કરનારા હોય, પરોપકાર કરવામાં તત્પર હોય, જૈનમાર્ગને ધારણ કરનારા હોય, આગમના જ્ઞાતા હોય, પંચ મહાવ્રતના પાળનારા હોય અને મુનિ ધર્મને જાણનારા તથા તે પ્રમાણે વર્તનારા હોય. તે શુદ્ધ ગુરૂ કહેવાય છે. તેવા શુદ્ધ ગુરૂની સેવા ભક્તિ કરવાથી મનુષ્યજન્મની સાર્થકતા થાય છે.

વિનયથી ઉત્તર આપ્યો, મહારાજ, હું તપાગચ્છનો શ્રાવક છું. હું મોટો ધનાઢ્ય નથી, પણ દરેક વિદ્વાન્ જૈનગુરૂની ભક્તિ કરવાની ઇચ્છાવાળો છું. કોઇ પણ જૈનધર્મના શુદ્ધ ગુરૂ વિદ્વાન્ અને નિર્મળ ચારિત્રને ધારણ કરનારા હોય તો તેમની સેવાભક્તિ કરવાને અને તેના મુખની વાણી શ્રવણ કરવાને મારૂં હૃદય સદા અભિલાષી રહે છે. માં કોઇ જાતના ગચ્છનો કે સંઘાડાનો ભેદ હું રાખતો નથી. સર્વ ગચ્છના જૈન મુનિઓ મહાવીર પ્રભુના પરિવારના છે અને શુદ્ધ મુનિઓની પરંપરાના ક્રમથી આવેલા છે.

તે શ્રાવકના આ વચનો તે વરિષ્ટ મુનિને રૂચ્યા નહીં. તેના પક્ષપાતી હૃદયમાં દ્વેષાગ્નિ પ્રજ્વલિત થઇ ગયો. તે મુનિ ક્રોધાતુર થઇને બોલ્યા—અરે આ કોઇ અધમ શ્રાવક લાગે છે. પોતાના ગચ્છની નિંદા કરનારા અને પરગચ્છને ચાહનારા આવા શ્રાવકને સંઘની બહાર કરવો જોઇએ. આ કોઇ શ્રાવક નથી પણ શ્રાવકાભાસ છે અથવા મિથ્યાત્વી છે. આવા શ્રાવકોને તપાગચ્છના ઉપાશ્રયમાં દાખલ કરવા ન જોઇએ.

વરિષ્ટ મુનિના આવા તિરસ્કાર ભરેલા વચન સાંભળી, તે શ્રાવકના મનમાં ઘણોજ ખેદ થયો. તેણે વિનયથી જણાવ્યું, "મહારાજ, આપ દયાળુ થઇ મારી ઉપર આવો ક્રોધ કરો છો, તે આપને ઘટે નહીં. આપ એક જૈનધર્મના ઉપદેશક ગુરૂ છો. આપને સર્વદા સમાનવૃત્તિ રાખવી જોઇએ. સમભાવ રાખવો—એ આપના ચારિત્રનું ફળ છે. ગચ્છ કે સંઘાડાનો ભેદ રાખી રાગદ્વેષ કરનારા મુનિઓનું ચારિત્ર ઉત્તમ ગણાતું નથી." આટલા શબ્દો સાંભળતાંજ તે મુનિને અગ્નિમાં ઘી હોમ્યાની જેમ વધારે ક્રોધ થઇ આવ્યો. તેમણે ઉંચે સ્વરે કહ્યું, અરે મૂઢ શ્રાવકો, કેમ બોલતા નથી! આ અધમ શ્રાવકને અહિંથી કાઢી મુકો. તે તપાગચ્છનો થઇને ખરતર ગચ્છની પ્રશંસા કરે છે, આથી તે પોતાના ગચ્છનો દ્વેષી છે. આ શ્રાવકને એકદમ ગચ્છથી દૂર કરો. જો તેને ગચ્છની બહાર નહીં કરો તો ખરતર ગચ્છના સાધુઓ આ ગામમાં આવ્યા કરશે. તેઓ આવી ચાતુર્માસ્ય કરી પોતાની સત્તા વધારે જમાવશે અને છેવટે તેઓ પોતાની સમાચારી પ્રવર્તાવશે એટલે આપણાં તપાગચ્છને મોટી હાનિ થશે, માટે આ શ્રાવકને સત્વર સંઘ બહાર

મુકો. આ વખતે એક સંઘનો આગેવાન ઉભો થઇને બોલ્યો—મહારાજ, જેને તમે સંઘની બહાર મુકવા કહો છો, તે શ્રાવક આ નગરના સંઘના એક આગેવાનના કુટુંબનો છે. તેના પિતાએ આ સંઘ ઉપર મોટો ઉપકાર કર્યો છે. આ શેહેરમાં દેરાસર અને આ ઉપાશ્રય તેના પિતાનાજ કરાવેલા છે. અત્યારે આ શ્રાવક સાધારણ સ્થિતિમાં આવી ગયેલ છે, તથાપિ હજુ તેના ઘરમાં આર્હત ધર્મની ઉપાસના સારી થાય છે. તેનું બધુ કુટુંબ ધર્મી કુટુંબ ગણાય છે. કોઇ પણ સાધુ, સાધ્વી આવે તેની વૈયાવચ્ચ કરવામાં તેનું કુટુંબ આગળ પડે છે. તે પોતે ઘણો પવિત્ર માણસ છે. ગચ્છનો કે સંઘાડાનો ભેદ રાખ્યાશિવાય, તે દરેક જૈન મુનિને માન આપે છે, તેમની વૈયાવચ્ચ કરે છે અને તેમનો ઉપદેશ સાંભળી હૃદયમાં આનંદિત થાય છે. એવા તે પવિત્ર શ્રાવકનું આપે અપમાન કરવું ન જોઇએ. આ બધો સંઘ તેના ઉપર પ્રસન્ન છે.

તે ગૃહસ્થના આવા વચન સાંભળીને પણ વરિષ્ટ મુનિ શાંત થયા નહીં. તે પુનઃ ઉંચે સ્વરે બોલ્યા—અરે શ્રાવક, તું વળી કોઇ તેનો પક્ષપાતી લાગે છે, અને તેથીજ તુ આ અધમ શ્રાવકને મદદગાર થવા આવ્યો છે. પણ અમારી આગળ તારૂં કાંઇ પણ ચાલવાનું નથી. અમારે કોઇના બાપની પરવા નથી. અમારે તો જ્યાં જઇએ, ત્યાં આવુંજ છે. ઘણાં ક્ષેત્રોના શ્રાવકો અમારે માટે પ્રાર્થના કર્યા કરે છે. તેથી તારે વધારે બોલવાની જરૂર નથી.

તેવામાં તે વરિષ્ટ મુનિના શિષ્યો બોલી ઉઠ્યા. અરે વણિકો, તમે શું સમજો છો ? અમારા ગુરૂની સામે શું બોલો છો ? તમે એમ માનો છો કે, અમે મોટો પ્રવેશોત્સવ કર્યો, તેથી મહારાજ ખુશી થઇ દબાઇ જશે પણ અમે દબાઇએ તેવા નથી. તમારા કરતાં બીજે સ્થળે અમારા ગુરૂને ઘણુ માન મળ્યું છે તમારાથી અમણા વરઘોડા સાથે અમારા મહારાજનું સામૈયું થયું છે. હે વણિકો, તમારે અમારા મહારાજની સામે એક શબ્દ પણ બોલવો નહિ. જ્યાંસુધી અમે અહીં રહીએ, ત્યાંસુધી બીજા ગચ્છના કે સંઘાડાના કોઇપણ સાધુને તમારે માન આપવું નહિ. અમારા મહારાજ અહીં વિદ્યમાન હોય અને તમે જો બીજા કોઇ સાધુને માન આપો તો તેમની હીલણા થાય, માટે આ વિષે કોઇએ બોલવું નહિ, તેમ વિચાર કરશો નહિ.

તે સાધુના આવા વચન સાંભળી તે શ્રાવકો વિચારમાં પડ્યાં. કેટલાએક તો મહારાજને માટે હલકો વિચાર બાંધવા લાગ્યા. કેટલાએકના હૃદય દુઃખાયા અને કેટલાએક તો હૃદયમાં સાધુ તરફ અભાવ લાવી ત્યાંથી ચાલી જવાનો વિચાર કરવા લાગ્યા.

આ વખતે એક શ્રાવક દોડતો આવ્યો, તેણે સર્વની સમક્ષ ઊંચે સ્વરે કહ્યું, ભાઈઓ, વધામણિ છે. ચંદ્રવિજય નામના એક વૃદ્ધ મુનિ વિહાર કરતાં આપણા ગામમાં ચાલ્યા આવે છે. તેઓ વૃદ્ધ અને વિદ્વાન છે. વળી આપણાં મહારાજના સંઘાડાના તપસ્વી સાધુ છે. માટે ચાલો આપણે આ બધી વરઘોડાની સામગ્રી લઈ તેમનું સામૈયું કરીએ અને તે મહામુનિને ગાજતેવાજતે નગરમાં પ્રવેશ કરાવીએ.

આ શબ્દો સાંભળી વરિષ્ટમુનિ ક્ષણવાર વિચારમાં પડ્યા, પણ તેના હૃદયમાં એ વાત રૂચી નહીં. પણ ખુલ્લી રીતે તેઓ કાંઈ બોલી શક્યા નહીં. કારણકે, તે ચંદ્રવિજયમુનિ તેમનાજ સંઘાડાના સાધુ હતા, વળી દીક્ષાથી અને જ્ઞાનથી મોટા હતા. આથી તે વરિષ્ટમુનિ કાંઈ બોલ્યા નહીં, એટલે સંઘના આગેવાનોએ કહ્યું, મહારાજ સાહેબ, જો કહો, તો અમે તે મહામુનિને લઈ આવીએ. તે આપણા ગચ્છના મોટા સાધુ છે. આ વચન સાંભળી મહારાજ બોલ્યા–શ્રાવકો, તમે વિવેક રહિત અને અવિચારી છો. તેને માટે તમારે પોતાનેજ વિચાર કરવાનો છે. અમારા સાધુના વ્યવહારમાં સાધુને પાડવા એ યોગ્ય નથી. તમે પોતેજ વિચારી લ્યો. એ સાધુ માન આપવા લાયક છે કે નહીં, તેઓને લોકો કેવું માન આપે છે? તેમનામાં કેવા ગુણ છે? અને લોકોમાં તેમની પ્રતિષ્ઠા કેવી છે? એ બધો વિચાર કરી તેને મારી સાથે સરખાવી પછી તમને જે યોગ્ય લાગે તે કરવું જોઈએ.

આ વખતે એક સરળ હૃદયનો શ્રાવક બોલ્યો–"મહારાજ, અમને તો તે સાધુ માન આપવા લાયક લાગે છે, વળી આપનાથી તે મોટેરા છે. તેથી અમારે સામૈયુ કરી તેને અહીં લાવવા જોઈએ." તે શ્રાવકના આવા વચન સાંભળી વરિષ્ટમુનિને ક્રોધ ચડી ગયો. ક્રોધના આવેશમાં તેઓ સ્પષ્ટ રીતે બોલી ગયા —વણિકો. તમારી લુચ્ચાઈ જોઈ મને રીસ ચડે છે. તમારા હૃદય સ્થિર નથી, તેમજ તમારા મનમાં કોઈ શુદ્ધ દેવ તથા શુદ્ધ ગુરૂ ઉપર આસ્થા નથી. ઘડીકમાં મારી ઉપર અને ઘડીકમાં બીજા ઉપર તમારો રાગ થયા કરે છે. તમે વાણિયા કોઈ કોઈના નથી.

તમે ખરેખરા સ્વાર્થી છો. એક તરફ અમને વિનંતિ કરી લાવો અને બીજી તરફ બીજા સાધુને પણ વિનંતિ કરીને લાવો—આ તમારી અદક્ષતા ઘણીજ નઠારી ગણાય છે. અરે અધમ શ્રાવકો, જ્યારે તમારે એ સાધુને સામૈયુ કરી લાવવા હતા, તો પછી અમારી શી જરૂર હતી. એક મ્યાનમાં બે તરવારો સમાતી નથી. હવે તમારી લુચ્ચાઇ મારા જાણવામાં આવી ગઈ છે.

સર્વ સંઘપતિ અગ્રેસર શ્રાવક ઉભો થઇને બોલ્યો—મહારાજ સાહેબ, ક્ષમા કરો. આપ નાખુશ થાઓ નહીં. અમેકોઇ જાતની લુચ્ચાઇ કરી નથી. તે વૃદ્ધ મુનિનું આવવું અચાનક થયું છે. તે અમારા જાણવામાં હતું નહીં. હું પોતે આપની સમક્ષ સત્ય કહું છું. ખડતરગચ્છના મુનિ અને આપના ગચ્છના તેમજ આપના સંઘેડાના આ મુનિ—બંને અચાનક આવી ચડ્યા છે. હવે આપની શી ઈચ્છા છે? જો આપ સંમત થાઓ તો વધારે સારૂં, નહીં તો અમારે તેઓને માન પૂર્વક તેડી લાવવા પડશે. અમારા નગરમાં કોઇપણ સાધુનું અપમાન થતું નથી. કદિ આપના જેવો આડંબર ન કરીએ અને સાધારણ રીતે સામૈયું કરી તેમને લાવીએ—એમ બને, પણ તદન તેમની ઉપેક્ષા કરી બેશી રહીએ—એ વાત તો અમને અનુચિત લાગે છે.

તે સંઘપતિ શ્રાવકના આવા વચનો સાંભળતાંજ વરિષ્ટ મુનિને વિશેષ ક્રોધ ચડી આવ્યો. તેમણે ઉંચે સ્વરે કહ્યું, અરે અજ્ઞાની વાણીયા, આ તું શું બોલે છે? તું અમને યુક્તિથી દબાવે છે, પણ અમે તારાથી દબાઇએ એવા નથી. તારી બધી વણિક વિદ્યા અમે જાણીએ છીએ. કારણકે, અમે પણ વાણીયામાંથી સાધુ થયા છીએ. તારા જેવા ઘણા ધૂર્ત વણિકો અમારી પાસે આવી ગયા ... અમે ધૂર્તના ગુરૂ છીએ. એ વાત કદિ પણ બનશે નહિ. જો અમે અહિં છતાં બીજા સાધુનું સામૈયું થશે તો અમારૂં મોટું અપમાન થયું ગણાશે. અમે એવું અપમાન સહન કરી શકવાના નથી. ચાલો મુનિઓ, ઉઠો અહીંથી વિહાર કરો. આવા અધમ શ્રાવકોવાળા કુગ્રામમાં આપણે રહેવું ન જોઇએ. આવા કુક્ષેત્રની ભૂમિનો સ્પર્શ કરવાથી આપણે અપવિત્ર થઇએ છીએ. આ પ્રમાણે વરિષ્ટ ગુરૂનાં વચન સાંભળી તેમની સાથે આવેલા મુનિઓ તરત તૈયારી કરવા લાગ્યા, અને શ્રાવકો

બધા વિચારમાં પડી ગયા. વરિષ્ઠમુનિએ જ્યારે સંઘપતિ અને ધર્મનિષ્ઠ એવા શેઠની પ્રત્યે આવા અસભ્યતાનાં વચનો કહ્યાં, તે સાંભળી સંઘના બધા શ્રાવકોના હૃદય સખેદ થયા હતા. સર્વના હૃદયમાં તે વરિષ્ઠમુનિ તરફ અભાવ ઉત્પન્ન થયો હતો. પણ તેઓ માત્ર મુનિઓ તરફની ભક્તિની ખાતર અને દાક્ષિણ્યતાની ખાતર કોઈ બોલી શક્યા નહીં.

જ્યારે તેઓ પાત્રાઓમાંથી વિહાર કરવાને તૈયાર થયા, અને આસ્તિક શ્રાવકો અંજલિ જોડી તેમને રહેવાની વિનંતિ કરવા લાગ્યા. તે વખતે આ દેખાવ જોઈ અંતરીક્ષમાં અદૃશ્ય થઈ રહેલા દીક્ષાકુમારીના હૃદયમાં મોટો ક્ષોભ થઈ ગયો. તેની મનોવૃત્તિમાં આચાર વિરૂદ્ધ વર્તનારા તે મુનિઓ તરફ ઘણોજ અભાવ આવી ગયો અને તેમને શિક્ષા કરવાનો દૃઢ નિશ્ચય થઈ ગયો. તરતજ તે મહાદેવી અદૃશ્ય રહી મોટી ગર્જના કરી નીચે પ્રમાણે બોલ્યા:—

"तहेव फरुसा भासा, गुरुभूओवघाइणी ।
सच्चावि सा न वत्तव्वा, जओ पावस्स आगमो" ॥ १ ॥

આ ગાથાનો અદૃશ્ય ધ્વનિ સાંભળતાંજ સર્વ સમાજ આશ્ચર્ય પામી ગયો. મુનિઓ અને શ્રાવકો એ ધ્વનિનો હતુ ચારે તરફ ઉર્ધ્વ મુખ કરી જોવા લાગ્યા. પણ કોઈ વ્યક્તિ જોવામાં આવી નહિ. તે વખતે શિષ્યોએ ગુરૂને પુછ્યું, મહારાજ, આ ધ્વનિ ક્યાંથી આવ્યો હશે? ગુરૂએ વિચારીને કહ્યું, આ ધ્વનિમાં જે ગાથા સાંભળવામાં આવી, તે દશવૈકાલિકસૂત્રના સાતમા અધ્યયનની ગાથા છે. એ ગાથાનો અર્થ આપણા ચાલતા પ્રસંગને મળતો છે. તેથી મને એમ લાગે છે કે, આ અવિચારી અને અજ્ઞાની શ્રાવકો આપણું અપમાન કરવા ઉભા થયા છે, તેથી કોઈ શાસનદેવી અદૃશ્ય રહી આ ગાથા બોલ્યા છે. તેવામાં તો દીક્ષાદેવી સર્વની સમક્ષ હાજર થયા. તેમનું દીવ્ય રૂપ જોઈ સંઘના લોકો ચકિત થઈ ગયા, અને સાધુઓ પણ આશ્ચર્ય પામી ગયા.

દીક્ષાકુમારી બોલ્યા - મુનિઓ, હું શાસનદેવી નથી. તમને શાસન (શીક્ષા) કરવાને આવેલી દીક્ષાકુમારી છું. તમારા લોકોને શિક્ષણ આપવાને માટેજ મારો પ્રાદુર્ભાવ છે. આ વખતના તમારા

હેવાય? આ સંઘના આગેવાનો અને પ્રતિષ્ઠિત શ્રાવકોને તમે કેવી ભાષાથી બોલાવતા હતા? તેનો વિચાર કરો. એવી ભાષા સાધુના મુખથી નીકળવી ન જોઈએ. કોઈ પણ માણસના હૃદયને દુઃખ લાગે એવા કટુ વચનો બોલવા એ સાધુનો ધર્મ નથી. મુનિની વાણી કેવી મધુર અને સત્યપણાથી ભરેલી હોય તે વાત તમે જાણો છો. દશવૈકાલિક સૂત્રના તમે અભ્યાસી છો, તેના સાતમા અધ્યયનમાં શું લખ્યું છે? તેનો વિચાર કરો.

દીક્ષાકુમારીના આ વચનો સાંભળી મુનિઓ વધારે લજ્જા પામી ગયા. તેમની મનોવૃત્તિમાં અતિશય પશ્ચાત્તાપ થવા લાગ્યો. પછી તેમણે વિનયથી કહ્યું, મહામાતા, ક્ષમા કરો. અમે આપના દીન બાલક છીએ. તમારા આશ્રયથીજ અમારું ચારિત્ર, અમારૂ મુનિપણું અને અમારું માન છે. અમે દશવૈકાલિક સૂત્રના અભ્યાસી નથી, માત્ર વ્યાકરણ વિદ્યાના બલથીજ તેનો અર્થ સમજી શકીએ છીએ, અને વાંચી શકીએ છીએ. અમોએ તે મહાસૂત્રનું અધ્યયન કર્યું નથી પણ માત્ર પોપટીયા જ્ઞાનની જેમ તેનું વાંચન કરેલું છે. અમારા હૃદયમાં તેનું દૃઢીભૂત મનન થયું નથી. ક્ષમા કરો.

દીક્ષાકુમારીએ શાંતિથી જણાવ્યું, હે અનગારો, તમારો પ્રમાદ જોઈ મને અતિશય દિલગીરી થાય છે. એવા પવિત્ર પુસ્તકને સમજવાની શક્તિ પ્રાપ્ત થયા છતાં પણ તમે પ્રમાદથી તે તરફ ઉપેક્ષા રાખોછો. પ્રાપ્ત થયેલા ઉત્તમ સાધનનો ઉપયોગ ન કરવો, એ મોટામાં મોટી મુર્ખતા કહેવાય છે. મુનિઓ, આ તમારી પ્રવૃત્તિ જોઇ મને ઘણોજ ખેદ થાયછે. તમે તમારા ચારિત્રનો જે દુરૂપયોગ કરો છો, તે તમારા જીવનને દુર્ગતિનું કારણ થઈ પડશે. હવે જાગ્રત થાઓ અને બદ્ધ પરિકર થઇ ચારિત્રના જીવનને ચરિતાર્થ કરવા તત્પર થાઓ.

હે મુનિઓ, વળી આ પ્રસંગે મને એક બીજી વાત પણ યાદ આવે છે કે, જે તમારા ચારિત્રને મલિન કરનારી છે. તમોએ સર્વ સંઘની સમક્ષ ખરતર ગચ્છના અને બીજા તમારાજ સંઘાડાના મુનિઓના પ્રવેશોત્સવનેમાટે જે દ્વેષ ભરેલું પ્રવર્તન કર્યું, તે ઘણુંજ અધમ પ્રવર્તન હતું. બીજા યોગ્ય સાધુના માનને ખંડન કરવું, અને તેમની તરફ દ્વેષ દર્શાવવો—એ ચારિત્રધારી મુનિને ઘટતુ નથી. જેવી રીતે તમે

શ્રાવકોના ધર્મગુરૂ છો. તેવી રીતે દરેક મુનિ તેમના ધર્મગુરૂ છે અને દરેક મુનિ તેમને બહુ માન કરવાને યોગ્ય છે. આખા વિશ્વમાં તમારૂં જ માન થાય, સમસ્ત સંઘ તમારીજ સેવા ભક્તિ કરે, તમારાજ પ્રવેશોત્સવ કરે અને તમનેજ આદર આપે-એવું શી રીતે બને ? તમારા જેવા ચારિત્રધારી, વયોવૃદ્ધ, દીક્ષાવૃદ્ધ અને વિદ્યાવૃદ્ધ બીજા ઘણા મુનિઓ આ વિશ્વ ઉપર વિચરતા હશે. તેઓ બધાને છોડી તમારૂં એકનું માન કરવું, એ કેમ બને? હે મુનિઓ, તમારે આવી ક્ષુદ્ર વૃત્તિ રાખવી ન જોઇએ. બીજાનું બહુ માન થાય, બીજાનો ઉપકાર થાય અને બીજાને લાભ થાય, તેમાં તમારે ઇર્ષ્યા નહીં કરતાં સદા પ્રસન્ન રહેવું જોઈએ. તેમ વળી "આ અમારો ગચ્છ, આ અમારો સંઘેડો, આ અમારો શ્રાવક, અને આ અમારો ઉપાશ્રય" એવી ભેદબુદ્ધિ રાખવી ન જોઈએ. સર્વ ઉપર સમાન ભાવ રાખી વર્તવું જોઈએ. "બધા ગચ્છ સરખા છે, બધા શ્રાવકો વીરપ્રભુના ઉપાસક છે—સર્વ જૈન ધર્મની સમાચારી વીરપ્રભુના પરિવારમાંથીજ પ્રવર્તી છે. "આવું વિચારી તમારી મનોવૃત્તિમાં સામ્યતા રાખવી.

દીક્ષાકુમારીના આવા ઉપદેશક વચનો સાંભળી વરિષ્ટ મુનિ અને તેમનો પરિવાર ઘણોજ લજ્જા યુક્ત થઇ ગયો. તેમના મુખ ઉપર ગ્લાનિના અંકુરો સ્ફુરી રહ્યા અને નિ લજતા પ્રસરી ગઇ. ક્ષણવાર પછી વરિષ્ટ મુનિ મંદ સ્વરે બોલ્યા—વર્મેશ્વરી, ક્ષમા કરો. અમે અનાચારના મહા સાગરમાં મગ્ન થઇ ગયા છીએ. અવસર્પિણી કાળના પ્રભાવે અમારી બુદ્ધિને અને અમારા આચારને મલિન કરી દીધા છે. આપ દયાળુ માતા હૃદયમાં દયા લાવી અમને ઉપદેશ આપો. આપના ઉપદેશ વચનો અમારા હૃદય ઉપર ઘણીજ અસર કરે છે.

દીક્ષાકુમારી જરા પ્રૌઢતાથી બોલ્યા—હે યતિઓ, તમારા હૃદયના શુભ પરિણામ જોઇ મને જરા સંતોષ થયો છે. અને હવે ખાત્રી થઇ છે કે, તમને તમારા વિરૂદ્ધ વર્તનનો પશ્ચાત્તાપ થયો છે અને તમે તમારા અનુચિત વર્તનને ધિક્કારો છો. હવે સાવધાન થઇને દશવૈકાલિક સૂત્રનું સાતમું અધ્યયન સાંભળો. એ અધ્યયનનું નામ વાક્યશુદ્ધિ છે. અને તમારામાં વાક્યશુદ્ધિ થવાની જરૂર છે. તેથી એ ઉપયોગી અધ્યયન તમોને સાંભળવા અને મનન કરવા યોગ્ય છે.

મુનિઓએ પ્રસન્નતાથી કહ્યું, મહેશ્વરી, અમારી ઉપર સારી

દયા કરી અમને એજ અધ્યયન સંભળાવો, જેથી અમારા આચારમાં સુધારણા થાય.

દીક્ષાકુમારી—મારી પણ એવી ઈચ્છા છે; કારણકે, થોડીવાર પહેલાં તમે જે કઠોર શબ્દો બોલ્યા હતા, તેવા કઠોર શબ્દો મુનિના મુખમાંથી નીકળવા ન જોઈએ. પણ જો તમે દશવૈકાલિક સૂત્રનું વાક્યશુદ્ધિ નામે સાતમું અધ્યયન મનનપૂર્વક વાંચ્યું હોત તો એવા અનુચિત શબ્દો તમારા મુખમાંથી ન નીકળત, માટે તમારે એ સાતમું અધ્યયન અવશ્ય મનન કરવું જોઈએ. તેથી હું તમને એ અધ્યયનનોજ ઉપદેશ આપું છું, તે એક ચિત્તે સાંભળો—

હે મુનિઓ, જે બુદ્ધિમાન્ મુનિ હોય, તેણે ચાર ભાષાનું સ્વરૂપ જાણવું જોઈએ. અને તેમાંથી સત્યા અને અસત્યામૃષા—એ બે ભાષાનો ઉપયોગ કરવો. અને બાકીની અસત્યા સત્યામૃષા આ બે ભાષાનો ઉપયોગ કરવો નહીં. કદિ સત્ય હોય પણ જે તે દોષવાળી હોય, તો તેવી ભાષા ન બોલવી. અને જે ભાષા સત્યામૃષા તથા મૃષા હોય તે નબોલવી. અર્થાત્ સાધુએ કદિપણ અસત્ય બોલવું નહિ.

હે મુનિઓ. તમે આ વખતે જે કઠોર વચનો બોલ્યા હતા, તેને માટે એ મહા સૂત્ર નીચે પ્રમાણે કહે છે, તે તમે યાદ રાખજો.

" असवरोसं सवंच, अणवज्जमकक्कसं ।

समुप्पेहम संदिद्ध. गिरं जासिज्ज पन्नवं " ॥ १ ॥

" બુદ્ધિમાન્ સાધુએ, પાપ રહિત, અકઠોર, અસત્યામૃષા, સત્ય, પરોપકાર કરનારી અને સંશય વગરની ભાષા બોલવી. "

જે ભાષા બોલતાં કોઇ જાતનું પાપ નથાય, જે ભાષા કોઇને કઠોરન લાગે, જે સાચી હોય, જે બોલવાથી પરોપકાર થતો હોય અને જેમાં કોઈને સંશય રહે નહીં એવી ભાષા સાધુના મુખમાંથી નીકળવી જોઇએ. મુનિઓ, આ ગાથા સર્વદા તમારા લક્ષમાં રાખજો. એ ગાથાના દરેક અક્ષર ઉપર તમે મનન કરી વિચાર કરજો. મુનિની ભાષાનેમાટે સૂત્રકાર કેવું કહે છે? કેવી ભાષા બોલવાનો મુનિનો અધિકાર છે? અને કેવી ભાષાથી મુનિનું મુખ શોભે છે? આ વિષે દરેક મુનિએ દીર્ઘ વિચાર કરવાનો છે. અને વિચાર કરીનેજ ભાષાનોઉચ્ચાર કરવાનો છે.

ઉચ્ચાર કરતાં પણ સાવધાની રાખવાની છે. તમારા મુખ
કમળોથી કાંઇ વાગ્ વિલાસ થાય, તે નિર્દોષ હોવો જોઇએ. મુ
વાણી એ ચારિત્રનું એક સ્વરૂપ છે. ચારિત્ર ધર્મની લક્ષ્મી મુ
વાણીમાં રમી રહે છે.

હે મુનિઓ, જે વસ્તુને તમે જાણતા નહો, તે વસ્તુને આ
મારે કાંઇપણ બોલવું નહીં. તેમજ ભૂત ભવિષ્ય અને વર્તમાન
જે વાત શંકા પડતી હોય, તેને માટે 'આ આમજ છે' એમ
કરી બોલવું નહિ. જો કોઇ જાતની શંકા ન હોય તોજ તેને મા
શ્ચય કરીને કહેવું. તેમાં પણ લાભાલાભનો દીર્ઘ વિચાર કરવો.

હે મુનિઓ, તમારે સત્ય વાણી બોલવામાં પણ વિવેક સાર
કોઈ પણ દૂષિત અથવા ખામી ખોડવાળા માણસને તેની જાત
સત્ય કહેવામાં વિચાર કરવો. કદિ સત્ય કહેતાં તેનું હૃદય દુ:ખા
તેવું સત્ય તેને કહેવું નહિં. તેને માટે શાસ્ત્રૈકાલિક સૂત્રનીચેની
ધા દર્શાવે છે—

"तहेव काणं काणत्ति, पंडगं पंडगत्ति वा ।
वाहियं वावि रोगित्ति, तेणं चोरत्ति नो वए ॥[?]॥
एएणन्नेण अट्ठेणं, परो जेणुवहम्मइ ।
आयारभावदोसन्नू, न तं भासिज्ज पन्नवं" ॥[?]॥

"જે કાણો હોય, તેને કાણો કહેવો નહીં; નપુંસકને નપું
કહેવો નહીં, રોગીને રોગી કહેવો નહીં અને ચોરને ચોર કહેવો
એ અને બીજો એવા અર્થ કે જેથી બીજાનું હૃદય દુ:ખાય, તે
સમાચારીના ભાવદોષ જાણનારા, બુદ્ધિવાન્ સાધુએ કંઇપણ
નહીં. તે સિવાય, ગધેડા, કૂતરા, સુવર વિગેરે નીચ શબ્દોથી કોઇ
લાવવો નહીં. આ અપશબ્દો બોલનારા સાધુઓ જગતમાં નિ
ત્ર બને છે. એટલુંજ નહીં પણ તેઓ ચારિત્રગુણથી ભ્રષ્ટ થઇ જ

હે મુનિઓ, આજકાલ તમારા માંહેલા કેટલાએક મુનિ
ન્યાસ, આચાર્ય, ગણી વિગેરે પદવી ધારણ કરી સાધુસમાજના
કર બન્યા હોય, લોકો તેમનું બહુમાન કરતા હોય, અને ચારિ

રૂપો તેમની જેને આજ્ઞા ઉઠાવતા હોય, તેથી તે લોકોના હૃદયમાં અહંકાર ઉત્પન્ન થાય છે અને તે અહંકારથી તેઓ બહેકી જાય છે. આ વખતે તેમને બોલવાનું ભાન રહેતું નથી. તેઓ અહંકારમાં અંધ થઈ ગમે તેમ બોલે છે, ગમે તેનું અપમાન કરે છે અને ગમે તેવી રીતે પ્રવર્ત્તે છે. હે અનગારો, એવા સાધુઓ ચારિત્રગુણથી રહિત, અનાચારી અને સ્વચ્છંદી સમજવા. તેઓ સાધુ થયા છતાં અસાધુ છે, અનગાર છતાં સાગાર છે અને યતિ છતાં અધમ ગૃહસ્થના જેવા છે. તેવા સાધુઓને શિક્ષણ આપવાને માટેજ હું ભારતવર્ષ ઉપર અવતરી છું. જેઓ યથાર્થ ચારિત્રને પાલનારા અને વાકયશુદ્ધિથી વચન બોલનારા નથી, તેવા સાધુઓનેમાટે મારો આ પ્રવાસ છે.

હે મુનિઓ, દરેક સાધુએ કેવીરીતે વર્ત્તવું જોઈએ ? અને કેવીરીતે ચારિત્રને પાળવું જોઇએ ? એ જાણવાને માટેજ દશવૈકાલિકસૂત્રની રચના થયેલી છે. મહોપકારી મુનિવર સચ્યંભવ સૂરીએ મુનિઓના ઉપકારને માટે એ મહાસૂત્રની યોજના કરી છે. તેના દરેક અધ્યયનની દરેક ગાથા પ્રત્યેક મુનિએ કંઠસ્થ રાખવી જોઇએ. તેમાં ખાસ કરીને સાતમું વાકય શુદ્ધિ અધ્યયન ઘણુંજ ઉપયોગી છે. જૈન મુનિએ કેવી રીતે બોલવું જોઈએ ? એ ઉત્તમ શિક્ષણ તે અધ્યયનમાંથી શીખી શકાય છે. પુરૂષ અને સ્ત્રીની સાથે સાધુએ કેવા વચનો બોલવા જોઇએ? અને કેવા વચનો ન બોલવા જોઇએ ? તેને માટે એ અધ્યયન સ્ફુટ રીતે દર્શાવી આપે છે.

હે મુનિઓ, તમારે સ્ત્રીઓની સાથે ભાષણ કરવુંજ ન જોઇએ. તે છતાં કદિ કોઇ પ્રસંગે જો તેમની સાથે બોલવાનો પ્રસંગ આવે તો સગાઇ વાચક શબ્દોથી તેમની સાથે બોલવું નહિં. જેમકે, માની મા અથવા પિતાની મા, માતાની માની મા અથવા પિતાની માની મા, અંબા, માસી, ફુઈ, ભાણેજી, દીકરી અને દીકરાની દીકરી— એવા સગાઈના નામથી સ્રીઓને બોલાવવી નહિ. તેમ વળી 'હે અજ્જા, હે સ્વામિની, હે શેઠાણી, હે બા—એવા શબ્દોથી તેમને બોલાવવી નહિ. તેમજ હે રાંડ, હે ગોલી, હે શંખિણી, અને હે ચોનટી— એવા અપમાન ભરેલા શબ્દોથી સ્રીઓને બોલાવવી નહિ.

સ્રીઓની સાથે કદિ બોલવુંનહિ, એ સર્વથી શ્રેષ્ટ વાત છે, તથા-

બોલવું ન જોઇએ. બાપો, કાકો, મામો, ફુવો, માસો, અને દાદો વિગેરે નામોથી સાધુએ પુરૂષોને બોલાવવા નહીં, તેમજ સ્વામી, સાહેબ, શેઠ, અન્નદાતા, વિગેરે ખુશામતના વચનોથી પણ પુરૂષોને બોલાવવા નહીં. તેમને તેમના નામથી કે અટકથી બોલાવવા. કોઇને હલકા નામથી બોલાવવા નહીં. હે મુનિઓ, કોઇ તિર્યંચ જાતિ જોવામાં આવે તો તેમને 'આ નર છે કે માદા છે' એ જાણવું નહીં. કદી કોઇ માર્ગમાં પુછે તો તેની જાતિ કહેવી પણ નરમાદા કહેવા નહીં. તેવીજરીતે કોઇ માર્ગ પુછે તો તેને માર્ગનુંજ કહેવું, તે માર્ગ ક્યાં જાય છે? વિગેરે કાંઇ વિવેચન કરવું નહિ. કોઇ માણસ, પશુ, પક્ષી અને સરપોલીયાને "આ માણસ જાડો છે, આ ગાય કે બળદ પુષ્ટ છે, આ હંસ સુંદર છે; આ સર્પ મોટો છે" એમ કહેવું નહીં. તેમજ તેઓ ચરબીવાળા છે, વધ કરવા યોગ્ય છે કે પાક કરવા યોગ્ય છે, એ પ્રકારે બોલવું નહિ. કદી જો કોઇ એવું કારણ આવી પડે તો જે સ્થૂલ પ્રાણી હોય તેને પરિવૃદ્ધ કહેવું, અથવા ઉપચિત કહેવું તેમજ મહાકાય છે એમ કહેવું. સુજ્ઞ સાધુએ "આ ગાયો દોવા લાયક છે, આ બળદો દમવા યોગ્ય છે, અને રથમાં જોડવા યોગ્ય છે" એવી દૂષિત વાણી બોલવી નહિ. કદી પ્રસંગે તે બોલવાનો વખત આવે તો તે વખતે યુક્તિથી ઘટે તેવા શબ્દો વાપરવા. ઉદ્યાન, પર્વત, વન અને મોટા વૃક્ષોને જોઇ સાધુએ આ પ્રમાણે ન બોલવું. "આ મોટા વૃક્ષો પ્રાસાદના સ્તંભ બનાવવાને યોગ્ય છે, આ વૃક્ષો નગરદ્વાર તથા ગૃહદ્વારના તોરણ કરવાને યોગ્ય છે, આ વૃક્ષો વિવિધ પ્રકારના ઘર બાંધવાને યોગ્ય છે, આ વૃક્ષો અર્ગલા તથા વાહાણ બનાવવાને લાયક છે, આ વૃક્ષો રેંટ બનાવવા ઉપયોગી થાય તેવા છે, અને આ વૃક્ષો બધી જાતનાં યંત્રો બનાવવાને યોગ્ય છે." આવી દોષિત ભાષા સાધુએ કદિપણ બોલવી નહિ. કદિ જો તેવો પ્રસંગ આવે તો 'આ ઉદ્યાનો, પર્વતો અને વૃક્ષો દર્શનીય છે' આ પ્રમાણે બોલવું. કદિ કોઇ આંબા વિગેરેના પાકેલાં ફળો જોવામાં આવે તો તે પ્રસંગે દોષિત ભાષા ન બોલતાં પણ યુક્તિથી નિર્દોષ ભાષા બોલવી. તેવી રીતે ઔષધીના વિષયમાં પણ સંભાળીને બોલવું. વળી કદિ માર્ગમાં ચાલતાં નદી આવે તો તે પ્રસંગે સાધુએ એમ ન કહેવું કે, આ નદી પૂર્ણ ભરેલી છે અને શરીરથી તરવા યોગ્ય છે, પણ તે વહાણથી તરવા યોગ્ય છે, એમ કહેવું. તેમજ "આ નદી પ્રાણે કરી

એમ કહી શકે છે. જો પ્રસંગે વનનેમાટે કહેવું પડે તો 'આ વન પ્રયત્ન વડે કપાએલું છે' એમ સાધુ કહીશકે છે. જો સુંદર કન્યા હોયતો તેને માટે સાધુ કહી શકે કે, 'આ સુંદર કન્યા દીક્ષા લેનો તેનું પ્રયત્નથી પાલન કરવું જોઇએ.' આવા વચનો બોલવા તે નિરવદ્ય ભાષણ કહેવાય છે. સાધુએ હમેશાં એવીજ ભાષા બોલવી જોઇએ.

હે મુનિઓ, વળી તમારે કેટલીએક વાત પુછે અથવા ન પુછે તો પણ કહેવી ન જોઈએ. "આ વસ્તુઓમાં આ વસ્તુ સર્વોત્કૃષ્ટ છે, આ ઘણીજ મોંઘી છે, આ વસ્તુ અમુલ્ય છે, આ વસ્તુ બીજે ઠેકાણે મળે તેવી નથી, આ વસ્તુ બરાબર સાફ કરેલી નથી, આ વસ્તુમાં એવા ગુણ છે, કે તેનુ વર્ણન થઇ શકે તેમ નથી અને આ વસ્તુ અપ્રીતિ ઉત્પન્ન કરનારી છે" આવાં વચનો સાધુએ કદિપણ બોલવા ન જોઇએ.

કોઇ સાધુને આવીને કહે કે, 'મે કહેલી આ વાત અમુકને કહેજો' ત્યારે સાધુએ 'એ વાત હું કહીશ' આ પ્રમાણે કહેવું નહીં. તેમજ સાધુએ કોઇની સાથે સંદેશો પણ ન મોકલાવવો કારણ કે, તેમ કરવાથી સંયમધારી સાધુને દોષ લાગે છે—તેને માટે સૂત્રકાર નીચેની ગાથા લખે છે—

" सव्वमेअं वइस्सामि, सव्वमेअंति नोवए ।

अणुवीइ सव्वं सव्वत्थ, एवं भासिज्ज पन्नवं " ॥ १ ॥

" તમે કહેલી વાત હું કહીશ, તું આ વાત અમુકને કહેજે—" આપ્રમાણે સાધુએ બોલવું નહીં. બુદ્ધિમાન્ સાધુએ સર્વ વાત વિચારી ને દોષ ન લાગે એવીરીતે બોલવી. "

મુનિઓ, આ ગાથાના અર્થનો તમારે અતિ દીર્ઘ વિચાર કરવાનો છે. સાંપ્રતકાળે સાધુઓમાં એ ગાથાના અર્થનું ઉલ્લંઘન થાય છે. ઘણાં મુનિઓ પત્ર વ્યવહાર અને સંદેશા ચલાવે છે. પત્રની અંદર સાધુઓ અનેક જાતના વચનો આપે છે, આ કેવો ધર્મ ? આવા ધર્મમાં ચારિત્રનો ગુણ કયાં રહ્યો? હે અનગારો, તમે કદિપણ પત્રવ્યવહારનો દુરાચાર કરશો નહીં. એ દુરાચારથી તમારૂં ચારિત્ર દૂષિત થઇજશે.

હે મુનિઓ, વળી તમારે એક બીજી વાત સર્વદા યાદ રાખવા-

તેમને સાધુ કહેવા અસાધુ કહેવા નહિ. જે જ્ઞાન દર્શનથી સંપન્ન હોય અને સંયમ અને તપમાં તત્પર હોય—તેવા સાધુને સંયમી સાધુ કહેવા.

મુનિઓ, વર્તમાન કાળે કેટલાએક મુનિઓ પક્ષપાત કરી પોતાના રાગીનો જય ઈચ્છે છે અને બીજાનો પરાભવ ઇચ્છે છે. આ પ્રવર્તન ચારિત્રને દૂષિત કરનારૂં છે—મુનિએ સંઘના બખેડામાં પડવું ન જોઈએ. તેમજ કોઈનો પક્ષ કરી બીજાને હરાવવાના ઉપાયો કરવા ન જોઈએ. દરેક શ્રાવક ઉપર સમાન બુદ્ધિ રાખી વર્તવું જોઈએ. તેને માટે સૂત્રકાર નીચેની ગાથા ગાય છે—

" देवाणं मणुआणं च, तिरिआणं च वुग्गहे ।
अमुगाणं जओ होउ, मा वा होउत्ति नो वए " ॥ १ ॥

" દેવ, મનુષ્ય અને તિર્યંચને પરસ્પર લડાઈ થતી હોય, તે વખતે " અમુકનો જય થાઓ અને અમુકનો પરાભવ થાઓ " એમ મુનિએ બોલવું નહીં. "

આ ગાથામાં મનુષ્યને માટે તમારે વિચાર કરવાનો છે. જ્યારે જય અને પરાભવ બોલવાની પણ વાત મુનિને યોગ્ય નથી, ત્યારે તેમાં સામેલ થઈ બખેડો કરવાની વાત તો ક્યાં રહી ? જેઓ એવું પ્રવર્તન કરે છે, તેઓ ખરેખર ચારિત્રથી ભ્રષ્ટ થયેલા ગણાય છે.

હે મુનિઓ, વળી તમારે કુદરતી બનાવ ઉપર પણ વિચારીને બોલવાનું છે. જો પવન ટાઢ, ધૂળ અને ગરમી કરનારો વાતો હોય, તો તમારે એમ કહેવું નહીં કે, અનુકૂળ અને શાંતિ આપનારો પવન ક્યારે થશે ? અથવા ' આવો વાયુ ન વાઓ ' એમ પણ ન કહેવું. જે કામ કુદરતથી થતું હોય; તે ઉપર કોઈ જાતનો વિચાર દર્શાવવો નહીં. કારણ કે, કદિ તમારા કહેવા પ્રમાણે થાય તો જીવોને પીડા થશે અને કદિ તેમ ન થાય તો તમને આર્ત્તધ્યાન થશે. વળી મેઘ વિગેરેને દેવ કહેવો નહીં, કદિ બોલવાનો પ્રસંગ આવે તો ' તે બધા દેવતાઓ નેમિત્ત છે ' એમ કહેવું.

હે મુનિઓ, આ વિષે વિશેષ વિવેચન નહીં કરતાં સંક્ષેપમાં એટલુંજ કહેવાનું છે કે, જે આહાર આદિ –અંદાજ હોય તેવી આપનારા મુ

બધી નીકળવી ન જોઈએ. સત્કાર તેને માટે ઉત્તર નીચેની ઉત્તમ ગાથા પ્રતિબોધે છે, તે તમે સાવધાન થઈ સાંભળો—

" तहेव सावज्जणुमो श्रणी गिरा,

श्रोहारिणी जाय परोवघाइणी ।

से कोहलोहभयहासमाणवो,

न हासमाणो वि गिरं वइज्ज " ॥ १ ॥

"જે વાણી સાવદ્યને અનુમોદન કરનારી હોય, જેમ કે 'આ ગામ બાળ્યું તે ઠીક થયું.' જે વાણી અવધારિણી હોય એટલે 'આ વાત એમજ છે,' અને જે વાણીપર જીવને ઉપઘાત કરનારી હોય, જેમ કે, 'માંસ ભક્ષણ કરવામાં દોષ નથી.' આવી વાણી ક્રોધ, લોભ, ભય અને હાસ્યથી મશ્કરી કરતાં પણ સાધુએ બોલવી નહિ."

મુનિઓ, આ બોધક ગાથાનો સાર તમારા હૃદયમાં સ્થાપિત કરજો અને તેપ્રમાણે વર્ત્તી તમારા ચારિત્ર જીવનને સફલ કરવા પ્રયત્ન કરજો. આ વાક્ય શુદ્ધિ અધ્યયનનો અભ્યાસ કરી તેનું મનન કરજો. હમેશાં વચન શુદ્ધિ રાખી દુષ્ટ વાણીનો ત્યાગ કરજો. તે વચન પરિમિત, અને દોષ રહિત હોય તેવું વચન વિચારીને ઉચ્ચારજો, અને તમારા સંયમ ગુણને વધારવામાં તત્પર રહેજો. તમારા મુનિ જીવનનું મુખ્ય ફલ વાક્ય શુદ્ધિ છે. તમારૂં પ્રવર્ત્તન વાક્ય શુદ્ધિને આધારે રહેલું છે. જ્યાંસુધી તમે વાક્ય શુદ્ધિનો ઉત્તમ ગુણ ધારણ કરશો નહિ, ત્યાંસુધી તમારૂં ચારિત્ર જીવન સર્વ રીતે સફળ થશે નહીં. મહાનુભાવ શય્યંભવસૂરિએ વાક્ય શુદ્ધિ અધ્યયનને અંતે એક બોધક ગાથા ઉચ્ચારેલી છે, તે તમારા મનોમંદિરમાં સ્થાપિત કરજો. સાંભળો—

" परिक्खभासी सुसमाहिइंदिए,

चउक्कसायावगए श्रणिस्सिए ।

स निद्धुणे धुन्नमलं पुरे कडं,

श्राराहए लोगमिणं तहापरं त्तिबेमि" ॥ १ ॥

"જે મુનિ પરીક્ષ્યભાષી હોય એટલે સાવદ્ય નિરવદ્યનો વિચાર

કરીને બોલનારો હોય, સર્વ ઇંદ્રિયોને વશ રાખનારો હોય, ચાર કષાયને રોકનારો હોય અને દ્રવ્ય તથા ભાવ નિશ્રાથી રહિત હોય એટલે કોઈ ઠેકાણે પ્રતિબંધથી રહિત હોય, તે મુનિ પૂર્વે કરેલા પાપ રૂપ મલને દૂર કરી આ લોક તથા પરલોકને આરાધે છે. ”

મુનિઓ, આ ગાથાનો ભાવાર્થ તમારા હૃદયમાં ભાવિત કરજો. અને વાક્ય શુદ્ધિના ઉત્તમ ગુણને ધારણ કરજો. હવે હું અહીંથી બીજે સ્થળે જાઉં છું. આ પ્રમાણે કહી દીક્ષાકુમારી વિરામ પામ્યા, એટલે તે મુનિઓ નીચે પ્રમાણે બોલ્યા—હે ધર્મેશ્વરી, તમે અમારી ઉપર મોટો ઉપકાર કર્યો છે. તમે આપેલો ઉપદેશ અમારા મુનિજીવનને ઘણોજ ઉપયોગી છે. અમે પ્રમાદને વશ થઇ આજસુધી અજ્ઞાન અંધકારમાં પડ્યા હતા. દશવૈકાલિક સૂત્રઆવું ઉપયોગી છે તે અમે જાણીએ છીએ, તે છતાં અમે તે તરફ ઉપેક્ષા રાખતા હતા. એ અમારો કેટલો પ્રમાદ ? કેવી મૂર્ખતા ? મહાનુભાવા, તમોએ અમને ખરેખર જાગ્રત કર્યા છે. એટલુંજ નહીં પણ ચારિત્ર રત્નનો યોગ થયા છતાં તેમાંથી ભ્રષ્ટ થતાં અમોને બચાવ્યા છે. મહેશ્વરી, આપની વાણી સાંભળતાં તૃપ્તિ થતી નથી. હજુ પણ આપના મુખથી બીજો ઉપદેશ સાંભળવાની અમારી મહાન્ ઇચ્છા છે. અમોએ પ્રમાદથી જે ભુલ કરી છે, તેનેમાટે અમો આપની ક્ષમા માગીએ છીએ. અમારા બધા દુષ્કૃત મિથ્યા થાઓ. મહાદેવી, વર્ત્તમાન કાલે અમારો વર્ગ તદન વિપરીત ભાવમાં વર્ત્તે છે. ચારિત્ર ધર્મ ઉપર અવસર્પિણી કાલે ધસારો કર્યો છે. તે મહાન્ કાલ રૂપ લુટારો અમારા ચારિત્ર રૂપ કીંમતી રત્નને લુંટવા તૈયાર થયો છે. આ અવસરે તમારે અમારી રક્ષા કરવી. તમારા પ્રભાવથીજ અમારો ઉદ્ધાર થવાનો છે. તમારી ઉપદેશ વાણી અમારા હૃદયના અંતરપટને ઉઘાડનારી છે. હે ધર્મેશ્વરી, કૃપા કરી તમારી વાણી રૂપી સુધા અમારા કર્ણમાં રેડો અને અમારા ચારિત્ર જીવનને સુધારો.

દીક્ષાકુમારી સસ્મિત વદને બોલી—મુનિઓ, આ વખતે જે ભાવના તમારા હૃદયમાં આવી છે, તેવી ભાવના સર્વદા રાખજો અને તમારા હૃદયના સર્વ મલને દૂર કરજો. કાળનો દોષ કાઢશો નહિ. ગમે તેવો ખરાબ કાલ હોય,'તોપણ તમે જો બદ્ધપરિકર થઇ ચારિત્રને પાલવા તત્પર થશો તો એ વિકરાલ કાળનું બળ તમારી ઉપર ચાલશે નહિ. તમારા ચારિત્રના બળ આગળ કાળનું બળ તુચ્છ છે. મુનિઓ,

આ ખબર સાંભળી મહાદેવી દીક્ષાકુમારી સિદ્ધગિરિના પવિત્ર તીર્થમાં આવ્યા. પવિત્ર ગિરિરાજના શિખરપર વિરાજમાન થયેલા આદીશ્વર પ્રભુના તેણીએ દૂરથી દર્શનકર્યાં. પ્રથમ તેણે તીર્થની રાજધાની પાદલિપ્ત નગરીમાં પ્રવેશકર્યો. એક તરફ નવરંગિત સુંદર ધર્મશાળાઓ, એક તરફ મનોહરચૈત્યો, એકતરફ આનંદ કલ્યાણનું પવિત્ર ધામ, એક તરફ શા. સા. શેઠ વમનજી ખિમજી તથા બેનરશી ખીમશીના પવિત્ર નામથી અંકિત જૈન જ્ઞાન સાગરશાળા, એક તરફ શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારકવર્ગનું રમણીય સ્થાન, એક તરફ વીરબાઈ પાઠશાળા અને એક તરફ બાળાશ્રમ—એમ અનેક પવિત્ર સ્થાનોથી અલંકૃત એવી એ નગરીને જોઈ મહાદેવી અત્યંત હર્ષ પામી. તેણીના પવિત્ર હૃદયમાં આર્હત ધર્મની ઉન્નતિની અલ્પઆશા બંધાણી. મુનિઓના કરતાં ગૃહસ્થોની અંદર ધર્મની લાગણી સારી છે, એવો તેણીને નિશ્ચય થયો. પછી દીક્ષાકુમારી ફરતા ફરતા ગીરિરાજની તળેટીએ આવ્યા. ત્યાં તીર્થયાત્રા કરી નીચે ઉતરતા મુનિઓનો મોટો સમૂહ તેના જોવામાં આવ્યો. જાણે મુનિઓના મહાસમાજ બુદ્ધિપૂર્વક એકઠા થયા હોય, તેમ તે જણાતો હતો. જો કે, આ સમાજ દૈવયોગે એકઠો થઈ ગયો હતો, [illegible] એકઠો થયો હોય. [illegible] મુનિઓ પોતાના [illegible] મુનિ [illegible] હતા. કોઈ જ્ઞાનાભ્યાસી મુનિ [illegible] મુનિઓને જોઈ [illegible] પામતા હતા. કોઈ [illegible] મુનિઓ [illegible] મુનિઓના દર્શન કરી પોતાને કૃતાર્થ માનતા હતા. [illegible] મુનિઓ વિદ્વાન મુનિઓને જોઈ પોતાની [illegible] માનતા હતા. કોઈ વાદી મુનિઓ બીજા મુનિઓની સાથે વાદ કરવાની ચાહના રાખતા હતા. કોઈ દ્વેષી મુનિઓ બીજાના [illegible] જોઈ [illegible] થતા હતા. કોઈ [illegible] મુનિ બીજા મુનિઓનું [illegible] હૃદયમાં [illegible] થતા હતા. કોઈ નાની મુનિ [illegible] પોતાનું [illegible] અભિલાષા રાખતા હતા. કોઈ [illegible] મુનિ [illegible] પોતાના [illegible] પ્રયત્ન કરતા હતા. કોઈ [illegible] મુનિઓ [illegible] પોતાનું [illegible] ઉંચું [illegible] રાખતા હતા. કોઈ [illegible] મુનિઓ પોતાની [illegible] કરતા હતા અને કોઈ સરલ અને વિરક્ત

મુનિઓ સર્વ મુનિમંડળનું અવલોકન કરી હૃદયમાં ઉત્તમ ભાવના ભાવતા હતા.

મુનિઓનો આવો સમાજ એક ઠેકાણે થયેલો જોઈ દીક્ષાકુમારી પ્રસન્ન થઈ અને પોતાના હૃદયની ધારણા પૂર્ણ કરવાની તેને ઇચ્છા ઉત્પન્ન થઈ. તેણી તીર્થગિરિની તળેટી ઉપર આવી ઉભી રહિ અને અદ્રશ્યરૂપે સર્વ મુનિસમાજ સાંભળી શકે તેવી રીતે તે ઉંચે સ્વરે નીચેની ગાથા બોલી—

" तवं चियं संजम जोगयं च,
सज्झाय जोगंच सया अहिट्ठिए ।
सुरेव सेणाइ समत्तमाउहे,
असमप्पणो होइ अलं परेसिं" ॥ १ ॥

આ ગાથાનો ધ્વનિ સર્વ મુનિઓએ એકી સાથે સાંભળ્યો અને તેનો પ્રતિધ્વનિ ગિરિરાજની ગુફાઓમાં ગાજી ઉઠ્યો. તે ધ્વનિ સાંભળતાંજ મુનિઓ ચારે તરફ અંતરીક્ષમાં જોવા લાગ્યા. જ્યારે કાંઈપણ જોવામાં આવ્યું નહીં એટલે તેઓ સાનંદાશ્ચર્ય થઈ ગયા. તેઓમાં જે વિદ્વાન મુનિઓ હતા, તેઓએ એ ગાથા ઓળખી લીધી. અને તેનો ઉત્તમ અર્થ સમજી ગયા અને જેઓ અવિદ્વાન હતા, તેઓ પરસ્પર એક બીજા સામું જોઇ 'આ શું થયું અને શું બોલાયુ' એમ કહી ચિંતવવા લાગ્યા.

ક્ષણવાર પછી મહાદેવી પ્રગટ થઈ તેમની પાસે આવી ઉભી રહી. તેણીના દર્શન કરી મુનિસમાજ ઘણોજ આશ્ચર્ય પામી ગયો. દીક્ષાકુમારીએ ગંભીર શબ્દથી કહ્યું, હે મહર્ષિઓ. તમે બધા આ તીર્થની તળેટી ઉપર આવો. મારે તમને હિતોપદેશ કહેવાનો છે.

દીક્ષાકુમારીના આ વચનો સાંભળી બધા મુનિઓ સંભ્રાન્ત થઈ ગયા. મુનિઓને સભ્રાંત થયેલા જોઈ દીક્ષાકુમારી બોલી— મુનિઓ, સંભ્રાન્ત થશો નહીં. હું દીક્ષાકુમારી નામે દેવી છું. તમારા હિતને અર્થે હું ભારતભૂમિ ઉપર અવતરી છું. કાળ અને પ્રમાદના પ્રભાવથી તમારા માંહેલા કેટલાક મુનિઓના ચારિત્ર દૂષિત થઇ ગયા છે, કેટલાએક પોતાના સદાચારથી વિમુખ થઇ ગયાછે, અને કેટલાકએક તો તદ્દન ભ્રષ્ટચારિત્ર થઈ ગયા છે. તેઓને શિક્ષા આપવાને મારો અવતા-

ર છે. હે અનગારો, આ સમયનો લાભ તમારે અવશ્ય લેવો અને તનમનથી તમારે મારા ઉપદેશને અંગીકાર કરવો. તમારામાંહે ઘણાં વિદ્વાન્ હશે અનેઘણાં શમતાના રાગી હશે તેઓએ પણ મારા ઉપદેશને એક ચિત્તે શ્રવણ કરવો. હે વિદ્વાન્ મુનિઓ, તમે દશવૈકાલિક સૂત્રને વાંચ્યુ હશે, તે મહા સૂત્રની ગાથાઓ ગોખી હશે, પણ તે પ્રમાણે પ્રવર્ત્તન કરનારા ઘણા થોડા હશે. તેથી મારે એજ સૂત્ર ઉપર તમારી સન્મુખ વ્યાખ્યાન કરવાનું છે.

હે અનગારો, હમણાં જે મેં ઉંચા ધ્વનિથી ગાથા કહી સંભળાવી, તે ગાથાનો અર્થ તમારા માહેલા વિદ્વાન્ મુનિઓના જાણવામાં આવ્યો હશે, તથાપિ તે અર્થ પુનઃ કહી સંભળાવવાની હું ઇચ્છા રાખું છું. તે તમે સાવધાન થઇને સાંભળો—

" જે સાધુ અનશન વિગેરે તપ, ષટ્કાયજીવની રક્ષારૂપ સંયમ વ્યાપાર, અને સ્વાધ્યાયને કરનાર છે, તે સાધુ ચતુરંગ સેનાથી જેમ શૂરવીર પુરૂષ રોકાય, તેમ તે ઇંદ્રિય કષાય રૂપ સેનાથી જ્યારે રોકાય છે, ત્યારે તે પૂર્વના તપસ્યા વિગેરે આયુધોથી પરિપૂર્ણ થઇ પોતાના આત્માની રક્ષા કરવાને અને બીજા પોતાના અંતરના શત્રુઓને મારવાને સમર્થ થાય છે."

મુનિઓ, આ ગાથા દશવૈકાલિક સૂત્રના આચારપ્રણિધિ નામના આઠમા અધ્યયનની છે. તેનો અર્થ કેવો ગંભીર છે ? તેનો વિચાર કરો. જ્યારે તમે તેનો હૃદયથી વિચાર કરશો, ત્યારે તમારા સમજવામાં આવશે કે, ચારિત્રધારી મુનિ કેવો સમ વીર છે ? તેના દિવ્ય આયુધો કેવા બળવાન્ છે ? અને તેનું કેવું અતુલિત વીર્ય છે ? હે મુનિઓ, એવા સમર્થ વીર થવાને તમેજ લાયક છો. જ્યારે તમે એવી મહાવીરતા ધારણ કરો નહીં અને ચારિત્રને દૂષિત કરનારી કાયરતા ધારણ કરો, ત્યારે પછી તમારૂં સામર્થ્ય કયાંથી રહે ? તમારૂં શાર્ય અને તમારૂં વીર્ય—એ નિર્દોષ ચારિત્રજ છે.

દીક્ષાકુમારીના આવા વચનો સાંભળી તે મુનિસમાજ માંહેલા કેટલાએક વિદ્વાન્ મુનિઓ ઉંચે સ્વરે બોલ્યા—હે મહેશ્વરી, તમારૂં સ્વરૂપ અમારા જાણવામાં આવ્યું છે. તમારા સ્વરૂપ ઉપરથી અમને નિશ્ચય થાય છે કે, તમે દીક્ષાકુમારી છો, તેમરજી તમારો અવતાર અ-

તાના આચારમાં તત્પર હોય તોજ તે નિર્દોષ વચન બોલી શકે છે,તેથી તે પછી આચારપ્રાણિધિનો અધ્યયનનો આરંભ કરેલો છે પવિત્ર મુનિએ પોતાના આચારમાંજ તત્પર રહેવું જોઇએ. મુનિઓનો પ્રથમ આચાર અહિંસક પણે વર્ત્તવાનો છે. મન, વચન અને કાયાથી મુનિએ કોઇ પ્રાણીની હિંસા ન કરવી જોઇએ. પૃથ્વીકાયની હિંસા ન થાય, તે માટે સાધુએ ભીંત, કાંઠા, પાષાણ, ઇંટ કે ઢેફાને ભાંગવા નહીં. સચિત્ત ભૂમિ ઉપર વચ્ચે કાંઇ પણ આંતરા વિના મુનિએ બેસવું નહિ. જે આસન ઉપર સચિત રજથી ભરેલું હોય તેવા આસન ઉપર પણ બેસવું નહીં. જ્યાં બેસવુ હોય ત્યાં રજોહરણથી પ્રમાર્જીને બેસવું. અપકાય જીવની રક્ષા માટે વરસાદના જળને સેવવુ નહીં. વરસાદના કરા, અને બરફનું સેવન કરવું નહીં. જો નિર્વાહ માટે જળની જરૂર પડેતો તે અચિત્ત જળ વાપરવું. કદિકોઇ વખતે અપ્રાસુક જળથી શરીર ભીંજાઇ ગયુ હોય તો તેને વસ્ત્રથી કે હાથથી લુવું નહીં. અગ્નિકાય જીવની રક્ષા માટે અગારા, દીવાની જ્વાળા અને ઉંબાડીયાના અગ્નિને સ્પર્શ કરી બુઝાવવો નહીં. તેમ તેવા અગ્નિ આમ તેમ હલાવવો નહીં. વાયુકાય જીવની રક્ષા માટે મુનિએ પંખાથી, વસ્ત્રથી કે તાડપત્રથી પવન નાખવો નહીં, વનસ્પતિકાયની યતના માટે કોઇ પણ જાતની લીલોતરીને સ્પર્શ કરવો નહીં તેમ તેની ઇચ્છા રાખવી નહીં, તેમ તેવા લીલોતરીવાળા ભાગનો સંઘટ્ટ કરવો નહીં કે તે પર બેશવું નહીં.

હે મુનિઓ, એ સ્થૂલ વિધિ કહ્યો. હવે સુક્ષ્મ વિધિમાં જે ત્રસકાય જીવ છે, તે વિષે ઘણી યતનાથી વર્ત્તવું. તેમાં આઠ બાબત મુખ્ય છે. ધુંઅર, વડ વિગેરેના સુક્ષ્મ ફુલ, કુંથવા, કીડીના દર, ચોમાસાના લીલન ફુલન, બીજના અંકુરા, સુક્ષ્મ લીલ અને માંખી વગેરેના સુક્ષ્મ ઇંડા—આ આઠ પ્રકારના જીવોનું યતનાથી પાલન કરવું.

હે અનગારો, તમારે હમેશાં કાળના નિયમ પ્રમાણે પડિલેહણા કરવી. પાત્રા, કાંબલ, શંથારો, ઉપાશ્રય ભૂમિ, અને આસનવિગેરેની પડિલેહણા કરવી. તેમજ લઘુનીતિ તથા વડિનીતિ (માત્રા ઠલ્લો) બડખો અને નાક તથા કાનના મળને પ્રાસુક સ્થાનમાં પરઠવવા. જ્યારે તમારે આહાર પાણી લેવા ગોચરીએ જવાનું હોય, ત્યારે તમારે પણ ઘણીજ સંભાળથી વર્ત્તવાનું છે. ગૃહસ્થને ઘેર જઇ ઉભા રહેવું, થોડું

"અવહિત—દીનતા રહિત એવા મુનિ, ક્ષુધા, તૃષા, દુઃશય્યા, (વિષમ ભૂમિ ઉપર શય્યા) ટાઢ, ગરમી, અરતિ, અને ભયને સહન કરે છે; કારણકે, દેહથી ઉત્પન્ન થયેલું દુઃખ સહન કરવું, એ મોટા ફળને—મોક્ષને આપનારૂં છે."

આ ગાથા કેવી બોધક છે? તે સર્વદા સ્મરણમાં રાખી પ્રત્યેક મુનિએ વર્ત્તવાનું છે.

હે મુનિઓ, આજકાલ તમારા માંહેલા કેટલાએક આવા દેહના દુઃખને સહન કરી શકતા નથી. જ્યાં સારા સારા આહારપાણી મળતાં હોય, લોકો તરફથી બહુ માન થતું હોય, તેવા ક્ષેત્રોમાં વિશેષ રહે છે અને પોતાના જ્ઞાનનો લાભ તેમને આપે છે. જ્યાં જૈનપ્રજા ગરીબ હોવાથી જોઈએ તેવા ઉત્તમ આહારપાણી મળતાં ન હોય, તેવા ક્ષેત્રોમાં તેઓ વિચરતા નથી. પણ તેમ થવું ન જોઇએ. એવી રીતે વર્ત્તનારા મુનિઓ પોતાના ચારિત્રને દૂષિત કરનારા છે.

હે મુનિઓ, કદિ તમને ઘણી ક્ષુધા લાગી હોય તો પણ તમારે સૂર્યાસ્ત થયા પછી ચતુર્વિધ આહારને મનથી પણ ઇચ્છવો નહીં. કદિ દિવસે આહાર ન મળે તો મુનિએ કાંઇ પણ બોલવું નહીં. સર્વ સ્થાને સ્થિર રહેવું. ચપળતા દૂર કરવી. કદિ થોડો આહાર મળે તો તેનાથી સંતુષ્ટ રહેવું. અને હલકો આહાર મળે તો પણ મનમાં અસંતોષ રાખવો નહીં; કારણકે, ઉત્તમ મુનિ મિતભાષી અને મિતભોજી હોય છે.

હે અનગારો, મારે તમને એક ખરેખરી વાત જણાવવી છે. તે તમે ધ્યાન દઇને સાંભળજો. આજકાલ તમારા માંહેલા કેટલાક મુનિઓ મોટાઇ લાવે છે. અને પોતે સર્વોત્કૃષ્ટ છે, એમ માની બીજાને ધિક્કારે છે, એ તેમનું પ્રવર્ત્તન અયોગ્ય છે. ઘણાં તો થોડું ધાણું જ્ઞાન થયું એટલે જાણે મોટા વિદ્વાન હોય તેમ વર્ત્તે છે. અને વિદ્વાનના મદથી બીજા તરફ અનાદર દર્શાવે છે. તેઓ વિદ્યાને વધારી શકતા નથી અને વિદ્યાના મદમાંજ પોતાના ચારિત્રને મલિન કરી નાંખે છે. કોઈ પણ મુનિએ જાતિ, તપ અને વૃદ્ધિ વડે કદિપણ મદ ન કરવો. તેમાં ખાસ કરીને વિદ્યાનો મદ કરવોજ નહીં. કારણકે, તેથી જ્ઞાનની વૃદ્ધિ ન થતાં હાનિ થાય છે. અલ્પજ્ઞાનથી મદવાન્ થયેલા મુનિ પોતે પંડિ-

હે મુનિઓ, હવે એક બીજી ખાસ ઉપયોગની વાત છે, તે તમે ધ્યાન દઇને સાંભળો. જેને માટે સૂત્રકાર ઉત્તમ બોધવાળી નીચેની ગાથાઓ ગાય છે—

" वलं थामं च पेहाए, सद्धामारुग मप्पणो ।

खित्तं कालं च विन्नाय तहप्पाणं निजुंजए ॥ १ ॥

जरा जाव न पीडेइ, वाही जाव न वड्डई ।

जा विंदिया न हायंति, ताव धम्मं समायरे" ॥ २ ॥

" સાધુએ પોતાનું બળ, શરીરની શક્તિ, શ્રદ્ધા, અને આરોગ્ય જોઈને, તેમજ ક્ષેત્ર અને કાળને તપાસીને પોતાના કર્ત્તવ્યમાં જો ડાવું." ૧

" જ્યાં સુધી જરાવસ્થા પીડતી નથી, જ્યાં સુધી શરીરમાં રોગ વધતો નથી અને જ્યાંસુધી ઇંદ્રિયો ક્ષીણ થઇ નથી ત્યાંસુધી મુનિએ ધર્મનું આચરણ કરવું." ૨

આ બંને ગાથા તમારે કંઠસ્થ રાખવી જોઇએ. તે ગાથાના અર્થનો બરાબર વિચાર કરી તે પ્રમાણે જો તમે પ્રવર્त्तન કરશો તો તમારૂં ચારિત્ર જીવન કૃતાર્થ થશે અને તમને તમારા સાધુ જીવનનું પૂર્ણ ફળ પ્રાપ્ત થશે. તમે એ વિષે દીર્ઘ વિચાર કરજો. આ ભયંકર સંસારમાંથી મુક્ત થઇ તમે ચારિત્ર માર્ગ શા માટે ગ્રહણ કર્યો ? ગૃહવાસ રૂપ કારાગૃહમાંથી મુક્ત થવાનો તમારો શો હેતુ છે ? અને તમારૂં મુનિ જીવન સાર્થક કરવાનો કયો માર્ગ છે ? એ બધો ખ્યાલ તમારા હૃદયમાં આવવાને માટે આ ગાથાનો અર્થ બસ છે, એજ તમારૂં સર્વોત્તમ શિક્ષણ છે. હે મુનિઓ, તમારે તમારા ચારિત્ર જીવનમાં મુખ્યત્વે કરીને ચાર દોષનો ત્યાગ કરવાનો છે. જ્યાં સુધી એ ચાર દોષનો ત્યાગ કરશો નહીં, ત્યાંસુધી તમારૂં ચારિત્ર, તમારૂં મુનિત્વ અને તમારૂં અનગારત્વ સિદ્ધ થવાનું નથી. તે ચાર દોષ તે ક્રોધ, માન, માયા અને લોભ છે. એ ચાર દોષનો ત્યાગ કરવાથીજ તમારા આત્માનું હિત થવાનું છે—તેને માટે શય્યંભવસૂરિ નીચેની બે ગાથા લખે છે— તે તમારા હૃદય મંદિરમાં સ્થાપિત કરી રાખજો—

હે મુનિઓ, જો તમારામાં ક્રોધનો ઉદય થાય, તો તમે ક્ષમારૂપ ઉપશમ ધારણ કરજો. એ ક્ષમા ગુણથી તમારો ક્રોધ વિનાશ પામી જશે. જ્યારે તમારામાં માનનો ઉદય થાય ત્યારે હૃદયમાં મૃદુતા રાખજો એટલે કોમળતા રાખજો, જેથી માન—અહંકારનો નાશ થઈ જશે. જ્યારે તમારામાં માયા—કપટનો ઉદય થાય, ત્યારે સરળતાનો ગુણ ધારણ કરજો—સરળતાના પ્રભાવથી માયાભાવ નાશ પામી જશે અને જ્યારે લોભનો ઉદય થાય ત્યારે સંતોષ વૃત્તિ રાખજો. સંતોષના પ્રભાવથી લોભ વિનષ્ટ થઈ જશે. એ ઉપાયથી એ ચારે મહાદોષ શમી જશે.

હે અનગારો, જો એ ચાર કષાયના મહાદોષની તરફ ઉપેક્ષા રાખશો તો તેઓ તમારા ચારિત્ર જીવનને મલિન કરી દેશે; એટલુંજ નહીં પણ એ ચારે દોષ તમને આ સંસાર સાગરમાં વારંવાર પાડયાં કરશે. તેને માટે દશવૈકાલીક સૂત્રમાં નીચે પ્રમાણે લખેલું છે—

" चत्तारि एए कसिणा कसाया,

सिंचंति मूलाइ पुणब्भवस्स " ॥ १ ॥

" એ ચારે સંપૂર્ણ કષાયો પુનર્ભવરૂપી વૃક્ષના મૂળને સિંચન કરે છે."

માહાનુભાવ શય્યંભવસૂરિએ એ મહાસૂત્રમાં તેને માટે ઘણું લખ્યું છે અને કષાયોને જિતવાને માટે જુદાજુદા ઉપાયો દર્શાવ્યા છે. વળી તેઓ લખે છે કે,—

" रायणिएसु विणयं पउंजे,

धुवसीलयं सययं न हावइज्जा ।

कुम्मुव्व अल्लीण पलीण गुत्तो,

परक्कमिज्जा तवसंजमंमि " ॥ १ ॥

" જે મુનિઓ ચિરકાળ થયા દીક્ષિતથયા હોય, તેમની તરફ વિનય કરવો. અઢારહજાર શીલાંગરૂપ શીલ વ્રતનો ત્યાગ ન કરવો અને તપ: સંયમમાં કાચબાની જેમ અંગોપાંગને નિયમમાં રાખીને પ્રવર્તવું."

હે મુનિઓ, વળી તે કષાયને જીતવાને માટે એ મહાનુભાવ બી-જા ઉપાયો દર્શાવે છે—મુનિએ વધારે નિદ્રા કરવી નહીં. અતિ હાસ્ય કરવું નહીં, અને એકાંત વાર્ત્તા કરવી નહીં. હમેશાં સ્વાધ્યાયમાં ત-ત્પર રહેવું. પવિત્ર મુનિએ પોતાના મન, વચન અને કાયાના વ્યાપાર રૂપ ત્રણ યોગને ક્ષમા વિગેરે દશગુણવાળા શ્રમણ ધર્મમાં જોડવા. હ-મેશાં પ્રમાદ નહીં પામતા ઉત્સાહ રાખવો, એવી રીતે વર્ત્તનાર મુનિ જ્ઞાન પ્રમુખ વસ્તુના લાભને પ્રાપ્ત કરે છે. વળી મુનિએ બહુશ્રુત વૃદ્ધ મુનિની સેવા કરવી અને તેમની પાસે ઉપયોગ રાખી જિતેંદ્રિય થ-ઈ બેસવું. વળી આચાર્યની પાસે હમેશાં વિનયથી બેસવું, તેમની પડખે તથા આગળ ન બેસવું, પછવાડે બેસવું અને પગ ઉપર પગ ચડા-વીને ન બેસવું. ગુરૂની સાથે પુછ્યા વગર બોલવું, નહીં, ગુરૂ બોલતા-હોય ત્યારે વચમાં ન બોલવું, તેમની પાછળથી નિંદા ન કરવી. જે ભાષા બોલવાથી ગુરૂને કોપ ચડે તેવી ભાષા બોલવી નહીં; એટલે ઉભય લોક વિરૂદ્ધ ભાષા ન બોલવી. ગુરૂની પાસે જેબોલવાનો પ્ર-સંગ આવે તો જે વાત પોતે દીઠી હોય, તેટલી કહેવી. થોડી, શંકા વગરની, ખુટ્ટી, પરિચયવાળી, અને ઉદ્વેગ ન થાય તેવી ભાષા ઉંચેથી નહીં તેમ નીચેથી નહીં એમ બોલવી.

હે મુનિઓ, વર્ત્તમાનકાળે કેટલાએક પંડિત માની મુનિઓ બી-જા સાધારણ મુનિની મશ્કરી કરે છે, તે ઘણુંજ અનુચિત છે. કોઇ મુ-નિ અલ્પબુદ્ધિવાન હોય અને કોઇ મહાબુદ્ધિવાન્ હોય, તે ઉપરથી સામાન્ય બુદ્ધિવાળા મુનિની નિંદા ન કરવી જોઇએ. એ દુરાચાર ગ-ણાય છે અને એથી ચારિત્ર દૂષિત થાય છે. તેમજ કોઈ મુનિ અભ્યા-સમાં ચુકી જાય અથવા વ્યાકરણ સંબંધી કોઈ જાતની ભુલ કરે તો તે મુનિનું ઉપહાસ્ય કરવું નહીં. તેને માટે શય્યંભવસૂરિ નીચેની ગા-થા લખે છે—

" आयारपन्नतिधरं, दिट्ठिवाय महिज्जगं ।

वायविक्खलिअं नच्चा, न तं उवहसे मुणी " ॥ १॥

" આચારાંગ, ભગવતી અને દષ્ટિવાદ એટલે પ્રકૃતિ, પ્રત્યય, લોપ, આગમ, વર્ણ વિકાર વિગેરેને ભણેલા મુનિ જો તેમાં સ્ખલિત થાય તો મુનિએ તેમની મશ્કરી ન કરવી."

હે મુનિઓ, વળી તમારે બીજી એક વાત લક્ષમાં રાખવાની છે કે, આજકાલ ઘણાં ગૃહસ્થ શ્રાવકો વહેમી હોય છે, તેથી તેઓ એમ સમજે છે કે, મુનિઓ મંત્ર ઔષધને જાણનારા હોય છે અથવા કોઈ જાતની સિદ્ધિવાળા હોય છે, આવું જાણી તેવા સ્વાર્થને લઈને તેઓ તમારી સેવા કરવાને તત્પર થાય છે. પણ તમારે તેમના સ્વાર્થને ઉત્તેજન ન આપવું. જ્યોતિષ, સ્વપ્ન, યોગ, મંત્ર, તંત્ર વિગેરે વહેમ ભરેલી વિદ્યામાં તમારે જોડાવું નહીં. કદિ તમે જાણતાં હોવો તે વિષે લોકોને કાંઈ કહેવું નહીં. તેને માટે શાસ્ત્રકાર નીચેની ગાથા લખે છે—

"नक्खत्तं सुमिणं जोगं, निमित्तं मंत भेसजं ।

गिहिणो तं न आइक्खे, भूआहिगरणं पयं" ॥ १ ॥

"કોઈ ગૃહસ્થ પુછે તો પણ સાધુએ નક્ષત્ર, સારા નરસાં સ્વપ્ન, વશીકરણ વિગેરે યોગ, ભૂત ભવિષ્ય, મંત્ર અને ઔષધ કહેવા નહીં; કારણકે, તે કહેવાથી હિંસા થવાનો સંભવ છે"

આ ગાથાનું મનન કરી તમારે સર્વથા વર્તવાનું છે. આજકાલ જે નાસ્તિક લોકો ચારિત્રભ્રષ્ટ થાય છે, તેનું કારણ પણ એ વિદ્યા છે. મંત્ર, તંત્ર અને ઔષધના ઉપચારથી લોકોમાં ભૂતવિદ્યા કરનારા સાધુઓ પોતાના ચારિત્રધર્મથી અને બુદ્ધિધર્મથી—બંનેથી ભ્રષ્ટ થઈ જાય છે. એ ઉભય ભ્રષ્ટ નાસ્તિકોની દુર્ગતિ થવાની છે. તેથી તમારે એ ભૂતવિદ્યાથી દૂર રહેવું, કદિ જો એ સત્યવિદ્યા તમારા જાણવામાં આવી હોય તો તમારે માત્ર જાણીતી રાખી રહેવું, લોકોમાં તેનો પ્રચાર કરવો નહીં.

હે મુનિઓ, આ સિવાય તમારે માટે બીજા ઘણાં નિયમો જાણવાં જેવાં છે, તે તમારે લક્ષમાં રાખવા. તમારે રહેવાનું સ્થાન ખાસ યોગ્ય રાખવું. જે તમારા વસતિ સ્થાનમાં બીજા સાધુ ન હોય તો તમારે સ્ત્રીઓનો પરિચય રાખવો નહીં. કારણકે, તેથી ઘણા દોષ ઉત્પન્ન થાય છે. એ સિવાય જાણવું તો ગૃહસ્થોની સાથે અધિક પ્રસંગ ન રાખવો. તેમાં પણ અતિ પ્રસંગ ન રાખવા. અતિ પ્રસંગ સાધુની કીર્તિ [illegible]—ગૃહસ્થની સાથે રાખવો નહીં. તેને માટે શાસ્ત્રકાર [illegible] નીચે પ્રમાણે જણાવે છે.

હે મુનિઓ. તમે આવા પણ એ પ્રાચીન મહાર્ષિઓનાજ પરિવાર છો. તમારા ગુરૂઓથી પરંપરા શ્રી વીર પ્રભુના ચરણકમળ સુધી પોહોચે છે. અને એથીજ તમે જ્ઞાન પુત્ર કહેવાઓ છો. માટે તમારે તમારા શુદ્ધ ધર્મને અનુસરીને પ્રવર્ત્તવું જોઇએ.

હે અનગારો, આજે એકઠો થયેલો તમારો ભવ્ય સમાજ જોઇ મને અનિવાર્ય આનંદ થાય છે. તમે આ પવિત્ર તીર્થભુમિમાં એકઠા થયા છો અને પવિત્ર ગિરિરાજની છાયાના આશ્રિત થયા છો, તો આ સમય તમારા કર્ત્તવ્યની પ્રતિજ્ઞા કરવાનો છે. આ સ્થળે તમે જેજે નિયમ લેશો તે નિયમ ભારતની [illegible] જૈન [illegible] ના ઉદયને માટે થઇ પડશે. તમારા [illegible] અને તમારી ભાવનાનું શુદ્ધ સ્વરૂપ આ તીર્થસ્થળમાં પ્રકાશવું જોઇએ. હવે મારો ઉપદેશ સમાપ્ત થાય છે. મારા ઉપદેશે તમારા હૃદય ઉપર શી અસર કરી છે? તે પ્રત્યક્ષ જોયા પછી મારે અહીંથી જવાનું છે.

દીક્ષાકુમારીના આવા વચન સાંભળી તે મુનિઓ ક્ષણવાર શાંત થઇ બેશી રહ્યા. કોઇના મુખમાંથી કાંઇપણ વાણી વિલાસ થયો નહીં. મુનિ સમાજમાં ક્ષણ અને સાત્વી શાંતિ પ્રસરી ગઇ.

આ વખતે એક શાંત સ્વરૂપ વૃદ્ધ મુનિએ ઉભા થઇને કહ્યું, "મહેશ્વરી, આપના મુખથી ઉપદેશામૃતનું પાન કરી અમે અત્યંત તૃપ્ત થયા છીએ. આપ મહાનુભાવાએ આચાર પ્રણિધિ અધ્યયનનું જે સંક્ષેપમાં વ્યાખ્યાન આપ્યું, તે સાંભળી અમારાહૃદય પરમ સંતુષ્ટ થઇ ગયા છે. હે ધર્મમાતા, આપનો અમારી તરફ અનિર્વચનીય ઉપકાર થયો છે. આપનો અવતાર અમારા ઉદ્ધારને માટે યથાર્થ છે. વર્ત્તમાનકાળે જૈન મુનિઓમાં જે અનાચારનો અંધકાર પ્રસરિ ગયો છે, તેને દૂર કરવાને આપના ઉપદેશનો પ્રકાશ પૂર્ણ રીતે સમર્થ છે. આ વખતે અમોને આ તીર્થયાત્રાનું ફળ આપના ઉપદેશથીજ પ્રાપ્ત થયું છે."

આટલું કહી એ મહા મુનિએ સર્વ મુનિઓને ઉદ્દેશીને કહ્યું, "પ્રિયમુનિવરો, આ કૃપાળુ મહેશ્વરીના અપાર ઉપકાર તરફ જોઇ આપણે એવો નિયમ ગ્રહણ કરો કે જેથી એ પવિત્ર મહાનુભાવાને હૃદયમાં સંતોષ થાય. જ્યાંસુધી આપણે આ મહેશ્વરીના હૃદયને સંતોષ આ-

પીશું નહીં, ત્યાં સુધી આપણે તે મહાદેવીના યાવજ્જીવિત ઋણી છીએ."

તે વૃદ્ધ મુનિના એવા વચન સાંભળી સર્વ મુનિઓ એકે અવાજે બોલી ઉઠ્યા, "જેવી રીતે એ મહેશ્વરી પ્રસન્ન થાય, તેવી રીતે નિયમ ગ્રહણ કરવાને અમે તૈયાર છીએ."

મુનિઓના આવા ઉત્સાહિત વચનો સાંભળી દીક્ષાકુમારી આનંદ પૂર્વક બોલ્યા—"મુનિઓ, જો તમારી ઇચ્છા હોય તો આ પવિત્ર તીર્થની સમક્ષ એવો નિયમ ગ્રહણ કરો કે, " આજથી તમારે બધાએ ઐક્યતાથી વર્તવું. ગચ્છ તથા સંઘાડાના કશો ભેદ રાખવો નહીં. તમારા ગચ્છના તેના નામે જે સમાચારી દર્શાવી હોય તે પ્રમાણે વર્તવું. વીરપ્રભુના તમે એકજ પુત્રો છો, એમ માની પરસ્પર સંપની વૃદ્ધિ કરવી. કોઇ મુનિએ કોઇ મુનિ ઉપર રાગદ્વેષ રાખવા નહીં. નાનાઓએ મોટાનું માન રાખવું. કોઇનો અવર્ણવાદ બોલવો નહીં." જો તમે આવો નિયમ ગ્રહણ કરશો તો મને ઘણોજ સંતોષ થશે. અને તેથી હું મારા અવતારને સર્વ રીતે કૃતાર્થ માનીશ."

દીક્ષાકુમારીના આ વચનો સાંભળી સર્વ મુનિઓએ તેમ કરવા અંગીકાર કર્યું. પછી મહાનુભાવા દીક્ષાકુમારીએ સર્વ મુનિઓને પ્રત્યાખ્યાનના વિધિથી તે નિયમ ગ્રહણ કરાવ્યો. અને ઉંચે સ્વરે આદીશ્વર ભગવાનનો જય ધ્વનિ કર્યો. તે પછી પ્રસન્નહૃદયા દીક્ષાકુમારી સાનંદહૃદયા થઇને બોલ્યા—હે અનગારો, તમારા આ પ્રવર્તનથી હું ઘણીજ પ્રસન્ન થઇ છું. તમે એક સંપ કરવાનો જે નિયમ ગ્રહણ કર્યો છે. તે નિયમ તમારા ચારિત્રની અને તમારા કર્તવ્યની ઉન્નતિ ને આપનારો થઇ પડશે. ભવિષ્યમાં તમે અને તમારો પરિવાર સુખ સમાધિથી ઇષ્ટ ફલને સંપાદન કરશો. જો તમારામાં ઐક્ય હશે તો તમે ભારતવર્ષની જૈન પ્રજાને ધર્મની તથા કર્તવ્યની સારી આબાદીમાં લાવી શકશો. તમારી ઐક્યતા એક ખરેખરી કલ્પલતા છે. એ કલ્પલતા ગૃહિ ધર્મ અને યતિ ધર્મના મનોવાંછિત ફલ આપશે. હવે હું સંતુષ્ટ થઇ મારા અવતારની અને પ્રવાસની સાર્થકતા થયેલી માની બીજે સ્થલે જાઉં છું. છેવટે મારે તમને એક સૂચના આપવાની છે, તે તમે ધ્યાન દઇને સાંભળજો. "વર્તમાન કાળ ઘણો વિપરીત ચાલે છે.

ભારતની રાજ્ય લક્ષ્મી અને વ્યાપાર લક્ષ્મી વિદેશી છત્ર નીચે રહેલી છે, તેથી આપણી જૈન પ્રજા પરાધીન પણે વ્યાપારકલા પ્રસારે છે, તે અપૂર્ણ અને અનિર્ધારિત વ્યાપારકલાથી જોઈએ તેવો લાભ આપણી જૈન પ્રજા મેળવી શકતી નથી, તેથી જૈન પ્રજાનો ઘણો ભાગ દુસ્થિતિમાં આવી પડયો છે. આવે વખતે તમારે ધનાઢય જૈન વર્ગને શ્રાવક ક્ષેત્રની પુષ્ટિને માટે અતિ ઉપદેશ આપવાનો છે. જેમ બને તેમ એ ઉપયોગી ક્ષેત્રને સારા પોષણની જરૂર છે. જો પ્રથમના શ્રાવકક્ષેત્રનો ઉદ્ધાર નહીં થાય તો પછી બીજા ક્ષેત્રોનો મહાન્ ઉદ્ધાર થવો મુશ્કેલ છે, કારણ કે, સર્વ ક્ષેત્રોનું મૂલ શ્રાવક ક્ષેત્ર છે. તે પછી બીજે દરજ્જે જ્ઞાન ક્ષેત્રનો ઉદ્ધાર કરવા પ્રયત્ન કરજો. તે ક્ષેત્ર પણ સર્વથી વિશેષ ઉપયોગી છે. જ્ઞાન ક્ષેત્રની પુષ્ટિમાં શ્રાવકક્ષેત્રની સ્વાભાવિક ઉન્નતિ રહેલી છે." આટલું કહેતાંજ એ મહાદેવી અકસ્માત્ અદ્રશ્ય થઈ ગયા. મુનિ સમાજ એ દિવ્ય મૂર્તિના પુન: દર્શન કરવાને ચારે તરફ જોવા લાગ્યો, પણ એ દિવ્ય મૂર્તિ તેમની દૃષ્ટિ ગોચર થઇ નહિ. મુનિઓ તલેટીની ભૂમિ ઉપર તીર્થ વંદના કરી પોત પોતાને સ્થાને ચાલતા થયા. માર્ગમાં ચાલતા મુનિસમાજની અંદર દીક્ષાકુમારીનીજ વાર્તા ચાલવા લાગી.



પ્રવાસ ૯ મો.



એક વિશાળ નગરીમાં જિનાલયની અંદર એક ભાગમાં જન સમૂહ ભેગો થયો હતો. તેમાં મહાન્ કોલાહલ થઈ રહ્યો હતો. કોઇ ઉંચે સ્વરે બોલી બીજાને તેજસ્વી કરતા હતા. કોઈ ગંભીરતાથી બીજાને શાંત કરતા હતા, કોઇ પક્ષપાત કરવા આગળ આવતા હતા, કોઇ તેજસ્વી થઇ ગ્લાનિ પામી ચાલવા લાગતા હતા અને કોઇ ઉદામ થઇ બીજાને હરાવા પ્રયત્ન કરતા હતા. ઘણીવાર આવું બન્યા પછી એક અગ્રણી પુરૂષ બેઠો થયો અને તેણે ઉંચો હાથ કરી સર્વને પ્રાર્થના કરી જણાવ્યું, "સાધર્મિ બં-

તે તરૂણ મુનિના વૃદ્ધ ગુરૂને કહીએ અને પોતાના દુરાગ્રહી શિષ્યને સમજાવાની વિનતિ કરીએ." પછી સંઘના અગ્રેસરો એકત્ર થઈ ઉપાશ્રયે આવ્યા અને વૃદ્ધ ગુરૂને વંદના કરી આગળ બેઠા. ગુરૂને સુખશાંતા પુછયા પછી સંઘના નાયકે વિનયથી કહ્યું, "મહારાજ, આપના શિષ્યને સમજાવો અને તે સંતાડેલા શ્રાવકના બાળ પુત્રને દીક્ષા ન આપે તેવી આજ્ઞા કરો." સંઘના નાયકની આવી વિનંતિ સાંભળી વૃદ્ધ ગુરૂ વિચારમાં પડયા, કારણ કે, તેઓ ઘણાં વિદ્વાન્, દેશકાળને જાણનારા અને ચારિત્રના સ્વરૂપને સમજનારા હતા. વૃદ્ધ ગુરૂએ વિચાર કરીને કહ્યું, "શેઠજી, તમારૂં કહેવું યથાર્થ છે. પણ એ મારો શિષ્ય મારા તાબામાં નથી. તે ઉચ્છૃંખલ છે. જો હું તેને કહીશ તો તે વધારે આગ્રહી થશે અને પોતાનું ધાર્યું કરશે. મને એ શિષ્યથી જરાપણ સંતોષ નથી. એવા ઉન્મત્તને દીક્ષા આપી મને ઘણો પશ્ચાતાપ થાય છે. જે મુનિઓ અધિકાર જોયા વગર જેને તેને મહાવ્રત આપે છે, તેમને પસ્તાવું પડે છે. શ્રાવકજી, હું સારી રીતે જાણું છું કે, એવા અનુચિત શ્રાવકના બાળકને સાહસ કરી દી. । ન આપવા જોઈએ. એવો અજ્ઞ બાળક મહાવ્રતના સ્વરૂપને શી રીતે સમજી શકે ? તેનામાં જ્ઞાન, વૈરાગ્ય અને આચાર ક્યાંથી હોય ? તેમ છતાં કદિ તેનામાં એ બધા ગુણો રહેલા હોય પણ જો તે દીક્ષા લેવાની સ્થિતમાં ન હોય તો તેવાને દીક્ષા આપવી યોગ્ય નથી. જે બાળકના વૃદ્ધ માબાપ નિરાધાર હોય, જેમને વૃદ્ધાવસ્થામાં પુત્રની સેવાની જરૂર હોય અને જેના ઉપર કુટુંબના પોષણના પોષણના આધાર હોય, તેવા બાળકને વડિલની આજ્ઞા વિના દીક્ષા આપવા અનુચિત છે."

વૃદ્ધ મુનિના આ વચન સાંભળી સંઘના આગેવાનો પ્રસન્ન થઇ ગયા. અને તે મહામુનિના સદ્વિચારને તેમણે હૃદયથી અભિનંદન આપ્યું. પછી એક ગૃહસ્થે નમ્રતાથી જણાવ્યું, "મહાનુભાવ, આપના વિચાર જાણી અમને ઘણુંજ સંતોષ થયો છે. જો વર્त्तમાનકાળે આપના જેવા વિચાર ધરાવનારા બધા મુનિઓ હોય તો આર્હત ધર્મનો મહાન્ ઉદય થાય અને ચારિત્રનો મહાન્ વિજય થાય એ નિઃસંદેહ વાર્त્તા છે. હે પૂજ્યગુરૂ, હવે આપ કૃપા કરી આપના શિષ્યને બોધ આપી સમજાવો, નહીં તો આ તીર્થરૂપ સંઘમાં વિક્ષેપ થશે. આપત્તિને વખતે સંઘે સાધુને અને સાધુએ સંઘને સહાય કરવી જોઈએ.

છું, તે વિષે આપને જાણવાની શી જરૂર છે? જો તમારે મને સાથે ખપે હોય તો ભલે નહીં તો મારે તમારી સાથે રહેવાની જરૂર ન હું એકાકી વિચરીશ. જો મારામાં હૈવત હશે તો હું ગમે ત્યાં જ ત્યાં મને આહારપાણી મળી રહેશે. મારે કાંઇ તમારી દરકાર ન તેમ વળી મારામાં એવું સામર્થ્ય છે કે, હું તમારાથી વધારે ચેલા કરી શકીશ. ધનાઢય શ્રાવકોનાં ઘણાં છોકરાઓ મારી પાસે દીક્ષા વાને તૈયાર છે. હું જો તમારાથી જુદો પડી સ્વતંત્ર બનું તો મારે [ઓનો મોટો પરિવાર થશે. ”

તે તરૂણ મુનિના આવા ઉદ્ધત વચનો સાંભળી તે વૃદ્ધ મુનિ ક બોલી શક્યા નહીં. પેલા સંઘના આગેવાનો પણ કાંઈ બોલી કયા નહીં. આ વખતે અદ્રશ્યરૂપે રહેલી દીક્ષાકુમારીએ પોતાના નમાં વિચાર્યું કે, આ તરૂણમુનિ ખરેખર અવિનયી છે. પોતાના પૂ ગુરૂની સામે તે કેવા અમર્યાદિત વચનો બોલે છે? આવા ઉન્મત્ત મુ ઓને શિક્ષા આપવી—એજ મારૂં કર્ત્તવ્ય છે. આવું ચિંતવી— મહાદેવી ઉંચેસ્વરેથી નીચેની ગાથા બોલી—

“ सिश्रा हु सीसेण गिरिं वि भिंदे,
सिश्रा हु सीहो कुविश्रो न जक्के ।
सिश्रा न भिंदिज्ज वसत्ति अग्गं,
न श्रावि मुक्खो गुरुहीलणाए ” ॥ १ ॥

“ કદિ વાસુદેવ જેવા કોઈ સમર્થ પુરૂષ મસ્તકવડે પર્વતને ભેદ નાખે, કદાચિત્ કોપ પામેલો સિંહ મંત્રવિશેષના પ્રભાવથી ભક્ષણ ક નહિ અને કદાચિત્ દેવના અનુગ્રહથી તીક્ષ્ણ શક્તિ લાગુ પડે નહિ —આ વાત કદાચિત્ બની શકે પણ ગુરૂની હીલણા કરી હોય તે મોક્ષ તો થનોજ નથી. ”

આ ગાથા સાંભળતાંજ બધાઓ ચકિત થઇ ગયા. દિશાઓમાં ચારે તરફ જોવા લાગ્યા, પણ કોઇ વ્યક્તિ જોવામાં આવી નહિ. ક્ષણ વાર પછી દીક્ષાકુમારી પોતાના શરીરની કાંતિથી ઉપાશ્રયની ભૂમિ ને પ્રકાશિત કરતાં પ્રગટ થયાં. તે દિવ્યમૂર્તિને જોઇ પેલા વૃદ્ધ મુનિ, તે મનો તરૂણ શિષ્ય અને સંઘના અગ્રેસરો ચકિત થઇ ગયા. તે અતિ-

રહ્યો. તે વખતે વૃદ્ધ મુનિ અંજલી જોડી બોલ્યા-મહાદેવી, આપનું સ્વરૂપ જ્યારે અમારા અંગમાં છે તે ઊપરથી મારા જાણવામાં આવ્યું છે કે, આપ પોતેજ દીક્ષાકુમારી છો. મહાદેવી, આ મુગ્ધમુનિ ઉપર કૃપા કરો અને તેને ક્ષમા આપો. દયાળુમાતા પિના છોકરાના અપરાધ ગણતાં નથી. વૃદ્ધ મુનિનાં આવાં વચન સાંભળી દીક્ષાકુમારી પ્રસન્ન થઈને બોલ્યાં—મહામુનિ, તમારા પવિત્ર હૃદયને અતિશય ધન્યવાદ ઘટે છે. જે આ શિષ્ય ક્ષણવાર પેહેલા તમારો અવિનય કરતો હતો, તેવા શિષ્ય ઉપર અભાવને બદલે ભાવ જોઇ મને ઘણોજ આનંદ થાય છે. આ વખતે આપનો સુંદર શાંતસ્વભાવ જોઇ મને આર્હતધર્મના પ્રાચીન મુનિઓનું સ્મરણ થઈ આવે છે. પૂર્વકાળે પવિત્ર જૈન મુનિઓ આપના જેવા દયાળુ હતા. અને તેથી ભારતવર્ષની આર્ય પ્રજામાં આર્હતધર્મનો ઉદ્યોત થઈ રહ્યો હતો. મહામુનિ, તમારા જીવનને અને ચારિત્રને ધન્ય છે. હું આજે ઘણો સમય થયા ભારતભુમિ ઉપર પ્રવાસ કરૂં છું. આઠ પ્રવાસ પુરા કરી આ મારો નવમો પ્રવાસ છે. આ પ્રવાસમાં મને જે સંતોષ મળ્યો છે. તેવો સંતોષ બીજા કોઈ પ્રવાસમાં મળ્યો નથી.

જ્યારે મારો આર્યભુમિપર અવતાર થયો ત્યારે તરત મને એક મહા મુનિએ સંતોષ આપ્યો હતો. જે મુનિ સુધાવિજયના નામથી પ્રખ્યાત છે. દશવૈકાલિક સૂત્રના અભ્યાસી અને તે પ્રમાણે પ્રવૃત્તિ કરનાર મુનિ સુધાવિજયના દર્શનથી સંતોષ પામી હું પ્રવાસ કરવા નીકળી હતી. તે પછી આજે આ નવમા પ્રવાસમાં મને સંતોષ થયો છે. હે મહામુનિ, તમારૂં શું નામ છે? અને તમારે આ એકજ શિષ્ય છે કે બીજા શિષ્યો છે?

વૃદ્ધ મુનિએ ગંભીર વાણીથી કહ્યું, મહાદેવી, મારૂં નામ અમૃતવિજય છે. મારે ચાર શિષ્યો છે. તેઓમાં આ નવદીક્ષિત લઘુ શિષ્ય છે.

મુનિનું નામ સાંભળતાંજ મહાદેવી પ્રસન્ન થઈને બોલી—વાહ, જેવું નામ તેવાજ ગુણ છે. અમૃતથી કોને સંતોષ ન થાય? સુધા અને અમૃત એ બંને એકજ નામ છે અને તેથીજ સુધાવિજય અને અમૃતવિજય બંને અમૃત ગુણવાળા નામથી સંતોષ આપે તેમાં શું

આશ્ચર્ય છે ? હે વૃદ્ધ મુનિ, કહો, આ તમારા અવિનીત શિ
શિક્ષા કરવી છે ? કારણ કે, અવિનીત શિષ્યો શિક્ષા વગર
નથી.

વૃદ્ધ મુનિએ નમ્રતા પૂર્વક કહ્યું, મહેશ્વરી, તે શિષ્યને
હીં કરતાં મનેજ શિક્ષા કરો કારણ કે, તેની સાથે હું પણ અપરા

દીક્ષાકુમારીએ આશ્ચર્યથી કહ્યું, મહામુનિ, તમે શેના
ધી ? આ તમારો શિષ્યજ અપરાધી છે.

વૃદ્ધમુનિ—મહેશ્વરી, ગુણ દોષની પરીક્ષા કર્યા વગર મેં
અવિનીત યુવાનને દીક્ષા આપી એથી હુંજ અપરાધી છું. દીક્ષા
પનાર મુનિએ પાત્રાપાત્રનો વિચાર કરવાનો છે, “ આ શ્રાવક દી
આપવાને પાત્ર છે કે અપાત્ર છે ” એ બધો વિચાર કર્યા પછી
એ દીક્ષા આપવી જોઈએ. મેં એવો વિચા...
નીતને દીક્ષા આપી ...

દીક્ષાકુમારી—હે તરૂણ મુનિ, તું આ શાંતમૂર્તિ કૃપાળુ નિના હૃદયનું અવલોકન કર. તારો અવિનય મનમાં જરાપણ ન લાવતાં તારી ઉપર કેવો શુદ્ધ પ્રેમ દર્શાવે છે. હે પ્રમત્ત, આવું શિક્ષ તારે શીખવાનું છે એવા શિક્ષણથીજ તારૂં જીવન અને ચારિત્ર ઉ તિમાં આવશે.

તરૂણમુનિ—ધર્મમાતા, આપના વચન યથાર્થ છે, મારા અ નુતાપિત હૃદયમાં એ શિક્ષણનું પ્રતિબિંબ પડી રહ્યું છે.

દીક્ષાકુમારી—હે તરૂણમુનિ, તમે શો અભ્યાસ કર્યો છે?

તરૂણમુનિ—મેં સંસ્કૃત અને માગધી ભાષાનો અભ્યાસ ક ર્યો છે. અને તેથી હું જૈનસાહિત્ય વાંચવાને સમર્થ થયો છું.

દીક્ષાકુમારી—તમે કોઈ સૂત્ર ગ્રંથો વાંચ્યા છે?

તરૂણમુનિ—હા, એક બે ગ્રંથો વાંચ્યા છે, પણ તે અપૂર્ણ વાંચ્યા છે.

દીક્ષાકુમારી—તમે દશવૈકાલિકસૂત્ર વાંચ્યું છે?

તરૂણમુનિ—હા, તેના છ અધ્યયનો વાંચ્યા છે.

દીક્ષાકુમારી—તે છતાં આવો અવિનય ધારણ કરો છો, તેનું શું કારણ છે?

તરૂણમુનિ—પૂર્વના કર્મના યોગે.

દીક્ષાકુમારી—ચારિત્ર લીધા પછી કર્મનો યોગ સમજવો જોઈએ. નિકાચિત પૂર્વકર્મને માટે તો ઉપાય નથી કારણકે તે પરા- ધીન વાત છે, જે વાત આપણા તાબાની છે. તેને માટે તો વિચાર કરવો જોઈએ.

તરૂણમુનિ—મહાદેવી, આપણા તાબાની શી વાત છે? તે સમજાવો.

દીક્ષાકુમારી—તમે વિદ્વાન થઈને સમજતા નથી એ દિલગી- રીની વાત છે. હે મુંન, હવે જે ગુરૂનો અવિનય કરી અને મૃષા બો- લી કર્મના નવા બંધ કરવા—એ આપણા તાબાની વાત છે, એ શા- માટે કરવા જોઈએ? તમે સમજો છો કે, અનેક દુરાચાર સેવ્યાથી કર્મ બંધાય છે, તે છતાં તમે શામાટે દુરાચાર સેવો છો?

તમારે ત્રિકરણ શુદ્ધિથી સેવવા. તેમની હીલણા કરવી નહિ
હીલણા કરવાથી અનેક જાતના અનર્થ થાય છે. તેને માટે
લખે છે કે, કોઇ વયોવૃદ્ધ ગુરૂ કર્મની વિચત્રતાથી અથવા
બુદ્ધિ રહિત હોય, કોઇ વયથી ઉતરતા—મંદ હોય, કોઈ
ળા હોય, કોઇ મંદ જ્ઞાનવાળા હોય અને કોઈ સારા
ળા હોય પણ જેઓમા સારા આચાર, સારા ગુણ અને સારે
હોય તેવા મુનિઓની કદિપણ હીલણા કરવી નહિ. તેમની
કરવાથી શિષ્યને અનર્થ થઇ જાય છે, તે સ્થળે સૂત્રકાર દાખલો
છે કે, "जे हीलिआ सिहिरिव जासकुज्जा" એટલે જેમ
લિત અગ્નિ ઈંધણાને ભસ્મ કરી નાખે છે, તેમ તે હીલણા ક
શિષ્યના જ્ઞાનાદિ ગુણોના સમૂહનો નાશ કરી નાખે છે. હે મુનિ,
પોતાના ગુરૂ અલ્પવયના હોય તે ઉપરથી એમ ન જાણવું કે "આ
નાની વયના ગુરૂ કોણ માત્ર છે?" કારણકે, ગુરૂપદવી કાંઈ વયની
પેક્ષાથી નથી, તે ગુણની અપેક્ષાથી છે. તેને માટે સૂત્રકાર નીચે પ્રમા
દૃષ્ટાંત આપી લખે છે—

"जे आ·वे नागं महरंति नच्चा,
आसायए से अहिआय होइ ।
एवायरिअंपि हु ही सयं तो,
निअच्छई जाइपहं खु मंदो" ॥ १ ॥

"જે કોઈ સર્પને નાનો જાણી તેને છેડવા જાય છે, તે નાગ તે
છેડનારના પ્રાણનો નાશ કરે છે. તેમ કોઇ ગુરૂ કારણથી પોતાથી
નાની વયના હોય તેની જે શિષ્ય હીલણા કરે છે, તે બે ઇંદ્રિય જીવો-
ની જાતિના માર્ગે આવે છે, અર્થાત્ સંસારમાં પરિભ્રમણ કરે છે."

હે મુનિ, આવા અનર્થનો વિચાર કરી કદિપણ તમારા ગુરૂની
આશાતના કરશો નહિ. ગુરૂની આશાતના કરવાથી તમારા મુનિજી-
વનમાં અનેક ઉપદ્રવ ઉત્પન્ન થશે. વળી સૂત્રકાર તેને માટે ઘણું વિવે-
ચન કરી લખે છે. તે એટલે સુધી લખે છે કે, જે ગુરૂની આશાતના
કરે છે. તે બળતા અગ્નિમાં પગ મૂકી ઉભો રહે છે, ઝેરી સર્પને

છેદે છે, અને જીવવાને માટે વિષ ખાય છે. આ ઉપમા ઉપરથી વિચારી લેજો કે, ગુરૂની હીલણા કરવી એ કેવું જોખમ ભરેલું કામ છે? તેનાથી કદિપણ શિષ્ય આલોક તથા પરલોકમાં ઉદય મેળવી શકતો નથી. કદિ દૈવયોગે અગ્નિ બાળે નહિ, સર્પ કરડે નહીં, અને ઝેર મારી નાખે નહીં. પણ ગુરૂની હીલણા કરનાર શિષ્યને સદ્ગતિ—મોક્ષ તો થવાનોજ નહિ. તેથી સૂત્રકાર નીચેની અર્ધગાથાથી પોકાર કરી જણાવે છે કે, મોક્ષની ઇચ્છાવાળા શિષ્યે ગુરૂના પ્રસાદ—પ્રસન્નતામાં રમવું—એટલે ગુરૂને સર્વ રીતે પ્રસન્ન રાખવા—

"तम्हा अणाबाह सुहाभिकंखी,

गुरुप्पसायाभिमुहो रमिज्ज" ॥ १ ॥

"તેથી અનાબાધ—મોક્ષના સુખની અભિલાષા કરનાર શિષ્યે ગુરૂના પ્રસાદની અભિમુખ રહી રમવું."

હે મનમુનિ, જ્યારે તમે આ ગાથાનો વિચાર કરશો ત્યારે તમને ખાત્રી થશે કે, ગુરૂ એ કેવી ઉત્તમ અને દિવ્ય વસ્તુ છે. શિષ્યે સદા તેની પ્રસન્નતાજ મેળવવાની છે, એવા પવિત્ર અને પૂજ્ય ગુરૂની સાન અવિનીત વચનો બોલવા, તેમનો અનાદર કરવો અને તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું એ કેવો અનાચાર કહેવાય? એવો અનાચાર કરનાર શિષ્ય શાસ્ત્રમર્યાદાને અને ધર્મમર્યાદાને ઉલ્લંઘન કરનારો થાય છે. અને તેથી તે ઉત્તર ચારિત્રનો યોગ મળ્યા છતાં દુર્ગતિનું પાત્ર બને છે.

હે મુનિ, આહિતાગ્નિ શબ્દ ભદ્રમુનિ વગેરે એવું પણ લખે છે કે, અગ્નિની ઉપાસના કરનારો બ્રાહ્મણ જેમ 'अग्नये स्वाहा' એવા મંત્રોથી આહુતી આપી અગ્નિની સેવા કરે છે, તેમ મુનિ પોતે અનંત જ્ઞાનને ધારણ કરનારો હોય તોપણ તેણે પોતાના ગુરૂની સેવા કરવી.

હે તરૂણમુનિ, પ્રથમની ગાથામાં જે કહ્યું કે, શિષ્યે ગુરૂની પ્રસન્નતામાં રમવું તેને માટે સૂત્રકાર નીચેની બોધક ગાથા આપે છે, તે તમે ધ્યાનમાં રાખજો.

"जस्संतिए धम्मपयाइं सिक्खे,

तस्संतिए वेणइयं पउंजे

एवायरिओ सुअसीलबुद्धिए,
विरायई सुरमज्झे व इंदो " ॥ १ ॥

" જેમ રાત્રિને અવસાને—દિવસે તપતો સૂર્ય આખા ભારતમાં ઉદ્યોત કરે છે. તેમ આચાર્ય-ગુરૂ શ્રુત શીલ અને બુદ્ધિથી જીવાદિ પદાર્થોને પ્રકાશિત કરે છે અને સાધુઓથી વીંટાએલા તે ગુરૂ દેવતાઓમાં જેમ ઇંદ્ર શોભે તેમ શોભે છે" ૧

આ પ્રમાણે સૂર્યની ઉપમા આપ્યા પછી નીચેની ગાથાથી ચંદ્રની ઉપમા આપી વર્ણવે છે.—

" जहा ससी कोमुइ जोग जुत्तो,
न रक्त तारा गणपरि वुरूप्पा ।
खे सोहइ विमले अब्भमुक्के
एवं गणी सोहइ भिक्खुमज्झे ॥ १ ॥

"જેમ કાર્તિકી પૂર્ણિમાએ ઉગેલો ચંદ્ર નક્ષત્ર તારા અને ગ્રહોથી વીંટાઇને વાદળ વગરના નિર્મળ આકાશમાં શોભે છે. તેમ આચાર્ય—ગુરૂ ભિક્ષુક—મુનિઓની મધ્યમાં શોભે છે." ૧

હે તરૂણ મુનિ, આવા મહાન્ ઉપકારી ગુરૂની કયો શિષ્ય સેવા ભક્તિ ન કરે! આ ગાથાનો ભાવાર્થ હૃદયમાં સ્થાપિત કરી તમારે એ પ્રભાવિક ગુરૂનો વિનય કરવો જોઇએ. ત્રિકરણ શુદ્ધિથી તેમની શુદ્ધ સેવા કરવી જોઇએ.

હે મુનિ, તમારે જ્ઞાનાદિ રત્નોની જો ઇચ્છા હોય, અને તેથી તમારા ચારિત્રને ઉજ્વલ કરી દીપાવવું હોય તો, તમે તમારા ગુરૂની ભક્તિ, ગુરૂની સેવા અને ગુરૂનો વિનય કરજો. હે મુનિ, તમારે એમ ન ધારવું કે, ગુરૂની સેવા ભક્તિ કે વિનય કરવાથી કેવળ જ્ઞાનાદિકનોજ લાભ પ્રાપ્ત થાય છે, તે ગુરૂની સેવા ભક્તિ તથા વિનય કરવાથી કર્મ નિર્જરા પણ થાય છે. તેથી કર્મની નિર્જરા કરવાની ઇચ્છાવાળા શિષ્યે પોતાના ગુરૂની સેવા ભક્તિ કરવી. તેને માટે મહોપકારી શય્યંભવસૂરિ પોતાના વિનયસમાધિઅધ્યયનમાં નીચેની પવિત્ર અને બોધક ગાથા કહે છે—

“ महागरा आयरिआ महेसी,
समाहि जोगे सुअसीलबुद्धिए ।
संपाविउ कामे अणुत्तराइं,
आराहए तोसइ धम्मकामी ” ॥ १ ॥

“ સમાધિયોગ ધ્યાનથી, શ્રુતથી, શીલથી અને બુદ્ધિથ
ના અભિલાષી, જ્ઞાનાદિ ભાવના જ્ઞાનની ખાણરૂપ એવા આચ
ગુરૂને જ્ઞાનાદિ રત્નોની પ્રાપ્તિને માટે શિષ્ય આરાધે એટલુંજ ન
ષ્ટ કર્મની નિર્જરાને અર્થે પણ તેમની આરાધના કરે અને
રંવાર આરાધના કરે.”

હે પવિત્ર મુનિ, આ ઉપરથી તમને માલમ પડશે કે, ગુરૂની
ધના કરવાથી શિષ્ય જ્ઞાન તથા કર્મની નિર્જરાને પ્રાપ્ત કરે છે,
લુંજ નહીં પણ ગુરૂની શુદ્ધ ભક્તિ કરનાર પવિત્ર શિષ્ય સિદ્ધિપ
પણ પ્રાપ્ત કરે છે તેને માટે મહાન્ શય્યંભવસૂરિ નવમા અધ્ય
ના પ્રથમ ઉદ્દેશાની સમાપ્તિમાં નીચેની ગાથા લખે છે.—

“ सुचाण मेहावि सुभासिआइं,
सुस्सूसए आयरिए अप्पमत्तो ।
आराहइत्ताण गुणे अणेगे
से पावइ सिद्धिमणुत्तरं तिबेमि ” ॥ १ ॥

“ બુદ્ધિમાન્ સાધુ ગુરૂની આરાધનાના ફળરૂપ સુભાષિત સાંભ-
ળી પ્રમાદ રહિત થઇ અને ગુરૂની સેવામાં તત્પર રહી અનેક જ્ઞાનાદિ-
રૂપ ગુણોની આરાધના કરી ઉત્તમ સિદ્ધિને પ્રાપ્ત કરે છે.”

હે તરૂણશિષ્ય, આ પ્રમાણે ગુરૂની સેવા ભક્તિનો મહિમા જા-
ણી તમારે આ તમારા વૃદ્ધગુરૂની શુદ્ધ હૃદયથી સેવા કરવી. તેનો
નય કરવો અને તેની આજ્ઞા માન્ય કરવી. હવે ફરીવાર કદિપણ તે-
નો અવિનય કરશો નહિ. તમને પૂર્વના પુણ્યયોગે આવા ઉત્તમ
ર પ્રાપ્ત થયા છે, તેનો પૂર્ણ લાભ સંપાદન કરજો.

હે મુનિ, વળી ચાલતા પ્રસંગને અનુસરી તમને કહેવાનું તમે જે શ્રાવક બાળકને દીક્ષા આપવાને છુપાવ્યો છે, તેને પાછો સોંપો. તે બાળક દીક્ષાનો અધિકારી થયો નથી. માતાપિતાની આજ્ઞા વિના નાશી આવેલા અને ચારિત્રધર્મના સ્વરૂપને નહિ સમજતા એવા મુગ્ધ બાળકોને દીક્ષા આપવી, તે તમને યોગ્ય નથી. તેમ જો કદિ તે તમને યોગ્ય લાગતો હોય તોપણ તેની અને તેના માતાપિતાની સ્થિતિ તમારે જાણવી જોઈએ. તેમજ આ સંઘના આગેવાનો તેને માટે તમને કહેવા આવ્યા છે, તેઓની તરફ પણ તમારે જોવું જોઈએ. કારણકે સંઘ એ તીર્થરૂપ હોવાથી માન્ય છે, કદિ તમે એ બધાનું વચન માન્ય ન કરો પણ આ તમારા ધર્મગુરુ કે જે તમારા પરમ પૂજ્ય અને ઉપકારી છે, તેઓનું વચન તમારે માન્ય કરવું જોઈએ. ગુરુનો વિનય અને ગુરુની ભક્તિને માટે મેં તમને સમજાવીને બોધ આપ્યો છે, તે તમારા હૃદયમાં સ્થાપિત કરી વિચારજો. એવા પરમ પવિત્ર ગુરુના વચનને માન્ય કરી તમે આ બાળકને શ્રાવકપુત્રને પાછો આપી દ્યો.

દીક્ષાકુમારીના આવા વચન સાંભળી તે ગચ્છમુનિના હૃદય [illegible]

ઉપાશ્રયના સાધુઓને ખબર પડી છે કે, એ છોકરો દીક્ષા લેવાનો છે.

સુખવિજય—ત્યારે આપણે શું કરીશુ?

સત્યવિજય—જો તમારી ઇચ્છા હોય તો હું મારા એક રાગી શ્રાવકને છુપી રીતે મોકલી તેની તપાસ કરૂં?

સુખવિજય—જો એમ થાય તો વધારે સારૂં. નહીં તો આપણા હાથમાંથી તે છોકરો જશે.

સત્યવિજય—હું મહેનત કરૂં, તેમાં મને શો લાભ?

સુખવિજય—તે છોકરો દીક્ષા લેશે, તેમાં તો લાભજ છે.

સત્યવિજય—એ તો ઠીક, પણ તે કોનો ચેલો થશે? તે વિષે શો વિચાર કર્યો?

સત્યવિજય—તે ચેલો તો મારોજ થશે, કારણકે, પ્રથમથી તેને મારોજ ઉપદેશ છે.

સુખવિજય—સાધુ થઇને મૃષાવાદ શું બોલો છો? તેને પ્રથમ મારોજ ઉપદેશ હતો.

સત્યવિજય—હું મૃષાવાદ બોલતો નથી, પણ તમે મૃષાવાદ બોલો છો. જરા મનમાં વિચાર કરી જુવો.

સુખવિજય—મનમાં વિચાર શો કરવો છે? જે હું કહું છું, તે જરા પણ મૃષાવાદ નથી.

સત્યવિજય—સુખવિજય, આ વાતનો નિર્ણય કર્યા પછીજ [illegible]. તમે પોતે તમારા સ્વાર્થ સાધવાને તૈયાર થાઓ છો. તમે જરા મનમાં વિચાર કરતા નથી કે, જે માણસે મહેનત કરી હોય અને જે મહેનત કરતા હોય, તેને લાભ મળવો જોઇએ.

સુખવિજય—ભાઇ સત્યવિજય, આ વખત આવા વાંધા લેવાના નથી. હું જાણું છું કે એ આપણે વાત કરી વખત ગુમાવીશું [illegible] અને આપણે બંને જોતા રહીશું.

સત્યવિજય—[illegible] કહેવું કે બંની સમજમાં આવે [illegible] છે.

સુખવિજય—ભાઇ સત્યવિજય, હૃદયથી વિચાર કરીએ [illegible]

પીડા થાય છે, આમ શામાટે મને ખેંચો છો? જો આવું કરશો તો હું દીક્ષા નહિ લઉં. સત્યવિજયે ઉંચે સ્વરે કહ્યું, ભાઇ, તારી ઇચ્છા કોની પાસે જવાની છે? મુખવિજયે કહ્યું, ભાઇ, તું વિચારીને કહે તારા ઉપર કોનો ઉપકાર છે? તને પ્રથમ સહાય કરનાર કોણ છે? એ છોકરાએ કહ્યું, મારા ઉપર પ્રથમ ઉપકાર તો મુખવિજય મહારાજનો છે. સત્યવિજયે જરા આવેશથી કહ્યું, અરે મૂર્ખા, શું મારો ઉપકાર ભૂલી ગયો. મેં તને ઘણીવાર ઉંચી જાતના કપડા અને સારા સારા માલ અપાવ્યા છે, તે શું ભૂલી ગયો? તને યાદ છે કે? એક વખતે એક શ્રાવક પાસેથી વાપરવાને દશ રૂપિઆ અપાવ્યા હતા. એક માસ પહેલા એક પ્રેમબાઇ શ્રાવિકા પાસેથી પાંચ રૂપિઆ અપાવ્યા હતા. કેમ તું ભૂલી ગયો? છોકરાએ કહ્યું, હા, એ વાત સાચી છે, પણ મને [illegible] આપનાર મુખવિજય મહારાજ છે. છોકરાના મુખથી આ શબ્દો સાંભળી મુખવિજય જોરમાં આવી ગયા અને તેમણે છોકરાને પોતાની તરફ વધારે ખેંચવા માંડયો. તે વખતે સત્યવિજયે આવેશથી કહ્યું, [illegible], શા માટે અન્યાય કરો છો? છોકરો હેરાન થાય છે, [illegible] આવો વઢશો તો આપણો ફજેતો થશે. છોકરા [illegible] મારો વિશેષ હક છે. કારણ મેં [illegible] મની મદદ કરી છે. આ પ્રમાણે વિશેષ ખેંચા [illegible] માંડયું અને રાડો પાડવા માંડી.

[illegible] દીક્ષાકુમારી જોતી હતી. સાધુઓની [illegible] મહાદેવી આશ્ચર્ય પામી [illegible] આ વખતે હું પ્રવાસ નહીં [illegible] દુઃખી થશે." આવું ચિંતવી દીક્ષાકુમારી [illegible]—

" न अत्थि चंद घडइ गत्ते,
विमुणा नर माइमईण वेसणं ।
अच्छिइ नव्व विणय अकांचिय,
अमणितणो न हु तस्स मुस्सो " ॥ ૧ ॥

" [illegible] પછી કોઇ રહે, જુદિના [illegible]

કારમાં મગ્ન રહે, ચાડી કરનારો થાય, સાહસ કરે—અકૃત્ય
આસક્ત થાય, ગુરૂની આજ્ઞામાં ન રહે, ચારિત્ર ધર્મ પ્રમા
નહિ, અવિનીત રહે અને જે વસ્તુ મળે તે બીજા સાધુને નહિ
પતાં પોતે પચાવી પાડનારો થાય, તેવા મુનિને કદિપણ
થતો નથી."

આ ગાથા સાંભળી બંને મુનિ સંભ્રાંત થઈ ગયા. તરતજ
માવકના છોકરાને મૂકી દઈ ચારે તરફ તે ગાથાનો ધ્વનિ જોવા
ક્ષણવારે ક્યારે કોઈ પણ જોવામાં આવ્યું નહિ, એટલે તેઓ
મથની આસપાસ જોવા લાગ્યા. તે વખતે સત્યવિજયે ભયભી-
મુખવિજયને પુછ્યું, આ ધ્વનિ ક્યાંથી આવ્યો હશે? તે ગાથા ત
સમજવામાં આવી? મુખવિજયે કહ્યું, કોઈ વ્યક્તિ જોવામાં આ
નથી. આ ગાથા કોની હશે? એ પણ બરાબર જાણવામાં આ
નથી. અનુમાનથી જણાય છે કે, તે દશવૈકાલિકસૂત્રની હોય
લાગે છે, કારણકે, મેં ઘણાં વર્ષ પહેલાં એ સૂત્ર એક વાર વાંચ્યું હ

આ પ્રમાણે બન્ને મુનિ ચિંતવન કરે છે, ત્યાં દીક્ષાકુમારી પ્રત્ય
ઈ આગળ ઉભી રહી. તેની દિવ્યમૂર્તિ જોઈ બન્ને મુનિઓ અને પે
બાળક ચકિત થઈ ગયા. સર્વેએ મળી એ મહાદેવીને વંદના કરી.
હાદેવી આવેશથી બોલી—મુનિઓ, તમારૂં નાટક જોઈ મને ઘણો
થાય છે, તમે સાધુ થયા છો, છતાં સંસારીની ચેષ્ટા કરો છો. તમા
જેવા વણાણુ પુરૂષો શામાટે દીક્ષા લેતા હશે? તમારે શિષ્ય કરવાની
આવી વંચના શામાટે રાખવી જોઈએ? શિષ્યોની શી જરૂર છે. શિષ્ય
વિના તમારો સંઘાડાનો વંશ નહિ જાય. અનેક સાધુઓ પૃથ્વીમાં
યા કરે છે. વીર પ્રભુના વંશનો ઉચ્છેદ સાંપ્રતકાળે થવાનો નથી. જ્યાંસુ
ધી આર્હત ધર્મનો પ્રભાવ પ્રવર્તે છે, ત્યાંસુધી જ્ઞાનપુત્રનો પરિવાર
ચાલ્યા કરશે.

હે મુનિઓ, તમે એક મૂર્ખ સંસારીના જેવી ચેષ્ટા કરી આ મુ-
ગ્ધ બાળકને શામાટે દુઃખ આપો છો. તેની વય, બુદ્ધિ અને ગુણ તો
જુવો. આવો લઘુ બાળક ચારિત્રમાં શું સમજે? સાધુએ કેવો વિનય
રાખવાનોછે? કેવા પરિષહો સહન કરવાના છે? અને કેવી રીતે વર્તવાનું
છે? એ વાત આ મુગ્ધ બાળક ક્યાંથી જાણતો હશે? આવા અજ્ઞબાળ-

કર્યો, એ ઘણુંજ અનુચિત કર્યું છે. વળી તે ઉપરથી સિદ્ધ થાય છે
તમારામાં પણ વિનયની ઘણી ખામી છે. માટે હું તમને વિનયસમા
ના બીજા ઉદ્દેશનો બોધ આપુ તે તમે સાવધાન થઈને સાંભળજો.

બંનેમુનિઓ—મહાદેવી, આપે કહ્યું, તે યથાર્થ છે. અમે ક
લ કરીએ છીએ કે, અમારામાં ચારિત્ર ગુણની મોટી ખામી છે. તે
આપ કૃપા કરી ઉપદેશ આપો.

દીક્ષાકુમારીએ કહ્યું, મુનિઓ, મેં જે અષ્ટરૂપે ગાથા કહી હતી
તે તમે સાંભળી છે, તે વિષે તમારે ઘણોજ વિચાર કરવાનો છે. મુનિ
કદિપણ ક્રોધ રાખવો ન જોઈએ. ક્રોધી અને બુદ્ધિનો મદ રાખન
મુનિ ચારિત્રને દૂષિત કરે છે. તેમજ મુનિએ કોઈની ચાડીચુગલી
કરવી નહીં. કોઈ સાધુએ પ્રમાદથી કદિ ભુલ કરી હોય તો તેને મા
ગુરૂની આગળ ચાડી કરવી નહિ. તેમ વળી અકાર્ય કરવામાં આ
ક્ત થવું નહિ. તમે જે આ શ્રાવકના બાળકને ખેંચવા માંડ
હતો, તે તમારૂં અકૃત્ય કહેવાય છે. તેવું અકૃત્ય તમારે કદિપણ ક
રવું ન જોઈએ. જે સાધુ ગુરૂની આજ્ઞામાં ન રહે તે પોતાના ચારિ
ત્રને દૂષિત કરે છે. તેથી સાધુએ જ્યાંસુધી પ્રૌઢતા પ્રાપ્ત થઈ ન હો
ય ત્યાંસુધી ગુરૂની પાસેજ રહેવું જોઈએ, અને ગુરૂની આજ્ઞા પ્રમા
વર્તવું જોઈએ. તમે બંને યુવાન સાધુ ગુરૂ વિના એકલા રહો છો, તે
થી તમે અવિનીત થઈ ગયા છો. આ બાળકની ઉપર શિષ્ય ક
રવાની મમતા રાખી તમે તમારી એક બીજાની મર્યાદા તોડી છે. તેનુ
કારણ માત્ર ગુરૂના સમીપપણાનો અભાવજ છે. તમારે ગુરૂના સ
મીપપણાની જરૂર છે. તમે સ્વતંત્ર થવાને લાયક નથી. હે મુનિઓ
તમારી જેમ વર્તનારા મુનિઓને ચારિત્રનું ફળ કદિપણ મળતું નથી
તેથી તમારે વિચાર કરી તમારા વર્તનમાં સુધારો કરવાની જરૂર છે

હે મુનિઓ, સાંભળો—દશવૈકાલિકસૂત્રના વિનય સમાધિ અ
ધ્યયનના બીજા ઉદ્દેશમાં મહોપકારી શય્યંભવસૂરિ નીચે પ્રમા
લખે છે—

> "મૂલાઉ ખંધપ્પભવો દુમસ્સ,
> ખંધાઉ પચ્છા સમુવિંતિ સાહા ॥

साहप्पसाहा विरुहंति पत्ता,
तओसि पुप्फं च फलं रसो अ " ॥ १ ॥
"एवं धम्मस्स विणओ, मूलं परमो अ से मुक्खो ॥
जेण कित्तिं सुअं सिग्घं नीसेसं चाभिगच्छइ " ॥ २

" જેમ વૃક્ષને મૂળમાંથી સ્કંધ—થડ થાય છે, થડમાં
ઉત્પન્ન થાય છે, શાખાઓથી પ્રશાખા થાય છે, પ્રશાખાથી
છે, પત્રોથી પુષ્પ, પુષ્પથી ફળ અને ફળથી રસ થાય છે, તે
ર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ વિનય છે. દેવલોકની પ્રાપ્તિ તથા સા
ઉત્પત્તિ વિગેરે તેના થડ, શાખા, પ્રશાખા વિગેરે છે એટલે
મૂળમાંથી પત્રરૂપ કીર્તિ, અને પુષ્પરૂપ શ્રુત ઉત્પન્ન થાય છે
વિનયમૂળવાળા ધર્મરૂપી કલ્પવૃક્ષના ફળનો પ્રધાન રસ મે
પ્રાપ્ત થાય છે. "

હે મુનિઓ, આ ગાથાનો અર્થ વિચારી તમે એ વિનય
સેવન કરો. એથી તમારું ચારિત્ર દેદીપ્યમાન થશે અને તમે સર્વ
ર્ગ અને મોક્ષના અધિકારી થશો. હે અલ્પમતિ અનગારો
અવિનય રાખશો તો તમે આ સંસારના પ્રવાહમાં નદી સ્રો
ષ્ઠની જેમ તણાતા જશો. તમે ગૃહસ્થ ધર્મ અને મુનિધર્મ-
થી ભ્રષ્ટ થશો. હે મુનિઓ, પ્રથમ તમારે વિચારવાનું છે કે,
દોષોથી માણસ અવિનય કરે છે. અવિનય કરનારમાં કેવા
થાય છે તેને માટે શય્યંભવસૂરિ નીચેની ગાથા લખે છે—

"जे अ चंडे मिए थद्धे, दुव्वाइ नियडी सढे ।
वुज्झइ से अविणीअप्पा, कट्ठं सो अगयं जहा

"જે ક્રોધી, મૂર્ખ, જાતિ વિગેરેનો મદ કરનાર, અપ્રિય
પટી, અને શઠ હોય, અને જે એ દોષથી અવિનય કરે
પ્રવાહમાં કાષ્ઠની જેમ આ સંસારના પ્રવાહમાં તણાય છે."

મુનિઓ, અવિનયથી આવા અનેક અનર્થ થાય છે,
પુરુષ આ લોક તથા પરલોકથી ભ્રષ્ટ થાય છે. જે પુરુષ વિ
કાંઈ કહેવા જતાં જો ક્રોધ કરે ... નો તે પુરુષ પો... "

વેલી એવી દિવ્ય લક્ષ્મીને લાકડીવતી પાછી વાળે છે. અર્થાત્ અવિનીત પુરૂષને દિવ્ય લક્ષ્મી મળતી નથી. તેથી દરેક મુનિ તથા ગૃહસ્થે સંપત્તિનું મૂળ રૂપ એવો વિનય કરવો. વિનય કરવાથી સર્વ પ્રકારની સંપત્તિ પ્રાપ્ત થાય છે.

જે અવિનીત તિર્યંચ હોય છે, તે રાજાના અધિકારીઓના અશ્વ વિગેરે વાહનો થઇ દુઃખ ભોગવતા કર્મકર થઇને રહે છે. અને તે વાહનો પણ જો વિનીત હોય તો ગજ્જવૈભવના ભોજન અલંકાર પ્રાપ્ત કરી સુખ પામે છે. જ્યારે તિર્યંચ પણ વિનયનું ફળ ભોગવે છે, ત્યારે મનુષ્યો ભોગવે તેમાં શું આશ્ચર્ય? આ લોકમાં જે નર નારીઓ અવિનીત જોવામાં આવે છે, તેઓ દુ:ખી થાય છે, તેમને ચાબુખના માર ખમવા પડે છે, અને જેઓ પરસ્ત્રી સાથે વ્યભિચાર કરનારા અવિનીત છે, તેઓના નાક કાન વિગેરે કપાય છે, તેમની ઉપર દંડના ઘા પડે છે, ખડ્ગના ઘાત થાય છે, બીજા લોકો તેમને અસભ્ય વચનો સંભળાવી ખેદ પમાડે છે, તેઓને પરતંત્રતામાં રહેવું પડે છે અને ઘણીવાર ક્ષુધા, તૃષા વિગેરે સહન કરવા પડે છે. તેથી દરેક સ્ત્રીપુરૂષોએ વિનયગુણ ધારણ કરવો, વિનય ગુણને ધારણ કરનારા સ્ત્રીપુરૂષો આ લોકમાં સમૃદ્ધિને પ્રાપ્ત કરી મોટું યશ સંપાદન કરે છે. અને આ લોક તથા પરલોકની સફળતા પ્રાપ્ત કરે છે. વૈમાનિક, જ્યોતિષ્ક, યક્ષ, વ્યંતર, ગુહ્યક અને ભવનવાસી દેવતાઓ પણ જો અવિનય કરે તો તેઓને બીજાના દાસ થવું પડે છે. અને બીજા દેવતાની સમૃદ્ધિનું દર્શન કરી અસંતુષ્ટ રહે છે. જો તે દેવતાઓ વિનીત થઇ નિરતિચાર ધર્મના આરાધક થાય છે તો તેઓ મહા કલ્યાણક વિગેરેમાં સમૃદ્ધિને પ્રાપ્ત કરી સુખી થાય છે. લોકોત્તર વિનયમાં પણ ઘણુંજ ઉત્તમ ફળ રહેલું છે. જેઓ આચાર્ય તથા ઉપાધ્યાયના વચનને કરનારા છે, તેઓને જળથી સિંચન પામેલા વૃક્ષોની જેમ ગ્રહણ આસેવન પ્રમુખ શિક્ષા વધે છે.

હે મુનિઓ, એવી રીતે વિનયને માટે એ મહાસૂત્રમાં ઘણું લખેલું છે. તેમાં એમ પણ જણાવેલું છે, કે કદિ ' આમ કરવાથી મારી આજીવિકા ચાલશે ' એવું ધારીને, અથવા કોઇ શિલ્પકળા મેળવવાની ધારણાથી પણ જો વિનય કરવામાં આવે તો તેથી આલોકના કાર્યો પણ સિદ્ધ થાય છે, તો પરલોકના કાર્ય માટે કરેલો વિનય ફળ કે-

મ પૂજા ન આપે ? ઘણાં મનુષ્યો સ્વાર્થને માટે પોતાના શિક્ષકનો સત્કાર કરે છે, તેમને નમસ્કાર કરે છે અને તેમની સ્તુતિ કરે છે, તેઓ પણ પોતાનું કાર્ય સિદ્ધ કરી શકે છે. તે ઉપરથી શ્રુતગ્રાહી અને મોક્ષની કામનાવાળા સાધુએ વિનયથી ગુરૂની પૂજા કરવી અને તેમની આજ્ઞા માન્ય કરવી; તેમાં વધારે શું ? તેને માટે શય્યંભવસૂરિ નીચેની ગાથા લખે છે—

" किं पुणं जे सुअग्गाही,
अणंत हिं अ कामए ।
आयरिआ जं वए भिक्कू,
तम्हा तं नाइ वत्तए " ॥ १ ॥

" શ્રુતગ્રાહી અને મોક્ષની ઇચ્છાવાળા સાધુને ગુરૂ પૂજ્ય છે અને ગુરૂ જે વચન કહે, તેનું સાધુ ઉલ્લંઘન કરે નહીં. "

તે સાધુએ ગુરૂનો કેવી રીતે વિનય કરવો ? તેને માટે એ મહાસૂત્રમાં નીચેની ગાથા દર્શાવેલી છે—

" नीअं सिज्जं गइट्ठाणं,
नीअं च आसणाणि अ ।
नीअं च पाएं दिज्जा,
नीअं कुज्जा अ अंजलिं " ॥ १ ॥

" ગુરૂની શય્યાથી નીચે ગતિ કરવી, ગુરૂના સ્થાનથી નીચે સ્થાન રાખવું અને ગુરૂના આસનથી નીચે આસન રાખવું. હમેશાં ગુરૂના ચરણમાં વંદના કરવી અને નમ્ર કાયા કરી અંજલિ જોડી રહેવું. "

હે મુનિઓ, તમારા હૃદયમાં આ વિનયનો ઉપાય સ્થાપી તે પ્રમાણે વર્તજો અને તમારા શિષ્યોને વર્તાવજો. તેવી રીતે વર્તવાથી તમારા ચારિત્રનો ગુણ પ્રકાશી નીકળશે. તમો બંને ગુરૂભ્રાતા છો, તેમાં એક વડિલ છો અને એક લઘુ છો, તે છતાં તમારા બંનેમાં કોઇ જ-

તની મર્યાદા રહી નથી, એનું કારણ શું ? તેનો તમે પોતેજ વિચાર કરો. જ્યારે તમે તેનો દીર્ઘદૃષ્ટિથી વિચાર કરશો, ત્યારે તમને માલમ પડશે કે, તમારામાં વિનય નથી, વિનયનો ઉપાય તમે જાણતા નથી. લઘુ મુનિએ વડિલ મુનિની ઘણી મર્યાદા રાખવાની છે. તમારે જેવી રીતે કાયાનો વિનય રાખવાનો છે, તેવો વાણીનો વિનય પણ રાખવાનો છે. જો તમારી કાયાથી અથવા ઉપાધિથી ગુરૂની અજ્ઞાનપણે સંઘટ્ટ થઈ જાય, તો તમારે તેમની પાસે ક્ષમા માગવાની છે. તેને માટે મહાસૂત્રમાં નીચેની ગાથા લખેલી છે—

"संघट्टइत्ता काएणं, तहा उवहिणामवि
खमेह अवराहं मे, वइज्ज न पुणत्ति अ" ॥ १ ॥

"કાયા અને ઉપાધિથી ગુરૂનો સંઘટ્ટ થાય ત્યારે શિષ્ય કહે કે, મારો અપરાધ ક્ષમા કરો, હું ફરીવાર તેવી રીતે વર્તીશ નહિ."

"હે મુનિઓ, આ ગાથાનો વિચાર કરો. માત્ર અજ્ઞાનપણે સંઘટ્ટ થવાથી લઘુમુનિ પોતાના વડિલની પાસે ક્ષમા માગે છે અને ફરીવાર તેમ ન વર્તવા વચન આપે છે, ત્યારે તમે તો ગુરૂ અને લઘુ એક આસને [illegible] વિનય કરવાની તુચ્છતા બતાવ્યા કરો છો ! એ કેવી શરમની વાત ! જૈનમુનિની આવી વાત કરતા પણ શરમ આવે છે તો તમને તેવી વાત કરતા શરમ ન આવે — એ આશ્ચર્યની વાત છે.

હે મુનિઓ, એવી રીતે તમારે વાણીનો વિનય પણ કરવો જોઈએ. જે ઉત્તમ મુનિ હોય તે તો ગુરૂના કહ્યા વિના પણ પોતાની મેળેજ વિનય કરે છે અને જે દુર્બુદ્ધિ શિષ્ય હોય તે આગળ જેમ ગાડીના બળદ ચલાવ્યા ચાલે છે, તેમ તે ગુરૂ કહે, ત્યારે વિનયથી ગુરૂનું કાર્ય કરે છે. તેથી તમારે ઉત્તમ મુનિની જેમ વર્તવું જોઈએ. દેશકાળને અનુસરી ગુરૂનો વિનય કરવો કે જેથી શિષ્ય પોતાના યથાર્થ ધર્મ પ્રમાણે વર્તનારો કહેવાય છે.

હે મુનિઓ, વળી તે [illegible] કહે છે કે, અવિનીત પુરુષને ગુણોનો નાશ થાય છે, અને વિનીત પુરૂષને જ્ઞાનાદિ ગુણોની સંપત્તિ થાય છે. આ પ્રમાણે વિનય તથા અવિનયને માટે જે કહ્યું છે,

તે સદ્ગુણસેવનરૂપ શિક્ષાને પ્રાપ્ત થાય છે. તેવાજ ભાવાર્થન
એ સૂત્રમાં નીચે પ્રમાણે દર્શાવેલી છે—

" विवत्ती अविणीअस्स संपत्ती विणिअस्सय ।
जस्सेयं दुहओनायं, सिक्खं से अभिगच्छइ " ॥ १ ॥

"અવિનીતને ગુણનો નાશ થાય છે અને વિનીતને ગુણોની
તિ થાય છે, એવું ઉભય રીતે જેને જ્ઞાન છે, તે પુરૂષ
પામે છે." -

હે મુનિઓ આ પ્રમાણે વિનય ગુણનું માહાત્મ્ય– એ મહાસ
વર્ણવેલું છે. તેવા વિનયને ધારણ કરનાર મુનિ કેવું મહાત્મ્ય
છે. તેને માટે શય્યંભવસૂરિ નીચેની ગાથા લખી વિનય સ
નામના નવમા અધ્યયનનો બીજો ઉદ્દેશ સમાપ્ત કરે છે–.

" निद्देसवित्ति पुण जे गुरूणं,
सुअत्थ धम्मा विणयंमि कोविआ ॥
तरित्तु ते ओघमिणं दुरुत्तरं,
खवित्तु कम्मं गइमुत्तमं गयत्तिवेमि " ॥ १ ॥

"જેઓ ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તનારા, ગીતાર્થ થયેલા અ
વિનયમાં નિપૂણ છે. તેઓ આ દુસ્તર સંસાર સમુદ્રને તરી, સર્વ કર્મ
ને ખપાવી ઉત્તમ સિદ્ધિ ગતિને પ્રાપ્ત થયેલા છે."

હે મુનિઓ. આ ગાથાનો અર્થ વિચારી, તમારે વિનયગુણ
સાધવાને પ્રયત્ન કરવો. જ્યાંસુધી તમે વિનય ગુણ ધારણ કરશો નહિ,
ત્યાંસુધી તમે તમારા યથાર્થ મુનિધર્મને પ્રાપ્ત કરી શકશો નહિ, જો
તમારામાં વિનયગુણ હશે તોજ તમે ચારિત્ર ધર્મને સંપાદન કરી તમા-
રા મુનિજીવનની સાર્થકતા કરી શકશો. આ વાત તમારે હૃદયમાં
સ્થાપિત કરી રાખવી.

આ પ્રસંગે મારે તમને કહેવું જોઈએ કે, આ શ્રાવકનો બાળક તદ્-
ન હજુ ચારિત્રધર્મનો અધિકારી થયો નથી. વિનય એ શી વસ્તુ છે?
વિનયથી કેવો લાભ પ્રાપ્ત થાય છે? એ વિનય વિના કેટલી હાનિ

છે ? એ વિષે તે કાંઇ પણ સમજતો નથી, તેવા મુગ્ધ બાળકને ચારિત્ર આપવા તત્પર થવું તે કેવી અજ્ઞાનતા છે? પ્રથમ તો તેવા બાળકને મુનિધર્મનું શિક્ષણ આપવું જોઇએ, અને ચારિત્ર ધારણ કરી મુનિએ કેવી રીતે વર્તવું, એ બધું સમજાવવું જોઇએ. જ્યારે મુનિધર્મના સ્વરૂપને અને મુનિધર્મના માહાત્મ્યને જાણી યોગ્ય પુરૂષ પોતાના હૃદયમાં આ સંસાર તરફ પૂર્ણ વૈરાગ્ય ધારણ કરે, ત્યારે તેને દીક્ષા આપવાનો નિશ્ચય કરવો. તેમાં પણ મહાવ્રતને પાળવામાં તેની કેવી શક્તિ છે? તેનામાં કેવું મનોબળ છે? એ બધું વિચારવું જોઇએ.

હે મુનિઓ, આ મારા ઉપદેશને ધ્યાનમાં લઇ તમારા પ્રવર્તનમાં સુધારો કરજો. હવે હું બીજે સ્થળે જાઉં છું.

દીક્ષાકુમારીના આવાં વચન સાંભળી તે બંને મુનિઓ નમ્રતાથી બોલ્યા — મહાદેવી, આપે ઉપદેશ આપી અમારી ઉપર મોટો ઉપકાર કર્યો છે. આપના ઉપદેશથી અમારા હૃદય ઉપર સારી અસર થઇ છે. હે ધર્મમાતા, હવે અમે કદિપણ આવા દુરાગ્રહને સેવીશું નહિં. આ બાળકના ભાગ્યબળે જે અમોએ બંધાબંધ કરી દુઃખ આપ્યું, તેને માટે અમે તેની પણ ક્ષમા માગીએ છીએ. અમારે હવે તેને દીક્ષા આપવાની ઇચ્છા નથી, તેમ અમે તેની ઉપર શિષ્ય કરવાનો લોભ પણ રાખતા નથી. હે ધર્મમાતા, અમે અમારા દુરાગ્રહને માટે અતિશય પશ્ચાત્તાપ કરીએ છીએ અને જે બન્યું તેને માટે મિથ્યાદુષ્કૃત આપીએ છીએ.

દીક્ષાકુમારી [illegible], હે મુનિઓ, તમારા [illegible] હવે [illegible] તમારા ચારિત્ર [illegible] [illegible] પ્રયત્ન કરજો. [illegible] ચારિત્ર [illegible] [illegible] અને [illegible] [illegible] મહાવ્રતની [illegible] ઉપર [illegible] કરી [illegible] પ્રયત્ન કરજો.

જુ વાણીયામાંથી થયા છીએ તમારી બધી કળા અમારા જાણવામાં આવી જાય, કહો. શો વિચાર કર્યો. જે વચાર કર્યો હોય, તે અત્યારે જ જણાવી દો, તેમ છતાં તમારાથી ન બને તેવું હોય તો તે ખુલ્લે ખુલ્લું કહી દો, એટલે અમે તરત વિહાર કરીએ.

મુખ્ય મુનિના આવાં વચન સાંભળી સત્યવાદી સત્યચંદ્ર બોલ્યો—મહારાજ, અમે બધાએ વિચાર કર્યો છે કે, આપની બે પ્રકારની માગણી છે, તેમાં પણ કેટલીક અડચણ આવે છે, તે વિષે આપને પુછવાનું છે, હવે આપ કહો તેમ કરીએ?

મુનિએ પ્રચંડતાથી જણાવ્યું, શું છે? જે હોય તે કહી દો. આપ કહો છો કે, આ અમારા બે સાધુઓને ભણાવાની ગોઠવણ કરો. તો તે વાત અમારાથી બની શકશે. પણ તેમને ભણાવે તેવા કોઈ શાસ્ત્રીનો યોગ થતો નથી. આ ગામમાં જે શાસ્ત્રી છે, તે વિદ્વાન્ છે, પણ જૈનશૈલીથી તદ્દન અજ્ઞાત છે, એટલે તે આપણા મુનિઓને સારીરીતે ભણાવી શકશે નહીં, અને બાહેરથી મોટા પગારે શાસ્ત્રીને બોલાવીએ તેવો આ મુનિઓનો અભ્યાસ નથી કારણકે, તે મુનિઓને કલ્પસૂત્રની સુબોધિકા ટીકા અને સંસ્કૃત ધનાચરિત્ર વંચાવવું છે, તેવા સાધારણ અભ્યાસને માટે બાહેરથી મોટા નૈયાયિક કે વૈયાકરણ શાસ્ત્રીની જરૂર નથી.

આપની બીજી માગણી એવી છે કે, આ નગરમાં પાવાપુરીની રચના થવી જોઈએ. આ બાબત બની શકે તેમ [illegible] કે તેમાં મંડળના બધા લોકો દ્રવ્યની મદદ કરી શકે તેમ નથી. [illegible] વિરલા શ્રાવિકાએ અમુક રકમ દુઃખી થતા શ્રાવકોને મદદ કરવા માટે અનામત રાખી [illegible], તે રકમ પાવાપુરીની રચના માટે [illegible] આપે તો તે થઈ શકે તેમ [illegible]. હવે આપના એવો આગ્રહ આવે છે કે, તે વિરલા શ્રી જો તે વાત કબુલ કરે તો થઈ શકે તેમ [illegible], કારણ કે, તે પવિત્ર આર્યા શ્રાવક કોમના ઉદ્ધાર માટે એ રકમ અર્પણ કરી છે, તે આ બીજા ખાતામાં એ રકમ કેમ વાપરે?

[illegible] સાંભળતાંજ તે મુનિને [illegible] અને તે [illegible] બોલ્યા—અરે વાણીયા! આવો [illegible] શું કરો છો! [illegible]

ના શિષ્યોને અથવા બીજા કોઇ યોગ્ય સાધુઓને પોતાની જાતેજ ભ-ણાવા જોઈએ. વાચના આપવી એ ઉત્તમ મુનિનો ધર્મ છે. તેમ વળી વાચના આપવાથી પોતાના જ્ઞાનમાં વધારો થાય છે.

બીજી બાબતમાં તમે કહ્યું કે, પૂર્વકર્મથી દુઃખી થતા એવા સંસારી શ્રાવકોને સહાય આપવાની જરૂર નથી, અને તેના કરતાં પાવાગડ વિગેરેની રચના કરાવવામાં દ્રવ્ય ખર્ચવું, એ વધારે લાભકારક છે. આ વિષે પણ દીર્ઘ વિચાર કરી જોવાનું છે. જો શ્રાવકો નઠારી સ્થિતિમાં હોય તો પછી પાવાગડની રચના જોવાનો ઉમંગ કયાંથી હોય ? દરેક ઉત્સવો શ્રાવક સમુદાયથી શોભે છે અને તે સમુદાય જ્યારે સર્વ રીતે સુખી હોય, ત્યારેજ તેઓ ઉત્સવોમાં ભાગ લે છે. સત્યચંદ્રના આવાં વચનો સાંભળી તે વિદ્વાન્ મુનિને વિશેષ ક્રોધ ચડી આવ્યો, અનેતેઓ ક્રોધાવેશમાં ગર્જના કરીબોલ્યા—"અરે શઠ શેઠીઆ, અહીંથી ચાલ્યો જા. આ બધું અકાર્ય કરનાર તું પોતેજ છે. તારા જેવા માણસને સંઘથી દૂર કરવો જોઇએ. આ પ્રમાણે કહી કેટલાએક દુર્વચનો મુનિના મુખથી નીકળવા માંડ્યા.

આ વખતે પવિત્ર દીક્ષાકુમારી અદ્રશ્યરૂપે રહી આ બધો બનાવ દૃષ્ટિએ જોતાં હતાં અને સાંભળતાં હતાં. મુનિના મુખથી જ્યારે આવા અયોગ્ય વચનો નીકળવા માંડ્યા એટલે તેમણે અદ્રશ્યરૂપે નીચેની ગાથા કહી સંભળાવી—

" तहेव फरुसं च महब्भूसंगया,
इत्थी पुमं पव्वइअं गिहिंवा ।
नो हीलए नो विअ खिंसइज्जा,
थंभं च कोहं च चए स पुज्जो " ॥ १ ॥

આ ગાથા સાંભળતાંજ બધા ચમકી ગયા. મુનિએ અને શ્રાવકો ચારે તરફ એ અદ્રશ્ય ધ્વનિની ગવેષણા કરવા લાગ્યા પણ કોઇ વ્યક્તિ તેમની દૃષ્ટિગોચર થઇ નહીં. કેટલાક વાર સુધી બધા સ્તબ્ધ બની વિચારમાં પડ્યા. તેવામાં દીક્ષાકુમારી પ્રત્યક્ષ થઇ બોલી—અરે વિદ્વાન્ મુનિ આ શું બોલો છો? તમે કોણ છો? તમારું સ્વરૂપ શું છે?તે-

વાર અથવા અનેકવાર કરે નહિ, અને અહંકાર તથા ક્રોધનો ત્યાગ કરે, તે મુનિ પૂજવા યોગ્ય છે."

આ ગાથાનો અર્થ કેવો ઉત્તમ છે. તે ઉપરથી મુનિએ સમજવાનું છે કે, કોઈપણ બાજુમની હીલણા કરવી એ મુનિધર્મની વિરુદ્ધ છે. એ ગાથાની આગળીમાં એટલે સુધી લખ્યું છે કે, "[illegible] नहीलयति" આ ગાથામાં ચા શબ્દ છે, તેથી અન્યતીર્થી અન્યમતીની પણ હીલણા ન કરવી. શાસ્ત્રકાર આવો બોધ આપે છે, તે છતાં તમારા જેવા વિદ્વાન મુનિ આ સાધ્વીની વચ્ચે સાધના આવીને તેનું અપમાન કરવા તૈયાર થાય અને મુખમાંથી અઘટિત શબ્દો બોલે એ કેવા અધમ કહેવાય !

હે મુનિ, તમે વિદ્વાન છો, તેમજ દશવૈકાલિકસૂત્રના જ્ઞાતા છો, તેઓએ આવું અઘટિત પ્રવર્તન ન કરવું જોઈએ. જે મુનિઓ એ શાસ્ત્રના પાઠક હોય, તે મુનિ આવું આચરણ કરેજ નહીં.

વિદ્વાન મુનિ હૃદયમાં શરમ પામી બોલ્યા—મહાનુભાવા, આપના વચન યથાર્થ છે. મેં દશવૈકાલિકસૂત્ર વાંચ્યું છે, પણ તે પોપટની જેમ વાંચ્યું છે, બુદ્ધિથી તેનું મનન કર્યું નથી. હવે ફરીવાર એ સૂત્રને મનન પૂર્વક વાંચી જઈશ, અને મારા શિષ્યોને પણ તે વંચાવીશ. ભગવતી આ વખતે આપની પાસે એક મારી પ્રાર્થના છે કે, આપ કૃપા કરી મને એ સૂત્રમાંથી કાંઈક બોધ આપો કે મારા આત્માનો ઉદ્ધાર થાય.

હીરાકુમારી આનંદ પૂર્વક બોલ્યા—મુનિ, તમારા શુદ્ધ પરિણામની બુદ્ધિ જોઈ, હું પ્રસન્ન થઈ છું. હવે તમારી જેવા [illegible]. હું તમને ઉપદેશ આપવાની ઇચ્છા રાખું છું. દશવૈકાલિકસૂત્રના [illegible] નામના અધ્યયનના ત્રીજા ઉદ્દેશામાં [illegible] છે. તે [illegible] મુનિ કેવી રીતે પૂજ્ય થાય ? એ વાતનું સારી રીતે વિવેચન કરેલું છે, તેથી તમારે [illegible] તે સાંભળો:—

પ્રથમતો મુનિએ [illegible] આચાર્યની [illegible] [illegible] [illegible] જોઈએ. [illegible] તેમની [illegible] આચાર્યની [illegible]

પછી મધ્યમ ગ્રહ તેમની ઇચ્છા પ્રમાણે ગુરુની સેવા ભક્તિ કરવી. એવી રીતે વર્તનારા મુનિને પૂજ્ય ગણવા. 'આગમ ગુરૂ શું કહેશે'? એમ ધારી જ્ઞાનાદિ આચાર નિમિત્તે તેમનો વિનય કરવો. જે ગુરૂ સંબંધી વચન કહ્યું તે વચન નિષ્ફળપણું કરવાની ઇચ્છા કરવી. ગુરૂના વચનનો અનાદર કરી તેમની આશાતના કરવી નહિ. જે મુનિઓ જ્ઞાનાદિક ગુણોથી વિભૂષિત હોય, તેમનો વય તથા શ્રુતથી પર્યાયને તેમજ નાનેરા છતાં ગુણથી અધિક હોય તેમનો મુનિએ વિનય કરવો. સત્ય વચન બોલવા. વંદના કરવાનું ભૂલી જવું. અને ગુરૂનું વચન પાળવા તેમની પાસે રહેવું. તેના તથા પોતાના સંયમના નિર્વાહમાટે અપરિમિત સૂત્રાર્થને ધારી આહાર પાણી લાવવા કરિ પૂછું ન માગવાં એવું અને તેમાં પણ સંતુષ્ટ રહેવું. તેમ છતાં કદિ ન મળે તો પણ ખેદ કરવો નહીં. લાભ અથવા હાનીથી હર્ષ કે ખેદ પ્રાપ્ત કરવો નહીં—આ પ્રમાણે વર્તનાર મુનિ સર્વ રીતે પૂજ્ય છે.

હે મુનિ, જે મહાત્મામાં એટલે ગુણો રહે છે કે, ઇંદ્રિય [illegible]

[illegible]

ન કરનારા મુનિઓ સમતાવાન્ અને જિતેંદ્રિય ગણાય છે. તે વિષે મહા સૂત્ર નીચેની ગાથા લખે છે –

" समावयंता वयणाभिघाया,
कन्नं गया दुम्मणिअं जणंति
धम्मुत्ति किच्चा परमग्गसूरे
जिइंदिए जो सहई स पुज्जो" ॥ ९ ॥

" જે આવી પડતાં કઠોર વચનોના પ્રહાર જે કાનમાં પડયા હોય તો પ્રાણીઓના મનોભાવને દુષ્ટ કરી દે છે એવા વચનના અભિઘાતને ધર્મ એવું માની જે મુનિ સમતાથી સહન કરે છે, તે શૂરવીર જિતેંદ્રિય મુનિ સર્વથા પૂજ્ય છે."

હે મુનિઓ, આ પ્રસંગે [illegible] સૂત્રકાર વિશેષમાં એવું જણાવે છે કે, પવિત્ર મુનિએ પ્રત્યક્ષ અને પરોક્ષ કોઈના અવર્ણવાદ બોલવા નહીં. તેમજ [illegible] અપ્રિય ભાષા પણ ન બોલવી – [illegible] મુનિ [illegible] ગણાય છે, તેમ જ જૈનમુનિને [illegible] આઠ ગુણ [illegible] વર્ણવેલા છે જે ગુણો [illegible] જ્યાંસુધી મુનિમાં એ ગુણાષ્ટક [illegible] આઠ ગુણ [illegible] ત્યાંસુધી તે મુનિ સ્થવિરધર્મને યોગ્ય [illegible] નથી. [illegible] આઠ ગુણ નીચે પ્રમાણે છે—

૧ અલુબ્ધ. ૨ અકુહક. ૩ માયારહિત. ૪ અપિશુન, ૫ અદીનવૃત્તિ, ૬ અકુશલભાવનાને નહીં ભાવનાર, ૭ બીજાની આગળ પોતાના ગુણનું વર્ણન નહીં કરનાર અને ૮ અકૌતુકી.

૧ મુનિ હમેશાં કોઈમાં લુબ્ધ ન હોવા જોઈએ. આજકાલ કેટલાએક મુનિઓ જુદાજુદા વિષયોમાં લુબ્ધ હોય છે, તેથીજ તેમના ચારિત્ર દૂષિત ગણાય છે. કોઈ શિષ્યલુબ્ધ, કોઈ દ્રવ્યલુબ્ધ, કોઈ પદાર્થલુબ્ધ, કોઈ આહારલુબ્ધ કોઈ રાગલુબ્ધ અને માનલુબ્ધ મુનિ જોવામાં આવે છે. મુનિ, તમે પોતેજ માનલુબ્ધ થઈ પાવાગઢની રચના રચાવા તૈયાર થયા હતા, તમારી મનોવૃત્તિ પ્રભુની ભક્તિ કરવામાં શુદ્ધ નથી પણ તેને બદલે તમારી પોતાની કીર્ત્તિ વધારવામાં છે. પાવાગઢની રચના થાય, વિદેશ

આવરો એકઠા થાય, મોટા ઉત્સવો આરંભાય અને હજારો લોકોના સમૂહ વાંદવા આવે—એજ તમારો ઉદ્દેશ છે. આવા ઉદ્દેશને લઇને તમે શ્રાવકના દ્રવ્યનો વ્યય કરાવવા તૈયાર થયા છો. હે મુનિઓ, હવે તમારા એ વિચાર ફેરવી શુભ પરિણામ ધારણ કરજો. કોઈપણ વિષય કે પદાર્થમાં તમે લુબ્ધ થશો નહીં.

૨ જૈન મુનિ અક્ષુદ્ર હોવો જોઇએ એટલે તેણે હમેશાં ઉચ્ચાટણ વિગેરે કુતુકમાં પડવું ન જોઈએ. મંત્રતંત્રના પ્રયોગો કરી ઢોંગ વધારવા ન જોઇએ. હે મુનિઓ, વર્તમાન કાળે યતિ—ગોરજી શિવાય એ પ્રયત્ન સંવેગી મુનિઓમાં જોવામાં આવતો નથી એ સારી વાત છે.

૩ જૈન મુનિ અમાયી એટલે નિષ્કપટ હોવો જોઈએ જો મુનિ કપટભાવ રાખી પોતાના ગુરૂ તરફ અથવા સંઘ તરફ વર્તે તો તે પોતાના ચારિત્રથી ભ્રષ્ટ થયેલો ગણાય છે. વર્તમાનકાળે ઘણા મુનિઓમાં એ દુર્ગુણ વિશેષ જોવામાં આવે છે. કેટલાએક મુનિઓ કપટ રાખી ગુરૂને અને શ્રાવકોને છેતરે છે. ગુરૂની છાનીરીતે કોઇને દીક્ષા આપવાનો હલકો પ્રયત્ન કરે છે, આ પ્રયત્ન સર્વ રીતે નિંદવા લાયક છે.

૪ જૈન મુનિ અપિશુન હોવો જોઇએ. એટલે તેણે કોઇની ચાડી ચુગલી કરવી ન જોઇએ. વર્તમાનકાળે એ દુરાચાર વિશેષ પ્રવર્તે છે. એક મુનિ બીજાના છિદ્ર ખોળી ગુરૂને અથવા શ્રાવકને જણાવે છે, અને તેથી બીજાની નિંદા કરાવે છે. આ પ્રવૃત્તિપણ અત્યંત તિરસ્કારને પાત્ર છે.

૫ તેમ મુનિએ દીનવૃત્તિ ન રાખવી જોઈએ. કદિ પોતાની ધારણા સફળ થાય તેવું હોય તો બીજાની ખુશામત કરવી અથવા દીનતા કરવી, એ ચારિત્ર ધર્મથી વિરૂદ્ધ છે. વર્તમાનકાળે એ પ્રવૃત્તિ વિશેષ જોવામાં આવે છે. ઘણાં પંન્યાસ, ગણી અને બીજી મોટી પદવી મેળવવા માટે ચાટુકાર બની દીનતા કરે છે; તે ઘણુંજ ધિક્કારવા યોગ્ય છે.

૬ જૈન મુનિએ અકુશળ ભાવના ન ભાવવી જોઈએ. બીજાની પાસે પોતાના વખાણ કરાવવા. આવી ભાવના વર્તમાનકાળે ઘણી થાય છે. ઘણા જૈન મુનિઓ બીજાની પાસે કાવ્ય અથવા બીજા ઉપયોગી લેખો લખાવી પોતે લખ્યા છે એમ કહેવરાવે છે આ પ્રવૃત્તિ પણ ઘણીજ અધમ છે.

૭ જૈન મુનિએ બીજાની આગળ પોતાના ગુણોની પ્રશંસા ન કરવી. સાંપ્રતકાળે એ દુરાચાર કોઈ કોઈ મુનિમાં જોવામાં આવે છે. કેટલાએક મુનિઓ પોતાની પ્રશંસાના પત્રો શ્રાવકોની પાસે લખાવી વર્તમાન પત્રોમાં તથા જૈન માસિકોમાં પ્રસિદ્ધ કરાવે છે. અને તેમાં પોતાની ગૌરવતા માને છે આ પ્રવર્તન ચારિત્ર ધર્મને દૂષિત કરનારૂં છે.

૮ જૈન મુનિએ કૌતુક રહિત થવું જોઇએ. એટલે નાટક, નૃત્ય, ગાયન વિગેરેમાં તેણે કૌતુક રાખવું ન જોઇએ.

હે મુનિઓ, આ ગુણાષ્ટક તમારા હૃદયમાં સ્થાપન કરજો અને તે પ્રમાણે વર્તી તમારા ચારિત્રજીવનને સુધારવા પ્રયત્ન કરજો. એ ગુણાષ્ટક—આઠ ગુણને માટે સૂત્રકાર શય્યંભવસૂરી નીચે પ્રમાણે ગાથા બોલે છે, તે ગાથા સર્વદા તમારા કંઠમાં ધારણ કરી રાખજો.

" अलोलुए अकुहए अमाई,
अपिसुणे आवि अदीणवित्ती ।
ना नावए नो विअ नावि अप्पा,
अकोउहल्ले अ सया अ पुज्जो " ॥ १ ॥

"આલોલુપ, અકુહક, અમાયી, અપિશુન, અદીનવૃત્તિ, બીજાની પાસે પોતાની પ્રશંસા કરાવનાર અને કૌતુક રહિત—એવા મુનિ સદા પૂજનીય છે."

હે મુનિઓ, તે પ્રસંગે સૂત્રકાર ગુરૂનો ઉપકાર પણ દર્શાવે છે. અને તેવા ગુરૂને માન આપનાર શિષ્ય સદા પૂજનીય છે, એમ કહે છે—તેને માટે નીચેની ગાથા ગાયેલી છે—

" जे माणिआ सययं माणयंति,
जत्तेण कन्नं व निवेसयंति
ते माणए माणरिहे तवस्सी,
जिइंदिए सच्चरए स पुज्जो " ॥ १ ॥

"જેમ પિતા કન્યાને વય તથા ગુણોથી વધારી યોગ્ય પતિમાં સ્થાપિત કરે છે, તેમ જે ગુરૂઓ પોતાના શિષ્યને સૂત્રાર્થનો વેત્તા કરી મોટા આચાર્ય પદમાં સ્થાપિત કરે છે. તેવા ઉપકારી ગુરૂને જે તપસ્વી, સત્યરત અને જિતેંદ્રિય શિષ્ય માન આપે છે, તે સદા પૂજનીય છે.

હે મુનિઓ, તે સાથે ત્યાં મુનિના બીજા ગુણોની પણ પ્રશંસા કરી છે. જેને માટે નીચેની ગાથા લખેલી છે—

"तेसिं गुरूणं गुणसायराणं,
सुश्चाण मेहावि सुभासिश्चाइं ।
चरे मुणी पंचरए तिगुत्तो,
चउक्कसायावगए स पुज्जो" ॥ १ ॥

"ગુણોના સાગરરૂપ એવા ગુરૂના પરલોકોપકારી સુભાષિત સાંભળી પંચમહાવ્રતધારી, ત્રણ ગુપ્તિએ ગુપ્ત અને ચાર કષાયથી રહિત એવા જે મુનિ તે પ્રમાણે આચરણ કરે, તે બુદ્ધિમાન્ મુનિ સદા પૂજનીય છે."

આ ગાથા કહ્યા પછી વિનય સમાધિ અધ્યયનની ત્રીજા ઉદ્દેશાની સમાપ્તિ કરતાં એ શય્યંભવસૂરી નીચેની છેલ્લી ગાથા લખે છે—

"गुरुमिह सययं पडिश्चरिश्च मुणी,
जिणमयनिउणे श्चभिगमकुसले ।
धुणिश्चरयमलं पुरे कडं,
जासुरमउलं गई वइ त्तिबेमि" ॥ १ ॥

"જે મુનિ વિધિથી ગુરૂની આજ્ઞા કરી આગમને વિષે પ્રવીણ થાય છે. તે મુનિ વૈયાવચ્ચ કરવામાં કુશળ થઇ પૂર્વે કરેલા આઠ પ્રકારના કર્મરૂપ મળને દૂર કરી જ્ઞાન તેજોમય અતુલ સિદ્ધિરૂપ ગતિને પામે છે."

હે મુનિઓ, આ વિનય સમાધિ અધ્યયનના ત્રીજા ઉદ્દેશાની છેલ્લી

હતું કે, તેવા અનધિકારી, અપકવ બુદ્ધિ અને અશુદ્ધ માણસને સાહસથી દીક્ષા આપવી યોગ્ય નથી. તે છતાં તમે તેને દીક્ષા આપી એ કેવી ભૂલ કરી ! ચંદ્રવિજયે નમ્રતાથી જણાવ્યું, મહારાજ, એમાં મારો શો દોષ ? આ બુદ્ધિવિજયે મને ઉતાવળ કરાવી. બુદ્ધિવિજયે ઉંચે સ્વરે કહ્યું, મહારાજ, મને શી ખબર કે આવું થશે. મારા સમજવામાં કાંઈ આમ ન હતું કે, આ માણસ આવું વિપરીત કામ કરશે. તેના વિચાર સારા હતા, પોતાને સંસાર તરફ અભાવ છે, એમ તે દર્શાવતો હતો, એના એવા સારા પરિણામ જોઈનેજ મેં દીક્ષા આપી હતી. પછી તેના પરિણામ ફરી ગયા, અને તેણે સાધુનો વેષ છોડી ગૃહસ્થનો વેષ પેહેરી લીધો, -આમાં મારો દોષ શેનો? તેના કુકર્મેએ તેને સંયમમાંથી ભ્રષ્ટ કરી દીધો. ચારિત્રરૂપી ચિંતામણી પ્રાપ્ત થયા છતાં તે મૂર્ખ પાછો તેને ગુમાવી બેઠો, એજ તેની અધમતા છે હે મહારાજ, હવે ફરીવાર તેવા અજ્ઞાની મૂર્ખ શ્રાવકને હું દિક્ષા નહિ આપું. એકવાર જે બન્યું તે બની ગયું. ગુરૂએ જરા આક્ષેપથી કહ્યું, બુદ્ધિવિજય, તમને વારંવાર શું કહેવુ, તમારાથી એવી અનેક ભૂલો થયા કરે છે. બે વર્ષ પહેલાં કોઈ શ્રાવક આવી દીક્ષા લેવાનુ બાનું બનાવી બશો રૂપીઆ ઉપાડી ગયો હતો. તમારા રાગી શ્રાવકે તમને ઘણીરીતે સમજાવ્યા છતાં તમે તેની વાત માની નહિ અને તેના ઘરમાંથી બશો રૂપીઆ કઢાવ્યા હતા. એક મારવાડી બ્રાહ્મણનો છોકરો દીક્ષા લેવાને બાને તમારી પાસે આવ્યો હતો. દીક્ષાનું મુહુર્ત નક્કીકરમામાં આવ્યું અને દીક્ષાના વરઘોડાને માટે તેને ઉત્તમ પ્રકારના આભૂષણોથી શણગારવામાં આવ્યો, જે દિવસે દીક્ષા આપવાની હતી, તેની પેહેલી રાત્રે પાંચસો રૂપીઆના દાગીના લઈ તે ક્યાંક નાશી ગયો એ વાત કેમ ભૂલી જાઓછો ?

ગુરૂના આવાં વચન સાંભળી બુદ્ધિવિજયને રીસ ચડી ગઈ તેના હૃદયમાં કોપાનળ પ્રગટ થઇ આવ્યો. કોપના આવેશમાં તે બોલ્યો –ગુરૂ મહારાજ, બસ કરો, વિશેષ પડતાં વચનો બોલશો નહિ હું તમારો મૂર્ખ શિષ્ય છું, હું વારંવાર એવી ભૂલ કરૂં છું, તમે પોતે સારા છો, તમે કદિપણ ભૂલ કરતાજ નથી. હવે ક્ષમા કરો. તમારી બધી વાત હું પણ જાણું છું. જો તમે વધારે બોલશો તો મારે તમારી વાત પ્રકાશ કરવી પડશે. તે વખતે ચંદ્રવિજયમુનિ બોલ્યા–મહારાજ,

...જય ખરું કહે છે, બીજાના છિદ્રો ઉઘાડા કરવા અને પો-
... ઢાંકવા એ કેવી અનીતિ કહેવાય? તમારા એવા ઘણાં છિદ્રો
... જાણવામાં છે, તમે પોતે જે કામ કરો છો, એ કામ તો અમે
...રતા નથી.
...ાના શિષ્યોના આવાં વચનો સાંભળી મુનિને રોષ ચડયો, તે-
... સ્વરે બોલ્યા–અરે મૂર્ખ શિષ્યો, આ શું બોલો છો, જરા વિ-
...ા. અમારા શા છિદ્રો તમે જાણો છો આ સંઘના લોકોના સાં-
... આવી તદ્દન મિથ્યા વાત કરો છો, એ તમારી ઘણીજ હલકાઈ
... દૂષિત થવા એટલે બીજાને પણ દૂષિત કરવા—એ તમારો હે-
...ખુલ્લે ખુલ્લો જણાઈ આવે છે. તમે ગમે તેમ મિથ્યા કહેશો; તે
... આ મારા વિશ્વાસુ અને રાગી શ્રાવકો કદિપણ તે વાત માનવા-
...ી. તેઓ સારી રીતે સમજે છે કે, અમારા ગુરૂ કદિપણ દુરાચાર
...વા નથી. અને તમે મિથ્યાભાષી છો.
... આ પ્રમાણે એ ચણ વખત મિથ્યાભાષી કહ્યું, એટલે ક્રોધી
...ાવવાળા ચંદ્રવિજયને ઘણી રીસ ચઢી ગઈ, તેણે ક્રોધાવેશમાંજ-
...ું; મહારાજ, તમારા કરતાં અમે સારા છીએ. અમે તો સંસારનો
... કરવાને બાને આવેલા લોકોથી છેતર્યાં છીએ, પણ તમારી
... બુદ્ધિ પૂર્વક નઠારાં કામ કરતા નથી. અમે શ્રાવકોના ઘરમાંથી જે
... કઢાવ્યું હશે, તે અમારા સ્વાર્થને માટે કઢાવ્યું નથી, પણ બીજા-
... સ્વાર્થને માટે. પણ તમે તો તમારા સગાવહાલાંઓને મદદ આપ-
...ે શ્રાવકોના ઘરમાંથી દ્રવ્ય કઢાવો છો. તે તમારે ખરુંજ છે. બે વ-
... પેહેલાં તમે તમારા એક ભાઈને પાંચસો રૂપીઆ એક વિધવા શ્રા-
...ા પાસેથી અપાવ્યા હતા. તે પછી ગયે વર્ષે તમારા એક દરિદ્ર મા-
...ે બસો રૂપીઆ આ ગામમાંથીજ અપાવ્યા હતા. થોડા દિ-
...સ પેહેલાં તમારા એક મામાને તમે પચાશ રૂપિઆના લુગડાં
... અપાવ્યા હતા. જે રૂપિઆ આ સંઘમાં બેઠેલા પેલા અમુલખ
... શ્રાવકે આપ્યા હતા, તેને પુછી જુવો. હે મહારાજ, તેશિવાય તમારી
... બીજી કેટલીએક વાતો એવી છે કે, જે કહેતાં અમને લજ્જા ઉત્પન્ન
... થાય છે, માટે તમારે તો મૌન ધરીનેજ બેશી રહેવું. વિશેષ પકડું બો-
... લવાથી સાર નીકળશે નહીં.

ચંદ્રવિજયના આ વચનો સાંભળી તે વરિષ્ઠમુનિ નિસ્તેજ થઈ
ગયા. તેના મુખ ઉપર લજ્જાની છાયા પ્રસરી ગઈ. તથાપિ પોતાનું

ગૌરવ જાળવવાને તે બોલ્યા—ચંદ્રવિજય, બસ થયું, હવે વધારે બોલીશ નહીં. ગુરૂના દોષ કહેવા, એ વિનીત શિષ્યનો ધર્મ નથી. જા, તું આ ઉપાશ્રયમાંથી ચાલ્યો જા. તારા જેવા અવિનીત શિષ્યની સાથે રહેવાની મારી ઇચ્છા નથી. ચંદ્રવિજયે સામો ઉત્તર આપ્યો. મહારાજ, હું ઉપાશ્રયમાંથી શા માટે જાઉં ? ઉપાશ્રય કાંઇ તમારો નથી, સંઘનો છે. જો સંઘ રજા આપશે તો હું ચાલ્યો જઇશ. તેના આવાં વચન સાંભળી, ગુરૂ મહારાજાએ સંઘના આગેવાનોને કહ્યું, શેઠીઆ, આ અવિનીતસાધુને રજા આપો. એટલે તે ઉપાશ્રયની બાહેર જાય. નહીં તો આમાંથી વિપરીત થશે. વૃદ્ધમુનિના આવાં વચન સાંભળી બે શેઠીઆએ ચંદ્રવિજયને કહ્યું, મહારાજ, તમે ઉપાશ્રયની બાહેર જાઓ. કારણકે, તમે ગુરૂનો અવિનય કર્યો છે. આ વચન સાંભળતાંજ સંઘના બીજા બે આગેવાનો કે જેઓ ચંદ્રવિજય મુનિના રાગી હતા, તેઓ ઉંચે સ્વરે બોલી ઉઠયા. ચંદ્રવિજયજી મહારાજ ઉપાશ્રયની બાહેર શા માટે જાય ? આ ઉપાશ્રય કાંઇ અમુક એક સાધુને માટે કરાવવામાં આવ્યો નથી, તેમાં બધા સાધુઓને હક છે. વળી તે ઉપાશ્રય સંઘનો છે અને અમે પણ સંઘમાં છીએ.

આ પ્રમાણે પક્ષાપક્ષી થતાં મોટો કોલાહલ થઇ ગયો અને મારામારી થવાનો વખત આવ્યો, આ વખતે અદૃશ્ય રહેલાં દીક્ષાકુમારીએ વિચાર્યું કે, આ કજીયાનું કારણ મારા સમજવામાં આવ્યું. કોઇ તરૂણ શ્રાવકને આ ચંદ્રવિજય તથા બુદ્ધિવિજયે દીક્ષા આપેલી, તે શ્રાવકે પૂર્ણ વિચાર વિના દીક્ષા લીધી હશે, તેથી તેના પરિણામ ફરી ગયા અને તેણે સાધુનો વેષ છોડી ગૃહસ્થના વેષ પેહેરી લીધો. એથી આ બધું તે કાન જાગેલું છે. માટે આ વખતે આ મુનિઓને ખરેખરી શિક્ષા આપવાની જરૂર છે. આવું ચિંતવી મહાદેવી દીક્ષાકુમારી અદૃશ્ય રહી પ્રથમ નીચેની ગાથા ઉંચે સ્વરે બોલ્યા—

" विणए सुए अ तवे, आयारे निच्च पंडिआ ।

अभिरामयंति अप्पाणं, जे हवंति जिइंदिआ" ॥ १ ॥

આ ગાથાનો ધ્વનિ સાંભળતાંજ બધા ચમકી ગયા. એકી સાથે કોલાહલ શાંત થઇ ગયો અને તેઓની નેત્રમાળા ચારે તરફ પવને હલાવેલી કમળમાળાની જેમ પ્રસરવા લાગી—ક્ષણવાર પછી મહાદે-

થી દીક્ષાકુમારી પ્રત્યક્ષ થઈ સર્વની વચ્ચે પ્રગટ થયાં.

દીક્ષાકુમારીએ એમના તરફથી ગંભીર વાણી પ્રગટ કરીને કહ્યું, મુનિઓ, અને શ્રાવકો શાંત થાઓ. વૃથા કોલાહલ શા માટે કરો છો? તમારા કલહનું કારણ શું છે? તેનો વિચાર કરો. જ્યારે તમે તેનો દીર્ઘ વિચાર કરશો, ત્યારે તમારા હૃદયમાં નિશ્ચય થશે કે, આ કલહનું કારણ માત્ર પ્રમાદ અને અજ્ઞાન છે. આ મુનિઓ કે જેઓ વીરપ્રભુના પરંપરાના અનુયાયી છે, તેઓ પ્રમાદથી પોતાનો આચાર વિસ્મૃત થઈ ગયા છે. અને આ શ્રાવકો કે જેઓ ચતુર્વિધ સંઘનું મુખ્ય રૂપ છે, તેઓ અજ્ઞાનરૂપ અંધકારમાં આવી પડ્યાં છે. તેથી તેઓ રાગાંધ થઈ મુનિઓના દોષને જોતા નથી એટલું નહીં પણ તેમને ઉત્તેજન આપી તેમના દોષની વૃદ્ધિ કરે છે. એથી તે પ્રમાદ અને અજ્ઞાનના કારણથી આવા આવા અનાચારો આર્હત ધર્મની પવિત્ર ભાવનામાં પ્રગટ થવા લાગ્યા છે.

હે આર્હત બાળ મુનિઓ અને ગૃહસ્થો, તમે તમારા પૂર્વકાળનું સ્મરણ કરો. પ્રાચીન ઋષિઓના વંશજો કેવા દક્ષ અને દીર્ઘ દૃષ્ટિવાળા હતા. કોઈ ગૃહસ્થ શ્રાવક જ્યારે ચારિત્ર લેવા તૈયાર થતો, ત્યારે તે દક્ષ પુરૂષો તેની શારીરિક અને માનસિક શુદ્ધિનો અથવા દ્રવ્ય શુદ્ધિ અને ભાવશુદ્ધિનો પ્રથમ વિચાર કરતા હતા. ત્યારે તે અધિકારી પુરૂષને ચારિત્રની આરોપણા કરવામાં આવતી તે વખતે ચતુર્વિધ સંઘની સાક્ષીએ એ પવિત્ર ક્રિયા થતી હતી. અને 'તે દીક્ષા લેનાર પૂર્ણ અધિકારી છે' એવું ગુરૂ મુખે સાબીત થયા પછી ચતુર્વિધ સંઘ તેની ઉપર વાસક્ષેપ નાખતો હતો. જો કે તેના અનુકરણ રૂપે અદ્યાપિ પણ કોઈ કોઈ વખતે ચતુર્વિધ સંઘની સાક્ષીએ ક્રિયા ચાલે છે, પણ તેમાં 'આ અધિકારી છે કે અધિકારી નથી' એવું કાંઈપણ જોવામાં આવતું નથી. માત્ર દ્વારે વચનને અનુસરી હાજી હા ભણીએ ક્રિયાનું પ્રવર્તન ચાલે છે. તેમા પણી દીક્ષાઓ છુપી રીતે થયા કરે છે. કોઈ નાશીને, કોઈ દૂર જઈને અને કોઈ બળાત્કારે સાધુનો વેષ પહેરી લે છે અને સાધુના સમુદાયમાં મળી જાય છે. આવી અવિચારિત દીક્ષા લેનારા પુરૂષો ચારિત્રના કઠિન માર્ગમાં શી રીતે ચાલી શકે? શી રીતે નભી શકે? તેવા અનધિકારી ગૃહસ્થો ચારિત્ર લીધા પછી અનેક જાતની ધર્મની હીલણા કરાવે છે. કોઈ કંદર્પને વશ થઈ વિષય

દીક્ષાકુમારીના આવાં સત્ય અને મર્મસ્પર્શી વચનો સાંભળી તે મુનિઓ કંપાયમાન થઈ ગયા. તેઓ કંપિત ગાત્રે બોલ્યા—મહાદેવી, ક્ષમા કરો. અમે આપની આજ્ઞાને આધીન છીએ. અને આપના મધુર ઉપદેશને ગ્રહણ કરવા તત્પર છીએ. હે ધર્મમાતા, અમારી ઉપર કૃપા કરી અમારા હિતનો ઉપદેશ આપો અને અમારા પ્રમાદ વિગેરે દોષોને દૂર કરી અમને ચારિત્ર ધર્મનો સન્માર્ગ દર્શાવો. હમણા આપે જે પવિત્ર ગાથા ગાઈ હતી, તે ગાથાનો અર્થ જો કે, અમે પૂર્વે સાંભળેલો છે, તથાપિ પુનઃ આપના મુખમાંથી એ અર્થ સાંભળવાને અમે ઉત્કંઠિત થયા છીએ, કારણકે, આપણી દિવ્ય વાણીમાં કોઈ અદ્ભુત ચમત્કાર રહેલો છે, કે જેની અસર અમારા હૃદયમાં વિદ્યુતની જેમ થઈ જાય છે. માટે હે દેવી, અમારી પર કરૂણા કરી એ ગાથાનો અર્થ અમને સંભળાવો—

મુનિઓની આવી નમ્ર વાણી સાંભળી દીક્ષાકુમારીના હૃદયમાં તેમની તરફ સારી લાગણી ઉત્પન્ન થઈ અને તેથી તે શાંત સ્વરથી નીચે પ્રમાણે બોલી—

હે મુનિઓ, ક્ષણવાર પહેલાં અહિં જે કોલાહલ થયો હતો, તે સાંભળી અને તેનું કારણ વિચારી મારા મનમાં સ્ફુરી આવ્યું કે, આ કોલાહલનું કારણ જો સમજવામાં આવે તો આ લોકોને આવો પ્રસંગ ફરીવાર બને નહીં. તે વખતેજ મારા હૃદયમાં દશવૈકાલિકસૂત્રના વિનય સમાધિ નામના નવમા અધ્યયનના ચોથા ઉદ્દેશની ગાથા મને સ્મરણમાં આવી હતી જે મેં ક્ષણવાર પહેલાં તમને અદ્રશ્યરૂપે સંભળાવી હતી. તે ગાથાનો અર્થ એવો છે કે, "જે મુનિઓ વિનયમાં શ્રુતમાં, તપમાં અને આચારમાં પંડિત થઈ પોતાના આત્માને તેઓની અંદર જોડે છે તેઓજ ખરેખરા જિતેંદ્રિય છે."

હે મુનિઓ, આ ગાથાના શુદ્ધ અર્થનો વિચાર કરો. જ્યાંસુધી તમે વિનય, શ્રુત તપ અને આચારમાં પંડિત થયા નથી, ત્યાંસુધી તમે જિતેંદ્રિય કહેવાતા નથી. એવા જિતેંદ્રિય પુરૂષોના હૃદયમાં વિનય, શ્રુત, તપ અને આચારનું મહાતેજ પ્રકાશી નીકળે છે. જ્યારે તેમના હૃદયમાં એ ચાર મહાતેજ પ્રકાશી નીકળે એટલે તેઓ પછી પુરૂષની મનોવૃત્તિના ખરેખરા પરીક્ષક બને છે. જે પુરૂષમાં શુદ્ધ વિનય

લિકસૂત્રના વિનય સમાધિ નામના નવમા અધ્યયનના ચોથા ઉદ્દેશની ગાથા છે. તે ઉપયોગી અધ્યયનના ચોથા ઉદ્દેશનો પૂર્ણ ઉપદેશ આપવાની મારી ઈચ્છા છે. તો તમોં સાવધાન થઈને શ્રવણ કરો.

દીક્ષાકુમારીના આવાં વચનો સાંભળી તે મુનિઓ પ્રસન્ન થઈ બોલ્યા— ધર્મેશ્વરી, એ ઉપયોગી અધ્યયનનો ઉપદેશ આપવાની કૃપા કરો.

મુનિઓની આ પ્રાર્થના સ્વીકારી દીક્ષાકુમારી નીચે પ્રમાણે બોલ્યાં—

હે મુનિઓ, વિનય સમાધિના ચાર પ્રકાર છે. ૧ વિનયસમાધિ, ૨શ્રુત સમાધિ, ૩તપઃ સમાધિ અને૪આચાર સમાધિ. આ ચારપ્રકારની સમાધિમાં ચારિત્ર ધર્મનું પૂર્ણ સ્વરૂપ આવી જાય છે. વસ્તુથી આત્માનું જે હિત તે સમાધિ કહેવાય છે. વિનયથી આત્માનું હિત કરવું, તે વિનય સમાધિ. શ્રુત—શાસ્ત્રથી આત્માનું હિત કરવું, તે શ્રુત સમાધિ, તપથી આત્માનું હિત કરવું, તે તપઃ સમાધિ, અને આચાર પાળીને આત્માનું હિત કરવું, તે આચાર સમાધિ—એમ તેના જુદા જુદા અર્થ દર્શાવેલા છે.

એ વિનય, શ્રુત, તપ, અને આચારમાં જે પંડિતહોય તેજ જીતેંદ્રિય છે, જ્યાં સુધી વિનય, શાસ્ત્ર, તપ, અને આચારમાં પાંડિત્ય મેળવ્યું ન હોય અર્થાત્ તે ચારે વસ્તુનું સ્વરૂપ યથાર્થ રીતે જાણ્યું ન હોય, ત્યાંસુધી જિતે દ્રયપણું પ્રાપ્ત થતું નથી.

હે મુનિઓ તેમાં પ્રથમ જે વિનય સમાધિ છે તેના ચાર પ્રકાર છે ૧ ગુરૂ કોઈ કાર્યમાં પ્રેરણા કરે તે વખતે જે ગુરૂના વચનને સાંભળવાની ઈચ્છા કરવી, તે વિનય સમાધિનો પેહેલો પ્રકાર છે, ૨ ગુરૂ જેવીરીતે કહે તે બરાબર સમજવું તે બીજા પ્રકારનો વિનય સમાધિ છે, ૩ સિદ્ધાંતમાં કહ્યા પ્રમાણે ક્રિયા કરી શ્રુતજ્ઞાનને સફળ કરવું એ ત્રીજા પ્રકારનો વિનય સમાધિ છે, ૪ હું સર્વથી ઉત્કૃષ્ટ સાધુછું, એ આત્મ પ્રશંસા ન કરવી એ ચોથા પ્રકારનો વિનય સમાધિ છે. તેને દે સૂત્રકાર નીચેની ગાથા ગાય છે,—

"पेहेइ हिश्राणु सासणं,
सम्मृसइ तं च पुणो श्रहिट्ठिए।

नय माणमएण मज्जई,

विणयसमाहि आययट्ठिए ''॥ १ ॥

" મોક્ષનો અર્થી એવો સાધુ પોતાના ગુરૂ આચાર્ય પાસેથી આ લોક તથા પરલોકમાં હિતકારી એવા ઉપદેશને ઇચ્છે છે, તે ઉપદેશને યથાર્થ રીતે જાણે છે અને તેને યથાર્થ રીતે જાણી તે પ્રમાણે આચરણ કરે છે અને તે પ્રમાણે આચરણ કરતાં વિનય સમાધિના સંબંધમાં તે તેનો મદ કરતો નથી. "

હે મુનિઓ, આ ચાર પ્રકારનો વિનય સમાધિ તમે તમારા લક્ષમાં રાખજો અને તે પ્રમાણે વર્ત્તી તમારા ચારિત્ર જીવનને સફળ કરવા પ્રયત્ન કરજો એ ચતુર્વિધ વિનય સમાધિ પ્રમાણે વર્ત્તનારા મુનિઓ પોતાના ગુરૂ પાસેથી ઘણો લાભ મેળવી શકે છે અને તેથી તેમને આ લોક તથા પરલોકનું હિત પ્રાપ્ત થાય છે, હે અનગારો આર્હત શાસ્ત્રમાં વિનય સમાધિને માટે આટલું આદર્શ લખ્યું છે તે છતાં પ્રમાદી મુનિઓ તે તરફ દુર્લક્ષ રાખી વર્ત્તે છે એ ઘણી દીલગીરીની વાર્ત્તા છે. ગુરૂનો વિનય કરવો એ ચારિત્રધારી મુનિનું પ્રથમ કર્ત્તવ્ય છે, કારણ કે, મુનિ પોતાના ચારિત્રનો નિર્વાહ ગુરૂની સહાયથીજ કરી શકે છે, ગુરૂની સેવા કરી તેની પ્રસન્નતા મેળવવી એ મુનિનું પ્રથમ કર્ત્તવ્ય છે, વર્ત્તમાનકાળે કેટલાએક મુનિઓ એ કર્ત્તવ્યને ભુલી જાય છે, એથી તેમનો સર્વદા અધઃપાત થયા કરે છે.

હે મુનિઓ, આજકાલ કેટલાએક મુનિઓ સત્કાર મેળવવાની ઇચ્છાથી અભ્યાસ કરે છે, અને તેવી ઇચ્છાથી અભ્યાસ કરી સાક્ષર થયેલા સાધુઓ પછી અહંકારમાં જોડેલી જાય છે. એ ચારિત્રના ગુણની તદન વિરૂદ્ધ છે. કેટલાએક અહંકારી મુનિઓ વિદ્યાના મદથી ગુરૂ અથવા બીજા કોઈ મોટેરા મુનિઓને ગણતા નથી, એટલુંજ નહીં પણ ઘણીવાર તેમનો અનાદર કરે છે. તેવા ક્ષુદ્ર વૃત્તિવાળા મુનિઓનું શ્રાવકો બહુ માન કરે એટલે તેમનામાં વધારે મગરૂરી આવતી જાય છે. આવું પ્રવર્ત્તન કરનારા મુનિઓમાં શ્રુતસમાધિનો ઉત્તમ ગુણ હોતો નથી, તેઓ પોતાના ચારિત્રને દૂષિત કરનારા છે.

" હું ભણીગણીને એકાગ્ર ચિત્તવાળો થઈશ આવી ઇચ્છાથી જે ભણવું, તે શ્રુત સમાધિનો બીજો પ્રકાર છે." સાંપ્રતકાળે પણ અ-

નગારો આ ઉત્તમ હેતુને ભુલી જાય છે. ચિત્તની એકાગ્રતા છોડી આ સંસારના ફંદમાં પડવા તૈયાર થાય છે; તે ઘણા ખેદની વાત છે. જ્ઞાનનું ફળ ચિત્તની એકાગ્રતા કરવી, તે છે. એ મહાફળને છોડીઆજકાલના કેટલાએક મુનિઓ વિદ્યાભિમાની બની ગણી, આચાર્ય, પન્યાસ અને પ્રવર્ત્તક પદવી લેવાને તૈયાર થાય છે. અને તે ઉત્તમ પદવીનો ઉપયોગ બીજી રીતે કરે છે. એટલે તેમનામાં વિશેષ અભિમાન પ્રગટ થાય છે. જે અભિમાન એ ઉન્મત્ત મુનિને દુરાચાર તરફ દોરી જાય છે.

" હું શાસ્ત્રનો અભ્યાસ કરી મારા આત્માને ધર્મને વિષે સ્થાપન કરીશ તેવા હેતુથી મારે ભણવું જોઈએ " આવા વિચારથી જે અભ્યાસ કરવો તે શ્રુત સમાધિનો ત્રીજો પ્રકાર છે. આજકાલ આ હેતુનું વિસ્મરણ કરવામાં આવ્યું છે. અભ્યાસ કરનારા મુનિઓ બીજા મુનિનો પરાભવ કરવાની સર્વત્ર ગૌરવ વધારવાની ઇચ્છા રાખે છે. આ કેવું અનુચિત કહેવાય. અભ્યાસથી પોતાના આત્માને ધર્મમાં સ્થિર કરવાને બદલે ઉલટા અધર્મમાં સ્થિર કરે છે. હે મુનિઓ, આ વાત તમારે ઘણીજ લક્ષમાં રાખવાની છે. તમારો આત્મા ચારિત્રના ગુણને પ્રાપ્ત થયો છે. તે ગુણને છોડી બીજા દુરાચારમાં તેને સ્થાપન કરવો એ કેવું વિપરીત પ્રવર્ત્તન કહેવાય? શિષ્ય કરવાના અને માન મેળવવાના કનિષ્ટ લોભમાં પડી તમે તમારા નિર્મલ સ્વરૂપને ભુલી જાઓ છો.

" મારા આત્માને ધર્મમાં સ્થિર કરી મારા બીજા શિષ્યોને પણ ધર્મને વિષે સ્થિર કરીશ. આવા હેતુથી મારે ભણવું જોઈએ " આવી ઈચ્છાથી જે અભ્યાસ કરવો, તે શ્રુત સમાધિનો ચોથો પ્રકાર છે. હે મુનિઓ, આજકાલ આ ઉત્તમ પ્રકાર તરફ ઘણા મુનિઓનું દુર્લક્ષ છે. ગુરૂ અને શિષ્ય એક બીજાનું હિત ઇચ્છતા નથી. ગુરૂની શુભ ઈચ્છાને શિષ્ય અશુભ માને છે અને ગુરૂ શિષ્યની શુભ ઈચ્છાને અશુભ માને છે. હે મુનિઓ, તમારે આ શ્રુત સમાધિના પવિત્ર હેતુઓ તરફ સાવધાન રહેવું અને જેવી રીતે એ પવિત્ર હેતુઓ સચવાય, એવી રીતે સર્વદા વર્ત્તવું.

એ શ્રુતસમાધિના ચાર પ્રકારને માટે મહોપકારી શય્યંભવસૂરિ નીચે પ્રમાણે એક સ્મરણીય ગાથા લખે છે —

नाणमेगग्गचित्तो अ. ठिओ अ ठावइ परं ।
सुआणि अ अहिज्जित्ता, रओ सुअसमाहिए " ॥ ३ ॥

" એકાગ્રચિત્તવાળો થઈ જ્ઞાન મેળવે જ્ઞાનમાં સ્થિર થઈ બીજાને સ્થિર કરે અને નાના પ્રકારના સુત્રનું અધ્યયન કરે તે સમાધિમાં તત્પર રહેલો છે, "

...માધિ પણ ચાર પ્રકારનો છે "જે હે મુનિઓ, ત્રીજો તપઃ સમાધિ પણ ચાર પ્રકારનો છે "જે ...ની જેમ આ લોકને અર્થે એટલે લબ્ધિ મેળવી આલોકના ક... ...વાને અર્થે તપસ્યા ન કરે." તે તપઃ સમાધિનો પહેલો પ્રકાર છે. ...ઈ મુનિ આ લોકના ફળને માટે કોઈપણ જાતની તપસ્યા કરે છે, ...મુનિ તપઃસમાધિથી ભ્રષ્ટ થયેલો ગણાય છે. "જે બ્રહ્મદત્તાની જેમ ...લોકને અર્થે તપસ્ય ન કરે" તે તપઃ સમાધિનો બીજો પ્રકાર છે. ...ઃ જે કીર્તિ, વર્ણ, અને સ્તુતિને માટે તપસ્યા ન કરે" તે તપઃસ...માધિનો ત્રીજો પ્રકાર છે. ૪ " જે કર્મ નિર્જરા સિવાય બીજા કોઈ ...નુમાટે તપસ્યા ન કરે," તે તપઃ સમાધિનો ચોથો પ્રકાર છે. હે મુ...નિઓ, આ તપસ્યાના ચારે પ્રકાર લક્ષમાં રાખી તપસ્યા કરવી એ ત...પનો શુદ્ધ ધર્મ છે. તે પવિત્ર હેતુ લક્ષમાં રાખ્યા શિવાય જે તપસ્યા કરવામાં આવે છે, તે વૃથા પરિશ્રમ રૂપજ છે. તેને માટે ગ્રંથકાર નીચેની ગાથા લખે છે—

" विविह गुण तवो रए,
निच्चं हवइ निरासए निज्जरट्ठिए ।
तवसा धुणइ पुराण पावगं,
जुत्तो सया तवसमाहिए " ॥ ? ॥

" જે વિવિધ પ્રકારના તપ તત્પર થાય છે. અને તેમાં આ લોકની કોઇ જાતની આશા રાખતો નથી. તેમજ જે નિર્જરાનો અર્થ ...થઈ તપ વડે પુર્વના જુનાં પાપને દૂર કરે છે અને નવાં પાપને આંચ... ...નથી, તે તપઃ સમાધિથી યુક્ત કહેવાય છે. " ચોથા આચાર સમા... ...પણ ચાર પ્રકારનો છે. ૧ " આ લોકને અર્થ મૂળગુણ વગેરે આચાર

પ્રયાણ કરવાની ઇચ્છા રાખું છું આટલું કહી દીક્ષાકુમારીએ પોતાની વાગ્ધોરણી બંધ કરી.


વરિષ્ટ મુનિ અંજલી જોડી બોલ્યા—ધર્મમાતા, આપે આપેલા અમૂલ્ય બોધે અમારા હૃદયને નિર્મળ કર્યાં છે. પ્રમાદની ઘોર નિદ્રામાંથી અમે જાગ્રત થયા છીએ. અપવિત્ર અનાચારના ભયંકર ઉદધિમાં અમે મગ્ન થયા હતા, તેમનો તમે કૃપા કરી ઉદ્ધાર કર્યો છે. મહાદેવી, આપ દયા કરી બીજો કોઇ ઉત્તમ બોધ આપો અને અમારા મલિનજીવનને ઉજ્વળ કરો.

મુનિના આ વચનો સાંભળી દીક્ષાકુમારી બોલ્યાં—"અનગારો, તમારી ઉત્તમ વૃત્તિ જોઇ મને સંતોષ થયો છે. અને મને આશા છે કે, તમે અલ્પ સમયમાં તમારા પ્રાસંગિક તથા સાંસર્ગિક દોષને દૂર કરી ચારિત્રના નિર્મળ ગુણને ધારણ કરશો. હવે હું સત્વર જાઉં છું." આટલું કહી એ મહાદેવી સર્વ શ્રાવકો તથા મુનિઓની દૃષ્ટિ આગળ અદ્રશ્ય થઇ ગયાં. તેઓ તે દિવ્ય મૂર્તિના દર્શન માટે ચારે તરફ દૃષ્ટિપાત કરવા લાગ્યા, પણ પુનઃ એ પવિત્ર દેવીનાં દર્શન થયાં નહીં.

દેવી અદ્રશ્ય થયા પછી ચંદ્રવિજય અને બુદ્ધિવિજયે પોતાના [illegible] માગી. સંઘના [illegible] પરસ્પર શાંત થઈ ગયા.

મુનિ બુદ્ધિવિજય અને મુનિ ચંદ્રવિજય અંજલિ જોડી ગુરૂ સામે [illegible] વિનતી કરી, "હે પુજ્યપાદ ગુરૂ, અ- [illegible] સેવાનો છે"

[illegible]—[illegible] છે? મુનિઓએ કહ્યું [illegible] તમારી સંમતિ કે આ- [illegible] આવે તો ત- [illegible] મુનિઓની આવી [illegible] ઉત્તમ [illegible] તેમને [illegible] પછી [illegible] કરી [illegible] થયા.





પ્રવાસ ૧૩ મો.





નિર્મળ જળવાળી સરિતાના તીર ઉપર એક સુંદર શહેર આવી રહ્યું હતું તેની આસપાસ કોતરણીદાર કાંગરાવાળો અને આકાશની સાથે વાતો કરતો એક મહાન કિલ્લો આવી રહ્યો હતો. તે કિલ્લાની રચના ઘણી નમુનાદાર તી. શેહેરની બાહેર આસપાસ વિવિધ જાતનાં વૃક્ષોની ઘટા આવી રહી તી. તેમાં સુગંધી પુષ્પનાં અને મધુર ફળનાં ઉત્તમ પ્રકારનાં વૃક્ષો રે ુલાં હતાં. તે શેહેરમાં વિવિધ વર્ણની પ્રજાઓ વસતી હતી, તેમાં સર્વ તો જૈનપ્રજાનો મોટો ભાગ હતો. જૈન પ્રજાની વસ્તીમાં ત્રણ ઉ- પાશ્રયો અને બે પૌષધશાળા આવેલી હતી. તેની પાસે સાધ્વીઓને ઉતરવાનો એક નાનો ઉપાશ્રય કરવામાં આવ્યો હતો. જેમાં સાધ્વી- ઓ કાયમ રહ્યા કરતી હતી.

આ નગરમાં જૈનપ્રજા આસ્તિક હોવાથી ઘણાં મુનિઓનું ગમ- નાગમન થતું હતું. મુનિઓના ઉપદેશથી ધનાઢ્ય શ્રાવકો ધાર્મિક ઉત્સવો કરવામાં તત્પર થતા હતા. તે શિવાય ધર્મસબંધી અનેક પ્રકા- રનાં શુભ કાર્યો થયા કરતાં હતાં.

એક શાંત ઉપાશ્રયમાં દશ સાધુઓ ઉતર્યા હતા. તેઓમાં એક વૃદ્ધ મુનિ સર્વમાં વરિષ્ટ હતા. બીજા નવ મુનિઓ તેના તાબામાં રહે- નારા હતા. નવ મુનિઓમાં ચાર મુનિઓ વૃદ્ધ મુનિના શિષ્યો હતા. અને બીજા પાંચ મુનિઓ તેમના શિષ્યો હતા. આ પ્રમાણે શિષ્ય ત-

D. K.-૨૨

થા પ્રશિષ્યના પરિવાર સાથે તે વૃદ્ધ મુનિ તે ઉપાશ્રયમાં રહેતા હતા. અને ધનાઢ્ય શ્રાવકોને પોતાના રાગી કરી આત્મ ગૌરવ વધારવાનો પ્રયત્ન કરતા હતા.

એક વખતે દશે મુનિઓ ઉપાશ્રયમાં એકઠા થઈ વિચાર કરતા હતા. વરિષ્ટ મુનિ અગ્રાસન ઉપર બેઠા હતા અને બીજા મુનિઓ તેમની સામે પોતપોતાને યોગ્ય એવા સ્થાને આસન પાથરી બેઠા હતા. તે સમયે વરિષ્ટ મુનિને તેમના એક મુખ્ય શિષ્યે નમ્રતાથી કહ્યું, મહારાજજી, આવતી કાલે કયા મુનિને યોગ વહન કરાવવા ધારો છો? વરિષ્ટ મુનિએ ઉત્તર આપ્યો. મારી ઈચ્છા એવી છે કે, સુમતિવિજયના શિષ્ય ક્ષમાવિજય અને દેવવિજયના શિષ્ય સુરવિજય અને તમારા ગુરૂભાઈ વિનોદવિજય—એ ત્રણેને યોગ વહન કરાવવા અને તેમને ઉત્તરોત્તર આગળ વધારી સારી પદવી ઉપર લાવવા.

વરિષ્ટમુનિનો આ વિચાર જાણી તેમના મુખ્ય શિષ્ય દયાવિજય રીસ કરીને બોલ્યા—મહારાજજી, આપ મોટા છો, એટલે આપને શું કહેવું, પણ આ બાબતમાં ચોખ્ખો પક્ષપાત થાય છે. કારણકે, મારા શિષ્ય પદ્મવિજયને યોગ વહન કરાવવું જોઈએ. તે સારી રીતે યોગ વહન કરવાને શક્તિવાન છે. તેમ વળી હું આપનો મુખ્ય શિષ્ય છું. તેથી મારા શિષ્યને લાભ મળવો જોઇએ.

વરિષ્ટ ગુરૂ હાસ્ય કરી બોલ્યા—દયાવિજય, તું મોટો થઈને આ વિષે કેમ વિચાર કરતો નથી? તારો શિષ્ય પદ્મવિજય તદ્દન અયોગ્ય છે. તેને હજી પચ્ચખાણ આપતાં પણ આવડતાં નથી. તેવા અયોગ્ય મુનિને યોગ વહન કરાવી સારી પદવીમાં શી રીતે મુકી શકાય?

દયાવિજય ઉંચે સ્વરે બોલ્યા—મહારાજજી, જો યોગ્ય અયોગ્ય વિષે કહેતા હો તો, બીજા કયા મુનિ યોગ્ય છે? તે મને કહો. સુમતિવિજયના શિષ્ય ક્ષમાવિજય પંચ પ્રતિક્રમણ સુધી માંડમાંડ ભણ્યા છે. દેવવિજયના શિષ્ય સુરવિજય કેટલું ભણ્યા છે, તે આપના સમજવામાં છે. અને મારા ગુરૂ ભાઈ વિનોદવિજય તો એવા બુદ્ધિમાન્ છે કે, દર ચોમાસે શાસ્ત્રીની પાસે સુબોધિકા વાંચ્યા કરે છે. જ્યારે તેવા મુનિઓને આપ યોગ વહન કરાવો છો, ત્યારે મારા શિષ્ય પદ્મવિજયને કેમ યોગ વહન કરાવતા નથી?

ષ્ટમુનિ જરા ગ્લાનિ પામીને બોલ્યા દયાવિજય, તું કહે છે, તે
છે, પણ તારા શિષ્ય પદ્મવિજયના કરતાં તે બધા સારા છે. તે-
તારો શિષ્ય પદ્મવિજય જરા અહંકારી અને અવિનીત છે.
વખતે મારી સામે પણ બોલ્યો હતો.

ષ્ટિમુનિનાં આ વચન સાંભળી પદ્મવિજય બોલી ઉઠ્યો. મહા-
, જ્યારે હું આપની સામે બોલ્યો હતો, ત્યારે મારી તબીયત
ન હતી, તેમ વળી આપે મને ઘણાં કઠોર વચનો કહ્યાં હતાં, તે
ં તે વખતે આપની પાસે ક્ષમા માગી હતી તે વાતને આજે ઘ-
ણુત થઇ ગઈ છે. આ વખતે તે વાત મનમાં લાવી મને યોગવદ-
લાભ ન આપો, એ ઘણુંજ અયોગ્ય કહેવાય.

વરિષ્ટમુનિ ઉંચે સ્વરે બોલ્યા—પદ્મવિજય, વધારે પડતું બોલ
. મારી સામે તારાથી એક પણ અક્ષર ન બોલાય. હું કોણ છું?
વચારી જો. મારી ઈચ્છા આવે તેમ હું કરીશ. જો મારા વચનનું
ઘન કરીશ તો તને સંઘાડામાંથી દૂર કરી દઈશ.

વરિષ્ટ મુનિનાં આ વચનો સાંભળી પદ્મવિજય કાંઇપણ બોલ્યા
હિ. પણ તેના ગુરૂ દયાવિજયના હૃદયમાં ક્રોધ પ્રગટ થઇ ગયો. તેણે
કુટી ચડાવી પોતાના ગુરૂને કહ્યું, " મહારાજજી, મર્યાદામાં રહેજો.
હીં તો તમારી પ્રતિષ્ઠાનો ભંગ થશે. કારણકે, મારે તમારી દરકાર
થી. કદિ તમે સાથે નહિ રાખો તો હું વિહાર કરી બીજે જઇશ.
આ મારા શિષ્ય પદ્મવિજયને જો યોગવહન કરાવવું હશે તોપણ મને
બીજા યોગવાહક મળી શકે તેમ છે. તમારા જેવા અન્યાયી અને પ-
ક્ષપાતી ગુરૂની સાથે રહેવા કરતાં બીજા કોઇ સંઘાડાના સાધુની
સાથે રહેવું વધારે સારૂં છે. જો ઘરમાં સાપ હોય, તે ઘર કદિ પોતાનું
હોય, તોપણ તેનો ત્યાગ કરવો જોઇએ."

દયાવિજયના આવાં વચનો સાંભળી વરિષ્ટમુનિને વધારે ગુસ્સો
ચડ્યો. તેમણે ક્રોધાવેશથી કહ્યું. અરે અવિનયી સાધુ, જા, અહિંથી
ચાલ્યો જા. તારા જેવા અયોગ્ય મુનિને સાથે રાખવા મારી ઈચ્છા
નથી. તારા જેવા અવિનીત મુનિના ગુરૂ થવામાં પણ શરમ આવે
છે. આ અમારા ઉપાશ્રયમાંથી દૂર થા. હું તારૂં મલિન મુખ જોવાની
... રાખતો નથી."

ગુરૂનાં આવાં વચનો સાંભળી તે દયાવિજયને ઘણો ક્રોધ ચ
તેણે ઉભા થઈને કહ્યું. "મહારાજ, તમે શું સમજો છો મારી ઈચ્છા
શે તો હું જઈશ નહીં તો તમારાથી મને કાઢી શકાય તેમ નથી. આ
પાશ્રય કાંઈ તમારો નથી, તેનીપર સર્વ સંઘની સત્તા છે, અને હું
ણ સંઘનું એક અંગ છું."

દયાવિજયનાં આવાં વચનો સાંભળી પેલા વરિષ્ટ મુનિએ બી
મુનિઓની સામે જોયું એટલે બધા મુનિઓ દયાવિજયના ઉપર ધ
આવ્યા.

આ બધો દેખાવ પવિત્ર દીક્ષાકુમારી અદ્રશ્ય થઈ જોતાં હ
તેઓ ફરતાં ફરતાં આ નગરમાં આવી આ ઉપાશ્રયની અંદર તેમાં
પ્રવેશ કર્યો હતો. જ્યારે બધા મુનિઓ એક થઈ દયાવિજય ઉપર
સી આવ્યા, એટલે એ મહાદેવી નીચે પ્રમાણે અદ્રશ્ય રહી બોલ્યાં—

"हत्यसंजये पायसंजये, वायसंजए संजइंदिए ।
अज्झप्परए सुसमाहि अप्पा, तत्तत्थं च विआणइ जेस भिक्खू"॥१॥

આ ધ્વનિ સાંભળતાંજ તે બધા મુનિઓ ચકિત થઈ ગયા. તે-
ઓમાંથી કોઈપણ એ ગાથાનો અર્થ સમજી શક્યા નહિ. તેમણે સં-
ભ્રાંત થઈ ચારે તરફ જોવા માંડયું. તેવામાં દીક્ષાકુમારી પ્રત્યક્ષ થઈ
તેમની સન્મુખ ઉભા રહ્યાં તેમની દિવ્ય અને તેજસ્વી મૂર્ત્તિ જોઈ
તેઓ વિચારમાં પડ્યા. ક્ષણવાર ભયભીત થઈ સ્તબ્ધ થઈ ગયા. જ્ઞાન-
બળથી તે મુનિઓનાં હૃદય જેમણે જાણેલાં છે એવાં દીક્ષાકુમારી ઉં-
ચે સ્વરે બોલ્યા—અરે! મુનિઓ, આ શું કરો છો? જૈનમુનિઓ
કદિ પણ આવુ અનુચિત કાર્ય કરતા નથી. તમારે સર્વથા શાંતિ રા-
ખવી જોઈએ. શાંતિ અને સમતા—એ તમારૂં શુદ્ધ સ્વરૂપ છે. જૈન
મુનિઓના પવિત્ર ઉપાશ્રયમાં આવો કલહ થાય, એ ઘણા ખેદની
વાત છે. તમારા શાંત સ્વરૂપમાં આવો પ્રચંડ ક્રોધનો દેખાવ ન હોવો
જોઈએ. જૈન મુનિઓના હૃદયમાં તો શાંત રસનો અમૃતમય પ્રવાહ
વહ્યા કરે, ત્યાં ક્રોધરૂપ મહાન્ અગ્નિ પ્રજ્વલિત ન થાય. ક્યાં શાંતિ
અને ક્યાં ક્રોધ? આ ઉપાશ્રયની પવિત્ર ભૂમિ શા માટે છે? તે શાંતિ-
મય સંયમધર્મની સાધના કરવા માટે છે; તે કાંઈ યુદ્ધ કરવાની અપ-

ભૂમિ નથી. આવી પવિત્ર ભૂમિ ઉપર વાસ કરનારા જૈન મુનિઓ
ી કઠોર વાણી ઉચ્ચારે નહિ, તેમ ચારિત્રધારી મુનિની ઉપર ધ-
કરે નહિ. આવું અપકૃત્ય કરતાં તમારે શરમાવું જોઇએ.
હે મુનિઓ, તમે મને જોઇ વિસ્મય પામ્યા હશો. તમારા હૃદ-
હૃદયો મારા અદ્‌ભુત સ્વરૂપને જોઇ સંભ્રાંત થયાં હશે. માટે મારે
ને મારૂં સ્વરૂપ જણાવવું જોઇએ. હું દીક્ષાકુમારી નામે વીરધર્મ-
એક દેવી છું. વર્તમાન કાળે તમારી જેમ વિપરીત રીતે વર્તનારા
ન મુનિઓને શિક્ષા આપવાને મારો અવતાર છે. જે મુનિઓ મારી
ાજ્ઞા માન્ય કરી સ્વધર્મમાં ચાલશે, તેઓને હું સારી રીતે રાખીશ
અને જેઓ ઉદ્ધત થઇ મારી શિક્ષાનો અનાદર કરશે, તેઓના અંગ
ોપરથી હું મારા સ્વરૂપને ખેંચી લઇશ.

દીક્ષાકુમારીનાં આવાં ભીતિકારક વચનો સાંભળી તે દરો
મુનિઓ ભયથી આકુળ વ્યાકુળ થઇ ગયા, તેઓમાં જે વરિષ્ઠ મુનિ હ-
તા. તે નમ્રતાથી મંદ સ્વરે બોલ્યા - ધર્મમાતા, તમારૂં સ્વરૂપ અમારા
જાણવામાં આવી ગયું છે. તમારા દિવ્ય દર્શનથી અમે પવિત્ર થયા છીએ
મહેશ્વરી. અમારા અપરાધ ક્ષમા કરી અમારો ઉદ્ધાર કરો. તમારા
જેવા ઉત્તમ શિક્ષક વિના અમે બધા ઉન્મત્ત થઇ ગયા છીએ. અને
અમારા પરમ પવિત્ર ચારિત્ર ધર્મને ભુલી ગયા છીએ હે ધર્મમાતા,
અમને ઉત્તમ બોધ આપો અને અમારી અજ્ઞાનતા દૂર કરો. તમારા
સ્વરૂપના પ્રભાવથી અમે આ જગત્‌માં સારો સત્કાર મેળવીએ છીએ.
વર્ત્તમાન કાલના પ્રભાવે અમારા પર વિજય મેલવ્યો છે. તેણે અમોને
નિસ્તેજ, અબોધ અને મૂઢ બનાવી દીધા છે. હે દયાળુ, દેવી, આવા
બારીક સમયમાં તમે અમારી રક્ષા કરો. દુષ્ટ દુરાચારના પાશમાં સપ
ડાઇ ગયેલા એવા અમોને બચાવો.

તે મુનિઓનાં આવાં વચન સાંભળી દીક્ષાદેવી જરા શાંત થઇ
બોલ્યાં—મુનિઓ, કાલુવાર પહેલાં મે તમોને જે ગાથા સંભળાવી
હતી, તે ગાથાનો અર્થ તમે સમજ્યા છો કે નહીં?

વરિષ્ઠમુનિએ ઉત્તર આપ્યો. મહાદેવી, એ ગાથાનો અર્થ અમારા
સમજવામાં આવ્યો નથી કારણકે. અમારો અભ્યાસ ઘણો થોડો છે.

દીક્ષાકુમારી—તમે ક્યાંસુધી અભ્યાસ કર્યો છે અને તમારૂં ના-

મ શું છે ?

વરિષ્ટમુનિ—મારૂં નામ વિશુધવિજયપન્યાસ છે. આ મારા શિષ્યો અને પ્રશિષ્યો છે. પંચપ્રતિક્રમણ, જીવવિચાર, નવ દંડક તથા સંઘયણ વિગેરેમાં મારો ઘણો અભ્યાસ છે.

દીક્ષાકુમારી—તમે સંસ્કૃત ભાષા જાણો છો, કે નહીં

વિશુધવિજય—સંસ્કૃતમાં ચંદ્રિકાનો આરંભ કર્યો હતો ણ સારા શાસ્ત્રીનો યોગ ન થવાથી તે થઇ શકયો નહીં.

દીક્ષાકુમારી—તમે ચંદ્રિકાનો આરંભ કયાં કર્યો હતો, સારા શાસ્ત્રીનો યોગ કયાં ન થયો ?

વિશુધવિજય—જ્યારે હું મારા ગુરૂ પાસે હતો, ત્યાં તેમની પાસે ચંદ્રિકાનો આરંભ કર્યો હતો. પણ તેઓ પ્રવૃત્તિમ ડવાથી મારો અભ્યાસ બંધ પડયો હતો.

દીક્ષાકુમારી—તમારા ગુરૂ કેવી પ્રવૃત્તિમા પડયા હતા

વિશુધવિજય—તેઓએ કોઇ ગૃહસ્થના છોકરાને તેના ? પિતાની રજા વગર દીક્ષા આપેલ, તેથી તે ગૃહસ્થે તેમની ઉપર ! યાદિ કરી હતી, આથી તે ગામનો બધો સંઘ મારા ગુરૂની વિરૂદ્ધમા થનો હતો. આ પ્રવૃત્તિને લઇને તેઓ મને ચંદ્રિકાનો અભ્યાસ કરાવી શકતા ન હતા. પછી મેં કોઇ શાસ્ત્રીને માટે શોધ કરવા માંડી, પણ કોઇ ચંદ્રિકાનો અભ્યાસ કરાવનાર શાસ્ત્રી મળી શકયો નહીં એટલે મારો અભ્યાસ બંધ રહ્યો.

દીક્ષામારી—આ તમારા શિષ્યોને શો અભ્યાસ છે. ?

વિશુધવિજય—આ મારા શિષ્યોમાં બધાનો થોડો થોડો અભ્યાસ છે આ સુમતીવિજયે ચંદ્રિકાની પંચસંધિ પુરી કરી છે. અને નવ સ્મરણનો પાઠ તેને મોઢે છે. આ દેવવિજય ઘણો ભલો તેવો છે, પણ તેને માથે ઘણું કામ છે, તેથી તેને ભણવાનો વખત મળતો નથી.

દીક્ષાકુમારી—મુનિ સાધુ થયા પછી શું કામ હોય કામ તો સંસારીને હોય છે, સાધુને હોતું નથી.

વિશુધવિજય—હા એ ખરીવાત છે. સાધુને સંસારીના જે-

...ામ ન હોય પણ સાધુપણાને લગતું કેટલુંક કામ હોય છે, તેને મા-
...વૈયાવચ્ચ કરવામાં વધારે રોકાવું પડે છે.

દીક્ષાકુમારી—આટલા બધા મુનિઓ છતાં તમારી વૈયાવ-
... તેમને આપે કેમ છે!

વિશુદ્ધ વિજય—મહાદેવી, મારા બધા શિષ્યોમાં તે શિષ્ય
...યો હશો અને મારી મરજી ઉઠાવનારો છે. મારે માટે કેવી ચીજ જો-
...એ? આહાર કેવો જોઈએ? અને મારી સગવડતા કેમ સચવાય? એ
...બધી રીત આ દેવવિજય એકલોજ જાણે છે. તે શિવાય કાંઈપણ ગુપ્ત
...વાત કરવી હોય, કે કાંઇ મસલત કરવી હોય તો તેની સાથેજ થઈ શકે
...તેમ છે. અથવા મારા તરફથી દેશાવરમાં જે કાંઈ ટપાલ લખવાની હો-
...ય, તે પણ દેવવિજયજીજ કરે છે. આથી તે સાધુ બુદ્ધિમાન છતાં ભણી
શક્યો નથી.

દીક્ષાકુમારી—અરે મોહિતમુનિ, તમારા મુખથી આ વૃત્તાંત
સાંભળી મારા અપશોષમાં વધારો થયો છે. તમે તમારા પવિત્ર જીવનને
વિપરીત માર્ગે દોર્યું છે. જૈનમુનિ અનગાર કહેવાય છે. તેઓ અવિપરિત
ધર્મના ધારણ કરનારા છે. તેવા પવિત્ર મુનિધર્મને પ્રાપ્ત થઇ તમે આ
શું કરો છો? તમારૂં આ પ્રવર્તન અનગાર છતાં સાગારના જેવું છે. ત
મો પંચમહાવ્રતના ધારક અને સાવદ્ય કર્મના નિવારક છો. તમારે મુનિ
ને આવી પ્રવૃત્તિ કેમ ઘટે? તમારી વૈયાવચ્ચ કરવામાં ખાસ એક મા-
ણસ જોઈએ. એ કેવી વાત કહેવાય? તેમજ તમારે ટપાલ લખવાની
શી જરૂર છે? તેમજ તમારે ગુપ્ત વાત કે મસલત શા માટે કરવી જોઈ-
એ? એ બધું સંસારીને ઘટે છે. સાધુને ઘટતું નથી. હે મુનિ, તમે આ
તમારા શિષ્યને જ્ઞાનનો અંતરાય કરનારા થયા છો. હવે આવું અનુ-
ચિત કાર્ય કરશો નહીં વળી મારે તમને જણાવાનું છે કે, આ તમારા
શિષ્યોને યોગવહન કરાવી ગણી, તથા પંન્યાસ વિગેરેની પદવી આ-
પવા તૈયાર થાઓ છો. એ પણ તમારી મોટી ભુલ છે. જ્યાંસુધી સર્વ
પ્રકારની યોગ્યતા આવી ન હોય, ત્યાંસુધી ગણી કે પન્યાસ પદવી આ
પવી, એ શાસનને ઉપહાસ્ય કરવા જેવું છે. પંચપ્રતિક્રમણ પૂરાં શુદ્ધ
આવડતાં ન હોય અને વ્યાકરણમાં પંચસંધિ સુધીનું જ્ઞાન હોય તેવા
મુનિને યોગ વહન કરાવી પન્યાસપદ ઉપર નિમી દેવા એ કેવું અઘટિત
કહેવાય?

હે મુનિઓ, મેં કહેલી સુગમ ગાથાનો અર્થ જાણવાને તમારામાંથી કોઇપણ સમર્થ નથી અને તમે તેવાને ઉત્તમ પદવીને માટે યોગ વહન કરાવા તૈયાર થાઓ છો એ ઘણા ખેદની વાત છે. એટલુંજ નહીં પણ તમે પોતે પણ જે ગાથાનો અર્થ સમજ્યા નથી. કે જે તમે પંન્યાસ થઇ બીજાને પંન્યાસ કરવા સજ્જ થયા છો. આ કેવું સાહસ કેવી અવિચાર્યતા અને કેવી લઘુ વૃત્તિ ? હે અનગારો, તમારા જેવા મુનિઓને ખરેખર શિક્ષા આપવાની જરૂર છે.

દીક્ષાકુમારીના આવાં વચનો સાંભળી તે મુનિઓ ગ્લાનિ પામી નમ્ર મુખે ઉભા રહ્યા, તેમનાં હૃદયમાં ઘણીજ લજ્જા ઉત્પન થઇ આવી. ક્ષણવારે વરિષ્ટ પંન્યાસજી મંદસ્વરે બોલ્યા—ધર્મમાતા, ક્ષમા કરો. હવે એ પ્રવર્ત્તનનો હું ત્યાગ કરૂંછું વર્ત્તમાનકાળના વિપરીત પ્રભાવથી અમે આવા અનુચિત આચારમાં દોરાઇ ગયા છીએ. અમારી મનોવૃત્તિ ઊપર મદ અહંકાર, અવિનય અને અનાચારની મલિન છાયા પડી ગઇ છે. મલિન છાયાથી અમારી બુદ્ધિ જડ થઇ ગઇ છે. અને અમે સન્માર્ગનું ઉલ્લંઘન કરવાને તૈયાર થયા છીએ. મહેશ્વરી, કૃપા કરી અમને એ પૂર્વોક્ત ગાથાનો અર્થ સમજાવો અને અમારા હૃદયમાંથી અનાચારને દૂર કરવા ઉત્તમ ઉપદેશ આપો. અમારા હૃદય પશ્ચાત્તાપથી પરિપૂર્ણ થયાં છે. અને અમારી મનોવૃત્તિ અનુતાપરૂપ અગ્નિથી દગ્ધ થાય છે—હે ક્ષમાગુણવતી મહાદેવી, અમારા ઘોર અપરાધ ક્ષમા કરી અમને ઉપદેશ આપો. અમે તમારા આશ્રિત છીએ. આશ્રિતને શરણ આપવું, એ મહાત્માઓનો ધર્મ છે.

તે વરિષ્ટ મુનિની આવી દીનતા ભરેલી વાણી સાંભળી દીક્ષાકુમારી દયા લાવી બોલ્યાં—હે મુનિઓ, તમારા મનના શુભ પરિણામ જોઇ મને સંતોષ થાય છે. હવે સાવધાન થઇને પૂર્વોક્ત ગાથાનો અર્થ સાંભળો—

" જે મુનિ હાથ પગ ચલાવવામાં નિયમિત થાય છે, વચમ બોલવામાં પણ નિયમિત થાય છે, મન ઇંદ્રિયોને વશ રાખે છે, પોતાના આત્માને ગુણોને વિષે દૃઢ કરે છે અને સૂત્ર તથા અર્થને યથાર્થ રીતે જાણે છે, તે ખરેખરો સાધુ કહેવાય છે. "

હે મુનિઓ, આ ગાથાના અર્થનો વિચાર કરજો. દરેક જૈનમુનિ-

યન અને કાયામાં નિયમિત થવાનું છે. આ વખતે તમે
જે અઘટિત બોલતા હતા. અને યોગવહનની ક્રિયામાં પશ્ચા-
વતા હતા, એ તમારૂં આચરણ તદ્દન મુનિધર્મથી વિરૂદ્ધ હતું.
મુખમાંથી અઘટિત વચનો નીકળવાં ન જોઇએ. તે સાથે કો-
ધી પાડવું કે ખેંચવું - એવી હાથપગની ક્રિયા પણ ન થવી

હે મુનિઓ, જૈન મુનિએ પોતાના આત્માને ગુણોને વિષે દૃઢ કરવો
એ ગાથામાં દર્શાવ્યું છે તેનો ભાવાર્થ એવો છે કે, જૈનમુનિએ
દિક ગુણો વધારવા એટલે વિદ્યા, વિનય, વિવેક વિગેરે જે ઉત્તમ
છે તે સંપાદન કરવા, આગમની આવી આજ્ઞા છતાં તમે એ
ાનું ઉલ્લંઘન કરો છો, એ કેવા ખેદની વાત? તમે જ્ઞાન મેળવ-
ાં બેદરકાર રહો છો જે પોતાનો શિષ્ય બુદ્ધિમાન છે તે છતાં તેને
મસેવામાં રાખી જ્ઞાનથી વિમુખ રાખો છો, સર્વ ગુણોમાં પ્રધાન
વા જ્ઞાન ગુણ વિના પંન્યાસ વગેરે પદવીના મહાન ગુરુ લેવા તૈ-
ર થાઓ છો. અને બીજાને તૈયાર કરો છો આ તમારી પ્રવૃત્તિ ઘણી-
અપ્રશંસનીય છે.

હે મુનિઓ, આ પ્રસંગે મારે જણાવવું જોઇએ કે તમે તમારા આ-
ારથી વિમુખ છો. જે જે સૂત્રો અને ગ્રંથો મુનિની શુદ્ધ સમાચારીને
દર્શાવનાર છે, તે તે સૂત્રો અને ગ્રંથોનાં નામ પણ તમે જાણતા નથી
તો તે શ્રવણ મનનની વાત તો ક્યાં રહી?

હે અનગારો, મને તમારી ઉપર ક્રોધ આવતો નથી પણ દયા
આવે છે. કારણકે, ચારિત્ર જેવા નિર્મલ રત્નને પ્રાપ્ત કરી તમે તેનાથી
ભ્રષ્ટ થાઓ છો. તો તમારી શી ગતિ થાશે! જો આ પ્રમાણે તમે અનુ-
ચિત પ્રવર્તનમાં રહ્યા કરશો તો તમે સંસાર તથા ચારિત્ર- ઉભયથી
ભ્રષ્ટ થઇ દુર્ગતિના પાત્ર થશો.

મુનિઓ, હવે તમારા ઉદ્ધારને માટે બીજો ઉપાય નથી, પણ એક
ઉત્તમ ઉપાય છે કે, તમે પઠન પાઠન દશવૈકાલિક સૂત્રનું શ્રવણ મનન
કરવા તત્પર થાઓ. જો મુનિઓ ગુણવાન હોય, તેમને એ મહાસૂ-
ત્રનો અભ્યાસ કરાવો. એ મહાગ્રંથના રચનાર શય્યંભવસૂરિએ એ
ગ્રંથ રચી ભારતના સર્વ મુનિમંડળનો મહાન ઉપકાર કર્યો છે.

આ પ્રમાણે દીક્ષાકુમારીનાં સત્ય હિતકારી વચન સાંભળી પંન્યાસજીએ વિનયથી કહ્યું, મહાદેવી, આપના મુખમાંથી જે વચનો નીકળ્યાં છે. તે અક્ષરશઃ સત્ય છે. હવે કૃપા કરી એ મહાસૂત્રનો ઉપદેશ આપો.

દીક્ષાકુમારી આનંદ પૂર્વક બોલ્યાં-મુનિઓ, એ મહાસૂત્રનો બધો ઉપદેશ આપી શકાય તેટલો મને વખત નથી. તથાપિ તેના છેલ્લા દશમા સભિક્ષુ નામના અધ્યયનનો સંક્ષિપ્ત ઉપદેશ આપું, તે તમે સાવધાન થઈને સાંભળજો. એ અધ્યયનમાં ખરેખરો જૈનભિક્ષુ કેવો કહેવાય? એ વાત દર્શાવી છે. મેં તમને અદૃશ્ય રહીને જે ગાથા સંભળાવી હતી, તે પણ આ અધ્યયનનીજ ગાથા હતી.

તે સભિક્ષુ અધ્યયનની પેહેલી ગાથામાં દર્શાવ્યું છે કે, જે ગૃહસ્થને દીક્ષા લેવી હોય, તેણે પ્રથમ તીર્થંકર તથા ગણધરે આપેલા ઉપદેશ પ્રમાણે પોતાની યોગ્યતા જાણવી. જ્યારે પોતાને ખાત્રીથી જણાવે કે, 'હું ચારિત્ર ધર્મનો સારી રીતે અધિકારી થયો છું.' આવું જણાયા પછી ગૃહસ્થે ઘર-સંસારનો ત્યાગ કરી દીક્ષા લેવી. દીક્ષા લીધા પછી સર્વજ્ઞ ભગવંતના વચનને વિષે હમેશાં તત્પર રહેવું. એટલે પ્રભુએ આગમદ્વારા જે મુનિધર્મ બતાવ્યો હોય તે પ્રમાણે વર્તવું. દીક્ષિત થયેલા મુનિએ પછી કદિપણ સ્ત્રીઓને વશ ન થવું. અને વમન કરી કાઢી નાખેલા ભોગને પુનઃ ભજવાની ઇચ્છા કરવી નહીં.

હે મુનિઓ, આ ઉપરથી તમારા સમજવામાં આવશે કે, દીક્ષિત થયેલા જૈનમુનિએ ભગવંતની આજ્ઞા પ્રમાણે વર્ત્તવાનું છે. જેઓ તે પ્રમાણે વર્ત્તતા નથી. તેઓ ચારિત્રને દૂષણ કરનારા છે તેવા ભાવાર્થને સૂચવનારી એ સભિક્ષુ અધ્યયનની પેહેલી ગાથા નીચે પ્રમાણે છે —

"निक्खम्म माणाइ अ बुद्धवयणे,
निच्चं चित्तसमाहिओ हविज्जा।
इत्थीण वसं न आवि गच्छे,
वंतं नो पडिआयइ जे स भिक्खू" ॥ १ ॥

સર્વજ્ઞના વચન-ઉપદેશથી પોતાની યોગ્યતા જાણી દીક્ષા લઈ
: મુનિએ હમેશાં આગમને વિષે તત્પર રહેવું. સ્ત્રીઓને વશ
ીં, અને વમન કરેલા ભોગને પાછા સેવવા નહીં. આ પ્રમા-
તેં, તે ખરેખરો સાધુ કહેવાય છે."

હે મુનિઓ, આ ગાથામાં કહ્યું કે, સ્ત્રીને વશ થવું નહીં. અને વમ-
ેલા ભોગને પાછા સેવવા નહીં. આ કથન ઉપર તમારે દીર્ઘ વિ-
રવાનો છે. જે મુનિઓ દીક્ષિત થયા પછી ઉન્માર્ગગામી થાય
નું કારણ સ્ત્રીઓનો પ્રસંગ છે. કેટલાક ક્ષુદ્રમતિ મુનિઓ સાધુવેશ
ી પાછા ગૃહસ્થનો વેશ પહેરી લે છે. તેનું કારણ તેઓની મહા-
લેવાની અયોગ્યતાજ છે. જ્યાંસુધી ચારિત્ર લેવાનો અધિકારી થ-
ન હોય, તેવાને અલ્પમતિ ગુરૂ શિષ્યના લાભથી દીક્ષા આપી દે
તેથી તેવા શાસનને હીલણા કરનારા બનાવો બને છે.

હે મુનિઓ, તે પછી એ સૂત્રમાં પટ્નિકાય જીવની રક્ષા માટે મુ-
એ કેવી રીતે વર્ત્તવું જોઈએ? એ બાબત વિવેચન કરેલું છે. જેનો
રિભાષે આ પ્રમાણે છે—

જે મુનિ સચેત પૃથ્વીને ખોદે નહીં, બીજાની પાસે ખોદાવે નહીં
અને ખોદતાને અનુમોદે નહીં. સચેત જળ પીએ નહિ પીવરાવે નહિ
પીતાને અનુમોદે નહિ તેવી રીતે અગ્નિમાં ઉગાડીને બાળે ન-
હીં, બળાવે નહીં અને બાળતાને અનુમોદે નહીં—તે ખરેખરો ભિક્ષુ-
સાધુ કહેવાય . જે મુનિ પોતાને વીંજીને પવન નાખે નહીં, નખાવે
નહીં અને તેમ કરનારને અનુમોદે નહીં, તેવી રીતે વનસ્પતીને પોતે
છેદ નહીં છેદાવે નહીં અને તેવા સચિત્તનો સંઘટ્ટ કરે નહીં અને કદિ
પણ તેનો આહાર કરે નહીં. તે સત્ય સાધુ કહેવાય છે. સાધુએ હમેશાં
ત્રસ તથા સ્થાવર જીવની વિરાધના ન થાય તેવી રીતે વર્ત્તવું જોઈએ
અને તેવી રીતે વર્તનારે સાધુ ખરેખરો સાધુ ગણાય છે. જે હમેશાં
પૃથ્વી આદિ છકાય જીવોને પોતાની સમાન ગણે છે અને જે પંચ મહા-
વ્રત તથા પંચ આશ્રવથી સંવૃત છે, તે ખરેખરો ભિક્ષુ કહેવાય છે.

હે મુનિઓ, તમારે હમેશાં ક્રોધ વિગેરે ચાર કષાયનો ત્યાગ કર-
વો. સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણે વર્ત્તવાનું છે. તમારે સર્વદા અકિંચનપણે
રહી તમારા ચારિત્રને દીપાવવું જોઈએ. કદિપણ સુવર્ણ કે રૂપાનો સ્પ-
ર્શ પણ કરવો નહીં અને ગૃહસ્થનો સંબંધ દૂરથી વર્જવો જોઈએ.

આજકાલ મુનિઓ ગૃહસ્થ શ્રાવકોના વિશેષ પરિચયમાં આવે છે. આ રીતિ તદ્દન ચારિત્ર વિરૂદ્ધ છે. તેને માટે સૂત્રકાર નીચેની ગાથા લખે છે—

" चत्तारी वमे सया कसाए,
धुवजोगी हविज्ज बुद्धवयणे
अहणे निज्जाय रूवरयए
गिहिजोगं परिवज्जए जे स भीक्खू " ॥ १ ॥

"જે ક્રોધાદિ ચાર કષાયનો ત્યાગ કરે, જે તીર્થંકરે પ્રરૂપેલા આગમને અનુસરી મન, વચન તથા કાયાના યોગને સ્થિર રાખે, જે અકિંચન થઈ સુવર્ણ તથા રૂપાનો ત્યાગ કરે અને જે સર્વથા ગૃહસ્થના સંબંધને વર્જે છે—તે સત્ય ભિક્ષુ કહેવાય છે."

હે મુનિઓ, તમારે સદા હૃદયમાં શો વિચાર કરવાનો છે? તે વિચારી જુઓ. સમ્યગ્ દૃષ્ટિ થઈ એમ માનવાનું છે કે, "આ હેય ત્યાજ્ય છે અને આ ઉપાદેય-ગ્રાહ્ય છે" એવું જ્ઞાન છે, બાહ્ય અને આભ્યંતર રૂપ બે પ્રકારનું તપ છે, અને નવા કર્મને નહીં બાંધવા રૂપ સંયમ છે—આ પ્રમાણે માનનારો સાધુ મન, વચન અને કાયાની ત્રિગુપ્તિએ યુક્ત થઈ તપવડે કરી પોતાના પુરાણ પાપોનો નાશ કરે છે. એ સાધુ અવશ્ય ભિક્ષુક કહેવાય છે, તેને માટે સૂત્રકાર નીચેની ગાથા લખે છે—

सम्मद्दिट्ठि सया अमूढे,
अत्थि हु नाणे तवे संजमे अ,
तवसा धुणइ पुराणपावगं,
मणवयकायसुसंवुडे जे स भिक्खू" ॥ ७ ॥

"જે સાધુ સમ્યગ્ દૃષ્ટિ થઈ સદા અમૂઢ થઈ 'જ્ઞાન, તપ અને સંયમ છે' એમ માને છે, તે અને મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિએ યુક્ત થઈ, તપસ્યાથી પોતાના પુરાણ પાપોનો નાશ કરે છે, તે ભિક્ષુ કહેવાય છે."

હે મુનિઓ, તમારે માટે તે સૂત્રકાર એમ પણ લખે છે કે, ઉત્તમ ...નિએ વિવિધ પ્રકારનું અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ જે કાંઇ ...તે તેને બીજા દિવસને માટે રાખી મુકવું નહીં. બીજાની પાસે રખા...વવું નહીં અને બીજા રાખે તેને અનુમોદવું નહીં. જે મુનિ એવા અના...ચારથી દૂર રહી જે કાંઇ આહાર વગેરે મળે, તે પોતાના સાધર્મી સાધુ...ઓને આમંત્રણ કરી સાથે ભોજન કરે છે અને પોતાના સ્વાધ્યાયમાં તત્પર રહે છે, તે ખરેખરો ભિક્ષુ ગણાય છે.

હે મુનિઓ, તમારે કદિ પણ કલહ-કંકાસ કરવો નહિ. બીજાની સાથે વાદવિવાદ કરી ગુસ્સે થવું નહિ, ઇંદ્રિયોને ઉદ્ધત થવા ન દેવી, રાગ વગેરેને દૂર કરવા, મન, વચન અને કાયાના યોગમાં સંયત રહેવું આકુલવ્યાકુલ થવું નહીં અને ઉચિતપણામાં અનાદર કરવો નહીં. આ પ્રમાણે વર્તનાર મુનિ ખરેખર પવિત્ર ભિક્ષુ ગણાય છે.

હે મુનિઓ, વર્તમાન કાલે ઘણા મુનિઓ એ પ્રમાણે વર્તનારા થોડા જોવામાં આવે છે. ઉપાશ્રયની પવિત્ર ભૂમિમાં સાધુઓ પરસ્પર કલહ કરતા અને ઇર્ષ્યાથી વાદવિવાદ કરતા જોવામાં આવે છે. જે મુનિ દર્શનમાં શાંત હોવા જોઇએ, તે મુનિ નિત્ય કોપાતુર રહે છે. આ પદ્ધતિથી વર્તમાન કાલનાં ચારિત્ર દૂષિત થયેલાં જોવામાં આવે છે. આવા ઉપદેશને માટે મહોપકારી શય્યંભવસૂરિ નીચેની ગાથા લખે છે.—

"न य वुग्गहियं कहं कहिज्जा.

न य कुप्पे निहुइंदिए पसंते ।

संजम धुवजोग जुत्ते.

उवसंते अविहेडए जे स भिक्खू" ॥ १ ॥

જે મુનિ કદિ પણ કલહ [illegible] નહિ, [illegible] કાર્ય કરે નહીં, [illegible] નાશ કરે, સંયમમાં નિશ્ચલ ઇંદ્રિયોને ઉદ્ધત થવા દે નહીં, [illegible] ન થાય અને ઉચિત રહે, મન વચનના યોગના [illegible] ભિક્ષુ કહેવાય છે. ...પણામાં આદર [illegible]

હે મુનિઓ, વળી તમારે [illegible] છે, કદિ કોઇ તમને આક્રોશ આપે, ચાબુક વગેરેના [illegible] કરે, અનુસારી તમારી નહીં-

ના કરે, અને જ્યાં અતિભયાનક શબ્દો થતા હોય એવા ભૂત પ્રેતવાળા સ્થાનમાં તમારે રહેવું પડે, તો પણ તે બધું સહન કરવું જોઈએ. આ પ્રમાણે સહન કરનાર મુનિ ખરેખર સત્ય ગણાય છે.

વર્ત્તમાન કાળે આવી સહનતાવાળા મુનિઓ ઘણા વિરલા છે. આકરો આપવો, પ્રહાર કરવો કે તર્જના કરવી—એ વાત તો બાજુ પર રહી, પણ જો કદિ સન્માન આપવામાં જરા ન્યુનતા દેખાય તો તરત મુનિઓ નાખુશ થઈ જાય છે. કેટલાએક મુનિઓ તો કદિ પોતાનું બરાબર સામૈયું ન થાય, અથવા વ્યાખ્યાન વખતે લોકોનો સારો જમાવ ન થાય તેટલામાં નાખુશ થઇ ક્રોધાતુર બની જાય છે. આવું પ્રવર્ત્તન ઘણુંજ અનુચિત છે. શુદ્ધ મુનિએ કદિ પણ તેવી રીતે ન કરવું જોઈએ.

હે મુનિઓ, વર્ત્તમાન કાળે તમારા માંહેલા કેટલાએક ઇંદ્રિયોને વશ રાખી શકતા નથી. તેમાં ખાસ કરીને વાગ્‌ઇંદ્રિયના વિષયમાં વધારે નિરંકુશ રહે છે. સાધુના મુખમાં ન છાજે તેવા દુર્વચનો બોલે છે. આમ ઉદ્ધત રીતે વર્ત્તનારા મુનિઓએ સારી રીતે વિચારવું જોઈએ. તેમણે આ સંસારનો ત્યાગ કરી ચારિત્ર ગુણ શામાટે ગ્રહણ કર્યો છે? શું એવા ચારિત્રને ગ્રહણ કરવાનો આ હેતુ છે? એ ઉદ્ધત મુનિઓ જો પ્રમુક્ત હૃદયથી વિચાર કરશે તો તેમના જાણવામાં આવશે કે, આપણું આપણા આચરણે પવિત્ર જીવનને દૂષિત કરીએ છીએ.

હે મુનિઓ, 'બાર મર્યાદા પ્રતિમા સહન કરવાનું છે. માસાદિરૂપ પ્રતિમાને વિધિપૂર્વક અંગીકાર કરી સ્મશાન જેવા ભયંકર સ્થળમાં પણ તમારે કોઈ જાતનો ભય રાખવો ન જોઈએ. પવિત્ર ગુણવાળા ન તેમાં ન્યુન થઇ જાય. વળી વિજળીનો ભય છોડી દેવો જોઈએ. તેમ નિઃસ્પૃહતાથી શરીરની દરકાર પણ ન રાખવી જોઈએ. આ પ્રમાણે વર્ત્તનાર મુનિ પોતાના ચારિત્રને દીપાવે છે.

હે મુનિઓ, તમારો ચારિત્ર ધર્મ કેવો હોય છે? તેને માટે એ શાસ્ત્રમાં ઘણુંજ ઉત્તમ રીતે વર્ણવવામાં આવ્યું છે. જૈનમુનિનું પ્રવર્ત્તન ઘણુંજ સહનશીલ હોવું જોઈએ. મુનિએ પોતાના દ્રવ્યશરીર અને ભાવશરીરની દરકાર રાખવી ન જોઈએ. તેણે પોતાના શરીર ઉપર સ્નિગ્ધનો યોગ, દ્રવ્ય તથા ભાવ પ્રતિબંધથી ત્યાગ કરવાનો છે. કોઈ

...ા આવે. કોઈ લાકડી વિગેરેનો માર મારે, કોઈ તરવાર વિગેરે
...થી ઘાયલ કરે અને કોઈ કે શરીરના અવયવ કાપીને નાખવું ઈ-
...ને પૃથ્વીની જેમ જો સહન કરવું છે... આવું સહન કરનારો
...મુનિ તે સાધુ મુનિ કહેવાય છે. વર્તમાનકાલે આવા મુનિઓ વિરલા હતા,
...અને ... પૂર્વે આર્યભૂમિપર આવા મુનિઓ વિચરતા હતા. તે મુ-
...આત્મિકનું ... આજે બાહ્ય ... કરે છે. તે મુ-
...તથા ... તેની ... વર્તમાનકાલે ... સહન-
... તથાપિ ... તે તપાવે ... સહન-
... ઉત્પન્ન થવાથી ... સહનશીલતા અસાધારણ
...થી ... તેને માટે ... નિ-
... સહનતા ... તેને માટે ... નીચે
...ની ગાથા લખે છે—

" असइं वोसट्ठचत्तदेहे,
अक्कुट्ठे व हए व लूसिए वा ।
पुढवि समे मुणी हविज्जा,
अनियाणे अकोउहल्ले य जे स भिक्खू " ॥ १ ॥

" જે મુનિ સર્વદા ... તથા ભાવના પ્રતિબંધથી શરીરનો ત્યાગ
... કરે છે, ... કોઈ મારે અને ... ઘાયલ કરે,
... પૃથ્વીની જેમ સર્વને સહન કરે ... જે ભાવ ... આ-
... નથી અને જે ... વિગેરે ... કૌતુક ધરાવતો નથી,
તે ... ભિક્ષુ મુનિ કહેવાય છે."

હે મુનિઓ, ... સદા મનમાં લખ્યું છે કે,
... આ સંસાર માર્ગ-
... મુનિએ ... શરીર વડે ... આ સંસારના જન્મ મર-
... તપસ્યામાં આ-
... ભિક્ષુ—સાધુ કહેવાય
... નીચેની ગાથા લખે છે—
... તેને માટે ...

" अभिभूय काएण परीसहाइं
समुद्धरे जाइपहाओ अप्पयं

विइत्तु जाइमरणं महब्भयं
तवे रए सामणिए जे स भिक्खु " ॥ १ ॥

"જૈન મુનિ કાયાથી પરિષહોનો પરાભવ કરી આ સંસારમાંથી પોતાના આત્માનો ઉદ્ધાર કરે અને જન્મ મરણરૂપ આ સંસારના મૂળને મોટા ભયરૂપ જાણી સાધુપણાને યોગ્ય એવા તપને વિષે જે આસક્ત રહે, તે ભિક્ષુ કહેવાય છે."

હે મુનિઓ, આવા આત્માનો ઉદ્ધાર કરનારા મુનિઓ વર્તમાન કાળે તો શરીરનું રક્ષણ કરનારા, શરીરને માટે શ્રાવકોના ઘરમાંથી હજારો રૂપીઆ ખર્ચાવનારા, અને શરીરને જાળવવાને ઉંચી જાતનાં કપડાં પહેરનારા, તથા ઉંચી જાતની કીંમતી વસ્તુઓ વોહોરનારા ઘણા મુનિઓ જોવામાં આવે છે. એ બધો વિપરીત કાળનો પ્રભાવ છે. હે અનગારો, પરીષહોને સહન કરવાને માટેજ તમારા આચારમાં પરિગ્રહનો ત્યાગ કરવાને કહેલું છે. કોઇ પણ પરિગ્રહને વિષે આસક્ત ન રાખવી—એ પવિત્ર મુનિની સમાચારી છે. મુનિએ વસ્ત્ર, પાત્ર વિગેરે ઉપધિમાં મૂર્છા રાખવી ન જોઇએ. મુનિએ કોઈ પણ વસ્તુમાં આસક્તિ કરવી નહિ. તેમણે પોતાના નિર્વાહ માટે અલ્પ આહાર ગ્રહણ કરવો, તે પણ અપરિચિત શ્રાવકના ઘરમાંથી વહોરી લાવેલા, જેનાથી ચારિત્ર દુષિત થાય અથવા ચારિત્રની અસારતા ઉત્પન્ન થાય એવા દોષ તજી દેવા. ખરીદવું, વેચવું સંગ્રહ કરવો વિગેરે અનુચિત ક્રિયાનો ત્યાગ કરવો. અને દ્રવ્ય તથા ભાવ બંને પ્રકારના સંગનો પરિત્યાગ કરવો. આ પ્રમાણે વર્તનારા સાધુ ખરેખરો ભિક્ષુ કહેવાય છે.

હે મુનિઓ, વર્તમાનકાળે તેવા ભિક્ષુ સાધુઓ વિરલા જોવામાં આવે છે. ઘણા મુનિઓ ઉંચી જાતનાં વસ્ત્રો વોહોરવાની ઇચ્છા રાખે છે. કેટલીક વાર શ્રાવકો વસ્ત્રોની ગાંસડીઓ લઇ મુનિઓને વોહોરાવવા આવે છે. તે વખતે મુનિઓ ઉંચી જાતના મલમલ, ઉંચી જાતની કીંમતી કાંબલીઓ અને બારીક ચોળપટ્ટાઓ જોઈજોઇને વોહોરે છે. જે શ્રાવકો હલકી જાતનાં વસ્ત્રો લાવ્યા હોય, તેનો અનાદર કરે છે, આવી વૃત્તિ રાખવી, એ તદ્દન મુનિ ધર્મથી વિપરીત છે. વસ્ત્ર, પાત્ર વગેરે ઉપધિમાં મૂર્છા રાખવી— એ સાધુઓને સર્વ રીતે

છે. પ્રશંસિત અપ્રતિપત્તિ દ્વારે મુનિઓની વૃત્તિમાં
... કરી દીધા છે. પવિત્ર મહાર ગૃહ આચરનારા
... આર્હત આગમે અધમ માર્ગના પથિક બન્યા છે.
... અને આચારાંગ જેવા આગમ દ્વારા પુસ્તકો તરફ તેમની
... હોય છે. તેમની મનોવૃત્તિ મમતાથી મુક્ત થવા છતાં સં-
... આસક્ત થતી હોય છે. હે મુનિઓ, આ વિષે તમારે બુદ્ધ
... વિચાર કરવ ના છે. તમારો આચાર ઉત્તમ માર્ગે એવા ઉદ્યમ
... સંપાદન કરવા તમારે તત્પર થવું જોઈએ. જો તમે દ્રવ્ય અને
અને પ્રકારનો સંગ ત્યાગ કરશો તો તમે અલ્પ સમયમાં સારી ઉ-
... સંપાદન કરી શકશો. કોઈ પણ પ્રકારનો સંગ ન કરવો એ મુનિ-
... પ્રથમ ઉપયોગી નિયમ છે. કારણકે, નિઃસંગપણું વર્ણવ્યું એ
... જીવન છે. આ સંસારનું સ્વરૂપ સંગને આધારે રહેલું છે.
... સંગ ત્યાં સંસાર છે, અને જ્યાં સંસાર ત્યાં સંગ છે. સંગ અને સં-
... પરસ્પર ગાઢ સંબંધ છે. ધર્માચરણ કરનારી મુનિઓ સંગાગી સંસા-
... બની જાય છે. સંગરૂપી પ્રજ્વલિત અગ્નિમાં પડેલા પ્રમાદી મુનિઓ-
... પોતાના સંયમની આહુતિ આપેલી છે. સંગનું મહાવિષ ચારિત્રને
... ... કરી દે છે. તેથી પવિત્ર મુનિએ સર્વથા સંગનો પરિહાર કરવો
જોઈએ.

તેને માટે પવિત્ર મહાત્મા શય્યંભવસૂરિ નીચેની બોધક ગાથા
કહે છે—

" उवहिम्मि अमुच्छिए अगिद्धे

अन्नायउंछं पुलनिप्पुलाए

कयविक्कय संनिहिओ विरए

सव्वसंगावगए अ जे स भिक्खू" ॥ १ ॥

"જે મુનિ વસ્ત્ર પાત્ર વગેરે ઉપધિમાં મૂર્છા રાખે નહીં, જે આસ-
ક્તિ વિના અપરિચિત ગૃહસ્થને ઘેર જઈ ભિક્ષા વ્હોરી લાવે, જે સંય-
મની અસારતાને ઉત્પન્ન કરનારા દોષથી રહિત હોય, ખરીદવું, વેચવું
અને સંગ્રહ કરવો ઇત્યાદિ કુઆચાર જેનામાં હોય નહિ અને જે દ્રવ્ય

જે ગૃહસ્થ અથવા યતિ ભગવંતની આજ્ઞાનો ભંગ કરે, તે સર્વ મિથ્યાત્વી કહેવાય છે. હે મુનિઓ, આ બધો વિચાર કરી તમે આચારને સુધારજો અને તેને સુધારી તમારા ચારિત્ર જીવનને પ્રકારે સાર્થક કરવા પ્રયત્ન કરજો.

હે અનગારો, વળી તમારા મહોપકારી શય્યંભવસૂરિ એ મહા-માં લખે છે કે, જૈન મુનિએ પોતાના શિષ્યવર્ગ તથા પોતાના સંઘા-ની બાહેરના કોઇ સાધુનું અપમાન કરવું નહિ. 'આ મુનિ કુશીલ એમ કહેવું નહીં. કદિ કોઇ બીજા સંઘાડાના સાધુ ગુસ્સો કરે, પણ તેની સાથે સામો ગુસ્સો કરી બોલવું નહિ. કારણ કે, તેમ ક-વાથી પાપ લાગે છે. પુણ્ય કે પાપ જે કરે તેને ભોગવવું પડે છે. તે-વળી જો પોતાનામાં કોઇ જાતનો ગુણ હોય તો મદ કરવો નહીં. આ પ્રમાણે વર્તનાર મુનિ ખરેખરો પવિત્ર કહેવાય છે.

હે મુનિઓ, વર્તમાન કાળે તેવા ઉત્તમ ભિક્ષુ મુનિઓ ઘણા થો-ડા મળી આવે છે. બીજા સંઘાડાના મુનિઓ તરફ દ્વેષ ભાવ કરનારા અને તેની સાથે કલેશ કરી લડનારા ઘણા મુનિઓ જોવામાં આવે છે. કેટલાએક તો પોતાના રાગી શ્રાવકોને ઉશ્કેરી બીજા મુનિઓનું અપમાન કરાવે છે. તેઓને પોતાના ઉપાશ્રયમાં ઉતરવા દેતા નથી. જો પોતાનું ચાલે તો ગામમાં પેસવા દેતા નથી. આ રીતિ ઘણીજ નિંદનીય છે.

હે મુનિઓ, તમારે એ કુરીતિથી સર્વથા દૂર રહેવું. સર્વ ઉપર સમાન ભાવ રાખવો. તમારે જાણવું જોઇએ કે, ગમે તે ગચ્છ કે ગમે તે સંઘાડાના સાધુ હોય તે બધા શ્રી વીર પ્રભુના પરિવારમાં છે, તમે એકજ ગુરૂના શિષ્ય છો. તમારે પરસ્પર ઇર્ષ્યા કે દ્વેષભાવ રાખવો ન જોઇએ. તમારી પવિત્ર મનોવૃત્તિમાં શાંત સમતા અને નિ:પક્ષપાતપણું હોવું જોઇએ.

હે મુનિઓ, વળી બીજી ખાસ વાત સ્મરણમાં રાખવાની છે, કે તમારામાં ગમે તેવા ગુણ પ્રાપ્ત થયા હોય તો પણ તમારે કદિ ગર્વ કરવો નહીં. કારણકે ગુણ ધારણ કરવા એ તમારો ધર્મ છે. અને ગુણના ન થયું એ ચારિત્ર મદના હેતુ છે. નિર્મળ ચારિત્રને વહન કરનારા મુનિઓ પોતાના ગુણથી ગર્વિત થઇ બીજા સાધુઓને તથા સંઘને વ

ગુણવત્ ગણે છે, એ તેમની અધમ પ્રવૃત્તિ છે. સૂત્રકાર તેને માટે પોકાર કરી નીચેની ગાથા ગાય છે,—

" न जाइमत्ते न य रूवमत्ते,
न लाभमत्ते न सुएण मत्ते ।
मयाणि सव्वाणि विवज्जइत्ता,
धम्मज्झाणरए जे स भिक्खू. " ॥ १ ॥

" જે મુનિ જાતિ, રૂપ, લાભ, અને શ્રુતનો મદ કરે નહીં સર્વ પ્રકારના મદને છોડી દે અને ધર્મધ્યાનમાં તત્પર રહે તે ખરેખરો ભિક્ષુક મુનિ કહેવાય છે."

હે મુનિઓ, તમારે જાતિમદ કરવો નહિ, અમે ઉંચા કુળમાંથી આવેલા છીએ, તેથી અમે ઉંચી જાતના સાધુ છીએ. અને બીજા આ ચમાર કુળમાંથી આવેલા છે. તે નીચા કુળના સાધુ છે, મનોવૃત્તિમાં આવા અધમવિચાર લાવવા નહિ, તેમ રૂપનો મદ પણ કરવો નહીં, હું સ્વરૂપવાન્ સાધુ છું અને આ કુરૂપો સાધુ છે એવો વિચાર લાવી હૃદયમાં મદ ધરવો નહિ, લાભનો મદ પણ કરવો નહિ, ઘણા મુનિઓ અહંમતિથી વિચાર છે કે, અમારે માટે શ્રાવકે દ્રવ્યનો રૂપીઆનો ખર્ચ કરવા તૈયાર છે. અમારે માટે મોટા પગારદાર શાસ્ત્રીઓ રાખવાને અને હજારો રૂપીઆના પુસ્તકો ... શ્રાવકો તૈયાર છે, તેમ વળી અમારે માટે ઉપાશ્રયો ... ઉંચી ચીજ આપવાને ધનાઢ્ય શ્રાવકો આતુર રહે છે, આવો લાભ મદ કરનારા મુનિઓ પોતાના ચારિત્રને દૂષિત કરે છે. કેટલાએક અભિમાની મુનિઓ શ્રુતમદ એટલે શાસ્ત્રનો મદ કરે છે તેઓ પોતાના મદમાં એવા ચૂર થઈ જાય છે, કે અમારા જેવા કોઈ વિદ્વાન બુદ્ધિમાન અને ડાહ્યા નથી.

હે મુનિઓ, આ પ્રમાણે જાતિમદ, રૂપમદ, લાભમદ અને શ્રુતમદ તમારે કદિપણ કરવો નહિ. એ આઠ મદ કર્મના બંધના હેતુરૂપ છે, એવું ધારી સર્વથા તે સર્વ મદનો ત્યાગ કરી દેવો. હે અનગારો, તમારા ઉદ્ધારને માટે અને તમારા ચારિત્રજીવનને નિર્દોષ રાખવા માટે સૂત્રકાર ઘણી ઉપયોગી સૂચનાઓ આપે છે. જે સૂચનાઓ તમારા

સ્વરૂપને પ્રતિપાદન કરી તમને સન્માર્ગે દોરી જાય છે.
હે સાધુઓ, તમારો સવેગ શુદ્ધ રાખવાને તમારે ઘણી આવશ્ય-
કતા રાખવાની છે. હમેશાં તમારે શુદ્ધ ધર્મનીજ પ્રરૂપણા કરવી
જોઇએ. તને પોતે ધર્મમાં સ્થિર રહી બીજાને ધર્મમાં સ્થિર કર-
વા એ તમારૂં મુખ્ય કર્તવ્ય છે. તમે આ સંસારમાંથી શામાટે નીકળ્યા
છો અને તે નીકળવાનો શુદ્ધ હેતુ શો છે? તે વિષે તમારે સર્વદા મ-
નન કરવાનું છે. પ્રથમ તો આ સંસારમાંથી નીકળવાનો હેતુ કુશી-
લ ગૃહસ્થનો ત્યાગ કરવાનો છે. એટલે આરંભ—સમારંભ કરનાર ગૃહસ્થ-
ની ચેષ્ટાઓ તમારે છોડી દેવી જોઇએ. જે ચેષ્ટાઓ વર્તમાન કાલે પ્ર-
વર્તતી ચેષ્ટાઓ તમારે છોડી દેવી જોઇએ. તે સાથે તમારે બીજાને હાં-
સી થાય તેવી મુનિઓમાં સર્વદાને પ્રસરી ગઇ છે. વર્તમાન કાલે ઘણા અલ્પ-
મતિ મુનિઓ આવી ચેષ્ટાઓ ન કરવી જોઇએ. વર્તમાન કાલે ઘણા અલ્પ-
મતિ મુનિઓ આવી ચેષ્ટાઓ કરી પોતાના મુનિધર્મની તેમજ વીર-
શાસનની હીલના કરાવે છે.

હે મુનિઓ આવો ઉત્તમ બોધ આપવાને સૂત્રકાર નીચેની બો-
ધક ગાથા લખે છે.

" पवेअए अज्जपयं महामुणी,
धम्मे ठिओ ठावयई परं पि।
निक्खम्म वज्जिज्ज कुसीललिंगं,
न आवि हासं कुहए जे स भिक्खू" ॥ १ ॥

" જે મહામુનિ આર્ય પદ—શુદ્ધધર્મને કહે છે, પોતે ધર્મમાં રહી
બીજાને ધર્મમાં સ્થાપિત કરે છે. આ સંસારમાંથી નીકળી કુશીલલિંગ
એટલે આરંભ—સમારંભ કરનાર ગૃહસ્થની ચેષ્ટાને વર્જે છે અને
હાંસી થાય તેવી ચેષ્ટાઓ કરતો નથી. તે ખરેખર ભિક્ષુ સાધુ કહેવા-
ય છે."

હે અનગારો, આ ગાથા તમારા મનોમંદિરમાં સદા સ્થાપન કરવા
યોગ્ય છે. આ બોધક ગાથાનું સદા સ્મરણ કરનાર સાધુ કદિપણ પો-
તાના ચારિત્ર માર્ગથી ભ્રષ્ટ થતો નથી આ સંસારમાંથી નીકળી મુનિ-
એ પોતાનું શું કર્તવ્ય છે? તેનોજ સર્વદા વિચાર કરવો જોઇએ. ચારિ-

જૈન વિદ્વાન્ મુનિની પાસે મેકલ્યા, અને ત્યાં રાખી તેમને સંસ્કૃત તથા માગધી ભાષાનો અભ્યાસ કરાવ્યો. અને તે ભાષાનું જ્ઞાન કરાવી દશવૈકાલિકસૂત્રનું અધ્યયન કરવાની સૂચના આપી.

આવી રીતે દીક્ષાકુમારીના પવિત્ર ઉપદેશથી તે બધા મુનીઓ છેવટે યથાર્થ સંયમ ધારી થયા હતા અને તેમનું ચારિત્ર જીવન સર્વ રીતે કૃતાર્થ થયું હતું, દિવ્ય મહાત્માઓનો ઉપદેશ કદિ પણ નિષ્ફળ થતો નથી.




અવશિષ્ટ પ્રવાસ ૧૪ મો.

અથવા.

મુનિ સુધાવિજયનો સમાગમ,





દીવ્ય મૂર્તિ દીક્ષાકુમારી પોતાના દશ પ્રવાસ પૂરા કરી વિચાર કરવા લાગી કે "મેં મારી ધારણા પુરી કરી છે [illegible] અંતરદશવૈકાલિક સૂત્રના [illegible] ઉપદેશ આપી મેં મારૂં કર્તવ્ય પૂરૂં કર્યું હવે મારે [illegible] કે જે પ્રવાસમાં મુનિ [illegible] સમાગમ કરવાનો છે. એ મહાનુભાવને મળી તેમની [illegible] મારે જવું [illegible] જેમ મુનિઓના [illegible] મહાનુભાવ [illegible] રીતે પાળે છે. બીજા મુનિઓના [illegible] અનુસાર છે."

આ પ્રમાણે હૃદયથી ચિંતવી દીક્ષાકુમારી જે દેશમાં મુનિ સુધાવિજય વિચરતા હતા, તે દેશમાં આવી. તે [illegible] અદૃશ્યપણે [illegible] ઉપર [illegible] ત્યાં જૈન [illegible] હતું. [illegible] તે [illegible]

હતો. તે દેશમાં આવેલા દેરાસરો તથા ઉપાશ્રયો અવ્યવસ્થિ-
. તે જીર્ણપ્રાય થઇ ગયાં હતાં. તે માંહેં કેટલોક ભાગ તો ખંડેર
થઇ ગયો હતો.

નિ ગુણવિજયે તે દેશમાં આવી પોતાની ધાર્મિક દેશનાથી લોકો-
ન ઉપર સારી અસર કરી હતી. જૈનધર્મ શું છે? તે ધર્મની અં-
ર્મનારા લોકોનું શું કર્તવ્ય છે? આર્હત ધર્મના કેવા સિદ્ધાંતો
જૈનોનો આચાર, રીતિ, વર્તન અને કર્તવ્ય શું છે? દેવ, ગુરૂ
ધર્મનું શુદ્ધ સ્વરૂપ શું છે? શ્રાવક કેવો હોવો જોઇએ? શ્રાવિકા-
કેમ વર્તવું જોઇએ? સંઘનું માહાત્મ્ય શું છે? અને શ્રાવક સંસા-
ર્તવો જોઇએ? ઇત્યાદિ સર્વ ઉપયોગી વિષયો ઉપર મુનિ ગુણવિજ-
સારા સારા વ્યાખ્યાનો આપી તે અજ્ઞાની દેશમાં સારી સુધારણા
ર્વા માંડી હતી. તે દેશના લોકો મુનિનો આચાર જાણતા ન હતા,
ર્વા માંડી હતી. તે દેશના લોકો મુનિને આચાર જાણતા ન હતા,
સ્થ અવસ્થની તેમને જોઇએ તેવી માહિતી ન હતી. મુનિની વૈ-
ાવસ્થ તેઓ જાણતા ન હતા. પ્રાસુક તથા અપ્રાસુકનો
તેમને બોધ ન હતો. મુનિને આહાર પાણી કેવી રીતે વહોરાવવાં જોઇ-
એ? એ વિષયમાં તો તે ઘણાજ અશુદ્ધ હતા. આવા ઉપદેશમાં વિચ-
રતા મુનિ ગુણવિજયને ઘણા પરીષહો સહન કરવા પડતા હતા. કો
કોઇ વાર તો તેમને ઉપવાસના પ્રત્યાખ્યાન કરવા પડતાં હતાં. આહા
ના શુદ્ધ વિધિને નહિ જાણનારા શ્રાવકોના ઘરમાંથી મુનિ ગુણવિજ
ઘણીવાર પાછા ફરતા, અને આહારનો ત્યાગ કરી અલાભ પરિષહ
ન કરી પોતાના ચારિત્રને પાળતા હતા. આવા વિપરીત દેશમાં વિ
રતા મુનિવર ગુણવિજયના ચારિત્રની કસોટી ખરેખરી થતી હતી.
થાપી એ મહ મુનિ એ કમે ટીમાં સારી રીતે ઉતરતા અને પોતાને
નિધર્મ યથાર્થ રીતે પાળતા હતા

મહાદેવી દીક્ષાકુમારી એ દેશમાં આવ્યાં. તેણીએ અદ્રશ્ય રહી
એ પવિત્ર મુનિનાં દર્શન કર્યાં. મહાનુભાવા દીક્ષાકુમારીએ વિચાર્યું
કે, "જો હું મારે રૂપે પ્રત્યક્ષ થઇ મુનિ ગુણવિજયનો સમાગમ કરીશ,
તો મને જોઇએ તેવો લાભ નહિ મળે એ મહાશયની મહાવ્રતની
દશા. તેમની વૈરાગ્ય ભાવના. અને તેમનો શુદ્ધ સંયમ મારા જોવ-
માં નહિ આવે. તે સાથે તેમની વિજ્ઞા ભરેલી વિરક્ત વાણીનો મને
" " "

પૂર્ણ લાભ નહિ મળે, માટે કોઇ બીજું રૂપ લઇ, એ મહાશયની પાસે જાઉં, અને તેમની પરીક્ષા કરવાની જેમ તેમની સાથે વાદવિવાદમાં ઉતરૂં." આવું ચિંતવી દીક્ષાકુમારી એક મુનિનું રૂપ લઇ મુનિ સુધાવિજયની પાસે આવી, અને તેણે ભક્તિથી મુનિ સુધાવિજયને ત્રણ ખમાસમણ આપી, વંદના કરી, અને સુખશાતા પૂછી. પવિત્ર મુનિ સુધાવિજય તે અભિનવ મુનિને જોઇ વિચારમાં પડ્યા. ક્ષણ વાર વિચાર કરી તે મહા મુનિ બોલ્યા—મુનિ, તમારૂં નામ શું છે? અને તમે કયા ગુરૂના શિષ્ય છો.? તેણે ઉત્તર આપ્યો—મહારાજ, મારૂં નામ દીક્ષાવિજય છે, અને હું મહાવીર પ્રભુનો શિષ્ય છું. 'મહાવીર પ્રભુનો શિષ્ય છું.' આ વચન સાંભળી સુધાવિજય ઘણા વિચારમાં પડ્યા, પણ પોતાના શાંતસ્વભાવને લઇને તેમણે કાંઇ પણ કહ્યું નહિ. મુનિરૂપ દીક્ષાકુમારીએ તરત પ્રશ્ન કર્યો—મહારાજ, તમે આ દેશમાં શી રીતે રહી શકો છો? આ દેશ તો બધો મિથ્યાત્વમય બની ગયો છે. અત્રેના જૈનો પણ તનમન મિથ્યાત્વી જેવા બની ગયા છે. આવા દેશમાં સાધુનો નિર્વાહ થઇ શકે તેમ નથી. હું તો દૈવયોગે અહિં આવી ચડ્યો છું, પણ હવે આ દેશથી કંટાળી ગયો છું. અત્રેનાં શ્રાવકો કાંઇ પણ સાધુની વૈયાવચ્ચમાં તો સમજતાજ નથી. આવા ઉપ ક્ષેત્રમાં સાધુએ ન રહેવું જોઇએ.

સુધાવિજય—હે મુનિ, તમે કહો છો. તે યથાર્થ છે, પણ ઉપરક્ષેત્ર શી રીતે થાય છે? તે કહો.

દીક્ષાવિજય—સાધુઓના અપરિચયથી.

સુધાવિજય—ત્યારે સાધુઓનો અપરિચય શા માટે થાય છે!

દીક્ષાવિજય—સાધુઓની બરાબર વૈયાવચ્ચ ન થવાથી સાધુઓનો પરિચય થતો નથી.

સુધાવિજય—વૈયાવચ્ચની અપેક્ષા રાખવી, એ સાધુનો ધર્મ છે?

દીક્ષાવિજય—ના.

સુધાવિજય—ત્યારે સાધુઓ શા માટે આવા ક્ષેત્રોમાં વિચરતા નથી?

દીક્ષાવિજય—સાધુઓની સગવડના અભાવે સમુદાય નહિ, એટલે તેઓ તેવા ક્ષેત્રોમાં જતા નથી.

સુધાવિજય—સંસારની સગવડતા છોડી સાધુ થયેલાને પછી બીજી સગવડતાની શી જરૂર છે ?

દીક્ષાવિજય—ત્યારે શું સાધુએ પોતાની સગવડતા કાંઇ ન જોવી ? અને દુઃખી થવું !

સુધાવિજય—સાધુઓને વળી સુખ શાનું ? તેઓને તો પરીષહોજ સહન કરવાના છે.

દીક્ષાવિજય—જ્યાંસુધી પરીષહો સહન કરવાનો વખત ન આવે, ત્યાંસુધી તેમણે પોતાની મેળે શા માટે પરીષહો ઉભા કરવા જોઇએ.

સુધાવિજય—જ્યાંસુધી પરીષહો સહન કરવામાં ન આવે, ત્યાંસુધી ચારિત્ર ધર્મની કૃતાર્થતા થતી નથી.

દીક્ષાવિજય—મહારાજ, એ તો ઠીક ન કહેવાય. આ સંસાર તથા ઘરબાર છોડી સાધુ થઇએ અને પછી જ્યારે દુઃખી થઇએ, તો પછી સાધુ થવામાં લાભ શો ?

સુધાવિજય—સાધુ થવામાં જે લાભ છે, તેવો લાભ બીજા કોઇમાં નથી.

દીક્ષાવિજય—હા, ખરી વાત પણ તે લાભ આવા ઉજડ ક્ષેત્રોમાં મળે નહીં. તેવો લાભ તો સારા ક્ષેત્રોમાં મળે.

સુધાવિજય—લાભને અને ક્ષેત્રોને કાંઈ સંબંધ નથી. મારો કહેવાનો આશય જુદો છે.

દીક્ષાવિજય—આપનો કહેવાનો આશય શો છે ? તે મને સમજાવો.

સુધાવિજય—પંચ મહાવ્રતનો ઉચ્ચાર કરી, ચારિત્ર રત્નને ગ્રહણ કરનાર સાધુ વિનિત ધર્મ સંપાદન કરી, આત્મ સાધન કરી શકે છે, સુખ સમાધિથી સ્વાધ્યાય ધ્યાન કરી, પોતાના પૂર્વ સંચિત કર્મને ખપાવી શકે છે અને સમ્યક્ત્વમૂલ વર્તન તત્ત્વને જાણી પવિત્ર ભાવના ભાવી શકે છે. સાધુને આ કાંઈ જેવો તેવો લાભ નથી, ને લાભની આ-

ગળ બીજા સાંસારિક તથા પૌદ્‌ગલિક લાભો શા હીસાબમાં છે? ઉત્તમ વૃત્તિથી પોતાના સદાચારને સેવનારા સાધુને પછી સારા નરસા ક્ષેત્રની સારા નરસા ગૃહસ્થોની કે સારા નઠારા પદાર્થોની અપેક્ષા રહેતી નથી. સમતાના પ્રભાવથી તેને મન તો બધું સરખુંજ છે.

દીક્ષ વિજય—મહારાજ, આજકાલ આવી વૃત્તિ રહેતી નથી. વર્તમાનકાળે તો જે ક્ષેત્રમાં સાધુઓને સારૂં માન મળે, શ્રાવકો તરફથી તેમની વૈયાવચ્ચ થાય, સારી રીતે આહાર પાણી મળે. વૈદ્ય તથા ઔષધોની જોગવાઇ હોય, અને બીજી જે કાંઇ ચીજો જોઇતી હોય, તે મળી શકે તેમ હોય, તેવા ક્ષેત્રોમાં સાધુઓ વિચરે છે. અને ત્યાંજ ચોમાસાં કરે છે. હે ભગવન્, હું પણ તે મતનો છું. કારણ કે, આ દેશમાં વિચરતાં મને અનુભવ થયો છે કે, અહિં સાધુને ઘણુંજ કષ્ટ પડે છે. એક તો ઘરબાર છોડી, સગાવ્હાલાંનો ત્યાગ કરી સાધુ થયા અને પાછા ખાવા પીવાના કષ્ટો સહન કરવાં એ બંને દુઃખ કેમ સહેવાય?

સુધાવિજય હાસ્ય કરીને બોલ્યા–મુનિ, તમારાં વચનો સાંભળી મને હસવું આવે છે, પણ હૃદયમાં ખેદ થાય છે. તમે સાધુનું લિંગ ધારણ કરનારા મુનિ છો, એક ઉત્તમ પ્રકારના અનગાર છો, અને વીતરાગ પ્રભુના ઉપાસક છો. તે છતાં તમને સુખની ઇચ્છા થાય છે. અને તમે પરીષહના દુઃખથી દૂર રહેવા ઇચ્છો છો. એ મને મોટું આશ્ચર્ય થાય છે. હે મુનિ, આવા હલકા વિચાર કરશો નહિ. તમારા શુદ્ધ સ્વરૂપને ઓળખો. તમે કોણ છો? તમારૂં કર્ત્તવ્ય શું છે? અને તમારો પવિત્ર હેતુ શો છે? હે સાધુ, આપણ જૈન મુનિનો ધર્મ ઘણોજ દુષ્કર છે. આપણું મુનિવ્રત અનેક પરીષહોથી તથા કષ્ટોથી ભરેલું છે. આપણું મુનિવ્રત ખડ્‌ગની ધારા સમાન ગણાય છે. જ્યાંસુધી આપણે સુખની આશા રાખીએ, ત્યાંસુધી આપણામાં મુનિવ્રતની નિર્મળતા છે–એમ આપણે જાણવું જોઇએ. સર્વ ઉપર સમાન ભાવ રાખવો–સર્વ તરફ સમદૃષ્ટિ રાખવી–એ આપણો મુખ્ય ધર્મ છે. " આ સારૂં ક્ષેત્ર છે. આ ઉખર ક્ષેત્ર છે, અહિં સુખ છે, અહિં દુઃખ છે, આ સ્થાનમાં આદર છે, અને આ સ્થાનમાં અનાદર છે. " આ કાંઇપણ જૈન મુનિએ જેવાનું નથી. સમદૃષ્ટિ સાધુઓએ સર્વના ઉપકાર કરવાને સર્વત્ર વિચરવું જોઇએ. હે મુનિ, આજ કાલ આપના મુનિઓ જે સારા ક્ષેત્રો હોય, જ્યાં ધના-

હય શ્રાવકની વસતી ઘણી હોય, જ્યાં મુનિઓનું ઝાઝું માન થતું હોય અને જ્યાં સર્વ પ્રકારની સગવડતા હોય, તેવા ક્ષેત્રોમાં—તેવા સ્થલોમાંજ તેઓ વિચરે છે, વાસ કરે છે, અને ચાતુર્માસ્ય વસે છે. આ પ્રવર્ત્તન ઘણુંજ અનુચિત અને પક્ષપાતી છે. આવા અનુચિત પ્રવર્ત્તનથી ઘણાં ક્ષેત્રો ઉજ્જડ બની ગયાં છે. ઘણાં ક્ષેત્રોમાં આર્હત ધર્મનો અસ્ત થઇ ગયો છે, ઘણાં ક્ષેત્રોમાં મલિન મિથ્યાત્વનો પ્રચાર વધી ગયો છે.

મુનિ સુધાવિજયના આ વચનો સાંભળી તે દીક્ષાવિજય મુનિ પ્રસન્ન થઇ ગયા. તે દીક્ષાવિજય મુનિ ખરેખર મુનિ નથી, પણ દીક્ષાકુમારી છે. તે મહાદેવી મુનિધર્મને યથાર્થરીતે જાણે છે, તથાપિ સુધાવિજયના સુવિચારો જાણવાને અને તેનામાં રહેલા ચારિત્ર ગુણને જોવાને માટેજ આવા આવા અનુચિત પ્રશ્નો કરતા હતા. જ્યારે મુનિ સુધાવિજયના સુવચનો તેના સાંભળવામાં આવ્યા, એટલે અંતરમાં સંતુષ્ટ થયેલા પોતાના હૃદયમાં ચિંતવવા-લાગ્યા "વાહ! ધન્ય છે આ પવિત્ર મુનિને! તેમના નિર્મળ હૃદયમાંથી કેવા કેવા ઉત્તમ વિચારો પ્રગટ થાય છે? આનુંજ નામ ખરેખરૂં ચારિત્ર કહેવાય. જ્યાંસુધી આવા પવિત્ર મુનિઓ આ ભારતવર્ષ ઉપર વિચરે છે, ત્યાંસુધી જગતમાં વીરશાસનનો, ચારિત્રનો, અને મુનિત્વના ગૌરવનો મહિમા જાગ્રત છે. આ પ્રસંગે આ પવિત્ર મુનિના મુખથી દશવૈકાલિક સૂત્રની છેલ્લી ચૂલિકાનો ઉપદેશ સાંભળવો અને મારા આત્માને આનંદનો અનુભવ કરાવવો" આવું ચિંતવી દીક્ષાકુમારીએ પ્રશ્ન કર્યો—

દીક્ષાવિજય—મહાશય, આપે જે મુનિધર્મની ઉત્તમ રીતિ દર્શાવી, તે યથાર્થ છે. તથાપિ તે વિષે વધારે સાંભળવાની મારી ઉત્કંઠા છે.

સુધાવિજય—હે મુનિ, તમારે શું સાંભળવાની ઇચ્છા છે? તમે મુનિના આચારને માટે શું શું સાંભળ્યું છે?

દીક્ષાવિજય—મેં પહેલાં દશવૈકાલિકસૂત્ર સાંભળ્યું હતું, તેમાં છેલ્લી બે ચૂલિકા મને ઘણીજ રસીક અને બોધક લાગી હતી. જો આપની ઇચ્છા હોય તો તે ચૂલિકામાંથી મને સંભળાવો.

સુધાવિજય—હે મુનિ, ઘણી સારી ઇચ્છા દર્શાવી સાંભળો, હું યથામતિ તમને તે સંક્ષેપમાં કહી સંભળાવું—

હે મુનિ, દશવૈકાલિકસૂત્રના જુદા જુદા અધ્યયનમાં મુનિના જુદા જુદા આચાર દર્શાવ્યા છે. તેમાં છેલ્લા દશમા ભિક્ષુ અધ્યયનમાં કહ્યું છે કે, ‘ જેનામાં સાધુના ગુણ હોય, તેજ સાધુ કહેવાય છે’ કદિ સાધુ તેવા ગુણવાળા હોય, પણ જીવકર્મને આધીન હોવાથી અને કર્મ ઘણું જ બળવાન્ હોવાથી કદાચ તે શિથિલ ચારિત્રી થઇ જાય, તો તેને ધર્મને વિષે સ્થિર કરવો, આ વિષય ઉપર બે ચૂલિકા લખાએલી છે.

હે મુનિ, કદિ સાધુને શરીર સંબંધી અથવા મન સંબંધી દુઃખ ઉત્પન્ન થાય અથવા સત્તર પ્રકારના સંયમમાં તેને કંટાળો ઉપજે, અને તેને લીધે સાધુને સયમનો ત્યાગ કરવાની ઇચ્છા થઇ ગઇ હોય. પણ જ્યાંસુધી હજુ તેણે સંયમનો ત્યાગ કર્યો નથી. તે કંટાળીને પણ દીક્ષાને ધારણ કરી હોય, એવા મુનિએ અઢાર પ્રકારના સ્થાનોનો વિચાર કરવાનો છે. અર્થાત્ જો કોઇ મુનિ પોતાના દુષ્કર સંયમથી કંટાળી ગયો હોય. તેણે સાહસ કરી પોતાના સંયમનો ત્યાગ કરવો નહીં, પણ તેણે તે સમયે અઢાર પ્રકારના સ્થાનનો વિચાર કરવો.

દીક્ષાવિજયે પ્રશ્ન કર્યો ! મહારાજ. તે અઢાર સ્થાન કયા ? અને તે કેવી રીતે વિચારવાં ! તે સમજાવો.

સુધાવિજય—હું તમને અઢાર સ્થાન ગણાવું, તે સાંભળો.

૧ “આ દુઃષમા કાળમાં ઘણાં પ્રાણીઓને પોતાનું જીવિત દુઃખમાંજ ગાળવું પડે . અર્થાત્ વર્તમાન કાળે ઘણાં પ્રાણીઓને દુઃખ ભોગવવાનોજ વખત આવે છે. સુખ ભોગવવાનો વખત કવચિત્ આવે છે. તેથી નઠારી ગતમાં લઇ જનારો ગૃહાવાસ શા કામનો” આવો વિચાર કરવો, એ પ્રથમ સ્થાન કહેવાય . આ વિચાર કંટાળી ગએલા યતિને પાછો તેના સંયમમાં સ્થિર કરે છે.

૨ “ સંસારીઓને જે કામભોગ છે, તે તુચ્છ, ક્ષણિક અને પરિણામે કટુ છે. તેથી સસારીના તેના કામભોગ શા કામના ?” આવો વિચાર કરવો તે બીજું સ્થાન છે. સયમથી ઉદ્વિગ્ન થઇ કામ ભોગ ઉપર લુબ્ધ થતાં મુનિને આ વિચાર સયમ ઉપર પાછી દ્રઢતા કરાવે છે.

૩ “ આ દુઃષમા કાળમાં સંસારી ઘણા માયાવી હોય છે, તેથી તેમને કર્મના બંધ આકરા થાય છે. તેથી ગૃહાવાસ કરવો નકામો છે” આવો વિચાર કરવો તે ત્રીજું સ્થાન છે. આવી વિચારણા સાધુને સંયમને વિષે સ્થિર કરે છે.

૪ " આ સંયમ પાળતાં જે મને દુઃખ થાય છે, તેના કરતાં નારકીમાં ઘણું દુઃખ છે. અને સંસારીને નરકાવાસ સુલભ છે, તેથી એના કરતાં સંયમનું દુઃખ સહેવું સારૂં છે. તેમ વળી સંયમ પાળવાથી કર્મની નિર્જરા થાય છે. " આ પ્રમાણે ચિંતવવું, તે ચોથું સ્થાન છે. અથવા આ સંયમનું દુઃખ ચિરસ્થાયી નથી. અને નારકીનું દુઃખ ચિરસ્થાયી છે. તેમજ નારકીમાં જે દુઃખ છે, તેના પ્રમાણમાં આ સંયમ પાળતાં મને જે દુઃખ થાય છે, તે કશી ગણત્રીમાં નથી. " આવો વિચાર કરવો તે પણ ચોથું સ્થાન છે

૫ " સંસારી માણસને એક હલકા માણસને પણ માન આપવું પડે છે. અગર તેની ખુશામત કરવી પડે છે. અને સંયમધારી મુનિને તો રાજા, મંત્રી, શેઠ વિગેરે મોટા લોકો પણ વંદનાદિકવડે પૂજા કરે છે. તેથી ચારિત્રધારી થઇ રહેવું તે વધારે પ્રશંસનીય છે. " આ પ્રમાણે વિચારવું તે પાંચમું સ્થાન છે. આ વિચાર ચારિત્રથી ભ્રષ્ટ થતા મુનિને ચારિત્રમાં સ્થિર કરે છે.

૬ " જેમ વમન કરી કાઢી નાખેલા પદાર્થને પાછા ભક્ષણ કરવા એ ઘણું નઠારૂં છે, તેમ ત્યાગ કરેલા વિષય ભોગને પાછા ભોગવવા તે પણ ઘણુંજ નઠારૂં છે. વમન કરેલાને ભક્ષણ કરનારા શ્વાન જેવા નીચ પ્રાણીની જેમ વમન કરેલા ભોગને ભોગવનારા અધમ જનોને સત્પુરૂષો નિંદે છે. તેમજ એથી દુઃખ તથા રોગ થાય છે. મેં જ્યારે દીક્ષા લીધી. ત્યારે મેં કામ ભોગવી લીધા છે, હવે જો તે પાછા ગ્રહણ કરૂં તો હું શ્વાન જેવા નીચ પ્રાણીની જેમ વાંતભોજી ગણાઉં. માટે એ ગૃહસ્થાશ્રમ ના કામનો " આ પ્રમાણે ચિંતવવું તે છઠું સ્થાન છે. આવું ચિંતવન કરવાથી સાધુ ભ્રષ્ટચારિત્ર થતા અટકે છે.

૭ " સંયમનો ત્યાગ કરવાથી નીચ ગતિને આપનારા કર્મનું બંધન થાય છે. એ કર્મના બંધનથી તિર્યંચ, નારકી વગેરે દુર્ગતિમાં જવું પડે છે. તો એવા ગૃહવાસનું શું પ્રયોજન છે? " આ પ્રમાણે વિચાર કરવો. એ સાતમું સ્થાન છે—આવો વિચાર કરવાથી પણ મુનિ સંયમ માર્ગમાં સ્થિર થાય છે.

૮ " ગૃહવાસ કરવામાં પ્રથમ તો સ્ત્રી, પુત્ર વિગેરે પરિવારપાશ રૂપ છે. તે પાશમાં પડવાથી કાંઇ પણ ધર્મ સાધી શકાશે નહિ, અને તેથી છેવટે દુર્ગતિનો વાસ થશે " આવો વિચાર કરવો, તે આઠમું

સ્થાન છે. આ વિચાર પણ સંયમીને વિરક્ત ભાવમાં રાખી તેને સ્થિર કરશે.

૯ "ગૃહવાસમાં રહેતા કોલેરા પ્રમુખ અકસ્માત્ રોગ થવાથી મૃત્યુ થઇ જાય છે. અને તેથી ધર્મ સાધન નહીં થઇ શકે" આવો વિચાર કરવો તે નવમુ સ્થાન છે.

૧૦ "ઇષ્ટ વસ્તુનો વિયોગ અને અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિથી ગૃહવાસમાં અનેક જાતના સંકલ્પ—વિકલ્પ થયા કરે છે. તેથી ગૃહસ્થ પોતાના ધર્મનો નાશ કરે છે, એવા ગૃહસ્થાશ્રમનું શું પ્રયોજન છે!" એવો વિચાર કરવો. એ દશમું સ્થાન છે. આ વિચાર સંયમી મુનિને પોતાના સંયમ ઉપર દૃઢ કરે છે.

૧૧ ગૃહવાસમાં ખેતી, વ્યાપાર વગેરેના ક્લેશકારી સાધનો રહેલાં છે, તેમજ ઘી, મીઠું, દાણા વગેરે અનેક જાતની ચીજો લાવવાની ચિંતા રહે છે, તેથી ગૃહવાસ દુઃખરૂપ છે." આવું ચિંતવન કરવું તે અગીયારમુ સ્થાન છે.

૧૨ "ગૃહવાસમાં જે દુઃખો [illegible], તે ચારિત્રમાં નથી. ચારિત્રપાલન ક્લેશરહિત છે. તેથી તેવા ચારિત્ર[illegible]ને છોડી ગૃહવાસમાં કોણ પડે?" આવો વિચાર કરવો તે બારમું સ્થાન [illegible].

૧૩ "ગૃહવાસમાં રહેતા અનેક પ્રકારના કર્મનો બંધ થાય છે. કારણ કે, તેમાં [illegible] આરંભ—સમારંભ કરવા પડે છે" આ [illegible] તેરમું સ્થાન છે. આ ચિંતવન સાધુને તેના ચારિત્ર[illegible].

૧૪ "જે ગૃહવાસ કર્મના મળથી [illegible] છે. અને ચારિત્ર પર્યાય કર્મના [illegible] છોડાવનાર [illegible] છે, તો એવા ગૃહવાસનું શું પ્રયોજન?" આવો વિચાર કરવો, તે ચૌદમું સ્થાન છે. આ વિચાર મુનિને તેના ચારિત્ર ગુણ ઉપર ભાવના કરે છે.

૧૫ "ગૃહસ્થાશ્રમમાં પ્રાણાતિપાત વગેરે પાપસ્થાન રહેલા છે, તેથી તે સાવદ્ય છે. તેથી એવા ગૃહવાસનું શું પ્રયોજન છે!" આવો વિચાર કરવો તે પંદરમું સ્થાન છે.

૧૬ "ચારિત્ર પર્યાય સર્વ રીતે અનવદ્ય એટલે નિર્દોષ છે, તેને છોડી સાવદ્ય એવા ગૃહવાસમાં શા માટે પડવું!" આવો વિચાર કરવો, તે સોળમું સ્થાન છે.

૧૭ "ગૃહવાસમાં જે કામભોગ રહેલા છે, તે ચોર, ઝેર, અને રાજા વગેરેને સરખા છે, માટે એ ગૃહવાસ શા કામનો" ! આવો વિચાર કરવો તે સત્તરમું સ્થાન છે.

૧૮ "આ સંસારમાં માતા, પિતા, સ્ત્રી, પુત્ર વગેરેનું પાલણ કરવું પડે છે, અને તેમના પાલણને માટે જે પાપ કરવામાં આવે, તે કરનારનેજ એ ભરવું પડે છે. મનુષ્યને આ જીવિત અનિત્ય છે. ડાભના અગ્રભાગ ઉપર રહેલા જળના બિંદુની જેમ આયુષ્ય ચંચળ છે. મેં ચારિત્રમોહનીય કર્મ મંદ કર્યું છે. ચારિત્ર લીધા પછી મારી આવી શુદ્ધ બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તે મેં પૂર્વે કરેલા જ્ઞાનાવરણાદિ તથા અશાતાવેદનીયાદિ પાપ કર્મનું તથા પ્રમાદ કષાય વગેરેને વશ થઈ, દુષ્ટ કર્મ કરવાનુંજ ફળ છે. તે વેદ્યા વિના મારો મોક્ષ થવાનો નથી, માટે તેને મારે તપસ્યા વગેરે શુદ્ધ કરી ખપાવવાં જોઈએ." આવો સુવિચાર કરવો એ અઢારમું સ્થાન છે.

હે મુનિ, આ અઢાર સ્થાનનો વિચાર કરનાર સાધુ પોતાના ચારિત્રથી ચલિત થતો નથી માટે જે મુનિ પોતાના સંયમમાં શિથિલાદરવાળો થાય, તો તેણે એ અઢાર સ્થાન ચિંતવવાં. આ અઢાર સ્થાન ચિંતવવાથી મુનિ પોતાના સંયમમાં સ્થિર થાય છે. તેથી ચારિત્રધારી પુરૂષે દશવૈકાલિક સૂત્રનું અધ્યયન, મનન અને શ્રવણ કરવું જોઈએ. જે મુનિ દશવૈકાલિક સૂત્ર જાણતો હોય, તેમાં ખાસ આ દશમા અધ્યયનની છઠ્ઠી ચૂલિકા તેના જાણવામાં કે સાંભળવામાં ન આવી હોય તો તે સંયમ ઉપર કંટાળી તરત ભ્રષ્ટ ચારિત્ર થઈ જાય છે, હે મુનિ, વર્તમાનકાળે પરિપક્વ વૈરાગ્ય વગર દીક્ષિત થયેલા મુનિઓ જે સાધુનો વેશ છોડી ગૃહસ્થનો વેશ પહેરી લે છે, અને ચારિત્રથી ભ્રષ્ટ થઈ જાય છે, તેનું કારણ આ ચૂલિકાના પઠન, શ્રવણ અને મનનનો અભાવ છે. માટે દરેક મુનિએ ચારિત્ર લીધા પછી દશવૈકાલિક સૂત્રને સમગ્ર જાણવું જોઈએ.

સુધાવિજય મુનિની આ વાણી સાંભળી દીક્ષાવિજય મુનિ હૃદયમાં પ્રસન્ન થઈ ગયા. તે મુનિરૂપે રહેલી મહાદેવીએ હૃદયમાં વિચાર્યું —"અહા! કેવું નિર્મળ ચારિત્ર છે ! આ ભારત વર્ષ ઉપર જો દરેક જૈન મુનિ આવા હોય તો, વીરશાસનનો પ્રભાવ કેવો વધે! આર્હત ધર્મનો ઉદ્યોત કેવો થાય ? હે શાસન દેવતા, સર્વ મુનિઓના હૃદયમાં

આવી પ્રેરણા કરજો—" આ પ્રમાણે વિનતિ મુનિ હીરાવિજય બોલ્યા —મહારાજ, આપે જે અઢાર સ્થાન કહ્યાં, તે ખરેખર મુનિને ઉપયોગી છે. તથાપિ કોઈ મુનિ તેનો વિચાર કરતા નથી, એનું શું કારણ હશે! ગુણવિજયે કહ્યું, હે મુનિ, પૂર્વના પાપ કર્મના ઉદયથી પ્રેરાએલા સાધુને એ અઢાર સ્થાન ચિંતવવાં ગુઝતાં નથી. તેથી તે ભ્રષ્ટ ચારિત્ર થઈ જાય છે.

હીરાવિજયે પ્રશ્ન કર્યો મહારાજ, કદિ મુનિ તે અઢાર પાપસ્થાનનું ચિંતવન ન કરી શકે તો, બીજી કોઈ રીતે તેને ચારિત્ર રાખવાનો બોધ થાય કે નહીં ?

ગુણવિજય ઉત્સાહથી બોલ્યા – હે મુનિ, જો સાધુને એ અઢાર સ્થાનનું ચિંતવન ન થાય તો, પછી બોધ થવાનો બીજો કોઈ ઉપાય નથી. સૂત્રકાર શય્યંભવસૂરિ પણ તેને માટે નીચેની ગાથા લખે છે—

"जया य चयइ धम्मं, अणज्जो भोगकारणा ।
से तत्थ मुच्छिए बाले आयइं नावबुज्झइ " ॥१॥

" એ અઢાર સ્થાન વિચારવા પોગ્ય છતાં પણ જે અનાર્ય મુનિ વિષય ભોગવવાના હેતુથી ચારિત્ર ધર્મનો ત્યાગ કરે છે, તે વિષયમાં મૂર્છા પામેલો સાધુ પછી ભવિષ્યમાં સમ્યગ પ્રકારે બોધ પામતો નથી."

હે મુનિ, ચારિત્રથી ભ્રષ્ટ થયેલા મુનિને પછી પસ્તાવું પડે છે. કારણ કે, ગૃહાવાસમાં અનેક પ્રકારના દુઃખનો અનુભવ કરવો પડે છે. તેને માટે સૂત્રકાર નીચે પ્રમાણે લખે છે -

" जया ओहाविओ होइ इंदो वा पडिओ छमं ।
सव्वधम्मपरिब्भट्ठो स पच्छा परितप्पइ " ॥ २ ॥

" ઇંદ્ર જેમ પોતાના પદથી ભ્રષ્ટ થઈ મૃત્યુ લોકમાં પડે છે. તેમ સાધુ જ્યારે ચારિત્રથી ભ્રષ્ટ થઈને પડે છે, ત્યારે તે પછી ઘણો પશ્ચાત્તાપ કરે છે."

તે વિષે સૂત્રકારે ઘણી બીજી ગાથાઓ લખેલી છે. તેનો સંક્ષિપ્ત ભાવાર્થ આ પ્રમાણે છે—" જે સાધુ ચારિત્રાવસ્થામાં વંદનીય હોય, તે ભ્રષ્ટાચાર થવાથી અવંદનીય થાય છે. પછી પોતાના સ્થાનથી ભ્રષ્ટ

ઘયેલા દેવતાની જેમ તેને ઘણો પસ્તાવો કરવો પડે છે. જે મુનિ પ્રથમ પૂજનીય હોય છે. તે ચારિત્ર ભ્રષ્ટ થયા પછી અપૂજનીય થઇ જાય છે. તેથી તે રાજ્યમાંથી ભ્રષ્ટ થયેલા રાજાની જેમ પરિતાપ પામે છે. જે મુનિ પ્રથમ માનનીય હોય, તે ભ્રષ્ટ ચારિત્ર થવાથી અમાનનીય થાય છે, પછી તે ક્ષુદ્ર ગામમાં પડેલા શ્રેષ્ઠીની જેમ અતિ પશ્ચાત્તાપ કરે છે. જે મુનિ યૌવનવયનું અતિક્રમણ કરી વૃદ્ધાવસ્થામાં આવી સંયમનો ત્યાગ કરે છે, તે ગળે વિંધાએલા મત્સ્યની જેમ પશ્ચાત્તાપ કરે છે. જે મુનિ કુટુંબની ચિંતાઓથી સંયમનો ત્યાગ કરી ગૃહસ્થ થાય છે, તે બંધસ્થાને પડેલા હસ્તીની જેમ પછી પસ્તાય છે. જે મુનિ સંયમનો ત્યાગ કરી પુત્ર, સ્ત્રી વગેરેના પરિવારથી ચારે તરફ વિક્ષેપ પામે છે. અને મોહનીય કર્મના પ્રસાદથી વ્યાપ્ત થઇ જાય છે, તે મુનિ કાદવમાં ખુચાએલા હાથીની જેમ પશ્ચાત્તાપ પામે છે.

હે મુનિ, તેથી કોઇપણ સાધુએ સંયમનો ત્યાગ કરવાનું સાહસ કરવું નહીં. સાહસથી સંયમનો ત્યાગ કરનારા મુનિઓને પાછળથી ઘણું પસ્તાવું પડે છે. જેના પશ્ચાત્તાપને માટે મહોપકારી શય્યંભવ સૂરિએ નીચેની ગાથાઓ આપેલી છે -

“ प्रज्ञ आहं गणी हुं तो, जा दिअप्पो वहुस्सुओ ।
जइ हं रमंतो परिआए, सामन्ने जिणदेसिए” ॥ ? ॥

“જિનભગવંતે ઉપદેશ કરેલા ચારિત્ર પર્યાયને વિષે જો હું ર-મણ કર્યો હોત, તો આજે હું શુભ યોગની ભાવના વડે આત્માને વિ-ભાવના કરનારો અને બહુશ્રુત એવો આચાર્ય થાત.”

હે મુનિ, આ પ્રમાણે તેને અતિશય પશ્ચાત્તાપ કરવો પડે છે. અને તેથી તેનો અંતઃકરણ નિરંતર દગ્ધ થયા કરે છે. તેથી કોઇ પણ મુનિએ સંયમથી કંટાળી ગૃહસ્થાવાસમાં પ્રવેશ કરવો નહિ. હે અનગાર, દરેક મુનિએ વિચારવું જોઇએ કે. સંસારના કરતાં સંયમ સો દરજ્જે શ્રેષ્ઠ છે. સંયમના પવિત્ર માર્ગમાં જે સુખ, જે આનંદ, જે અલક્ષ્ય લાભ છે. તે સંસારમાં કોઇ પણ માર્ગના નથી. વળી યથાર્થ પણે પાળનારા સાધુઓને તે સંયમ દેવલોક સમાન છે. અને જે વિષયની ઇચ્છાવાળા મુનિઓ છે તેમને તે સંયમ નરક સમાન છે. તેને માટે સૂત્રકાર નીચેની સ્મરણીય ગાથા લખે છે—

"देवलोगसमाणो अ परिआओ महेसिणं ।
रयाणं अरयाणं च महानरयसारिसो." ॥ १ ॥

"જે મહર્ષિઓ પોતાની સમાચારીમાં આસક્ત છે, તેમને ચારિત્રપર્યાય દેવલોકના જેવો છે. અને જે પોતાની સમાચારીમાં આસક્ત નથી, તેઓને તે ચારિત્રપર્યાય મહાનરકના જેવો છે."

હે મુનિ, આ ગાથામાં એવો પણ આશય છે કે, જેમ દેવલોકમાં રહેલા દેવતાઓ નાટક પ્રમુખ જોવામાં મગ્ન થઈ નિરંતર આનંદમાં રહે છે. અને દીનપણું પામતા નથી. તેમ સંયમધારી મુનિઓ પણ શુદ્ધ ભાવથી પ્રતિલેખના પ્રમુખ ક્રિયામાં આસક્ત રહી આનંદમાં કાળ નિર્ગમન કરે છે. તેમનો ચારિત્ર પર્યાય સ્વર્ગસુખ સમાન છે.

તેથી હે મુનિ, દરેક જૈનમુનિએ પોતાના ચારિત્રને દેવતાના સુખ જેવું જાણી તેમાં પ્રીતિ રાખવી, કદિ પણ પોતાના ચારિત્રધર્મથી ભ્રષ્ટ થવું નહિ, ચારિત્રથી ભ્રષ્ટ થનારા મુનિને આ લોક તથા પરલોક બનેમાં અનિષ્ટ થાય છે. પરલોકમાં દુર્ગતિની મહાપીડા પ્રાપ્ત થાય છે. અને આ લોકમાં અનેક જાતના દોષ આવી પડે છે. તે ભ્રષ્ટચારિત્રને આ લોકમાં કેવા દોષ આવી પડે છે તેને માટે સૂત્રકાર નીચેની વિચારણીય ગાથા લખે છે—

"धम्माउ भट्ठं सिरिओ ववेयं,
जन्नग्गि विज्झाअमिव प्पतेअं ।
हीलंति एं दुव्विहिअं कुसीला,
दाढुद्धिअं घोर विसं व नागं." ॥ १ ॥

"મુનિધર્મથી ભ્રષ્ટ થયેલા, અને તપોલક્ષ્મીથી રહિત એવા મુનિની યજ્ઞ થઈ રહ્યા પછી બુઝાઈ ગયેલા અગ્નિની જેમ હીલના કરે છે. અને દુષ્ટ આચરણવાળા તે ભ્રષ્ટ મુનિની ભયંકર વિષવાળા છતાં દાઢ રહિત કરેલા સર્પની જેમ હીલના કરે છે." હે દીક્ષાવિજય તેથી આત્માર્થી એવા મુનિએ કદિપણ ભ્રષ્ટાચાર થવું નહીં, ભ્રષ્ટાચાર સાધુને આ લોકમાં અપયશ મળે છે, દાન પુણ્યના અભાવથી તેની ન્યુનતા કહેવાય છે, 'અમુક મુનિ પતિત થઈ ગયો' એવું બદનામ

આવે છે હલકા લોકોમાં તેની નિંદા થાય છે. અને છેવટે નરક ગતિ પ્રાપ્ત થાય છે. તે શિવાય તેને બીજા વિશેષ અનિષ્ટ પણ થાય છે, ધર્મની અપેક્ષા રાખ્યા વિના ભોગ ભોગવવા તૈયાર થયેલો સાધુ આ સંસારના ખેતી પ્રમુખ આરંભવાળા કાર્યો કરી, મૃત્યુ પામી, નઠારી ગતિમાં જાય છે. પછી તેને સુલભ બોધી થવું મુશ્કેલ થઇ પડે છે. તેથી મુનિએ સાહસ કરી કદિપણ ચારિત્રનો ત્યાગ ન કરવો.

હે મુનિ, કદિ કોઇ કારણને લઇને મોહ દશા જાગ્રત થાય તો, મુનિએ નીચેની બોધક ગાથાનું ચિંતવન કરવું—

" न मे चिरं दुक्खमिणं जविस्सइ,
असामया जोगपिवास जंतुणो ।
न चे सरीरेण इमेण विस्सइ,
अविस्सई जीविअपज्जवेण मे " ॥ १ ॥

" આ સંયમ ઉપર કંટાળો કરવાનું દુઃખ મને લાંબો કાળ થશે નહીં. અને જે ભોગની વંછા છે, તે યૌવનવય સુધી રહેવાની છે, તેમ છતાં કંઇ રહે તો, તે આ શરીરની સાથે ચાલી જશે. તો શા-માટે આ સંયમથી કંટાળી જવું ?"

આ પ્રમાણે ચિંતવન કરનારો મુનિ પોતાના ધર્મમાં દૃઢ થાય છે. તે એવો દૃઢ થાય છે કે, કદિ વિઘ્ન આવી પડે તો, પોતાના દેહનો ત્યાગ કરે પણ તે ધર્મશાસનનો ત્યાગ કરતો નથી. આવીરીતે ધર્મમાં નિશ્ચલ થયેલા મુનિને મેરૂ પર્વતને પવનની જેમ ઇંદ્રિયો સંયમથી ચલાયમાન કરી શકતી નથી.

હે મુનિ, તેથી જો મુનિએ પોતાના ચારિત્રનો નિર્વાહ કરવો હોય તો, તેણે હમેશાં પોતાના ધર્મમાં દૃઢતા રાખવી. પોતાના આત્માને સન્માર્ગે દોરી વૈરાગ્યની ઉત્તમ ભાવના ભાવ્યા કરવી. મનોવૃત્તિ વિકારવાળી ન કરવી. કદિ વિકારવાળી હોય તો, સમતાભાવ ભાવીને શુદ્ધ તત્ત્વની ગવેષણા કરવી.

આ પ્રમાણે દશવૈકાલિક સૂત્રના દશમા અધ્યયનની પ્રથમ ચૂલીકામાં જે દર્શાવ્યું છે; તે મે તમને સંક્ષેપથી કહ્યું છે. તે ચૂલીકાની છેવટે સૂત્રકાર નીચેની છેલ્લી ગાથા લખી તે ચૂલિકાને સમાપ્ત કરે છે.

"इच्चेव संपस्सिअ बुद्धिमं नरो,
आयं उवायं विविहं विआणिआ
काएण वाया अदुमाणसेणं
तिगुत्ति गुत्तो जिणवयणमहिट्ठिज्जासि त्तिबेमि." ॥१॥

"આ પ્રકારે યથાર્થપણે જોઈ. બુદ્ધિમાન્ પુરૂષે કાળ વિનય વિગેરે વિવિધ પ્રકારના સાધનના પ્રકારને જાણી મન, વચન અને કાયાવડે ગુપ્ત થઇ, અર્થાત્ મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાય ગુપ્તિ ધારણ કરી શ્રી અરિહંત પ્રભુના ઉપદેશને પાલન કરવામાં તત્પર રહેવું."

હે મુનિ, આ પ્રમાણે પ્રથમ ચૂલિકાની અંદર ઉપદેશ આપેલો છે. તે ઉપદેશ દરેક જૈનમુનિએ પોતાના હૃદયમાં સ્થાપિત કરવા યોગ્ય છે. આવો ઉત્તમ ઉપદેશ આપી મહાનુભાવ શય્યંભવસૂરિએ આપણા મુનિઓ ઉપર મોટો ઉપકાર કરેલો છે. દરેક આર્હત મુનિ એ મહાનુભાવના યાવજ્જીવિત ઋણી છે.

દીક્ષાવિજય—મહારાજ, આપનુ કહેવું યથાર્થ છે. એ મહાનુભાવનો આર્હત મુનિઓ ઉપર મોટો ઉપકાર થયેલો છે. હે ભગવન્, આ પ્રથમ ચૂલિકા તો સમાપ્ત થઇ, અને તે મારા સમજવામાં આવી. હવે બીજી ચૂલિકામાં શી વાત છે? તે કૃપા કરી સમજાવો. આપના મુખની વાણી સાંભળવામાં ઘણો આનંદ આવે છે. જો આપનો સમાગમ મને ન થયો હોત તો, હું આવા ઉષર ક્ષેત્ર જેવા દેશમાં રહી શકત નહીં. આગે તો વિહાર કરી ચાલ્યો જાત.

સુધાવિજય—હે મુનિ તમે ગુણી છો, એટલે બીજાના ગુણને સમજો છો. પણ જૈનમુનિએ કોઇ વાતમાં સાહસ કરવું ન જોઇએ. અને દરેક ક્ષેત્રોમાં વિહાર કરી લોકોનો ઉપકાર કરવો જોઇએ. ચારિત્રની સાથે કના હમેશાં પરોપકારમાંજ .. આ દેશ ઉષર ભૂમિ જેવો થઈ ગયો છે, તેનુ કારણ માત્ર મુનિઓના વિહારનો અભાવ છે. જો મુનિઓનો આવા દેશમાં સતત વિહાર પ્રવર્ત્યો હોત તો, કદિ પણ આ દેશ આવી સ્થિતિમાં આવી પડતે નહીં. માટે હે મુનિ, પરીષહ સહન કરીને પણ તમારે આવા દેશમાં વિહાર કરવો જોઇએ. વિહાર કરવામાં

મુનિએ કેવી રીતે વર્તવાનું છે? અને સાધુનો વિહાર કેવો હોવો જોઈ-
એ! એ બધી વાત બીજી ચૂલિકામાં આવે છે, તેથી હે મુનિ, હું તમ-
ને બીજી ચૂલિકાનો આશય સમજાવું; તે તમે ધ્યાન પૂર્વક સાંભળો.

હે મુનિ, બીજી ચૂલિકાના આરંભમાં મહાનુભાવ શય્યંભવસૂરિ-
એ પ્રથમ ગાથામાં ચર્યાના ગુણને કહેવાનો આરંભ કર્યો છે. તેમાં તે લ
એ છે કે "નદીના પ્રવાહમાં પડેલું કાષ્ટ જેમ પ્રવાહના વેગથી સમુદ્ર-
તરફ જાય છે, તેમ ઘણા લોકો વિષયરૂપ પ્રવાહના વેગથી સંસારરૂપ
સમુદ્ર તરફ ગમન કરે છે. તેથી જે પુરૂષ મુક્ત થવાને ઇચ્છતો હોય, તેણે
પોતાના આત્માને વિષયપ્રવાહ તરફ જતો અટકાવી સંયમની સન્મુ-
ખ કરવો."

હે મુનિ, તે અર્થને દર્શાવનારી ઉત્તમ ગાથા નીચે પ્રમાણે છે—

" अणुसोअपट्ठिअ बहुजणंमि पडिसोअलद्धलक्खेणं ।
पडिसो अमेव अप्पा दायव्वो होउकामेणं " ॥ १ ॥

હે મુનિ, આ બોધક ગાથાનો આશય કેવો ઉત્તમ પ્રકારનો છે?
આપેલું નદીના પ્રવાહનું અને કાષ્ટનું દ્રષ્ટાંત કેવું સુબોધક છે?
ય રૂપ પ્રવાહનો વેગ ઘણોજ બળવાન છે. તે વેગવાળા પ્રવાહમાં
ાઈ ગયેલાને પાછો ખેંચી લાવવો ઘણોજ મુશ્કેલ છે. જે આત્મા
યના પ્રવાહ તરફ તણાયો છે, તેને પાછો ખેંચી સંયમની અભિ-
ખ કરવો—એ ઘણુંજ દુષ્કર છે. આગળ જૈન મુનિઓનું પરાક્રમ તે
ાજ કામમાં પ્રશંસનીય ગણાય છે. જેઓ વિષયના વેગી પ્રવાહમાં
ાણાતા આત્માને પાછો ખેંચી સંયમ તરફ લઈ જાય છે, તેજ ખરેખર
વીર પુરૂષો છે. અને મહાવીરના શાસનને દીપાવનારા પણ તેજ વીરો
છે. તેથી શુદ્ધ સંયમને ધારણ કરનારા મુનિઓએ પોતાના આત્માને
વિષયના પ્રવાહમાં વહેવા દેવો નહીં. પણ સંયમની સન્મુખ અભિ
મુખ કરવો.


સર્વ જીવરાશિમાં માનવદેહ ઉત્તમ ગણાય છે. આ સંસારમાં આવા
દુર્લભ મનુષ્ય જન્મને પ્રાપ્ત કરી, તેમાં પણ આત્મ સ્વરૂપને પ્રાપ્ત
કરાવનારા ચારિત્ર રત્નને સંપાદન કરી, જન્મનું સાફલ્ય કરવા-
માં જે મુનિ પ્રમાદ સેવે, તે પોતાનું કર્તવ્ય શું છે? તે જાણી

શકશે નહીં, તેથી તે આ લોકથી ભ્રષ્ટ થઈને અધોગતિને પામે છે. એવા પ્રમાદી જીવોને આર્હત ધર્મનું સ્વરૂપ યથાર્થ રીતે સમજવામાં આવતું નથી. એટલે તે ધર્મથી વિમુખ થઈ જાય છે. માટે સંવેગી મુનિએ કદિપણ પ્રમાદ સેવવો નહીં. તેમ વિષય સુખની ઇચ્છા રાખવી નહીં. જૈન મુનિએ પોતાના ધર્મનું સ્વરૂપ સારી રીતે સમજવું જોઇએ—ધર્મનો ખરો અર્થ શો છે? તે વિષે દીર્ઘ વિચાર કરવો જોઈએ. દેહ, ઇંદ્રિયો અને અંતઃકરણને અયોગ્ય પ્રવૃત્તિમાંથી વાળી તેમને નિર્મળ કરવા માટે ગુરૂ તથા આગમની આજ્ઞા પ્રમાણે વિહિત પ્રવૃત્તિમાં જોડવા યત્ન કરવો, તેનું નામ ધર્મ કહેવાય છે. આવા ધર્મના સ્વરૂપને સમજનાર સંવેગી સાધુ કદિ પણ સ્વધર્મથી ભ્રષ્ટ થતો નથી. હે મુનિ, આ ઉપરથી આપણે જાણવું જોઇએ કે, આપણે કદિ પણ પ્રમાદ સેવવો નહીં; પક્ષપાત રાખવો નહીં, સમતા ધારણ કરવી, વિવાદ છોડી દેવો. અને સર્વ ક્ષેત્રોમાં પરીષહને સહન કરીને પણ વિહાર કરવો.


હે મુનિ, આ પ્રમાણે દશવૈકાલિક સૂત્રના છેલ્લા અધ્યયનની પ્રથમ ચૂલિકાનો ઉપદેશ મેં તમને સંક્ષેપ રીતે કહેલો છે. તે તમારા ધ્યાનમાં રાખજો તમારા જેવા જૈન મુનિને વિશેષ કહેવાની જરૂર નથી. તમારી આકૃતિ અને તમારૂં વર્તન કહી આપે છે કે, તમે કોઇ પવિત્ર અને ધર્મ પ્રમાણે વર્તનારા જૈન મુનિ છો. ચાલો હવે આપણે આપણી ઉપદેશ વાર્ત્તા સમાપ્ત કરીએ. પ્રતિક્રમણ કરવાનો સમય થઈ ગયો છે.

મુનિરૂપ દીક્ષાકુમારીએ આનંદ સહિત જણાવ્યું, હે પવિત્ર મુનિ, આજે આપના મુખથી ઉપદેશ વાર્ત્તા સાંભળી મને ઘણોજ આનંદ થયો છે, હવે પ્રતિક્રમણ કર્યા પછી પુનઃ દશમા અધ્યયનની બીજી ચૂલિકાનો મને ઉપદેશ આપવા કૃપા કરજો. આપની વાણીમાં જે દિવ્યમાધુર્ય રહેલું છે, તે અવર્ણનીય છે.

દીક્ષા કુમારીના આ વચનો સાંભળી મુનિ સુધાવિજય આનંદિત થઇ ગયા. પછી બંને મુનિઓ પ્રતિક્રમણની પવિત્ર ક્રિયા કરવાને તત્પર થયા. પવિત્ર દીક્ષાકુમારીએ પોતાના દિવ્ય પ્રભાવથી જૈનમુનિને ઘટે તેવી રીતે પ્રતિક્રમણની ક્રિયા કરી હતી. જેથી મુનિ સુધાવિજય હૃદયમાં ચકિત થઇ ગયા હતા.



દ્વિતીય ચૂલિકા.





મુનિ સુધાવિજય અને મુનિ દીક્ષાવિજય પ્રતિક્રમણની પવિત્ર ક્રિયા કરી નિવૃત્ત થયા એટલે મુનિ દીક્ષાવિજયે વિનયથી કહ્યું, મહારાજ, હવે કૃપા કરી દ્વિતીય ચૂલિકાનો ઉપદેશ આપો.

દીક્ષાવિજયની આ પ્રાર્થનાથી પ્રસન્ન થઈ મુનિ સુધાવિજય મંદહાસ્યસહિત બોલ્યા—હે પવિત્ર મુનિ, સાંભળો, પ્રથમ ચૂલિકામાં શિથિલ પરીણામવાળા સાધુને સંયમમાં સ્થિર કરવા માટે કહેલું છે, અને બીજી ચૂલિકામાં સાધુએ કોઇ પણ ક્ષેત્ર અથવા સાંસારિક પદાર્થ ઉપર આસક્તિ રાખ્યા વિના વિહાર કરવાને કહેલું છે. કેવળી ભગવાને કહેલી આ બીજી ચૂલિકાને સાંભળી દરેક ભવ્યજીવ પોતાના ચારિત્રધર્મમાં સ્થિર થાય છે. અને તેમની શ્રદ્ધા દૃઢ થાય છે. હે મુનિ, એ બીજી ચૂલિકાને માટે એક વૃદ્ધ પરંપરાથી વાર્તા પ્રવર્તે છે, તે કહું, તે સાંભળો—કોઇ એક સિરીપકનામા જૈન સાધુ ઉપવાસ કરવામાં ઘણાજ અશક્ત હતા. આખો દિવસ આહાર વિના તે રહી શકતા નહીં, એક વખતે કોઇ જક્ષાનામા સાધ્વીએ સંવત્સરીપર્વમાં તેની પાસે ઉપવાસ કરાવ્યો. ઉપવાસ કરતાં તે સાધુ કાળ કરી ગયા. આ બનાવથી પછી જક્ષાનામા સાધ્વીને ભારે ખેદ થયો. "હું એક મુનિનો ઘાત કરનારી થઈ." આવું ચિંતવી તે સાધ્વી ઘણોજ ઉદ્વેગ ધારણ કરવા

લાગી. હૃદયમાં તે ચિંતાને ધારણ કરતી એ સાધ્વી સીમંધર સ્વામી-ની પાસે જઈ એ વાતની આલોયણા પુછવાનો વિચાર કરવા લાગી. અને અષ્ટમ તપસ્યા કરી શાસન દેવતાનો કાઉસગ્ગ કર્યો, શાસન દેવતા પ્રગટ થઈને તે સાધ્વીને સીમંધર સ્વામીની પાસે લઈ ગઈ. સાધ્વીએ ભગવાનને આ વાત પૂછી, એટલે પરોપકારી પ્રભુએ તે પવિત્ર સાધ્વીને આ દ્વિતીય ચુલિકા પ્રાયશ્ચિત્ત પદે કહી સંભળાવી. તે આ બીજી ચુલિકા જાણવી. હે મુનિ, એ બીજી ચુલિકામાં ચર્યાના ગુણો કહેલા છે. જે સાધુ જ્ઞાનાદિ આચારમાં પરાક્રમી હોય, ઇંદ્રિયોનો જય, સમાધિ અને આકુળતાનો અભાવ જેનામાં રહેલ હોય, એવા સાધુની અંદર ચર્યા (એક ઠેકાણે ન રહેવા રૂપ આદિ આચાર) મૂળગુણ, ઉત્તરગુણ અને નિયમો એ સર્વ અવશ્ય પ્રાપ્ત થાય છે. તેને માટે એ બીજી ચુલિકામાં નીચેની ગાથા લખેલી છે--

" तम्हा आयारपरक्कमेणं, संवरसमाहिबहुलेणं ।
चरिआ गुणा अ नियमा, अ होंति साहूण दट्ठव्वा " ॥१॥

" જ્ઞાન દ [illegible] પરાક્રમવાળા, અને સંવર તથા સમાધિના [illegible] ગુણો અને નિયમો જોવા યોગ્ય થાય છે."

હે મુનિ [illegible] જોવા યોગ્ય છે. [illegible] હોય તો, તે મુનિ [illegible] મુનિઓ જ્ઞાના- [illegible] હોય છે. એવા [illegible] નથી.

હે મુનિ [illegible] માટે તેણે ધ્યાન [illegible] નથી [illegible] મુનિ કહેવું [illegible] નથી. [illegible] કરી ઉત્તમ [illegible] મુનિને [illegible] એક સ્થળે ન રહેવું. બી-

છ સમુદાન ચર્યા એટલે અનેક ઠેકાણેથી ગોચરીની વિધિ પ્રમાણે ભિક્ષા લાવી આહાર કરવો. ત્રીજું અજ્ઞાત ઉંચ એટલે અપરિચિત ગૃહસ્થના ઘરથી ગ્રહણ કરવા યોગ્ય શુદ્ધ ઉપકરણ લેવાં, ચોથું પ્રતિરિક્તતા એટલે જ્યાં ભીડ ન હોય, તેવા એકાંત સ્થળમાં વાસ કરવો. પાંચમું અલ્પોપધિ એટલે ઉદ્‌ભટ રૂપ ન દેખાય તેવી રીતે અલ્પઉપધિ રાખવી, અને છઠું કલહવિવર્જના એટલે કોઈની સાથે કલહ ન કરવો. આ વિહારની મર્યાદા સર્વોત્તમ ગણેલી છે. તેને માટે એજ ભાવાર્થને દર્શાવનારી એક મનોહર ગાથા નીચે પ્રમાણે લખેલી છે—

“ अनिएअवासो समुआण चरिआ,
अन्नायउंछं पइरिक्कया अ ।
अप्पोवही कलहविवज्जणा अ,
विहार चरिआ इसिणं पसत्था ” ॥ १ ॥

“ અનિયતવાસ, સમુદાન ચર્યા, અજ્ઞાત ઉંચ, પ્રતિરિક્તતા, અલ્પોપધિ અને કલહ વિવર્જના—એ છ પ્રકારે પ્રવર્તવું, એ વિહાર ચર્યા ઉત્તમ ગણાય છે.”

હે મુનિ, આ વિષે મારા અનુભવની એક વાર્તા જાણવા જેવી છે. તે સાંભળો—

તપોવિજય નામે એક મારા ગુરૂ ભાઈ હતા. તેઓએ ચણ વર્ષ પહેલાં કાળ કર્યો છે. તેઓ પોતાના મુનિધર્મમાં ઘણા પ્રવીણ અને શ્રદ્ધાવાળા હતા, અમારા પૂજ્યપાદ ગુરૂ જ્યારે ઘણાજ વૃદ્ધ થયા. ત્યારે તેમણે અમોને જણાવ્યું કે, હે શિષ્યો, હવે હું થોડા વખતમાં કાળધર્મને પામવાનો છું. માટે જો કાંઈ પૂછવાનું હોય, તે મને પૂછી લ્યો. પછી અમોએ તેમને કહ્યું કે, હે ગુરૂ મહારાજ, અમારે આપને કાંઈ પણ પૂછવાનું નથી. માત્ર તમારા મુખનો ઉપદેશ સાંભળવો છે. અમા[illegible] આ વચનો સાંભળી તે ગુરૂએ અમોને કેટલોએક ઉપદેશ આપ્યો હ[illegible]તો. જે ઉપદેશ અદ્યાપિ મારા હૃદયમાં સ્ફુર્યા કરે છે. તે ઉપદેશના પ્રભ[illegible]વથીજ અમે અમારા ચારિત્રરૂપ મહાસાગરને તરી શકયા છી[illegible]

મુનિ સુધાવિજયના આ વચનો સાંભળી દીક્ષાવિજયે કહ્યું મ[illegible]

રાજ, આપના વૃદ્ધ અને અનુભવી ગુરૂએ આપને શો ઉપદેશ આપ્યો હતો. તે કૃપા કરી મને સંભળાવો. કારણ કે એવા અનુભવી અને વૃદ્ધ મુનિની વાણી મને જ મનન કરવા યોગ્ય હશે.

દીક્ષાવિજયના આવાં વચનો સાંભળી મુનિ સુધાવિજય બોલ્યા, મુનિ દીક્ષાવિજય, એ અમારા મહાનુભાવ ગુરૂએ અમને આ સંસાર ઉપર મોહ ન થાય, અને વૈરાગ્ય ભાવના પ્રગટ થાય, તેવા હેતુથી થોડો એક ઉપદેશ આપ્યો હતો. જો કે તે ઉપદેશ સંક્ષિપ્ત હતો. તથાપિ ઘણો ઉપયોગી અને સંવેગના રંગને પ્રકાશ કરનારો હતો. હે મુનિ, તે ઉપદેશ સાવધાન થઈને સાંભળો—

" આ મોહમયી માટી ઉપર ધનાદિકના મદથી મત્ત એવા અનેક ચક્રવર્તી રાજાઓ થઈ ગયા છે. યુવાવસ્થાના મદથી વેગમાં વહેનારા અને રંકજનોને નિર્દયપણે રીબાવનારા કેટલાક લોકો કાળને શરણ થયા છે, તો હે જીવ, તારૂં શું સામર્થ્ય છે કે, તું યૌવન, ધન, જાતિ અને કુળાદિકના મદથી મત્ત થઈ વિચરે છે. કેટલાએક ધારતા હતા કે, ગોળીઓ પોતાની પ્રકૃતિને સારી સ્થિતિમાં રાખવાને ઘટિત ઉપાયોના અજ્ઞાનથી વા અપથ્ય સેવનથી કે ઔષધનો ઉપયોગ કરવામાં લોભના હેતુથી અથવા આપથ્ય સેવનના કારણે નહિ રાખવાથીજ મરી ગયા છે. અને મરે છે. પણ આપણું તો ગ[illegible]વાને કુશળ અને સારીરીતે સાવ[illegible] [illegible] [illegible] રહેવાનાં [illegible] નથી. આવા [illegible] પણ [illegible] કાળ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અભિમાનથી વિરામ પામવું જો[illegible] [illegible], [illegible], [illegible], નાડી, [illegible], [illegible], [illegible] [illegible] છે. તેમાં [illegible] [illegible], [illegible] [illegible] [illegible], [illegible] [illegible], [illegible] [illegible] [illegible], [illegible], [illegible] અને [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

જ જાય છે. એ જાણવામાં આવતું નથી. આ શરીર અવશ્ય માટી, રાખ કે વિષ્ટારૂપ પરિણામ પામશેજ. એમ સમજી દેહાત્મભ્રાંતિ, ગુણાધાનભ્રાંતિ અને દેહાપત્યત્વભ્રાંતિત્યજવાં જોઇએ. દેહાભિમાનીઓની આવી ભૂલને માટે જ્ઞાનિજનોને આશ્ચર્ય લાગે છે. સારાસારના વિવેકરહિત માત્ર આવી સ્થૂલ શરીર સંબંધની ક્ષુદ્ર પ્રવૃત્તિમાંજ લાગેલા માણસોનાં તથા પશુમાં વિશેષ તફાવત નથી. માત્ર પશુને ચાર પગ છે અને એવા મનુષ્યને બે પગ છે, એટલોજ તફાવત છે, એવી પામરવૃત્તિથી આ ભવાટવીમાંથી બાહેર નીકળી શકાતું નથી.

શુદ્ધ સંયમધારી સાધુએ પોતાના સ્વરૂપને અવલોકવું 'હું શુદ્ધ ચેતન છું" એવો ભાવ એકાગ્ર ચિત્તવડે અનુભવવો. . પંચપરમેષ્ઠીના ધ્યાનમાં મગ્ન થઈ પરમાત્માના ગુણ પોતાનામાં આધાન કરવા તત્પર થવું. તપસ્યાથી કર્મની નિર્જરા કરી સંવરતથા સમાધિથી શાંત સ્વરૂપનું અવલંબન કરવું, અને સર્વદા શુભ ધ્યાન ધ્યાવું. એમ કરવાથી સાધુ પોતાના શુભાશુભ કર્મથી મુક્ત થઇ શકે છે. અને છેવટે ચારિત્રને ચરિતાર્થ કરી પોતાના આત્માને શુભ ધ્યાનની શ્રેણીપર આરૂઢ કરાવવાને સમર્થ થાય છે "

હે મુનિ, આ પ્રમાણે ઉપદેશ આપતાં આપતાં એ મહાનુભાવ ગુરૂ કાળધર્મને પામવા ઉન્મુખ થઇગયા .તે વખતે તેમણે કહ્યું, શિષ્યો, હવે મારા આયુષ્યનો અંત આવ્યો છે. તેથી તમને શીખામણરૂપે એક ગાથા કહું, તે તમે સર્વદા સ્મરણમાં રાખશો, અને તે પ્રમાણે પ્રવર્તન કરવાને તત્પર રહેજો, આટલું કહી તેમણે દશવૈકાલિકસૂત્રની બીજી ચૂલિકાની ગાથા કહી સંભળાવી હતી. તે પછી અમારા પૂજ્યપાદગુરૂ પંચપરમેષ્ઠીનું ધ્યાન કરતાં કાળધર્મને પામ્યા હતા.

હે મુનિ, તે ગાથાનું મારા ગુરૂ ભાઇ તપોવિજય સર્વદા સ્મરણ કરતા અને તે પ્રમાણે પ્રવર્તતા હતા. ગુરૂ કાળધર્મને પ્રાપ્ત થયા પછી અમે બંને ગુરૂભ્રાતા ત્યાંથી વિહાર કરી ચાલ્યા ગયા હતા. વિહાર કરતાં જન પ્રજાથી ભરપૂર એવું એક શહેર આવ્યું. ત્યાં શ્રાવકોએ અમારૂં બહુ માન કર્યું. અમે તે ક્ષેત્રમાં લાભ થવાની ધારણાથી એક માસ રહ્યા. તે પછી અમો વિહાર કરવાને તૈયાર થયા, તે વખતે ત્યાંના ભાવિક શ્રાવકો એકઠા થઇ અમને આગ્રહ કરવા આવ્યા. શ્રાવકો-

હું, તેમનો પરિચય રાખવો અને તેમની પાસેથી ઇચ્છિત વસ્તુઓ લેવી એ જૈન મુનિને તદ્દન અઘટિત છે. એટલું જ નહીં પણ તેમ કરવાથી મુનિ પોતાના ચારિત્ર ધર્મથી ભ્રષ્ટ થયેલો ગણાય છે.

મુનિ તપોવિજયના આવાં વચનો સાંભળી તે વિકૃત શ્રાવક વિલખો થઈ ગયો. અને પછી ગ્લાનિ પામીને કાંઈપણ બોલી શક્યો નહીં. પછી મારા ગુરૂ ભાઈ તપોવિજય તે ગામમાં માત્ર બે દિવસ રહી મને સાથે લઈ વિહાર કરી ચાલ્યા ગયા હતા.

ત્યાર પછી અમો બંને ગુરૂભાઈ ત્યાંથી વિહાર કરી રાજનગરમાં આવ્યા હતા. તે સુંદર શહેર જૈન પ્રજાના નિવાસથી ભરપૂર હતું. અમો તે નગરમાં પ્રવેશ કરી એક ભવ્ય જિનાલયમાં ગયા. ત્યાં દર્શન કરી પાછા વળ્યા, તેવામાં કેટલાએક શ્રાવકો અમારી સાથે ચાલ્યા, અને તે જિનાલય પાસે આવેલા એક ઉપાશ્રયમાં અમને ઉતારવાને લઈ ગયા, તે ઉપાશ્રયમાં બે ત્રણ મુનિઓ ઉતર્યા હતા. તેની આસપાસ ગૃહસ્થ શ્રાવકોની મોટી હવેલીઓ આવી રહેલી હતી. તે ઉપાશ્રયની આસપાસ ગીચ વસ્તી આવેલી હતી. ઉપાશ્રયના સ્થાનને બે માળ હતા. તેમાં ઉપરના માળ ઉપર તે શ્રાવકો અમને ઉતારવાને લઈ ગયા. તે વખતે અમે બંને ભાઈઓએ ત્યાં વાસ કર્યો. બીજા જે ત્રણ મુનિઓ અમારી નીચે વાસ કરી રહેલા હતા. તેઓએ પણ અમારી આગતા સ્વાગતા સારી કરવા માંડી, તથાપિ તેમના હૃદયમાં અમારૂં આગમન અરૂચિકર લાગતું હોય, તેમ દેખાતું હતું. જ્યારે અમે તે ઉપાશ્રયે ઉતર્યા, ત્યાર પછી એક ઘડીએ ગોચરી કરવાનો સમય થયો. તે વખતે ઉપાશ્રયની પાસે આવેલી હવેલીમાંથી એક બે શ્રાવિકા ગોખ ઉપર આવી અને તેઓએ ત્યાં રહેલા પેલા ત્રણ મુનિઓને આહાર લેવા આવવાને માટે વિનતિ કરી. તે દેખાવ જોતાંજ મારા ગુરૂ ભાઈ તપોવિજયે મને કહ્યું. " વર્જિતવ્યા "એટલે પ્રતિષિદ્ધના અર્થાત્ જ્યાં સ્ત્રીઓ ન હોય તેવા એકાંત સ્થળમાં સાધુએ વાસ કરવો. આ વાક્ય કહી તેઓ તરત બોલ્યા કે, ગુણવિજય, આ સ્થળે આપણે વાસ કરવો યોગ્ય નથી. આટલું કહી તેઓ તરત ત્યાંથી મારી સાથે વિહાર કરી ચાલી નીકળ્યા. પેલા મુનિઓએ અમને આગ્રહ કરવા માંડ્યો, તથાપિ અમે તે સ્થળે રહ્યા નહિ.

ત્યાંથી વિહાર કરતાં અમે એક બીજા ગામમાં આવ્યા. ત્યાં ધ-
નાઢ્ય શ્રાવકોની ભારે વસતી હતી. તેઓ અમને સામૈયું કરી ગામ-
માં લઈ ગયા, બીજે દીવસે વસ્ત્રના પિટારાઓ, પુસ્તકો, જ્ઞાનના સા-
ધનો અને નવરંગીત પાત્રા લઈ ગામના ઘણા ગૃહસ્થો અમારી પાસે
આવ્યા. અને તેમણે મુનિ તપોવિજયને વહોરવાને વિનંતિ કરી. મુનિ
તપોવિજયે વિનયથી તે આવેલા શ્રાવકોને કહ્યું. ભાઈઓ. તમે આટલી
બધી સામગ્રી શામાટે લાવ્યા છો. કોઈ પણ વસ્તુનો અમારે ખપ નથી.
કારણકે, જૈન મુનિએ વિશેષ ઉપધિનો સંગ્રહ ન કરવો જોઈએ. મુનિ
તપોવિજયના આ વચનો સાંભળી તેઓમાંથી બે ગૃહસ્થો બોલી ઉ-
ઠ્યા— " મહારાજ. બીજા ઘણા મુનિઓ અમને સારો લાભ
આપે છે. અને અમારી જગ્યામાંથી ચીજો વહોરે છે. અને આપ આ-
વી રીતે અમારી વસ્તુનો અનાદર કરો, તે ઠીક ન કહેવાય." મુનિ
તપોવિજય બોલ્યા—શ્રાવકો, જૈન મુનિઓએ વિશેષ ઉપધિ ન રાખવી
જોઈએ. જેઓ વિશેષ ઉપધિ રાખતા હોય, તેઓ ખરેખરા જૈનમુનિ
કહેવાતા નથી. મુનિ તપોવિજયના આ વચન સાંભળી તે ગૃહસ્થો પછી
વિશેષ આગ્રહ કર્યો નહિ. અને તરતજ તે બધા મારી પાસે આવ્યા.
જ્યારે તેઓ મારી પાસે આવ્યા, એટલે મુનિ તપોવિજયે 'अल्पोपधि'
એ વાક્ય ઉંચે સ્વરે બોલી મને સંભળાવ્યું. તે વાક્યનો અર્થ 'અ-
લ્પ ઉપધિ' એટલે જૈન મુનિએ પોતાની પાસે થોડી ઉપધિ રાખવી-
એમ હું સમજી ગયો. અને તેથી મેં પણ તે શ્રાવકોને કાંઈ પણ વહોર-
વાની ના કહી દીધી. પછી તેઓ જેમ આવ્યા હતા, તેમ પોતાને
સ્થાને ચાલ્યા ગયા. બીજે દિવસે અમે બંને ગુરૂઆજ્ઞા ત્યાંથી વિ-
હાર કરી બીજે સ્થળે ચાલ્યા ગયા.

હે દીક્ષાવિજય મુનિ. ત્યાંથી વિહાર કરી અમે કોઈ એક શહેર-
માં ગયા હતા ત્યાં ... પ્રવેશ કર્યો. ત્યાં જૈન
મુનિઓ પરસ્પર કલહ કરતા અમારા જોવામાં આવ્યા. તે જોઈને
મુનિ તપોવિજયે મને કહ્યું કે, "... हृ विज्ञा" એટલે જૈન મુનિએ
કલહ ન કરવો જોઈએ. ... મુનિ તપોવિજય અને હું ...
ત્યાંથી બીજે સ્થળે વિહાર કરી ચાલ્યા ગયા હતા.

હે દીક્ષાવિજય, આ પ્રમાણે ... સર્વ ...
૧૦ ૨ -

તર્ઉછ, પ્રતિરિક્તતા, અલ્પોપધિ અને કલહ વિવર્જના-એ છ નિયમોને પાલન કરતા એ મુનિ તપોવિજયનું ચારિત્ર ઘણું પ્રશંસનીય કહેવાનું હતું. અને તેથી તેઓ પોતાના મુનિધર્મને સારી રીતે જાળવી શક્યા હતા.

હે મુનિ, તેથી દરેક જૈન મુનિએ પોતાના પ્રવર્ત્તનમાં એ છ બાબત સદા સ્મરણમાં રાખવાની છે. અને તે પ્રમાણે પ્રવર્ત્તી પોતાના ચારિત્રને ચરિતાર્થ કરવાનું છે. જેઓ તે પ્રમાણે પ્રવર્ત્તતા નથી, તેઓ પોતાના ચારિત્રથી ભ્રષ્ટ થઇ આલોક તથા પરલોક બંનેમાંથી ભ્રષ્ટ થઇ અધોગતિના પાત્ર બને છે.

હે મુનિ, તે દ્વિતીય ચલિકામાં સૂત્રકાર લખે છે કે, જૈન મુનિએ રાજકુળ તથા સ્વપક્ષ કે પરપક્ષથી થયેલા અપમાનને છોડી દેવું. તેમજ તેણે પોતાના આહાર વિધિમાં સર્વદા સાવધાન રહેવું. મદ્ય તથા માંસનો સર્વથા ત્યાગ કરવો. કોઇ પણ જીવની સાથે મત્સર કે દ્વેષ ન કરવો. વિકારને ઉત્પન્ન કરનાર વિગઇનો આહાર છોડી દેવો. વારંવાર ગમનાગમન વગેરે કારણથી કર્યા પ્રતિક્રમણ રૂપ કાયોત્સર્ગ કરવો. કારણકે, કાયોત્સર્ગ કર્યા વિના ક્રિયાની શુદ્ધિ થતી નથી. જૈનમુનિએ બીજી પ્રવૃત્તિ છોડી દઇ સર્વદા વાચના પ્રમુખ સ્વાધ્યાય વ્યાપારમાં તત્પર રહેવું.

હે મુનિ, આજકાલ કેટલાએક મુનિઓ ક્ષેત્રની મમતા બાંધી બેસે છે, તે ઘણું અનુચિત છે. ક્ષેત્રની મમતાવાળા કેટલાએક મુનિ પોતાને માટે તૈયાર થયેલા સસ્તારાના પીઠ, આસન, સ્વાધ્યાય કરવાની બેઠક, અને અમુક જાતના રૂચિકર પદાર્થોને માટે એવી મમતા રાખે છે કે, તેઓ વિહાર કરતી વખતે પોતાના રાગી શ્રાવકોને કહેતા જાય છે કે, "આ બધી ચીજો અમારી છે, અને જ્યારે અમે પાછા અહિં આવીએ, ત્યારે તે અમારે માટે હાજર રાખજો." આ પ્રવર્ત્તન ઘણુંજ નઠારૂં છે. પવિત્ર જૈન મુનિએ કદિ પણ એવી મૂર્છા રાખવી ન જોઇએ. તેને માટે સૂત્રકાર નીચેની ગાથા લખે છે—

" ण पडिन्नविज्ञा सयणासणाई,
सिज्जं निसिज्जं तह भत्तपाणं ।

गामे कुले वा नगरे व देसे,

ममत्तभावं न कहिं पि कुज्जा" ॥ १ ॥

“ શયન, આસન, શય્યા, સ્વાધ્યાય કરવાની ભૂમિ, અન્નપાન, ગ્રામ, કુળ, નગર અને દેશ ઉપર મુનિએ મમત્વ ભાવ ન કરવો.”

હે મુનિ, આ પવિત્ર ગાથા દરેક જૈન મુનિએ સદા મનન કરવા યોગ્ય છે. તેનું મનન કરનારા પવિત્ર મુનિઓ કદિ પણ પોતાના ચારિત્રને દૂષિત કરતા નથી. આજકાલ જે જૈન મુનિ તેથી વિપરીત પ્રવર્તન કરનારા છે, તેઓ શાસનની હીલણા કરાવી પોતાના આત્માને દુર્ગતિમાં લઈ જાય છે.

હે મુનિ, વળી બીજું એક નઠારૂં પ્રવર્તન સાંપ્રતકાળે ચાલે છે. તે પ્રવર્તન પણ આર્હત ધર્મની હીલણા કરાવનારૂં છે. કેટલાક મુનિઓ પોતાના રાગી ગૃહસ્થ શ્રાવકોનો ઉપકાર કરાવે છે. તેના પોષણ માટે, અને તેના બીજા દરેક હિતને માટે અનેક જાતની યોજના કરાવે છે. પૈસાથી દુઃખી હોય, તેમને પૈસા અપાવે છે, વસ્ત્રની ઇચ્છાવાળાને વસ્ત્રો અપાવે છે, ધાન્યની ઇચ્છાવાળાને ધાન્ય અપાવે છે. અને વ્યાધિગ્રસ્ત હોય, તેને ઉંચા વૈદ્ય તથા ઔષધનો યોગ કરાવી આપે છે. આ પ્રવર્તન ઘણું નિંદ્ય અને ચારિત્રને દૂષિત કરનારૂં છે. તેને માટે સૂત્રકાર નીચેની ગાથાથી નિષેધ કરે છે —

“ गिहिणो वेआवडिअं न कुज्जा,

अभिवायणवंदणपूअणं वा ।

असंकिलिट्ठेहिं समं वसिज्जा,

मुणी चरित्तस्स जओ न हाणी." ॥ २ ॥

“ મુનિએ ગૃહસ્થની કોઈ જાતની વૈયાવચ્ચ ન કરવી. તેમ તેમને વાણીથી તથા કાયાથી વંદન કે પૂજન ન કરવું. અને તે સંક્લેશીની સાથે વસવું નહીં. કારણ કે, તેમ કરવાથી ચારિત્રની હાનિ થાય છે.”

આવો શાસ્ત્ર નિષેધ છતાં કેટલાક અલ્પમતિ મુનિઓ તેવું નિંદ્ય પ્રવર્તન કરે છે, એ ઘણા અફસોસની વાત છે.

"किं मे परो पासइ किंच अप्पा,
किं वाहं खलिअं न विवज्जयामि ।
इचेव सम्मं अणुपासमाणो,
अणागयं नो पडिबंध कुज्जा" ॥१॥

"શું કોઇ બીજો માણસ મારો પ્રમાદ જુવે છે? અથવા હું પોતે પ્રમાદને જોઇ શકું છું? અથવા હું મારા કયા પ્રમાદને છોડી શકતો નથી?" આ પ્રમાણે સારી રીતે તપાસનાર મુનિએ પુનઃભાવિ પ્રમાદને કરવો નહિ.

હે મુનિ દીક્ષાવિજય, આ ગાથા ઘણીજ ઉપયોગી છે. દરેક મુનિએ તે ગાથાનું સર્વદા મનન કરવું જોઇએ. આજકાલ કેટલાએક મુનિઓ આ વિચાર પોતાના મનમાં લાવતા નથી, તેથી તેઓ સર્વદા પ્રમાદને વશ થઇ દુરાચારના વિપરીત માર્ગમાં પેસી જાય છે. તે વિષે શાસ્ત્રકાર એક દૃષ્ટાંત આપે છે કે, જેમ જાતિવંત અશ્વ પોતે નિયમિત રીતે ગમન કરે તેને માટે સ્વાર લગામને [illegible] કરે છે, તેમ શુદ્ધચારિત્રને પાળવા તત્પર રહેનારો મુનિ પોતાના સંયમ માર્ગમાં નિયમિત રીતે ચાલવાને માટે અવિધિનો ત્યાગ કરી લગામ સરખા સમ્યગ્ વિધિનો અંગીકાર કરે છે.

હે મુનિ, વળી તે ગુણવાન મુનિનો જે સંયમ છે, તેને મુનિનું એક જીવિત [illegible] જાણનાર અને સંયમને વિષે [illegible] યોગ દીક્ષાથી માં- [illegible] પ્રમાદ રહિત અને સંયમ [illegible] મુનિ [illegible] જીવિતવાળા છે. [illegible] ગાથા કહે છે કે—

[illegible]
[illegible]
[illegible]
[illegible]" ॥ ૨ ॥

:: ઇંદ્રિયોને જીતનારા, અને જેના મન વચન તથા કાયાના યોગ એવાને એવાજ રહેલા છે, અને જે ધીરજવાન્ છે. એવા સત્પુરૂષ – સાધુને વિદ્વાનો પ્રમાદ રહિત જીવિતવાળા કહે છે. અને તે ખરેખર સંયમરૂપ જીવિતવડે જીવે છે."

હે મુનિ હીરાવિજય, આ ગાથાને મારા ગુરૂ હમેશાં ક્ષણે ક્ષણે પ્રસંગે પ્રસંગે બોલાવતા હતા. તેઓ પ્રસંગે પ્રસંગે અને તેમના બધા શિષ્યોને બોલાવતા હતા. તેઓ પ્રસંગે પ્રસંગે અમને જણાવતા કે, હે શિષ્યો, તમે તમારા સંયમરૂપ જીવનને જાગવજો. તે સંયમરૂપ જીવન તમારા આત્મિક જીવનના કરતાં વધારે સુધારવું હોય, તમારા માનવ જીવનને સુધારવું હોય, તમારા મુનિ ધર્મને સદુપયોગમાં સાચવવાનું છે. જો તમારે તમારા મુનિ ધર્મને સદુપયોગમાં સાચારિત્રને સાર્થક કરવું હોય, અને તમારા સંયમ જીવનની રક્ષા કરજો. જો મેલ કરવો હોય, તો તે સર્વદા તમારા સંયમ જીવનને મલિન કરશો, અથવા ગુમાવશો, તો પછી તમે એ ઉપયોગી જીવનને મલિન કરશો, અથવા ગુમાવશો, તો પછી આ તમારૂં ચેતન જીવન નિરૂપયોગી થઇ જશે. એ પવિત્ર જીવનને જાગવવાને માટે તમારે સદા સાવધાન રહેવું જોઇએ. અને તેની પુષ્ટિને માટે જે જે ચારિત્ર માર્ગના સદાચાર દર્શાવ્યા છે, તે તમારે સ્મરણમાં રાખી તે પ્રમાણે પ્રવર્તવું જોઇએ.

હે સંયમધારી શિષ્યો, પ્રથમ તો એ સંયમ જીવનના રક્ષણને માટે તમારે તમારા હૃદયમાં આ સંસાર તરફ વૈરાગ્ય ભાવના સદા જાગ્રત રાખવી, અને તમારો આ દેહ કે જે નાશવંત છે, તે તરફ ઉપેક્ષા રાખવી. જ્યારે તમે તમારા દેહ તરફની મૂર્છા છોડી દેશો, ત્યારે તમારા હૃદયમાં શુદ્ધ આત્મિક સ્વરૂપની સ્ફુરણા થઇ આવશે. હે શિષ્યો, તમારે વૈરાગ્ય ભાવના પ્રગટ કરવાને એવો વિચાર કરવો કે, જેથી તમારામાં કદિપણ આ સાંસારિક વિષયોની સ્ફુરણા ન થાય. તેને માટે શાસ્ત્રમાં આ પ્રમાણે વિચાર દર્શાવ્યો છે—"આ સંસાર એક પરદેશીઓના રહેઠાણ જેવો છે. અને તે રહેઠાણ પરદેશી જીવોને પોતાનું ભાતું સંઘરવાને કર્મોએ સર્જ્યું છે. આવો વિચાર કરી તત્ત્વજ્ઞાનનું રહસ્ય સમજનારા જીવોએ અન્ય વિષયોમાં મોહિત ન થતાં પોતાનું ભાતું તયાર કરી લેવું જોઇએ. શાસ્ત્રનું રહસ્ય સમજનારા અને વૈરાગ્યના રંગથી હૃદયને રંગિત કરનારા બુદ્ધિમાન પુરૂષો પોતાના કર્તવ્યની સિદ્ધિમાં અને પોતાના શુદ્ધ કર્તવ્યમાં મગ્ન રહે છે, અને અજ્ઞા

મૂર્ખ લોકો આ સંસારના માયિક પદાર્થોના લોભ તથા ભોગવિલાસમાં આસક્ત થઇ, ફરી તે પદાર્થોનો વિયોગ થયે અતિશય દુઃખી થાય છે. સંસારી જીવો માયાના પાશમાં એટલા લીન થઇ જાય છે, કે તેમને પોતાના કર્તવ્યનું તથા પરલોકની વાતનું પણ તેમને સ્મરણ હોતું નથી. તે ઉપર એક બહુ બોધક દ્રષ્ટાંત શાસ્ત્રકારો આપે છે—"કેટલાએક મુસાફરો પરદેશ જવાને વાહાણ ઉપર ચડયા હતા. આગળ ચાલતાં એક બેટ આવ્યો, ત્યાં તે સર્વે ખોરાક પાણી કરવાને ઊતર્યા. તે વખતે તે વાહાણના મુખ્ય ખલાસીએ બુમ પાડી સર્વેને કહ્યું "હે ભાઇઓ, સર્વ તમે પોતપોતાનું કાર્ય બજાવી સત્વર વાહાણ ઉપર ચઢી આવો, કારણકે, આ વાહાણ ઉતાવળથી હંકારવું છે." તે મુખ્ય ખલાસીના આ વચનો સાંભળી તે મુસાફરોમાં જે બુદ્ધિમાન મુસાફરો હતા, તે તો સત્વર પોતાના કામમાંથી પરવારી તે વાહાણ ઉપર ચઢી પોતાની મનગમતી જગ્યા પર બેશી ગયા. અને કેટલાએક તે ટાપુમાંના પક્ષીઓ, ફુલ, રંગીન પદાર્થ, તથા પત્થર વગેરેથી નવાઇ પામી, તે જોવામાં કેટલોક વખત ગાળી, જેમ તેમ કરી તે વાહાણ ઉપર આવી પોહોંચ્યા. પણ તેમને પહેલાના કરતાં ઓછી મનગમતી જગ્યા મળી. તે પછી ત્રીજા વર્ગના વધારે અજ્ઞાની લોકોએ તો વળી વધારે વધારે નવાઇના [illegible] તથા લોભ [illegible] કર્યો. જેથી [illegible] પામી. રંગીન [illegible] પાડકી [illegible]. અને તે [illegible] વાહાણના [illegible] કે, [illegible] [illegible] તેમને ક્યાંથી મળે? [illegible] તેમણે [illegible] [illegible] જોગથી [illegible] તેમાંથી [illegible] [illegible] દૂર [illegible] [illegible] અને તેઓ [illegible] [illegible] [illegible] [illegible] પછી વાહાણ પણ ચાલતા માંડ્યું. તેથી

મનદરૂપગ્રાનો લાભ લેનારા પોની શી વલે થઈ! અરે કાચા ખરા શીના કાચા શબ્દોપર ધ્યાન ન આપવાની તેનને ન શિક્ષા થઈ. શિક્ષાને પરિણામે ઘણી ભૂખ તરસથી મૃત્યુવશ થયા. અને આડી-ઓ ઓને સિંહ વિગેરે હિંસક પ્રાણીઓએ મારી ફાડી ખાધા. આ દ્રષ્ટાંતનો એવો ઉપનય છે કે, "જે બુદ્ધિમાન પુરૂષો પ્રથમથીજ અટવીમાં -આ વી સારી જગોએ બેઠા, તે પૂર્ણ વૈરાગ્યવાળા સમજવા. બેઠમાં રહી મનુષ્યને શરણ થયા, તે ધર્મ કર્મમાં અટક એવા ન મસી મનુષ્ય સમજવા: કારણકે, તેઓ માયાની જાળમાં ફસાઈ આ લોકનાધર્મ— કર્તવ્ય તથા પરલોકને વીસરી ગયા. જે લોકોએ પોતાની ફરી, રંગોર પથરા ફેંકવામાં થોડોક વખત ગુમાવ્યો, અને તેને લીધે તેઓ -ગીજે નંબર મેળવવા પામ્યા, અર્થાત્ મેળા થયા, તે માયામાં અ.સ- ૧ એવા સ્ત્રીઓ મનુષ્યો સમજવા.

હે દીક્ષાવિજય મુનિ, આ ઉપનયરૂપ દ્રષ્ટાંત યાદ રાખી દરેક નુષ્યે પોતાના શુદ્ધ પ્રવર્તનમાં પ્રવર્તવું જોઈએ. તેમાં ખાસ કરીને જૈન મુનિએ તો તેમાં વિશેષ ધ્યાન આપવાનું છે. આ સંસાર સાગર-ને તરવામાં મુખ્ય સાધન રૂપ એવા ચારિત્રરૂપી વહાણમાં બેસનારા જૈન મુનિઓએ ઘણીજ સાવધાની રાખવાની છે. તેમણે તો પ્રતિક્ષણે વૈરાગ્ય ભાવના ધારણ કરવાની છે. તે વૈરાગ્ય ભાવના ત્રણ પ્રકારે થાય છે. એક તો આ સંસારના સ્વરૂપને જાણવાથી વૈરાગ્ય થાય છે. કારણ કે, આ સંસાર નાશવંત તથા દુઃખરૂપ છે, એવું તેનું સ્વરૂપ જ્યારે સમજવામાં આવે છે, એટલે તે તરફ પૂર્ણ વૈરાગ્ય પ્રગટ થાય છે. બીજું આ સંસાર ઉપર દ્વેષ થવાથી વૈરાગ્ય થાય છે જ્યારે સંસા-ર અનિત્ય તથા દુઃખરૂપ ભાસે છે, ત્યારે તે તરફ દ્વેષ ઉત્પન્ન થયાવિના રહેતો નથી, જે દ્વેષ વૈરાગ્યનો પોષક થઈ મનોવૃત્તિમાં વિરક્તતા ઉ-ત્પન્ન કરે છે, ત્રીજું જગતના સર્વ ભાવ પદાર્થ ઉપર અનિત્યતાનો વિચાર કરવો. એ પણ વૈરાગ્ય ભાવને વધારનારો છે. આ ત્રણબાબત ધ્યાનમાં રાખી દરેક મુનિએ પોતાનું પ્રવર્તન કરવું જોઈએ.

હે દીક્ષાવિજય મુનિ, ઉપર એ દ્વિતીય સંલેખનાની અંત્ય ગાથા માં ગ્રંથકાર લખે છે કે, સંયમી મુનિએ પોતાના આત્માને હમેશાં સારી સમાધિવાળી ઇંદ્રિયોવડે સંરક્ષિત કરવો. કારણકે, જેને આત્મા સંયમ

ધડે રક્ષણ કરેલો ન હોય, તો તે આ સંસાર પ્રત્યે દુઃખને પામે છે. જો સમ્યક્ પ્રકારે રક્ષણ કર્યો હોય, તો તે સર્વ દુઃખથી મુક્ત થાય [illegible] કારનું [illegible] વિચાર [illegible] છે. આ ઉપરથી દરેક જૈન [illegible] જોઈએ કે પોતાના આત્માનું રક્ષણ પોતાના શુદ્ધ [illegible] થીજ કરવાનું છે, સંયમનો દિવ્ય પ્રભાવ આત્મ સ્વરૂપનું [illegible] ણ કરે છે કે, જે [illegible] આત્મજ્ઞાન સંયમીના હૃદયમાં સારી રીતે [illegible] અને તેથી સંયમી પોતાના ચારિત્રને સારી રીતે ચરિતાર્થ કરી [illegible] મુનિજીવનને [illegible] પાત્ર બનાવે છે. ઉપરના ભાવાર્થને [illegible] નારી તે બીજી ચલિકાની છેલ્લી ગાથા નીચે પ્રમાણે છે—

" अप्पा खलु सययं रक्खिअव्वो,
सव्विंदिएहिं सुसमाहिएहिं ।
अरक्खिओ जाइपहं उवेइ
सुरक्खिओ सव्वदुहाण मुच्चइ त्ति बेमि " ॥१॥

" સુસમાધિવાળી [illegible] આ [illegible] કર્યો [illegible] ય. તો તે આત્મા આ સંસાર [illegible] કર્યું હોય, તો તે આત્મા સર્વ દુઃખથી [illegible] "

હે મુનિ, દરેક જૈન મુનિએ આ [illegible] હૃદયમાં સમજવું [illegible] જોઈએ. અને પોતાના આત્માનું [illegible] રક્ષણ કરવું જોઈ [illegible] જ્યાંસુધી જૈન મુનિ આ ગાથામાં દર્શાવેલા [illegible] નહીં, ત્યાં સુધી તે પોતાના આત્માનો ઉદ્ધાર [illegible] નથી. અ [illegible] નહિ પણ તે પોતાના ચારિત્રથી ભ્રષ્ટ થઈ આ [illegible] કરે છે, હે પવિત્રમુનિ. આ પ્રમાણે બીજી ચલિકામાં [illegible] દર્શાવેલા છે. તે આપણા જૈન મુનિઓએ ખરેખર [illegible] છે. આપણું મુનિજીવન, આપણો સદાચાર અને આપણું [illegible] બધું સાર્થક કરવાનું સાધન દશવૈકાલિક જ છે. જે [illegible] મહાસૂત્રનો પાઠક, સેવક અને મનન કરતો હોય, તો કદિપણ પોતાના મુનિજીવનને દૂષિત કરતો નથી. એટલુંજ નહિ પણ તે અને [illegible] જેવો શુદ્ધ સાધક થઈ [illegible] મહાત્માનો સંપાદક થઈ મુક્તિ સુંદરી [illegible] દેવી અને [illegible] 'ભગવતી' [illegible] નવીન જૈન [illegible]

ઓના ઉપકારને માટે અને આ વિષમ કાળના દુષ્ટ રોગોને દૂર કરવા માટે આ મહાસૂત્રને રચેલું છે. તેમની પાવન ગુણવાળી ભારતવર્ષ ઉપર સર્વ મુનિજનનો ઉદ્ધાર કરનારી, કર્મના કષ્ટને હરનારી અને શિવમાર્ગને દર્શાવનારી છે. તેથી એ પવિત્ર વાણીનું સર્વ મુનિઓએ સર્વદા પઠન પાઠન અને મનન કરવું જોઈએ.

હે મુનિ દીક્ષાવિજય, હવે આપણી જ્ઞાનોપદેશની વાર્તા સમાપ્ત થઈ છે. દશવૈકાલિકસૂત્રની છેલ્લી બે ચૂલિકા કે જે એ મહાસૂત્રની શિખારૂપ છે, તે મેં તમને કહી સંભળાવી છે. આ વિષે હું તમારો મોટો ઉપકાર માનું છું. કારણ કે, ઉપદેશ વાર્તાની ચર્ચા કરનારની સાથે કરાવનાર પણ તેટલોજ ઉપકારી છે. જો તમે મને એ વિષયની પૃચ્છા ન કરી હોત, તો મને આ વખતે તે બંને ચૂલિકાનું વિવેચન પૂર્વક સ્મરણ ન થાત, એ બંને ચૂલિકાના સ્મરણનું કારણ તમે પોતેજ બન્યા છો. માટે આ વખતે મારે તમારો પણ મોટો ઉપકાર માનવાનો છે.

મુનિ ગુણવિજયની આવી વિનય વાણી સાંભળી દીક્ષાવિજયનું નામ ધારણ કરી રહેલી દેવી દીક્ષાકુમારી હૃદયમાં અત્યંત પ્રસન્ન થઈ ગઈ. તેના સર્વ અંગ ઉપર આનંદના રોમાંચ ખડાં થઈ ગયાં. મુનિ ગુણવિજય ઉપર તેણીનો ગુરુ પ્રેમ સહિત ભક્તિભાવ પ્રગટ થઈ આવ્યો. તત્કાળ તે મહાદેવીએ પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું. અને તેણે તે મુનિવરને વંદના કરી. દીક્ષાદેવીની દિવ્ય મૂર્તિ જોઈ મુનિ ગુણવિજય પ્રસન્ન થઈ ગયા. તેણે આનંદ પૂર્વક એ મહાદેવીને વંદના કરી. તે દિવ્ય દેવીના દર્શનથી અપાર આનંદને અનુભવતા મુનિ ગુણવિજય બોલ્યા—"મહાદેવી, આજે હું કૃતાર્થ થયો છું. તે છતાં આપની પાસે એક ક્ષમા માગવાની છે. આપ અમારી દીક્ષાનું સ્વરૂપ છો, તેથી સર્વ જૈન મુનિઓના આચારવિચારને જાણનારાં, અને મુનિધર્મને જીવન આપનારાં છો, તેવાં આપ ગુપ્ત મહાનુભાવાની આગળ મેં દશવૈકાલિક સૂત્રનો ઉપદેશ આપ્યો. અને આપને એક સામાન્ય મુનિ જાણી જે કાંઈ અનુચિત આચરણ મારાથી થઈ ગયું, તેને માટે હું આપનો અપરાધી થયો છું. તો આપ મને તેની ક્ષમા આપશો.

મુનિ ગુણવિજયનાં આવાં વિનીત વચન સાંભળી મહાસતી હીરાકુમારી વિનયથી બોલી—"હે પવિત્ર મુનિ, તમે આ શું બોલો છો? તમારે મારી આગળ આવા માનની કાંઈ પણ જરૂર નથી. ... નથી. ઊલટી હું તો તમારા ઉપકારને વહેલી છું. ધર્મમાર્ગે મારું મન લગાડનાર તમારા ગુણની ખબર અંતર્દિવ છે. તમારી પવિત્ર મૂર્તિનાં મારે પૂર્ણ રૂપ પ્રકાશી રહેલું છે. જે પવિત્ર જૈન મુનિના હૃદયમાં દશવૈકાલિકની મહા શિક્ષા સારી રીતે સ્થાપિત થયેલી હોય, તેમજ જ્ઞાન તથા મનન જેના હૃદયમાં સારા થયા કરતાં હોય, અને જે પવિત્ર મુનિ એ સૂત્રના શુદ્ધ આશયને સમજી પોતાના આચારમાં પ્રવર્તતા હોય, તેના બ્રહ્મ તથા ભાવ બંને સ્વરૂપમાં મારું પૂર્ણ સ્વરૂપ પ્રગટે છે. હે મુનિવર, તેવા મારા પૂર્ણ સ્વરૂપને જાણનારા તમે એકજ છો. આથી તમારી ઉત્તમ મૂર્તિ જોઈ હું આજ તમારાં દર્શન કરવાને આવી હતી. સાંપ્રતકાળે દશવૈકાલિકના પાઠક અને પ્રવર્તક જૈન મુનિઓ ઘણા થોડા છે. કદિ કોઈ તે મહાસૂત્રના પાઠક હશે, તો તેઓ પ્રવર્તક નહિ હોય; પણ તમે તો પાઠક અને પ્રવર્તક બંને છો. તેથી તમારા મુખથી એ પવિત્ર સૂત્રની પવિત્ર વાણી સાંભળવાની મારી ઇચ્છા થઇ હતી. અને તે ઇચ્છા પૂર્ણ કરવાને હીરાવિજય આવું નામ ધારણ કરી, મુનિ રૂપ લઈ, હું તમારી પાસે આવી હતી. જે રૂપના પ્રભાવથી તમે મને ઉત્તમ સૂત્રનો મહાન રહસ્યનો ઉપદેશ આપ્યો. હે પવિત્ર મુનિ, જો મેં મુનિરૂપ ધારણ કર્યું ન હોત, તો તમે મને સર્વ રીતે તમારી વાણીનો લાભ આપત નહિ. તમારી પવિત્ર અને બોધક વાણીનો લાભ લેવાને માટેજ મેં મુનિરૂપ ધારણ કર્યું હતું. હે પવિત્ર મુનિ, તમારી જેટલી સ્તુતિ કરીએ, તેટલી થોડી છે. તમે તમારા જીવનને સર્વ રીતે કૃતાર્થ કર્યું છે. તમારા જીવનનો હેતુ જે રીતે સિદ્ધ થયો છે, એવી રીતે બીજાના જીવનનો હેતુ સિદ્ધ થવો મુશ્કેલ છે. હે મહામુનિ, આ જગત્‌માં તમારા જેવું શુદ્ધ પ્રવર્તન કરનારા જૈન મુનિઓ વિરલા છે. જો તમારા જેવા દરેક જૈનમુનિ થાય, તો ભારતવર્ષમાં આર્હત ધર્મનો તથા વીરશાસનનો મહાન ઉદ્ધાર થઈ જાય. એવો ઉદ્ધાર કરવાને માટે કયો સમય પ્રાપ્ત થશે? આ આશા મારા હૃદયમાં સદા ઉદિત થયા કરે છે. હે પવિત્ર આચાર, કદિ તેવો ઉદ્યોત થવો અશક્ય છે. પણ આ-

સના દેશકાળ પ્રમાણે જે ઉત્તમ આચાર જૈન શાસ્ત્રમાં દર્શાવ્યા છે, તે
પ્રમાણે ચાલી જૈન મુનિઓ જો પોતાનું પ્રવર્તન કરે, તોપણ વધારે
સારૂં છે. વર્તમાનકાળે તો ઘણા જૈનમુનિઓમાં બધો વિપરીત ભાવ
દેખાય છે. પ્રમાદી જૈનમુનિઓ ચારિત્ર લેવું તે એક સુખી જીંદગી
ગણે છે. અને તેમાં અનગાર ધર્મનોત્યાગ કરી સાગાર ધર્મનું સેવન ક-
રે છે. કેટલાએક તો માત્ર જૈનમુનિના વેશને ધારણ કરી ગૃહસ્થનાજેવું
પ્રવર્તન કરે છે. હે મહામુનિ, આપ જેવા શુદ્ધ જૈન મુનિ પાસે કહેતાં
પણ લજ્જા ઉત્પન્ન થાય, તેવો દેખાવ જૈનમુનિઓના પ્રવર્તનમાં જો-
વામાં આવે છે. જૈનમુનિઓના મુનિવેષમાં પણ રજોગુણનાં દર્શન થાય
છે. ખારેક અને કોમળ એવા ઉંચી જાતના મલમલોથી મુનિના અંગ
ઢંકાય છે. તેમ તે પાસે ઉંચી જાતની કાંબળ, સુંદર ગુચ્છાદર ઓઘો
અને નકશીદાર પાતરાઓ આવી પડે છે. કાંઈપણ હલકી જાતનો પદાર્થ
તેમને ગમતો નથી. તેમના જ્ઞાનના સાધનો પણ ઉંચી જાતના સંપા-
દિત થાય છે. સુંદર નકશીદાર પુંઠાઓ અને પુસ્તક બંધનોથી તેમના
જ્ઞાન સંચિત થાય છે. તેમને વાસ કરવાના ઉપાશ્રયો એક સુંદર દ-
ર્શનીય સ્થળ બની ગયાં છે. રંગિત, કમાડવાળા દાંડાઓ, સુકોમળ સ-
ફેદ પાટો, નકશીદાર કોમળ ચાકળાઓ અને ઉંચી જાતના શીશમ-
ના કબાટો તેમના ઉપાશ્રયની ભૂમિને સુશોભિત કરે છે. આ કેવો અ-
નાચાર ? એટલુંજ નહિ પણ તે મુનિઓના ઉપાશ્રયો એક દેવાલય પે-
ઢીના જેવા થઈ પડ્યા છે. ત્યાં હમેશાં રાજાઓના સાવકા ગુમાસ્તાઓ-
ની જેમ સેવકોની સેવામાં ઉભાને ઉભા રહે છે. નિરંતર મંગાવવામાં
આવે છે. મુનિઓને મનગમતી ચીજો ખરીદાયછે. અને ભણવાને રાખે-
લા શાસ્ત્રીઓ. નિયમસર કામ કરવા હાજર રહે છે. ઉંચી ઉંચી જાત-
નું મર્દન થાય છે. અને નાકરોને જેમ ખવાખમા પુછવામાં આવેછે.
તેમ તેમને રહેવું રહેવું શાતા પુછવામાં આવે છે.

આવો કેમ અનાચાર જોઈ ને અનાચારમાંથી જૈન મુનિઓનો
ઉદ્ધાર કરવાને મેં આ ભારતવર્ષ ઉપર અવતાર ધારણ કરેલો છે. આ
ભારતવર્ષ ઉપર વિચરતા મુનિઓને દર્શાવેલાં સદગુણના ઉપદેશનું શિ-
ક્ષણ આપવાનો મહા પ્રયત્ન કર્યો છે. મારો તે મહા પ્રયત્ન કેટલે અં-

શે સફળ થયો છે. એ વાત તો જ્ઞાની મહારાજ જાણે, પણ જે મેં કાંઈપણ પ્રયત્ન કર્યો છે, તે થોડે ઘણે અંશે પણ સફળ થવાની મને આશા રહે છે. હે મુનિ, મેં જે કાંઈ ઉપદેશ આપ્યો છે, તે દશવૈકાલિકસૂત્રનો ઉપદેશ આપ્યો છે, અને તે મારો ઉપદેશ સફળ થાય, એવી મારી શાસન દેવના પ્રત્યે પ્રાર્થના છે. હે મુનિ ગુણવિજય, કેટલેક સ્થળે ઉપદેશ કરતાં મેં તમારૂં નામ આપેલું છે. અને કેટલાએક મુનિઓને દશવૈકાલિકસૂત્રનું અધ્યયન કરવાને તમારી ભલામણ પણ કરેલી છે. મને પૂર્ણ વિશ્વાસ છે કે, જે ઉપદેશાર્થી મુનિઓ તમારી પાસે સૂત્રનું અધ્યયન કરવાને આવશે, તેઓને તમે અવશ્ય જ્ઞાનદાન આપવાને તત્પર થશો. કારણકે, તમારા જેવા પવિત્ર મુનિઓ સર્વદા પરોપકાર કરવામાં પ્રીતિવાળા હોય છે. હે મહામુનિ, આજે તમારા દર્શનથી હું અતિશય સંતુષ્ટ થઈ છું. આ ભારત વર્ષ ઉપર મહણ કરેલા આ અવતારનું સાફલ્ય આજે પૂર્ણ રીતે થયું. આજે મારૂં દિવ્ય સ્વરૂપ પૂર્ણ કળાથી પ્રકાશિત થઈ આ લોકમાંથી અદૃશ્ય થાય છે, તથાપિ મારૂં ભાવસ્વરૂપ આ જગતમાં દેશકાળને અનુસરીને દૃશ્ય રહેવાનું છે. હું દ્રવ્યરૂપે અદૃશ્ય છું. તથાપિ ભાવરૂપે અદૃશ્ય થઈ શકું તેમ નથી. જ્યાંસુધી આ જગતમાં વીરના મતને પ્રકાશ પડશે, જ્યાં સુધી વીર વાણીના વિલાસ ઉલ્લાસ પામ્યા કરશે, અને જ્યાંસુધી જૈન પ્રજા પંચપરમેષ્ઠીના સ્વરૂપનું સ્મરણ કરી પોતાના શ્રાવક જીવનનું સાફલ્ય કરવા ઉત્સુક થશે, ત્યાંસુધી [illegible] દીક્ષાસ્વરૂપ ભારત ભૂમિના વિશાળ પટ ઉપર [illegible] રહેશે. અને પવિત્ર જૈન મુનિઓ તેને ધારણ કરી પોતાના [illegible] પ્રમાણે પ્રવર્ત્તવા પ્રયત્ન કરશે.

હે મહામુનિ, હવે હું મારા [illegible] જીવનને સમાપ્ત કરી મારા મૂલ સ્વરૂપમાં અંતર્હિત થઈ જાઉં છું. તમે મારા સ્વરૂપનું રક્ષણ કરજો. અને બીજાની પાસે રક્ષણ કરાવજો. મેં મારૂં કર્તવ્ય પૂર્ણ કર્યું છે. આ વિકરાળ કાળમાં મારી દિવ્ય [illegible] તેવી ચાલી નથી. મારૂં દિવ્ય શાસન તેના સામર્થ્ય પ્રમાણે સર્વ સ્થળે પ્રસાર પામ્યું નથી. તથાપિ જે કાંઇ થયું છે, તે દેશકાળને અનુસરીને યોગ્ય થયું છે.

દીક્ષાકુમારીનું આવું અસરકારક અને વર્તન ભાષણ સાંભળી મુનિ ગુણવિજય અતિશય આનંદ પામી ગયા, અને તેઓ પોતાના

પ્રમોદથી ભરપૂર થઇ વિચાર કરવા લાગ્યા—" અહા! મહા-
ક્ષાકુમારી કહે છે, તે અક્ષરશઃ સત્ય છે. વર્તમાનકાળે પ્રમાદી
ઓનું સ્વરૂપ તેવુંજ છે. ભારતવર્ષમાં જે ધર્મભાવના સર્વો-
ત્કૃષ્ટ છે. જેની સમાન દેવ. ગુરૂ તથા ધર્મના તત્ત્વો બીજી કોઇ
ભાવનામાં રહેલાં નથી. અને જેના જ્ઞાન, દર્શન તથા ચારિત્ર-
ના સર્વોત્કૃષ્ટ ગણાય છે, એવા જનધર્મની પવિત્ર દીક્ષા લઇ પછી
અનાદર બનાવનારા જૈનમુનિઓએ ઘણો ગંભીર વિચાર કર-
વો. જે મુનિઓ પ્રમાદને વશ થઈ તેવો વિચાર કરતા નથી. અને
શુદ્ધ ચારિત્રમાર્ગને મલિન કરવા તત્પર થાય છે, તેઓ અર્હ-
ત્ ધર્મની હીલના કરાવે છે. પૂર્વના ઉપકારી મહર્ષિઓએ
ના પરિવારના ઉદ્ધારને માટે દશવૈકાલિક જેવા આચાર દર્શક ગ્રં-
થી તેમને સદાચારનો પવિત્ર માર્ગ દર્શાવ્યો છે, તે છતાં તેઓ પ્ર-
મીન તે તરફ ઉપેક્ષા રાખે—એ કેવી મૂર્ખતા કહેવાય ? શાસન-
દેવતા તેમના તે પ્રમાદને દૂર કરો"—આવું હૃદયમાં વિચારી મુનિ
વિજય બોલ્યા. "મહાદેવી, આપે આ ભારત વર્ષપર અવતાર
અમારા મુનિમંડળનો મહાન્ ઉપકાર કર્યો છે. જો આપે અવતાર
દશવૈકાલિકસૂત્ર જેવા ઉત્તમ ગ્રંથનો ઉપદેશ ન આપ્યો હોત, તો
પ્રમાદી મુનિઓની કેવી સ્થિતિ થાત, તે કાંઇ કહી શકાતું નથી.
પની ઉપદેશમય અમૃતવાણીએ સર્વ જૈન મુનિમંડળમાં વિશેષ
તિ આપી છે. પ્રમાદમાં પડેલા કેટલાએક જૈનમુનિઓ દશવૈકા-
સૂત્રના રહસ્યને સમજી પોતાના આચાર તરફ પાછા વળશે, કેટલા-
ને પશ્ચાત્તાપ કરી પોતાના મલિન થઇ ગયેલા ચારિત્રને નિર્મળ
ાને પ્રયત્ન કરશે અને કેટલાએક દશવૈકાલિકસૂત્રનું અધ્યયન કરવા-
તત્પર થશે."

આ પ્રમાણે કહી મુનિ ગુણવિજયે મહાદેવી દીક્ષાકુમારીને પુનઃ
ના કરી કહ્યું.—ધર્મેશ્વરી આપના પવિત્ર દર્શનથી મને જે અલ
લાભ થયો છે, તે અવર્ણનીય છે, તથાપિ આપ મહાનુભાવા અ-
થવા પહેલાં મને કાંઇક ઉત્તમ શિક્ષા આપવાની કૃપા કરો, તો
પશ્ચિમ જીવનમાં મહાન્ લાભ મળે, અને તેથી હું મારા અંત્ય
નને સુધારી આત્મસાધન કરવાને સમર્થ થઇ શકું.

મુનિ ગુણવિજયના આ વચન સાંભળી દીક્ષાકુમારી સસ્મિત વ-

ડી જ્ઞાની થયેલો મુનિ રાગ દ્વેષના ક્ષયથી વિષયની શૂન્યતા
છે, એટલે તે છેદાતો નથી, ભેદાતો નથી, અને હણાતો નથી.
વૃત્તિ અધ્યાત્મ જ્ઞાનની સાથે તલ્લીન થવાથી તે પોતાના
ઘણો સાવધાન રહે છે. તેથી તેનામાં વૈરાગ્ય ભાવના સદા
ા કરે છે. જે ભાવના તેના સંયમ બળને વધારનારી થઇ
ીત તથાઉષ્ણ, સુખ તથા દુઃખ, અને માન તથા અપમાનમાં
વો તે પુરૂષ ગઈ વસ્તુને સંભારતો નથી, અને અનાગત
ઈચ્છતો નથી. તે પુરૂષ ઇંદ્રિયોને જીતે છે, ક્રોધનો પરા-
છે, માન તથા માયાથી ઉપદ્રવ પામતો નથી, અને લોભ,
વેદથી રહિત છે. પોતાના કરેલા કર્મને ભેદનારો તે યોગી
આત્માને રૂંધી રહેલો છે અને પોતાના સહજ આચારનું
ી તે સદા દુરાગ્રહથી દૂર રહી ચારિત્રનું એક નિષ્ઠાથી સે-
કરે છે. તે ચારિત્રના સેવનથી લોકસંજ્ઞાથી મુક્ત થઇ મિથ્યા
ા પ્રપંચને છોડી દે છે. એટલે તે ખરેખરો શુદ્ધ ધ્યાની બને
તેનામાં શુદ્ધ ધ્યાનનો યોગ થાય, એટલે તે ધ્યાનરૂપ અ-
નાના પાપરૂપ ઇંધણાંને દગ્ધ કરી નાખે છે. અને તેથી તે શુદ્ધ
ત્તર ચારિત્રને ધારણ કરનારો બને છે.

મુનિ સુધાવિજય, જૈનમુનિએ આ પ્રમાણે વર્તવું જોઈએ.
પ્રકારો અનગાર ધર્મ અથવા ચારિત્રધર્મની મહત્તા એ પ્રકા-
શાવે છે. અને તેમાંજ સર્વ પ્રકારની ગૌરવતા માને છે. સર્વ
નિએ મુખ્યત્વે કરીને પ્રશમ ગુણ રાખવો જોઈએ. જૈન અધ્યા-
માં પ્રશમ ગુણની ભારે પ્રશંસા કરી છે. એ પ્રશમ વિગેરે
ઓ કષાયરૂપ ચોરોને ક્ષણમાત્રમાં હરાવી નાખે છે. જેવી
નિએ પ્રશમ ગુણ રાખવાની આવશ્યકતા છે, તેવી રીતે શીળગુ-
વવાની આવશ્યકતા છે. શીળરૂપી મહાન યોદ્ધા કામદેવરૂપી
હરાવી નાખે છે. તે સાથે જો વૈરાગ્યની સેના હાજર હોય તો

હે પવિત્ર મુનિ, આ શિક્ષણ દરેક જૈનમુનિએ પોતાના ધ્યાનમાં તે પ્રમાણે વર્તવું જોઈએ. જે મુનિ પોતાના હૃદયમાં આ શિક્ષ-સ્થાપન કરે અને તે પ્રમાણે વર્તવા પ્રયત્ન કરે, તે મુનિ અવશ્ય ા જીવનને સુધારવા તત્પર થાય છે. અને પોતાના સંયમમાર્ગને રીતે સુધારી ગુણસ્થાનના આરોહણના ક્રમવડે મુક્તિસુંદરીના દર મેહેલ સુધી પોહોંચે છે.

મહાદેવી દીક્ષાકુમારીના મુખથી આ પ્રમાણે શિક્ષણ વાણી ાંભળી મુનિ સુધાવિજય અત્યંત સાનંદ વદન થઈ ગયા. તેઓ ની પ્રસન્નતા પ્રગટ કરતા બોલ્યા—મહેશ્વરી, આપે આપેલું શિક્ષણ ઉપયોગી છે. જે કોઈ જૈન મુનિ આ તમારા શિક્ષાસૂત્રને ાોતાના હૃદયમાં ધારણ કરે, તો તે અવશ્ય પોતાના ચારિત્રને નિ-કરી સ્વર્ગ તથા મોક્ષનું સુખ સંપાદન કરવાને યોગ્ય થાય. એ ઃદેહ વાત છે. આટલું કહી તે મહામુનિએ પુનઃ દીક્ષાકુમારીને ના કરી.

દયાધર દીક્ષાકુમારીએ આનંદમય થઇ મુનિ સુધાવિજયના તક ઉપર હાથ મૂકયો અને તે મધુર વાણીએ બોલી-"મહાશય મુ-ંદર, હું હવે મારા મૂળસ્થાનમાં જાઉં છું, તમે તમારો ચારિત્ર ગુણ જૈન મુનિઓમાં સ્થાપિત કરજો. બીજા મુનિઓને શુદ્ધ ઉપ-ા આપી આર્હત ધર્મનો ઉદ્યોત કરજો. પ્રમાદને વશ થઇ પડી રહે-રા અને ગૃહસ્થ શ્રાવકોના સંગમાં રહી પોતાના સ્વરૂપને ભૂલી ગ-ા ભ્રમિત મુનિઓ ઉપર દયા લાવી તેમનો ઉદ્ધાર કરજો. શુદ્ધ મન, ચન અને કાયા યોગને સમુચિત કરી મારા સ્વરૂપનું ભાન કરાવજો, ને ભારત વર્ષના દરેક ક્ષેત્રોમાં વિચરી અધર્મ તથા અનાચારમાં વૃત્ત થયેલી જૈન પ્રજાને પ્રતિબોધ આપી શુદ્ધ માર્ગાનુસારી કરજો. ; પ્રબુદ્ધ મુનિ, જેવી રીતે તમે તમારા ચારિત્રનો ઉત્તમ હેતુ સમજી નો ઉપયોગ કરવા તત્પર થાઓ છો, તેવી રીતે બીજા મુનિઓને ાર કરજો, અને સર્વ મુનિઓના મલિન હૃદયને શુદ્ધ કરવા તથા મમાં સદાચારની સ્થાપના કરવા દશવૈકાલિક સૂત્રની પવિત્ર વાણીનો પ્રસાર કરજો. તે સાથે એ સૂત્રવાણીના પ્રરૂપક મહોપકારી શય્યંભવ-સૂરિનું યશોગાન કરાવી તેમના જેવા ઉપકારી તથા લોકોપયોગી થ-

ઓને પ્રતિબોધ આપજો. ”

સુ' કહી મહાદેવી દીક્ષાકુમારી આ ભારત વર્ષ ઉપર થયે- ા સ્વરૂપને અદૃશ્ય કરવા તૈયાર થયાં. તેમની મનોહર મૂ- ઉપાસ આવેલું દિવ્ય ભામંડળ પોતાના દિવ્ય તેજને સં- યું. ક્ષણવારમાં તો એ દિવ્ય તેજ મુનિ સુધાવિજયના શ- રવા લાગ્યું, અને જાણે મહામુનિના સ્વરૂપની સાથે લીન , તેમ દેખાવા લાગ્યું. તે વખતે મુનિ સુધાવિજય અંજલિ રહ્યા. હાથાને અવનત કરી એ મહાદેવીને નમન કરતા વામાં નીચે પ્રમાણે અદૃશ્ય ધ્વનિ થવા લાગ્યા—

ભગવાન્ શ્રીપંચપરમેષ્ઠીનો જય થાઓ. શ્રીવી- નો પ્રભાવ વૃદ્ધિ પામો. આર્હત વાણીના વિલાસ થાઓ. સ્યાદ્વાદ મતનો સિદ્ધાંત સર્વોપરિ થાઓ. ર્મ, જૈન વિદ્યા, જૈન તત્ત્વ, જૈન તપ, જૈન મત જૈન , જૈન સમાચારી, જૈન સંઘ, જૈન તીર્થ, જૈન સમા- ક્ષેમ, જૈન વંશ, જૈન કુળ અને જૈન સંસાર આ જ- સર્વદા વિજયી, યશસ્વી, ઉદ્યોતી અને ઉમંગધારી

ધ્વનિ પૂર્ણ થયા પછી મહામુનિ સુધાવિજય મધુર અને તા- ી નીચે પ્રમાણે શ્લોક બોલ્યા—

[illegible]—
[illegible] ।
[illegible]
[illegible] श्रीजिनशासनं जयनिधि [illegible] ” ॥ १ ॥

જેમાં [illegible] રૂપી [illegible] છે. [illegible] રૂપી [illegible] છે. જે [illegible] રૂપી [illegible] છે. અને જે [illegible] છે. [illegible]

આ પુસ્તક તત્વેચ્છુને વધારે પ્રિય થઇ પડે તેમ છે, માટે જે
ને મગાવવું હોય, તેઓએ પત્ર લખી જણાવવું.

પાકું પુંઠું રૂા. ૧—૨—૦ કાચું પુંઠું રૂા. ૦—૧૪—

"શ્રાવિકા ભૂષણ."

ચતુર્થ અલંકાર.

આ અલંકાર પહેલાં ત્રણ અલંકાર અમારા વર્ગ તરફથી છપ
પ્રસિદ્ધ થયા છે. તે અમારી શ્રાવિકા બ્હેનોને અલંકારની જેમ (
થઇ પડ્યા છે. એમ તેમની ખરીદીપરથી સિદ્ધ થઈ શકે છે.

આ ચતુર્થ અલંકાર માટે પણ શ્રાવિકા બ્હેનો તરફથી આ
પૂર્વક સમાચાર મળવાથી આ અલંકાર છપાવવાની અમોને ફરજ પડી

શ્રાવિકાએ કેવી રીતે ગૃહવ્યવહાર ચલાવવો? તથા તેમાં ન
આચરણોને દૂર કરી પોતે કેવી રીતે શુદ્ધ થઇને રહેવું? ઇત્યાદિ વ્ય
હારિક સાથે ધાર્મિક બોધ સારી રીતે દર્શાવેલ છે, જે કથા પ્રસંગ
આવવાથી અતિ ઉપયોગી અને નીતિ જ્ઞાન ભરેલી છે

જેમ શ્રાવિકાઓ સુવર્ણાદિકના અલંકારોમાં મોહિત થઈ શ
બને છે. તેમ આ અલંકાર ધારણ કરવાથી અથવા વાચન કરવા
તે કરતાં વિશેષ લાભ કેળવણી આપે, તેવા વિષયો પ્રગટ કરવા
આવ્યા છે.

આશા છે કે, જેમ અન્ય અલંકારો ખરીદવામાં શ્રાવિકા બ્હે
ઉત્સાહી બને છે. તેમ આ નવ, ચિત્તાકર્ષક અને સુબોધક અલંક
મગાવી પોતાના મનુષ્ય જીવનને કૃતાર્થ કરશે.

મગાવવાનું ઠેકાણું

શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ

પાલીતાણા

શા. મેઘજી હીરજી જૈન બુકસેલર

પાન બજાર—મુંબઈ

